श्री

पञ्चरत्न गीता

प्रसिद्ध कर्त्ता

गूंजराती प्रेसना मालीको

मुंबई

संवत् १९७९ ई. स. १९२३

પ્રથમાવૃત્તિ	૧૮૯૦	પંચમાવૃત્તિ	૧૯૦૯
દ્વિતીયાવૃત્તિ	૧૮૯૪	ષષ્ઠાવૃત્તિ	૧૯૧૧
તૃતીયાવૃત્તિ	૧૮૯૯	સપ્તમાવૃત્તિ	૧૯૨૧
ચતુર્થાવૃત્તિ	૧૯૦૫	અષ્ટમાવૃત્તિ	૧૯૨૩

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥

જે કરોડો ગ્રંથમાં કહેવાયલું છે તે અર્ધા શ્લોકમાં હું કહું છું:—બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે, જીવ બ્રહ્મ છે, બીજું કાંઈ નથી.

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કર્યું,
સાસૂન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ, મુંબઈ

अनुक्रमणिका

श्रीमद्

भगवद्गीताभाषान्तर

સુધારા વધારા સાથે

મહાત્મા શ્રીધર સ્વામીની
ટીકાને અનુસારે

અનુક્રમણિકા



अथ श्रीगीतामाहात्म्यम् ।

॥ धरोवाच ॥

भगवन्परमेशान भक्तिरव्यभिचारिणी ।
प्रारब्धं भुज्यमानस्य कथं भवति हे प्रभो ॥ १ ॥

॥ विष्णुरुवाच ॥

प्रारब्धं भुज्यमानो हि गीताभ्यासरतः सदा ।
स मुक्तः स सुखी लोके कर्मणा नोपलिप्यते ॥२॥

પૃથિવી પૂછે છે—હે પરમેશ્વર ! હે ભગવન્ ! હે પ્રભો ! પ્રારબ્ધને ભોગવનારાં મનુષ્યની પરમાત્મા ઉપર એકાંતિક નિર્મળ ભક્તિ કેવી રીતે થાય ? ૧

વિષ્ણુ બોલ્યા—હે પૃથિવી ! મનુષ્ય, પ્રારબ્ધનો ઉપભોગ કરતો હોય તોપણ તે નિત્ય ગીતાનો પાઠ કરવામાં તત્પર રહેતો હોય તો તેને મુક્ત તથા સુખી જાણવો અને તે જગતમાં કર્મ કર્યાં છતાં પણ કર્મથી લેપાતો નથી. ૨

महापापादिपापानि गीताध्यानं करोति चेत् ।
क्वचित्स्पर्शं न कुर्वन्ति नलिनीदलमम्बुवत् ॥३॥
गीतायाः पुस्तकं यत्र यत्र पाठः प्रवर्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि तत्र वै ॥४॥
सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ।
गोपाला गोपिका वापि नारदोद्धवपार्षदैः ॥५॥

જે મનુષ્ય શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું ધ્યાન કરે છે તેને, કમળનું પત્ર જેમ પાણીનો સ્પર્શ કરતું નથી તેમ, મહાપાપ આદિક પાતકો પણ કોઈ દિવસ સ્પર્શ કરી શકતાં નથી. ૩

જ્યાં આગળ ગીતાનું પુસ્તક હોય તથા જ્યાં આગળ ગીતાનો પાઠ થતો હોય, ત્યાં આગળ પ્રયાગ આદિ સર્વે તીર્થો વાસ કરે છે. ૪

જ્યાં આગળ ગીતાનો પાઠ કરવામાં આવે છે, ત્યાં સર્વે દેવતાઓ, ઋષિઓ, યોગીઓ, સર્પો, ગોપાલો, ગોપીઓ, નારદ, ઉદ્ધવ તથા પાર્ષદો, સહાયતા કરવાને તુરત એકઠા મળે છે. વળી હે પૃથિવી! જ્યાં ગીતાનો વિચાર ચાલે છે; જ્યાં

सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्त्तते ।
यत्र गीताविचारश्च पठनं पाठनं श्रुतम् ।
तत्राहं निश्चितं पृथ्वि निवसामि सदैव हि ॥६॥
गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य त्रींल्लोकान्पालयाम्यहम् ॥७॥
गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
*अर्द्धमात्राक्षरा नित्या स्वानिर्वाच्यपदात्मिका८

ગીતાનું ભણવું ભણાવવું ચાલે છે, ત્યાં આગળ પણ હું નિરંતર અવશ્ય વાસ કરું છું. ૫-૬.

હું ગીતાના આધારે રહ્યો છું, ગીતા એ મારું ઉત્તમ મંદિર છે અને ગીતાના જ્ઞાનનો આશ્રય કરીને ત્રણે લોકનું હું પાલન કરું છું. ૭

શ્રીમદ્ભગવદ્ગીતા એ મારી પરમા વિદ્યા છે, બ્રહ્મસ્વરૂપા છે, મકારરૂપ અર્દ્ધમાત્રાવાળી છે, અવિનાશી છે, અને ગૂઢ અર્થથી ભરેલાં પદો-વાળી છે, એમાં સંશય નથી. ૮

---

* ચંડીપાઠના પ્રથમ અધ્યાયમાં ૪૭ મા શ્લોકના ઉત્તરાર્દ્ધને મળતો પાઠ છે.

चिदानंदेन कृष्णेन प्रोक्ता स्वमुखतोऽर्जुन ।
वेदत्रयी परानंदा तत्त्वार्थज्ञानसंयुता ॥ ९ ॥
योऽष्टादशजपो नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं स लभते ततो याति परं पदम्॥१०॥
पाठेऽसमर्थः संपूर्णे ततोऽर्द्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः॥११॥
त्रिभागं पठमानस्तु गंगास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु सोमयागफलं लभेत् ॥ १२ ॥

ચિદાનંદ એવા શ્રીકૃષ્ણે પોતે, સ્વમુખથી જે ગીતા અર્જુનને કહી છે, તે ગીતા ત્રણ વેદ સમાન, પરમ આનંદરૂપ તથા તત્ત્વાર્થ જ્ઞાનથી ભરેલી છે.૯

જે મનુષ્ય નિત્ય મનને નિશ્ચળ રાખીને ગીતાના અઢાર અધ્યાયનો પાઠ કરે છે, તે મનુષ્ય જ્ઞાન સંપાદન કરે છે અને પછી પરમપદને પામે છે. ૧૦

જો ગીતાનો સમ્પૂર્ણ પાઠ કરવા શક્તિ ન હોય તો અર્ધો પણ પાઠ કરવો, તેથી અવશ્ય ગાયનાં દાનનું ફળ મળે છે. ૧૧

ગીતાના ત્રીજા ભાગનો પાઠ કરનાર, ગંગાસ્નાનનાં ફળને પામે છે અને છઠ્ઠા ભાગનો પાઠ કરનાર, સોમયાગનું ફળ મેળવે છે. ૧૨

एकाध्यायं तु यो नित्यं पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥१३॥
अध्यायं श्लोकपादं वा नित्यं यः पठते नरः ।
स याति नरतां यावन्मन्वंतरं वसुन्धरे ॥ १४ ॥
गीतायाः श्लोकदशकं सप्त पंच चतुष्टयम् ।
द्वौ त्रीनेकं तदर्द्धं वा श्लोकानां यः पठेन्नरः १५

જે ભક્તિ સંપન્ન થઈને નિરંતર ગીતાના એક અધ્યાયનો પાઠ કરે છે, તે શિવનો ગણ થઇને અથવા તો વિષ્ણુનો ગણ થઇને શિવલોકમાં અથવા તો વિષ્ણુલોકમાં ચિરકાળ સૂધી રહે છે. ૧૩

હે પૃથિવી ! જે પુરુષ ગીતાના એક અધ્યાયનો અથવા તો એક શ્લોકનો કે પછી એક ચરણનો નિત્ય પાઠ કરે છે, તે મન્વંતરો થતાં સૂધી શ્રેષ્ઠ મનુષ્યમાં જન્મ્યા કરે છે. ૧૪

જે મનુષ્ય શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના દશ શ્લોકનો, સાત શ્લોકનો, પાંચ શ્લોકનો, ચાર શ્લોકનો, ત્રણ શ્લોકનો, બે શ્લોકનો, એક શ્લોકનો અથવા તો અર્ધા શ્લોકનો પાઠ કરે છે, તે અવશ્ય દશ

चंद्रलोकमवाप्नोति वर्षाणामयुतं ध्रुवम् ।
गीतापाठसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ॥ १६ ॥
गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ।
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ॥ १७ ॥
गीतार्थश्रवणासक्तो महापापयुतोऽपि वा ।
वैकुंठं समवाप्नोति विष्णुना सह मोदते ॥ १८ ॥

હજાર વર્ષો સૂધી ચંદ્રલોકમાં રહે છે. તેમ જ જે મનુષ્ય ગીતાનો પાઠ કરતો હોય, તે મરી ગયા પછી પાછો મનુષ્યપણાંને જ પામે છે. ૧૫–૧૬

મરણ વેળા પણ મનુષ્ય ગીતા એટલો ઉચ્ચાર કરે તોપણ તે મુક્તિને પામે છે, ત્યારે જે ગીતાનો પાઠ કરે, તે ઉત્તમ મુક્તિને પામે, તેમાં સંદેહ શું ? ૧૭

મનુષ્ય મહાપાપી હોય, તોપણ તે જો ગીતાનો અર્થ સાંભળવામાં આસક્ત રહેતો હોય, તો તે વૈકુંઠમાં જઈને વિષ્ણુની સાથે આનંદ ભોગવે છે. ૧૮

જે મનુષ્ય ઘણાં કર્મો કર્યા પછી વિશ્રાંતિ લઈને નિત્ય ગીતાના અર્થનું ધ્યાન કરે છે, તેને

गीतार्थं ध्यायते नित्यं कृत्वा कर्माणि भूरिशः ।
जीवन्मुक्तः स विज्ञेयो देहान्ते परमं पदम् ॥ १९ ॥
गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके गीता याताः परं पदम् ॥२०॥
गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठो भवेत्तस्य श्रम एव ह्युदाहृतः ॥२१॥
एतन्माहात्म्यसंयुक्तं गीताभ्यासं करोति यः ।
स तत्फलमवाप्नोति दुर्लभां गतिमुत्तमाम् ॥२२॥

જીવન્મુક્ત જાણવો અને દેહ પડ્યા પછી તે પરમપદને પામે છે. ૧૯

જનક આદિક ઘણા રાજાઓ ગીતાનું જ્ઞાન સંપાદન કરીને પાપ રહિત થયા હતા અને જગતમાં યશ મેળવીને પરમપદને પામ્યા હતા, એમ કહેવાય છે. ૨૦

જે મનુષ્ય ગીતાનો પાઠ કરીને તેનાં માહાત્મ્યનો પાઠ કરે નહીં તો તેનો ગીતાનો પાઠ નિષ્ફળ થાય છે અને તે પાઠને શ્રમ જ કહ્યો છે. ૨૧

જે મનુષ્ય આ ગીતા માહાત્મ્યની સાથે ગીતાનો

॥ सूत उवाच ॥
माहात्म्यमेतद्गीताया मया प्रोक्तं सनातनम् ।
गीतान्ते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥२३॥

પાઠ કરે છે, તે ગીતાના પાઠનાં સમ્પૂર્ણ ફળને મેળવી, દુર્લભ એવી ઉત્તમ ગતિને પામે છે. ૨૨

સૂત કહે છે—જે મનુષ્ય ગીતાનો પાઠ કર્યા પછી, મેં કહેલા ગીતાના આ સનાતન માહાત્મ્યનો પાઠ કરે છે અથવા તો આરંભમાં તેનો પાઠ કરે છે, તે મારાં કહેલાં ફળને મેળવે છે. ૨૩

अथ मंत्र, न्यास, ध्याननो विधि

મંત્રની સમજણ

કોઈ પણ દેવને આહ્વાન કરવા માટે ભણવામાં આવતું વેદનું સૂક્ત તે મંત્ર કહેવાય છે. તે મંત્રો ઋગ્, યજુષ્ અને સામ, એવા ત્રણ વેદોમાં છે અને તે મંત્રોના સંગ્રહને મંત્રસંહિતા કહેવામાંઆવે છે; જેમાં બ્રાહ્મણ વગેરે ગ્રંથોની ગણના કરવામાં આવતી નથી. આ સઘળા વૈદિક મંત્રો કહેવાય છે. તેઉપરાંત બીજા તંત્ર ગ્રંથોમાંના મંત્રોને તાંત્રિકમંત્રો કહે છે, તેથી વૈદિક અને તાંત્રિક, એમ બે પ્રકારના મંત્રો છે.વેદ એ સાક્ષાત્ પરમાત્માના પોતાના મુખ-માંથી ઉત્પન્નથયા છે તેથી, તેનાં સૂક્તમાં દેવતાના આહ્વાનની ચૈતન્યશક્તિ છે, તેમજ ભગવદ્ગીતા પણ સાક્ષાત્ પરમાત્માએ શ્રીમુખે કહેલી છે, તેથી તેનામાં પણ મંત્રત્વ ધર્મ સમાયલો છે. જ્યાં આગળ મંત્ર હોય છે, ત્યાં આગળ તેના ઋષિ, છંદ, દેવતા, બીજ અને કીલક, આ છ તેની સાથે હોવાં જોઈએ જ. આ શ્રીમદ્ભગવદ્ગીતામાં તે આ પ્રમાણે છે:-

ॐ अस्य श्रीमद्भगवद्गीतामालामन्त्रस्य भगवान्वेदव्यास ऋषिः ॥ अनुष्टुप् छंदः ॥ श्रीकृष्णः परमात्मा देवता ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषस इति बीजम् ॥ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रजेति शक्तिः ॥ अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥

અર્થ—આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી સમસ્ત મંત્રના ઋષિ એટલે દ્રષ્ટા* ભગવાન્ વેદવ્યાસ છે; છંદ અનુષ્ટુપ્ છે; મંત્રના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણ પરમાત્મા છે; "નહિ શોક કરવા યોગ્યનો તું શોક કરે છે અને પંડિતોની પેઠે પ્રૌઢ ભાષણો કરે છે." (આ બીજા અધ્યાયના ૧૧ મા શ્લોકનો પૂર્વાર્દ્ધ છે.) એ મંત્રનું બીજ (એટલે ગ્રંથારંભનું મુખ્ય કારણ) છે; "સર્વ ધર્મોનો ત્યાગ કરીને એક મારે શરણે આવ;" (આ અઢારમા અધ્યાયના ૬૬ મા શ્લોકનો પૂર્વાર્દ્ધ છે.) એ મંત્રની શક્તિ (એટલે ફળ મેળવવાનું બળ) છે અને (તેજ શ્લોકનો ઉત્તરાર્દ્ધ) "હું

---

* જોનારા છે અર્થાત્ શ્રીકૃષ્ણનાં વચનનો સંગ્રહ કરનારા છે.

તને સર્વ પાપો માંથી છોડાવીશ, તું શોક કર મા," એ આ મંત્રનો કીલક (એટલે ખીલાની પેઠે એક ઠેકાણે સ્થિર કરનાર) છે. (કીલક વિના મંત્ર સ્થિર થતો નથી, માટે છેવટે કીલકવડે, મંત્રરૂપી ખીલાવડે, સાધ્યમંત્રને સફલ કરવા માટે સ્થિર કરવો.)

ન્યાસની સમજણ

વૈદિક અથવા તાંત્રિક, હરકોઈ મંત્રથી દેવપૂજા, જપ વગેરે કરવું હોય ત્યારે પ્રથમ કર્મ કર્તા યજમાને તથા ઋત્વિજોએ, શરીરના ભિન્ન ભિન્ન અવયવોમાં અમુક અમુક મંત્રોનું આરોપણ કરીને મંત્રમૂર્તિ–મંત્રમય થવું જોઈએ અને તેટલા માટે શરીરના જૂદા જૂદા અવયવોમાં મંત્રોના ભિન્ન ભિન્ન પદોનું તથા અક્ષરોનું આરોપણ કરવામાં આવે છે, તેને ન્યાસ કહે છે. તે ન્યાસના ત્રણ ભેદ છે:–કરન્યાસ, અંગન્યાસ, તથા બીજન્યાસ. અહીં પ્રથમ કરન્યાસ દર્શાવે છે:–

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો પાઠ કરનારા પુરુષે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી મંત્રના ઋષિ, છન્દ, દેવતા વગેરેનું સ્મરણ કર્યાં પછી નીચે પ્રમાણે મંત્રો ભણીને પ્રથમ કરન્યાસ કરવા.

કરન્યાસનો વિધિ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः

'આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો નથી', આ મંત્ર ભણીને બન્ને હાથના અંગુઠાઓનો સ્પર્શ કરીને તેને પ્રણામ કરવા.

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

'પાણી આત્માને ભીંનો કરી શકતું નથી તથા પવન આત્માને શોષી શકતો નથી,' આ મંત્ર ભણીને હાથની બન્ને તર્જનિઓ (અંગુઠા પાસેની આંગળીઓ)નો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા.

अच्छेद्योयमदाह्योयमक्लेद्योऽशोष्य एव च ।

'આ આત્મા કપાય નહીં તેવો, બળાય નહીં તેવો, ભીંનો કરી શકાય નહીં તેવો અને શોષાય નહીં તેવો છે,' આ મંત્ર ભણીને હાથની બન્ને વચલી આંગળીઓનો સ્પર્શ કરીને તેને પ્રણામ કરવા.

नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

'આ આત્મા નિત્ય, સર્વવ્યાપી, સ્થિર, અચળ

અને સનાતન છે,' આ મંત્ર ભણીને હાથની બન્ને અનામિકાઓ (ટચલી આંગળીની પાસેની આંગળીઓ) નો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા.

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।

'હે પાર્થ ! તું મારાં સેંકડો અને હજારો રૂપો જો,' આ મંત્ર ભણીને હાથની બન્ને ટચલી આંગળીઓનો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા.

नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।

'મારાં રૂપ અનેક પ્રકારનાં, દિવ્ય તથા અનેક વર્ણ અને આકારનાં છે,' આ મંત્ર ભણીને હાથનાં બન્ને તળિયાંનો અને પાછળના ભાગનો સ્પર્શ કરીને તેને પ્રણામ કરવા.

(પહેલી ચાર પંક્તિઓ બીજા અધ્યાયના ૨૩ મા અને ૨૪ મા શ્લોકોની છે, અને છેલ્લી બે પંક્તિઓ ૧૧ મા અધ્યાયના ૫ મા શ્લોકની છે. ન્યાસ કરતી વખતે મૂળ પંક્તિઓ જ બોલવાનો પ્રયત્ન કરવો સારો છે.)

અંગન્યાસનો વિધિ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥

'આત્માને શસ્ત્રો છેદતાં નથી અને અગ્નિ બાળતો નથી,' આ મંત્ર ભણીને हृदयाय नमः એમ કહીને હાથના અગ્ર ભાગથી હૃદયનો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા.

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।

'પાણી આત્માને ભીંનો કરી શકતું નથી અને પવન શોષતો નથી,' આ મંત્ર ભણીને शिरसे स्वाहा એમ કહીને હાથના અગ્ર ભાગથી મસ્તકનો સ્પર્શ કરવો.

अच्छेद्योऽयमदाह्योयमक्लेद्योऽशोष्य एव च ॥

'આ આત્મા, કપાય નહીં તેવો, બળાય નહીં તેવો, ભીંનો કરી શકાય નહીં તેવો અને શોષાય નહીં તેવો છે,' આ મંત્ર ભણીને शिखायै वषट् એમ કહીને હાથના અગ્ર ભાગથી ચોટલીનો સ્પર્શ કરવો.

नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

'આત્મા, નિત્ય, સર્વ વ્યાપી, સ્થિર, અચળ અને સનાતન છે,' આ મંત્ર ભણી कवचाय हुं એમ કહીને બન્ને હાથની હથેળીઓ બન્ને ખભાને અડાડીને અદબ વાળવી. (આથી કવચ પહેરવાની ભાવના થાય છે.)

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।

'હે પાર્થ! તું મારાં સેંકડો અને હજારો રૂપો જો,' આ મંત્ર ભણીને नेत्रत्रयाय वौषट् એમ કહીને હાથના અગ્ર ભાગથી બન્ને નેત્રનો અને ભમર વચ્ચે અદૃશ્ય રહેલાં ત્રીજાં નેત્રનો સ્પર્શ કરવો.

नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।

'મારાં રૂપો અનેક જાતનાં, દિવ્ય, અનેક રંગનાં તથા અનેક આકારનાં છે,' આ મંત્ર ભણીને अस्त्राय फट् એમ કહી જમણો હાથ માથા ઉપરથી ફેરવીને તેનાવતી ડાબા હાથની હથેળીમાં તાળી વગાડવી.

ધ્યાનનો વિધિ

અંગન્યાસ કર્યા પછી આરાધ્ય દેવતાનું ધ્યાન કરવું જોઇએ. ધ્યાનને માટે અગ્નિપુરાણમાં લખે છે કેઃ—

ध्यै चिंतायां स्मृतो धातुर्विष्णुचिन्ता मुहुर्मुहुः ।
अनाक्षिप्तेन मनसा ध्यानमित्यभिधीयते ॥

ध्यै ધાતુનો અર્થ મનન કરવું, વિચારવું વગેરે થાય છે. ભગવાન્ શ્રીવિષ્ણુનું એકાગ્ર મનવડે વારંવાર ચિન્તન કરવું, તેનું નામ ધ્યાન કહેવાય છે. ધ્યેય વસ્તુનું ચિન્તન કરતાં કરતાં પુરુષ તદાકાર થઈ જાય અને તેની બહારની ઇન્દ્રિયો પણ વિષય રહિત થઇને અંતર્વૃત્તિવાળી થાય, તેનું નામ ધ્યાન. ગીતામાં આરાધ્ય દેવતા વગેરેનું ધ્યાન આ પ્રમાણે છે.

ધ્યાન

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं, व्यासेन ग्रथितां पुराणमुनिना मध्ये-महाभारतम् ॥ अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टा-दशाध्यायिनीमम्ब त्वामनुसन्दधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥ १ ॥

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविन्दा-यतपत्रनेत्र ॥ येन त्वया भारततैलपूर्णः प्रज्वा-लितो ज्ञानमयः प्रदीपः ॥ २ ॥

શ્રીભગવાન્ નારાયણે પોતે અર્જુનને ઉપદેશ કરીને ભણાવેલાં, પ્રાચીન મુનિ શ્રીવેદવ્યાસે મહા-ભારતમાં અઢારઅધ્યાયરૂપેરચેલાંતથા सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किञ्चन ।આ આખું જગત્ પરબ્રહ્મ છે, તેના વિના બીજું કંઈ પણ નથી, આવું અદ્વૈત-રૂપી અમૃત વરસાવનારાં તથા જન્મમરણને ટાળ-નારાં એવાં શ્રીભગવાને ગાયેલાં,હે માતાજી ભગવદ્-ગીતા! આપનાં સ્વરૂપનું હું ધ્યાન કરું છું. ૧

प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥ ३ ॥
सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥४॥
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥ ५ ॥

હે વિશાળ બુદ્ધિવાળા વ્યાસ! હે ઉઘડેલાં કમળના જેવાં વિશાળ નેત્રવાળા વ્યાસ! તમને નમસ્કાર કરું છું. કારણ જે આપે મહાભારતરૂપી તેલ પૂરીને જ્ઞાનરૂપી દીવો પ્રગટ કર્યો છે. ૨

શરણાગત લોકોને પારિજાતક સમાન, એક હાથમાં પરોણીને ધારણ કરનારા, જ્ઞાનમુદ્રા ધારણ કરીને રહેલા અને ગીતારૂપી અમૃતને દોહોનારા શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. ૩

સર્વે ઉપનિષદો ગાયરૂપે છે, ગોપાલપુત્ર શ્રીકૃષ્ણ તેના દોહોનારા છે, બુદ્ધિશાળી અર્જુન નામનો વાછરડો તેનો ઉપભોગ કરનાર છે અને ગીતારૂપી ઉત્તમ અમૃત તેનું દૂધ છે. ૪

વસુદેવના પુત્ર, દેવ, કંસ અને ચાણૂરનો

भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनीलोत्पला
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी
सोत्तीर्णा खलु पाण्डवै रणनदी कैवर्तकः केशवः ६
पाराशर्यवचः सरोजममलं गीतार्थगन्धोत्कटं
नानाख्यानककेसरं हरिकथासम्बोधनाबोधितम् ॥

નાશ કરનારા, અને દેવકીને પરમ આનંદ આપનારા જગતના પરમ ગુરુ શ્રીકૃષ્ણને હું વંદું છું. ૫

ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યરૂપી તટવાળી, જયદ્રથરૂપી જળથી ભરેલી, ગાંધાર દેશના રાજા શકુનિરૂપી કાળી શિલાવાળી, શલ્ય રાજારૂપી ગૂડવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી ભરતી ઓટવાળી, અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયંકર મઘરમચ્છવાળી અને દુર્યોધનરૂપી ઘુમરીવાળી, સંગ્રામ નદીને પાંડવો, શ્રીકૃષ્ણરૂપી સુકાનીદ્વારા તરી ગયા હતા. ૬

लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा
भूयाद्भारतपङ्कजं कलिमलप्रध्वंसिनः श्रेयसे॥७॥
मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानन्दमाधवम् ॥ ८ ॥
यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतस्तुन्वन्ति दिव्यैस्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ॥

ભગવદ્‌ગીતાના અર્થરૂપી ઉત્કટ સુગંધવાળું, અનેક આખ્યાનોરૂપી કેસરવાળું, પરમાત્માની કથાના ઉપદેશવડે પ્રફુલ્લિત થયેલું, જગતમાં સજ્જનરૂપી ભમરાઓ વારંવાર હર્ષવડે જેમના રસનું પાન કરે છે એવું, કળિયુગનાં પાતકનો નાશ કરનારું અને શ્રીપરાશરના પુત્ર વેદવ્યાસના મુખરૂપી સરોવરમાં ઉગેલું, શ્રી મહાભારતરૂપી નિર્મળ કમળ અમારું કલ્યાણ કરો. ૭

જેમની કૃપા મૂંગાને વાચાળ કરે છે ને પાંગળાને પર્વત ઓળંઘાવે છે, તે પરમ આનંદમૂર્તિ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. ૮

ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ९

બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર અને પવનો, દિવ્ય સ્તોત્રોથી જેમની સ્તુતિ કરે છે, સામવેદનું ગાન કરનારા મુનિઓ, અંગો, પદ, ક્રમ અને ઉપનિષદ્ સાથે વેદોથી, જે પરમાત્માની સ્તુતિ કરે છે, યોગીઓ સમાધિ ચઢાવીને મનવડે જેમનાં દર્શન કરે છે અને દેવતાઓ તથા દૈત્યો, જેમના મહિમાના પારને પામતા નથી, તે પરમાત્માને હું નમસ્કાર કરું છું. ૯

श्रीगीतामाहात्म्यम्
समाप्तम् ।

શ્રીમદ્

ભગવદ્ગીતા—આમુખ

અર્જુનને તત્ત્વજ્ઞાન ન હોવાથી શોકે તથા મોહે ઉભરાઈ જઈને તેના વિવેકનો નાશ કર્યો હતો, તેથી તે પોતાનો ક્ષાત્રધર્મ છોડીને ભિક્ષા માગવા-રૂપી પરધર્મ અંગીકાર કરવાને તૈયાર થયો હતો. આ ઉપરથી જગતમાં સર્વના હિત માટે અવતાર ધરનારા, સર્વ મનુષ્યો જેમનાં ચરણ કમળને વંદન કરે છે એવા પરમ દયાળુ ભગવાન્ દેવકીપુત્ર શ્રી-કૃષ્ણે, ધર્મ જ્ઞાનના ગુપ્ત એવા ઉપદેશરૂપી વહાણ વડે સંસારસાગરમાં ગળકાં ખાતા અર્જુનનો ઉદ્ધાર કર્યો હતો તથા ઉપદેશરૂપે જે બોધ કર્યો હતો તેનો, વેદવ્યાસે સાતસો શ્લોકોમાં ગીતા નામનો નિબંધ રચ્યો છે; જેમાં ઘણા ખરા શ્લોકો શ્રી-કૃષ્ણના મુખકમળમાંથી જ નિકળેલા છે અને કેટ-લાએક શ્લોકો પૂર્વાપર અર્થ સંગતિમાટે વ્યાસે પોતે રચ્યા છે. આ શ્રીમદ્ભગવદ્ગીતા શ્રીકૃષ્ણે

સ્વમુખે ગાયેલી છે, તે વાત ગીતાના મોટા માહાત્મ્યના એક શ્લોક ઉપરથી સિદ્ધ થાય છે; તે શ્લોક આ છે:—

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥

અર્થ—શ્રીમદ્‌ભગવદ્‌ગીતા કે જે કૃષ્ણના મુખ-કમળમાંથી પ્રકટ થઈ છે, તેનો યથાર્થ રીતે પાઠ કરવો જોઇએ. બીજાં શાસ્ત્રોનો સંગ્રહ (મનન) કરવાનું પ્રયોજન શું છે? (અર્થાત્ ગીતા શાસ્ત્રમાં જ સર્વ શાસ્ત્રનો સમાવેશ થાય છે.)

આ ગીતામાં શ્રીકૃષ્ણ તથા અર્જુન વચ્ચે કેવી રીતે સંવાદ ચાલ્યો, તેનો કથાપ્રસંગ પ્રથમ અધ્યાયમાં ૨૭ શ્લોકવડે નિરૂપણ કરાય છે.

॥ धृतराष्ट्र उवाच ॥

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥ १ ॥

॥ संजय उवाच ॥

दृष्ट्वा तु पांडवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥ २ ॥
पश्यैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ ३ ॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું–હે સંજય ! ધર્મક્ષેત્ર એવાં કુરુક્ષેત્રમાં મારા પુત્રોએ તથા પાંડુના પુત્રોએ લડવાની ઇચ્છાથી એકઠા મળીને શું કર્યું તે કહે. ૧

સંજય બોલ્યો–પાંડવોની સેનાને વ્યૂહરચનામાં ગોઠવાયલી જોઇને, તે વેળા રાજા દુર્યોધન દ્રોણાચાર્યની પાસે જઇને આવું વચન બોલ્યો:–૨

દુર્યોધન નવ શ્લોકાવડે તે વાત કહે છે:-

હે આચાર્ય ! તમે પાંડુના પુત્રોની મોટી સેના જુઓ કે જે સેનાને તમારા શિષ્ય અને દ્રુપદના પુત્ર એવા બુદ્ધિશાળી ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહરચનામાં ગોઠવી રાખી છે ~

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ ४ ॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥ ५ ॥

આ સેનામાં મોટા ધનુર્ધારી, યુદ્ધ કરવામાં અતિ પ્રખ્યાત એવા ભીમ તથા અર્જુનના સરખા અને ક્ષત્રિયધર્મથી યુક્ત એવા યોદ્ધાઓ છે; જેવા કે સાત્યકી, વિરાટ રાજા અને મહારથી* દ્રુપદ રાજા. ૪

વળી ધૃષ્ટકેતુ, ચેકિતાન, પરાક્રમી કાશી રાજા, ઘણાનો પરાજય કરનાર કુંતિભોજ અને પુરુષમાં શ્રેષ્ઠ એવો શૈબ્ય રાજા, ૫

---

* एको दशसहस्राणि योधयेद्यस्तु धन्विनाम् ।
शस्त्रशास्त्रप्रवीणश्च महारथ इति स्मृतः ॥
अमितान्योधयेद्यस्तु संप्रोक्तोऽतिरथस्तु सः ।
रथी त्वेकेन यो युद्धयेत्तन्न्यूनोऽर्धरथो मतः ॥

અર્થ—જે એકલો છતાં દશ હજાર ધનુર્ધારીઓની સાથે લઢે અને શસ્ત્રવિદ્યામાં તથા શાસ્ત્રમાં કુશળ હોય, તેને મહારથી જાણવો; જે ઘણાની સાથે લઢે તેને અતિરથી જાણવો; જે એક સાથે લઢે તેને રથી જાણવો અને તેનાથી ન્યૂન હોય તેને અર્ધરથી જાણવો.

युधामन्युश्च विक्रांत उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ६ ॥
अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ ७ ॥
भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ ८ ॥

પરાક્રમી યુધામન્યુ, વીર્યવાન્ ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદી વિષે યુધિષ્ઠિર આદિથી જન્મેલા પ્રતિવિંધ્ય વગેરે પાંચ પુત્રો, એ સઘળા જ મહારથીઓ છે. ૬

હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ! હવે બલાદિકવડે પ્રખ્યાત એવા આપણા જે યોદ્ધાઓ છે, તેઓનાં નામ સાંભળો. મારી સેનાના જે નાયકો છે, તેઓને સારી રીતે જાણવા માટે તમારી આગળ નામવાર ગણાવું છું. ૭

આપ (દ્રોણાચાર્ય), ભીષ્મપિતામહ, કર્ણ, યુદ્ધમાં વિજય કરનારા કૃપાચાર્ય,યુદ્ધવિજયી અશ્વત્થામા, વિકર્ણ તથા સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા. ૮

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥
अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥
अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षंतु भवंतः सर्व एव हि ॥ ११ ॥

તથા બીજા પણ ઘણા શૂરવીરો છે, કે જે સર્વે મારે માટે પ્રાણત્યાગ કરવા તૈયાર થયા છે, નાના પ્રકારનાં મારવાનાં આયુધો ધારણ કરે છે અને યુદ્ધ કરવામાં કુશળ છે. ૯

આપણું સૈન્ય (ઉપર કહેલા) વીરપુરુષોથી ભરપૂર છે તથા ભીષ્મથી રક્ષાયલું છે; છતાં પણ પાંડવોની સાથે લડવાને અશક્ત છે, અને પાંડવોનું આ સૈન્ય તો ભીમ વગેરેથી રક્ષાયલું છે, માટે આપણી સાથે લડવાને સમર્થ છે. ૧૦

ભાવાર્થ—ભીષ્મપિતામહ ભીમ કરતાં બળવાન્ છે, છતાં પણ તે કૌરવ અને પાંડવોને બન્નેને સમાન ગણે છે, માટે અશક્ત અને ભીમ એક

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् ॥१२॥
ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यंत स शब्दस्तुमुलोऽभवत् ॥१३॥

પાંડવના જ પક્ષનો છે, તેથી તે જેવા આવેશથી લડશે તેવા આવેશથી ભીષ્મ લડશે નહીં, માટે દુર્યોધને ઉપર પ્રમાણે શંકા કરી છે.

માટે તમે બધાય વ્યૂહમાં પેસવાના સર્વ માર્ગો ઉપર, પોતપોતાનાં ઠેકાણાંપર ઉભા રહીને ચારે તરફથી ભીષ્મપિતામહની જ રક્ષા કરો, કારણ કે આપણું જીવન ભીષ્મના બળ ઉપર જ આધાર રાખે છે. ૧૧

દુર્યોધન રાજાનું સન્માન ભરેલું વાક્ય સાંભળીને, તે પછી ભીષ્મે શું કર્યું, તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ—

તે સાંભળીને પ્રતાપી તથા કુરુવંશમાં વૃદ્ધ એવા ભીષ્મપિતામહે દુર્યોધનને હર્ષ ઉપજાવતાં મોટો સિંહનાદ કરીને શંખ વગાડ્યો. ૧૨

સેનાપતિ ભીષ્મનો યુદ્ધોત્સાહ જોઇને સર્વે કૌરવોએ લડવાનો ઉત્સાહ પ્રગટ કર્યો, તે સંજય કહે છેઃ–

ત્યારપછી, શંખો, ભેરીઓ, પણવો, આનકો અને

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यंदने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः॥१४॥
पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौ महाशंखं भीमकर्मा वृकोदरः ॥१५॥
अनंतविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥

શિંગડીઓ આદિ રણવાજિંત્રો તે જ વખતે વાગવા માંડ્યાં અને તે વાજિંત્રોનો તુમુલ શબ્દ થયો. ૧૩

સંજય પાંડવોના યુદ્ધોત્સાહનું પાંચ શ્લોકવડે વર્ણન કરે છે.

કૌરવની સેનાનાં વાજિંત્રોનો કોલાહલ થયા પછી ધોળા ઘોડાઓથી જોડેલા, મોટા રથમાં બેઠેલા, મધુવંશમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે તથા પાંડુના પુત્ર અર્જુને દિવ્ય શંખો વગાડ્યા. ૧૪

ઇંદ્રિયોના સ્વામી એવા શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો શંખ વગાડ્યો, અર્જુને દેવદત્ત નામનો શંખ વગાડ્યો અને ભયંકર કર્મ કરનારા ભીમસેને પૌંડ્ર નામનો મોટો શંખ વગાડ્યો. ૧૫

કુંતીના પુત્ર રાજા યુધિષ્ઠિરે અનંતવિજય નામનો શંખ વગાડ્યો અને નકુળ તથા સહદેવે સુઘોષ તથા મણિપુષ્પ નામના શંખો વગાડ્યા. ૧૬

काश्यश्च परमेष्वासः शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक्पृथक् १८
स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥
अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।

હે પૃથિવીપતિ! ઉત્તમ ધનુષને ધારણ કરનારા કાશીરાજા, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અજિત સાત્યકી, દ્રુપદ રાજા, દ્રૌપદીના પ્રતિવિંધ્ય આદિ પાંચ પુત્રો અને સુભદ્રાનો મહાબાહુવાળો પુત્ર અભિમન્યુ, એ સર્વેએ પોતપોતાના જૂદા જૂદા શંખો વગાડ્યા. ૧૭–૧૮

આકાશ અને પૃથિવીને ગજાવી મૂકે એવા શંખોના એ તુમુલ શબ્દોએ કૌરવોનાં હૃદયોને ફાડી નાંખ્યાં અર્થાત્ કૌરવોનાં કાળજાં શંખોનો નાદ સાંભળીને ભયથી કંપી ઉઠ્યાં. ૧૯

આ પ્રમાણે યુદ્ધારંભ જોઇ, અર્જુન શ્રીકૃષ્ણને ચાર શ્લોકવડે વિનવે છેઃ—

प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥ २० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।
॥ अर्जुन उवाच ॥
सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ २१॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥
योत्स्यमानानवेक्ष्येऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

હે મહીપતિ ! ત્યારપછી તમારા પુત્રો લઢવામાટે તૈયાર થઇને ઉભા રહ્યા અને શસ્ત્રોનો મારો ચાલુ થયો, તેને જોઇને જેની ધ્વજામાં કપિવર હનુમાન્ છે, એવા અર્જુને પણ ધનુષ્ ઉગામીને તે વખતે ઇંદ્રિયોના ઈશ્વર શ્રીભગવાનને આ પ્રમાણે કહ્યું કે, "હે અચ્યુત ! આ રણના સમારંભમાં જેઓ લઢવાની ઇચ્છાથી આવીને ઉભા છે, તેઓમાં મારે કોની સાથે લઢવું યોગ્ય છે ? તેઓને હું જોઉં ત્યાં સુધી તથા યુદ્ધમાં દુષ્ટ બુદ્ધિવાળા દુર્યોધનનું પ્રિય કરવાની ઇચ્છાવાળા આ જે જે લઢવૈયાઓ અત્રે એકઠા થયા છે, તેઓને પણ હું જેટલો વખત જોઉં તેટલો

॥ संजय उवाच ॥

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥ २५ ॥
तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ।
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ॥ २६ ॥

વખત તમે મારા રથને બન્ને સેનાની વચ્ચે ઉભો રાખો." ૨૦–૨૩

તે પછી શું થયું તે વાર્તા સંજય કહે છે:–

સંજય કહે છે–હે ભરતવંશી રાજા! એ પ્રમાણે નિદ્રાનો વિજય કરનારા અર્જુને ઇંદ્રિયોના ઈશ્વર શ્રીકૃષ્ણને કહ્યું ત્યારે બન્ને સેનાની વચ્ચે ભીષ્મ, દ્રોણ તથા બીજા સર્વ રાજાઓની સન્મુખ શ્રીકૃષ્ણ ઉત્તમ રથને ઉભો રાખીને બોલ્યા, "હે પૃથાના પુત્ર અર્જુન! આ એકઠા મળેલા કૌરવોને તું જો."૨૪-૨૫

ત્યારપછી પૃથાપુત્ર અર્જુને જોયું તો પોતાના

तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बंधूनवस्थितान् ।
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ॥ २७ ॥
॥ अर्जुन उवाच ॥
दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ।
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति २८
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ।
गांडीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ॥ २९ ॥

કાકાઓ, દાદાઓ, આચાર્યો, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરાઓ અને પોતાપર ઉપકાર કરનારા પુરુષોને બન્નેય સેનામાં ઉભેલા દીઠા. ૨૬

તે સર્વે બંધુઓને પોતાની સન્મુખ ઉભેલા જોઇને કુંતીપુત્ર અર્જુન, પરમ દયાળુ બનીને વિષાદ કરતો આ પ્રમાણે બોલ્યો. ૨૭

અધ્યાય સમાપ્ત થતાં સુધી અર્જુન પોતાનો અભિપ્રાય શ્રીકૃષ્ણને કહે છેઃ-

અર્જુન બોલ્યો-"હે કૃષ્ણ! લઢવાની ઇચ્છાવાળા મારા આ સંબંધીઓને સન્મુખ ઉભેલા જોઇને, મારાં ગાત્ર ઢીલાં થઈ જાય છે અને મુખમાં શોષ પડે છે.૨૮

"મારા શરીરમાં કંપ થાય છે, રુંવાડાં ઉભાં થાય

न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ।
निमित्तानि च पश्यामि विपरीतानि केशव ३०
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ।
न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ३१
किं नो राज्येन गोविंद किं भोगैर्जीवितेन वा ।
येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ३२

છે, હાથમાંથી ગાંડીવ ધનુષ્ નીચે પડી જાય છે અને ચામડીમાં ચારે તરફથી દાહ થાય છે. ૨૯

"હું દૃઢતાથી ઉભો રહી શકતો નથી, મારું મન જાણે ભમતું હોય તેમ મને લાગે છે અને હે કેશવ! હું અશુભ સૂચવનારાં અપશુકનો જોઉં છું. ૩૦

"વળી યુદ્ધમાં સંબંધીઓને હણવાથી હું કલ્યાણ અર્થાત્ હિતકારી ફળ પણ જોતો નથી. તેમ હે કૃષ્ણ! હું વિજય, રાજ્ય અને સુખોની ઈચ્છા રાખતો નથી. ૩૧

"હે ગોવિંદ! જેઓને માટે અમે રાજ્ય, ભોગો તથા સુખની ઈચ્છા રાખીએ છીએ, તે આ આચાર્યો, કાકાઓ, પુત્રો, તેમજ પિતામહો, મામાઓ, સસ-

त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ।
आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ३३
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधिनस्तथा ।
एतान्न हंतुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ॥३४॥
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ।
निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ३५

રાઓ, પૌત્રો, શાળાઓ તથા સંબંધીઓ તો પ્રાણનો તથા ધનનો ત્યાગ કરીને લઢવા માટે યુદ્ધમાં આવી ઉભા છે, માટે અમે રાજ્યને, ભોગોને તથા જીવિતને શું કરીએ? (હે મધુસૂદન! કદાચ તમે કહેશો કે, "તું દયા લાવીને તેઓને મારીશ નહિ, તોપણ તેઓ તો રાજ્યના લોભથી તારો નાશ કર્યા વિના રહેશે જ નહિ; માટે તું તેઓને મારીને રાજ્ય ભોગવ." તેના ઉત્તરમાં કહેવાનું કે,) જો કદાચ તેઓ મને મારશે તો પણ હું તેઓને મારવાને ઇચ્છતો નથી. ૩૨–૩૪

"હે જનાર્દન! હું ત્રણ લોકનાં રાજ્યને માટે પણ તેઓને મારું નહીં, તો પછી એક પૃથ્વીને માટે તો કેમ જ મારું? વળી ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવાથી મને કયો આનંદ થવાનો હતો? ૩૫

पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ।
तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रान्स्वबांधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ३६

"એ દુર્યોધન વગેરે આતતાયીઓને* મારવાથી તો અમને ઉલટું પાપ જ લાગે, માટે અમે અમારા બાંધવ એવા ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવાને યોગ્ય નથી. વળી હે મધુવંશોત્પન્ન કૃષ્ણ ! અમે અમારા સંબંધીઓને મારીને કેમ સુખી થઈએ ? ૩૬

---

*अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः ।
क्षेत्रदारापहर्त्ता च षडेते आततायिनः ॥

આગ લગાડનાર, ઝેર આપનાર, હાથમાં હથિયાર લઈ સામો થનાર, ધન ચોરનાર, ભૂમિનું તથા સ્ત્રીનું હરણ કરનાર, આ છ આતતાયી કહેવાય છે. દુર્યોધનાદિકે ઉપર કહેલાં છ કર્મો કર્યાં છે, માટે તેઓ આતતાયી છે. જેથી તેઓને મારવા એ યોગ્ય જ છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ-

"आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ।
नाततायिवधे दोषो हंतुर्भवति कश्चन" ॥

"આતતાયી સામો મારવા માટે આવતો હોય તો તેને વિચાર કર્યા વિના જ મારવો. આતતાયીને મારવામાં મારનારને જરા પણ દોષ લાગતો નથી." માટે હે અર્જુન ! હું

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३७॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३८ ॥

(શ્રીકૃષ્ણે કહ્યું કે, તારે તેમ તેઓને બંધુવધનો દોષ તો સમાન જ છે. માટે જેમ તેઓ બંધુવધના દોષને અંગીકાર કરીને મેદાન પડ્યા છે, તેમ તું પણ યુદ્ધ કર. આ રીતે ખેદ કરવાનું પ્રયોજન શું છે? તેના ઉત્તરમાં અર્જુન કહે છે.)

"હે જનાર્દન ભગવન્! જેઓનું મન રાજ્યના લોભથી અવિવેકી થયું છે, એવા દુર્યોધન વગેરે, જો કે કુળનો ક્ષય કરવાથી થતાં પાતકને અને મિત્રનો દ્રોહ કરવાથી લાગતાં પાતકને જાણતા નથી.

આતતાયી એવા દુર્યોધનનો નાશ કર. તેના ઉત્તરમાં અર્જુન કહે છે કેઃ–

आततायिनमायान्तम् એ વચન અર્થશાસ્ત્રનું છે, માટે તે દુર્બળ છે. યાજ્ઞવલ્ક્યે કહ્યું છે કેઃ–

स्मृत्योर्विरोधे न्यायस्तु बलवान् व्यवहारतः ।
अर्थशास्त्रात्तु बलवद्धर्मशास्त्रमिति स्थितिः ॥

कुलक्षये प्रणश्यंति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ३९ ॥
अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४०॥

પરંતુ કુળનો નાશ કરવાથી લાગતાં પાપને અને મિત્રનો દ્રોહ કરવાથી લાગતાં પાતકને અમે જાણીએ છીએ, માટે અમે આ પાપમાંથી દૂર રહેવા માટે કેમ વિચાર કરીએ નહિ ? અર્થાત્ અમારે આ પાપમાંથી છૂટવા માટે વિચાર કરવો જ જોઇએ. ૩૭—૩૮

કુળક્ષય કરવાથી થતા દોષો ગણાવે છેઃ—

"કુળનો ક્ષય થવાથી પરંપરાના કુળધર્મો વિનાશ પામે છે; ધર્મનો નાશ થવાથી આખા કુળમાં અધર્મ પ્રસરે છે; કુળમાં અધર્મ ફેલાયો કે પછી હે

"બે સ્મૃતિ વચ્ચે વિરોધ પડે ત્યારે વ્યવહાર દૃષ્ટિથી જે ન્યાય જોવામાં આવે તેને બળવાન્ જાણવો, પરંતુ અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રને વધારે બળવાન્ જાણવું, આવી મર્યાદા છે." માટે આ આચાર્યાદિક આતતાયીઓ છે, છતાં પણ તેઓને મારવાથી અમને પાપ જ લાગે, કારણ કે તેઓનો વધ કરવો, તે અયોગ્ય અને અધર્મ્ય ગણાય.

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतंति पितरो ह्येषां लुप्तपिंडोदकक्रियाः ॥४१॥
दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ४२

કૃષ્ણ ! કુલીન કાંતાઓ દુરાચરણી બને છે અને હે વૃષ્ણિકુલોત્પન્ન કૃષ્ણ ! સ્ત્રીઓ જ્યારે શિયળનો ભંગ કરી દુરાચરણી થાય છે, ત્યારે વર્ણસંકર* પ્રજા થાય છે. ૩૯—૪૦

"વર્ણસંકર પ્રજા કુળનો નાશ કરનારાઓને તથા કુળને નરકમાં જ નાંખે છે અને કુળનો સંહાર કરનારાઓના પિતૃઓ પણ પોતાની પિંડદાનની ક્રિયાઓ તથા જલાંજલિની ક્રિયાઓ નાશ થવાથી નરકમાં પડે છે. ૪૧

"વળી કુળનો નાશ કરનારાઓના આ વર્ણસંકર કરનારા દોષોથી સનાતન એવા જાતિના ધર્મો, કુળના ધર્મો તથા આશ્રમના ધર્મો નાશ પામે છે. ૪૨

---

* ઉચ્ચ વર્ણ અથવા જાતિનો પુરૂષ નીચ જાતિની સ્ત્રીમાં અને નીચ જાતિનો પુરુષ ઉચ્ચ જાતિની સ્ત્રીમાં પ્રજા ઉત્પન્ન કરે, ત્યારે આ રીતે જાતિની સેળભેળ થવાથી જે પ્રજા થાય, તે વર્ણસંકર પ્રજા કહેવાય છે.

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४३ ॥
अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ॥ ४४ ॥

"હે જનાર્દન ભગવન્! જેઓનો જાતિધર્મ, કુળધર્મ તથા આશ્રમધર્મ નાશ થાય છે, તે મનુષ્યોનો નિત્ય નરકમાં* વાસ થાય છે, એમ અમે સાંભળ્યું છે. ૪૩

"અરેરે!!! મહા ખેદની વાર્તા છે કે, અમે મહાપાપ કરવાને તૈયાર થયા છીએ; કારણ કે અમે રાજ્યસુખના લોભથી, અમારા કુટુંબીઓને હણવા માટે તૈયાર થયા છીએ. ૪૪

ઉપર પ્રમાણે સંતપ્ત થયો થકો અર્જુન મૃત્યુની ઇચ્છા રાખતાં કહે છેઃ—

"હું રણમાં મારી રક્ષા કરવા માટે પ્રયત્ન નહિ

---

* શાસ્ત્રમાં પાપીઓને માટે કહે છે કેઃ—

प्रायश्चित्तमकुर्वाणाः पापेषु निरता नराः ।
अपश्चात्तापिनः कष्टान् निरयान्यान्ति दारुणान् ॥

અર્થ-જે મનુષ્યો પાપ કરવામાં પ્રેમવાળા છે અને પાપનું પ્રાયશ્ચિત્ત કરતા નથી, તે પુરુષો દુઃખદાયી એવા દારુણ નરકમાં પડે છે.

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४५ ॥

॥ संजय उवाच ॥

एवमुक्त्वाऽर्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४६॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

કરું અને શસ્ત્રને પણ નહિ લઉં છતાં ધૃતરાષ્ટ્રના પુત્રો હાથમાં શસ્ત્ર ધારણ કરીને રણ ઉપર મને મારશે તો મારું વિશેષ કલ્યાણ થશે.” ૪૫

સંજય કહે છે—શોકવડે જેનું મન કંપી ઉઠ્યું હતું એવો અર્જુન, યુદ્ધ પ્રસંગમાં ઉપર પ્રમાણે કહીને, બાણ સહિત ધનુષને નીચે નાંખી દઇને રથની બેસણી ઉપર બેસી રહ્યો. ૪૬

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે ‘અર્જુનવિષાદયોગ’ નામનો અધ્યાય પહેલો સંપૂર્ણ

॥ संजय उवाच ॥

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

॥ श्रीभगवानुवाच ॥

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥
क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३ ॥

તે પછી શું થયું એ જાણવાની ઇચ્છાવાળા ધૃતરાષ્ટ્ર રાજાને સંજય કહે છે:–

સંજય કહે છે—આંસુથી ભરેલાં અને ગભરાયલાં નેત્રવાળા, ઉપર પ્રમાણે શોક કરતા, દયાળુ એવા અર્જુનને, મધુ દૈત્યનો નાશ કરનારા શ્રીકૃષ્ણે, આ પ્રમાણે વાક્ય કહ્યું ૧.

શ્રીભગવાન્ બોલ્યા—"હે અર્જુન! આવા સંકટની વેળા આર્ય પુરુષોએ નહિ સેવેલો, સ્વર્ગને નહિ આપનારો અને અપકીર્તિ કરનારો આ મોહ તને ક્યાંથી થયો? ૨.

"હે પૃથાના પુત્ર અર્જુન! તું બીકણ થા મા

॥ अर्जुन उवाच ॥

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥
गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।

તારે વિષે બીકણપણું ઘટતું નથી. હે શત્રુઓને તપાવનાર! તું હૃદયની તુચ્છ દુર્બળતાને દૂર કરીને ઉભો થા.” ૩

હું કંઈ ભયથી યુદ્ધનો ત્યાગ કરતો નથી. પરંતુ યુદ્ધને અયોગ્ય ગણીને તેનો ત્યાગ કરું છું, આમ જણાવવા અર્જુન કહે છેઃ-

અર્જુન કહે છે—“હે શત્રુઓનો નાશ કરનાર મધુસૂદન! પૂજા કરવા યોગ્ય એવા ભીષ્મ તથા દ્રોણાચાર્યની સામે હું રણ ઉપર કેવી રીતે લઢું? જ્યાં “તેઓની સામે લઢીશ” આમ વાણીથી પણ કહેવું અયોગ્ય છે, ત્યાં, હું તેઓની સામે બાણોથી તો કેમ જ લઢી શકું?” ૪

તું લઢીશ નહિ તો તારા શરીરનો નિર્વાહ પણ થઈ શકશે નહિ આવા શ્રીકૃષ્ણના અભિપ્રાયનો ઉત્તર આપતાં અર્જુન કહે છેઃ-

हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

"ગુરુનો વધ કરવાથી નરક મળે છે." માટે મોટા પ્રભાવવાળા દ્રોણ, ભીષ્મ વગેરે ગુરુઓની હિંસા કરવા કરતાં, આ લોકમાં ભિક્ષાન્ન માગીને ખાવું, એ પણ સારું છે; ગુરુજનનો નાશ કરવાથી કેવળ પરલોકમાં જ દુઃખ અનુભવવું પડે છે એમ નથી, પરંતુ આ લોકમાં પણ મારે દુઃખનો અનુભવ કરવો પડે તેમ છે. તે આ રીતે કે, "ધનની તૃષ્ણાવાળા ગુરુઓને મારવાથી આ લોકમાં જ લોહીથી ખરડાયલા અર્થકામાત્મક વૈભવો મારે ભોગવવા પડશે." ૫

ભાવાર્થ—અર્જુને "અર્થની તૃષ્ણાવાળા" આવું ગુરુજનને વિશેષણ આપ્યું છે, તેનો અભિપ્રાય એવો છે કે, તેઓ અર્થતૃષ્ણાવાળા હોવાથી લઢતાં અટકશે નહિ, માટે તેઓને રણ ઉપર મારવાનો પ્રસંગ આવશે. વળી ભીષ્મ ધનના લોભી હતા, તે વિષે ભીષ્મે જ યુધિષ્ઠિરને કોઈ પ્રસંગે એક વચન કહ્યું હતું કે:—

अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित् ।
इति सत्यं महाराज बद्धोस्म्यर्थेन कौरवैः ॥

न चैतद्विद्मः कतरन्नो गरीयो
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

અર્થ:–પુરુષ ધનનો દાસ છે, પરંતુ ધન કોઇનું દાસ નથી. હે મહારાજ! આ વાર્તા ખરી છે. માટે હું ધનને લીધે કૌરવોની સાથે બંધાયલો છું, અર્થાત્ કૌરવોના પક્ષમાં છું. આવા અભિપ્રાયથી જ અર્જુને ગુરુઓને ધનની તૃષ્ણાવાળા કહ્યા છે.

અમે જો કે અધર્મનો અંગીકાર કરીશું, તોપણ અમારો વિજય થશે કે પરાજય થશે તે જણાતું નથી. માટે લડવું વ્યર્થ છે. આવા અભિપ્રાયથી અર્જુન કહે છે:–

યુદ્ધ કરવું કે ભિક્ષા માગવી આ બેમાંથી અમારું અધિક શ્રેય શામાં છે? તે અમે જાણતા નથી. શું અમે એનો પરાજય કરશું? કે તેઓ અમારો પરાજય કરશે? એ પણ અમે જાણતા નથી. કદાચ અમારો વિજય થયો તોપણ તે પરિણામે પરાજય જ છે; કારણ કે જેઓને મારીને અમે જીવવાની ઈચ્છા ન રાખીએ, તે આ ધૃતરાષ્ટ્રના પુત્રો રણમાં અમારી સન્મુખ આવીને ઉભા છે. ૬

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७ ॥
नहि प्रपश्यामि ममापनुद्या-
द्यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ।

જ્યારે આમ છે, ત્યારે તું જ વિચાર કરીને જે યોગ્ય જણાય તે કર. મને શા માટે પૂછે છે! તેના ઉત્તરમાં અર્જુન કહે છેઃ-

"આ બંધુઓને મારી નાંખીને અમે કેમ જીવી શકશું, આવી દીનતાવડે તથા કુળનો નાશ કરવાથી થનારા દોષવડે, મારાં શૌર્ય આદિક સ્વભાવનો નાશ થયો છે. તેમ જ યુદ્ધનો ત્યાગ કરીને ભિક્ષા માંગવી, એ ક્ષત્રિયનો ધર્મ છે કે અધર્મ છે, તે વિષે સંદેહ થવાથી મારું મન મૂઢ થયું છે, માટે મારે જે શ્રેય કર્મ અવશ્ય કરવાનું હોય, તે મને કહો. હું તમારો શિષ્ય છું ને તમારે શરણે આવ્યો છું, માટે તમે મને ઉપદેશ આપો. ૭

"શત્રુરહિત અને સંપત્તિવાળું પૃથ્વીનું રાજ્ય

अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥
॥ संजय उवाच ॥
एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतप ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ९
तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः ॥ १० ॥

તથા દેવતાઓનું આધિપત્ય એટલે સ્વર્ગનું રાજ્ય વગેરે સર્વ ઈષ્ટ વસ્તુઓ મેળવવાથી પણ મારી ઇંદ્રિયોનું શોષણ કરનારો શોક દૂર થાય તેવો ઉપાય હું દેખતો નથી.” ૮

ત્યાર પછી અર્જુને શું કર્યું, તે વાત સંજય કહે છેઃ-

સંજય કહે છે–હે શત્રુને તપાવનારા રાજા! નિદ્રાનો વિજય કરનાર અર્જુન, ઉપર પ્રમાણે હૃષીકેશ એવા ભગવાનને કહીને, ‘હે ગોવિન્દ! હું લઢીશ નહિ.’ આમ કહીને મૌન થઈ ગયો. ૯

હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર! તે પછી આ રીતે બન્ને સેનાની વચ્ચે ખેદ કરતા અર્જુનને, ઇંદ્રિયોના પતિ શ્રીકૃષ્ણે, મુખ મલકાવીને આવું વચન કહ્યું. ૧૦

॥ श्रीभगवानुवाच ॥

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचंति पंडिताः ॥ ११ ॥

દેહ અને આત્મા વચ્ચે મોટો અંતર છે, છતાં તેનો વિવેક ન હોવાથી, મનુષ્યને નાશવંત દેહનો શોક થાય છે, તેથી તેનો વિવેક દર્શાવવા માટે ભગવાન્ કહે છે.

શ્રી ભગવાન્ બોલ્યા—"જેઓનો શોક કરવો યોગ્ય નથી, એવા બંધુઓનો, "હે શ્રીકૃષ્ણ! લઢવાની ઈચ્છાવાળા મારા સંબંધીઓને સામા ઉભેલા જોઈને મારાં અંગો ઢીલાં થાય છે અને મુખ સૂકાય છે." ઈત્યાદિ વચનો વડે તેં શોક કર્યો. વળી મેં તને "આ સંકટની વેળાએ આર્ય પુરુષોએ નહિ સેવેલો તથા સ્વર્ગ નહિ આપનારો મોહ તુને ક્યાંથી થયો ?" વગેરે વચનો કહીને ઉપદેશ કર્યો, છતાં પણ તું કેવળ, "રણ ઉપર પૂજ્ય એવા ભીષ્મને અને દ્રોણને હું કેમ મારું ?" આવા પંડિતાઈવાળાજ શબ્દો બોલે છે! પણ તું પંડિત નથી; કારણ કે પંડિત મરેલા બંધુઓનો અને બંધુ વિનાના થઈ પડેલા જીવતાઓનો, "આ બંધુ રહિત થયેલા કેમ જીવશે ?" આમ શોક કરતા નથી. ૧૧

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥
देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।

પ્રાણીઓ માટે શોક કરવો અઘટિત છે, એ વાર્તા પ્રથમ આત્માનું નિત્યત્વ સિદ્ધ કરીને હેતુપૂર્વક દર્શાવે છેઃ-

"લીલાવડે ધારણ કરેલાં મારાં શરીરો આવિર્ભાવને અને તિરોભાવને પામે છે; તથાપિ હું પરમાત્મા કોઈ પણ દિવસ ન હતો, એમ ન જ હતું. પરંતુ હું અનાદિ હોવાથી હતો જ; તેમ જ તું પણ ન હતો એમ ન હતું, પરંતુ તું પણ હતો જ. આ રાજાઓ પણ ન હતા તેમ ન હતું, પરંતુ તેઓ પણ મારો અંશ હોવાથી હતા જ. તેમ જ હવે પછી પણ સર્વે નહિ હશું તેમ નહિ હોય; પરંતુ આપણે સર્વે હશું જ અર્થાત્ આપણે જન્મ—મરણરહિત છીએ, માટે શોક કરવો યોગ્ય નથી. ૧૨

હે કૃષ્ણ! તમે ઈશ્વર છો, માટે તમને જન્મ મરણનું બંધન નથી, એ વાર્તા ખરી છે; પરંતુ જીવોનાં જન્મ મરણ તો પ્રખ્યાત છે; છતાં તમે ના કહો છો, તે મનાય કેમ? આવી શંકાના ઉત્તરમાં ભગવાન્ પુનર્જન્મનો સિદ્ધાંત સમજાવતાં કહે છેઃ-

तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

"દેહાભિમાની જીવના આ સ્થૂલ દેહમાં બાલ્યાવસ્થા, તરુણાવસ્થા તથા વૃદ્ધાવસ્થા રહેલી છે; તે ત્રણે અવસ્થા જીવને સ્થૂલદેહની ઉપાધિને લીધે જ છે, પરંતુ સ્વત: નથી; કારણ કે બાલ્યાવસ્થા ગયા પછી તરુણાવસ્થા આવે છે, ત્યારે, "હું તે જ છું કે જે બાળક હતો," આવું જે જ્ઞાન થાય છે તે, ઉભય અવસ્થામાં પોતાનું ઐક્ય તથા અસ્તિત્વ જણાવે છે. તેમ જ આ દેહનો નાશ થયા પછી લિંગદેહને લીધે બીજા દેહનો લાભ થાય છે. પરંતુ તેથી કંઈ આત્માનો નાશ થતો નથી; કારણ કે તુરતના જન્મેલા બાળકની પણ સ્તનપાન કરવા તરફ પ્રવૃત્તિ જોવામાં આવે છે, એ જ આત્માના અવિનાશીપણાને અને પૂર્વજન્મના સંસ્કારને દેખાડે છે. માટે બુદ્ધિશાળી મનુષ્ય, દેહના નાશ વેળા તથા જન્મ વેળા મુંઝાતો નથી. તાત્પર્ય કે:–આત્મા જ મરી ગયો અને જન્મ્યો, આમ વિવેકી માનતો નથી. ૧૩

હું મરેલાંનો અથવા તો જીવતાંનો શોક કરતો નથી; પરંતુ તેઓના વિયોગ આદિથી દુ:ખી થઈને હું મારો પોતાનો જ

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत १४
यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।

શોક કરું છું; આમ અર્જુને કહ્યું, તેના ઉત્તરમાં સંસારનું અનિત્યત્વ સમજાવતાં ભગવાન્ કહે છે:—

"હે કુંતાપુત્ર! ઇંદ્રિયોની વૃત્તિઓ વિષયોની સાથે સંબંધ ધરાવે છે અને તે શબ્દ, સ્પર્શ આદિક વિષયો, તાઢ, તડકો તથા સુખ, દુઃખાદિ આપનારા ને ઉત્પત્તિ તથા વિનાશવાળા હોવાથી, અસ્થિર છે. માટે હે ભરતવંશી રાજા! તું તે વિષયોને સહન કર. ૧૪

ભા૦—જેમ કાલપરત્વે વર્ષાદ વર્ષવાથી અથવા તો તાપ પડવાથી મનુષ્યને સ્વાભાવિક રીતે ટાઢ અથવા તડકો લાગે છે; તેમ જ પ્રિય મનુષ્યના યોગથી અથવા વિયોગથી સુખ અને દુઃખ થાય છે; પરંતુ તે અસ્થિર છે માટે સહન કરવાં તે તારા જેવા ધીર વીરને યોગ્ય છે; પરંતુ તેવા આગમાપાયી (આવતા જતા) પદાર્થોને માટે હર્ષ કે શોક કરવો એ અઘટિત છે.

સુખ અથવા તો દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન કરવા

समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥१५॥
नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६

કરતાં તેને સહન કરવાં, એ યોગ્ય છે, કારણ કે તેમ કરવાથી મોટું ફળ મળે છે, તે વાત કહે છેઃ—

"હે પુરુષશ્રેષ્ઠ! ઉપર કહેલા શબ્દ, સ્પર્શ આદિક વિષયો જે પુરુષને વ્યથા કરતા નથી અર્થાત્ દુઃખી કરતા નથી તથા જેને સુખ દુઃખ સમાન છે, તેને ધીર જાણવો અને તે ધીર પુરુષ વિષયોથી પરાભવ ન પામતાં મોક્ષનો અધિકારી થાય છે. ૧૫

અર્જુને કહ્યું તે તો ઠીક છે, તથાપિ અતિ દુઃસહ એવા ટાઢ, તડકો વગેરે વિષયોને કેમ સહન કરવા? વિષયોને બહુ સહન કરવાથી કદાચ દેહનો પણ નાશ થાય, આ શંકાના ઉત્તરમાં, તત્ત્વજ્ઞાનનો વિચાર કરવાથી સર્વ સહન થઈ શકે છે, આવા આશયથી શ્રીભગવાન્ કહે છેઃ-

"ટાઢ, તડકો, વગેરે પદાર્થ આત્માના ધર્મ નથી માટે તે અસત્—ખોટા છે અને તેઓની કોઈ પણ દિવસ સત્તા નથી તથા સત્ય સ્વભાવવાળા આત્માનો કોઈ દિવસ નાશ નથી, પણ તે સત્ય છે. આ

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥१७॥
अंतवंत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्व भारत॥१८॥

પ્રમાણે આત્માનું યથાર્થ સ્વરૂપ જાણનાર મહાપુરુષોએ સત્ અને અસત્ પદાર્થોનો નિર્ણય કર્યો છે, આમ સમજીને તું સુખદુઃખને સહન કર. ૧૬

શ્રીકૃષ્ણે સત્યસ્વભાવવાળી અવિનાશી વસ્તુ સામાન્ય રીતે અર્જુનને કહી; હવે વિશેષપણાંથી દર્શાવે છે.

"આ સર્વે ઉત્પત્તિ ને વિનાશસ્વભાવવાળા દેહાદિક પદાર્થોમાં જે સાક્ષીરૂપે વ્યાપ્ત છે, તે વિનાશરહિત આત્માનું સ્વરૂપ છે, એમ જાણવું; અવ્યય એટલે ક્ષય વૃદ્ધિ વગેરે છ વિકારોથી રહિત એવા આ આત્માનો કોઈ પણ નાશ કરી શકતું નથી. ૧૭

હવે અસ્થિર સ્વભાવવાળા પદાર્થો દર્શાવે છે:-

"સદાય એકરૂપે રહેનારા,નાશરહિતઅનેઅમાપ એવા શરીરધારી આત્માનાં આ સુખ, દુઃખ આદિક ધર્મવાળાં જે શરીરો છે, તે નાશવંત છે, એમ તત્ત્વવેત્તાઓ કહે છે; માટે હે ભરતવંશી રાજા અર્જુન !

य एनं वेत्ति हंतारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हंति न हन्यते १९
न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ।

આત્માનો નાશ થતો નથી તેમ તેને સુખ, દુઃખ આદિકની સાથે સંબંધ પણ નથી, માટે તું મોહથી થયેલા શોકનો ત્યાગ કરીને યુદ્ધ કર. ૧૮

ઉપરનાં વચનો કહીને ભીષ્માદિકના મૃત્યુથી થનારો શોક ટાળ્યો. હવે "મને ભીષ્માદિકને મારવાની ઇચ્છા નથી," ઇત્યાદિક વચનવડે અર્જુને હન્તા તરિકે જે દુઃખ કર્યું હતું, તે પણ પ્રથમની પેઠે જ નિરર્થક છે, આમ દર્શાવે છેઃ-

"જે આત્માને મારનારો માને છે તથા જે આત્માને બીજાથી હણાયલો માને છે, તે બન્ને અજ્ઞાની છે; કારણ કે આત્મા કોઇને મારતોએ નથી તેમ પોતે કોઇથી હણાતોએ પણ નથી. ૧૯

પ્રત્યેક પદાર્થ છ વિકારને પામે છે; તેનાં નામ, ૧ જન્મ, ૨ સત્તા, ૩ વૃદ્ધિ, ૪ પરિણામ, ૫ અપક્ષય અને ૬ વિનાશ. આ છ વિકાર આત્મામાં નથી, માટે તે અવિનાશી છે, તે વાતને દૃઢ કરે છેઃ-

अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥
वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।

"આ આત્મા કોઇ દિવસ જન્મતો નથી, તેમ કોઇ દિવસ મરણ પણ પામતો નથી, માટે તે જન્મ તથા મરણના વિકારથી રહિત છે; તેમ તે જન્મ પામ્યા પછી અસ્તિત્વ પણ ભોગવતો નથી, પરંતુ પ્રથમથી જ પોતે તો સદ્રૂપ છે; કારણ કે, તે અજન્મા છે. જે જન્મે છે, તે જન્મ્યા પછી અસ્તિત્વ ભોગવે છે, પરંતુ અજન્મા બીજી હૈયાતી ભોગવતો નથી. માટે તે સત્તાવિકારથી પણ રહિત છે. તે સદા એક રૂપ છે, માટે વૃદ્ધિના વિકારથી પણ રહિત છે. નિત્ય રહેનારો છે, માટે અપક્ષય નામના વિકારથી પણ રહિત છે અને અનાદિ કાળથી નવીન જ છે અર્થાત્ પરિણામ પામીને નવીન રૂપધારી થયો નથી, માટે વિનાશ નામના વિકારથી પણ રહિત છે. આ છ વિકારો આત્મામાં નથી, માટે શરીરનો નાશ થયા છતાં પણ આત્માનો નાશ થતો નથી. ૨૦

"હે પૃથાપુત્ર અર્જુન! જે પુરુષ આ આત્માને

कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम्॥२१॥
वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥ २२ ॥

વિનાશરહિત, જન્મરહિત, વૃદ્ધિરહિત તથા ક્ષય-રહિત જાણે છે, તે પુરુષ કોને મારે છે? કેવી રીતે મારે છે? તથા પોતે બીજાની પાસે કોનો નાશ કરાવે છે? અર્થાત્ આત્મા કંઇ પણ કરતો નથી. ૨૧

ભાવાર્થ-"તે કોનો નાશ કરાવે છે? કોઇનો નહિ." આવાં વચનોથી શ્રીકૃષ્ણે અર્જુનને જણાવ્યું કે જેમ આત્મા મરતો નથી, તેમ જ બીજાને મારવાની પ્રેરણા પણ કરતો નથી. માટે "હું સર્વનો નાશ કરાવું છું," આવી દોષદૃષ્ટિ તારે મારા ઉપર પણ કરવી નહિ.

આત્મા અવિનાશી છે, છતાં તેનું શરીર નાશવંત છે, માટે તેનો શોક કરું છું, આવી અર્જુનની શંકાનો ભગવાન્ ઉત્તર આપે છે:-

"મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને બીજાં નવાં વસ્ત્રો પહેરે છે, તેમ આત્મા પણ કર્માધીન

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥२३॥
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः॥२४॥

રહેલાં જીર્ણ શરીરોનો ત્યાગ કરીને બીજાં નવાં નામ તથા રૂપવાળાં શરીરોમાં વાસ કરે છે. ૨૨

ભાવાર્થ—શરીર પોતાના પ્રારબ્ધ પર્યંત રહે છે અને કર્મો ક્ષીણ થયા પછી વિનાશ પામે છે, ત્યારે આત્મા કર્માધીન એવાં બીજાંજ નામ રૂપવાળાં શરીરમાં પ્રવેશ કરે છે: માટે તેવાં કર્માધીન રહેલાં જીર્ણ શરીરના નાશનો શોક કરવો, એ અઘટિત છે.

આગળ કહ્યું હતું કે, “કેવી રીતે મારે છે?” તેના ઉત્તરમાં આત્માને મારવામાં કોઇ પણ સાધન નથી, એવું દર્શાવતાં શ્રીકૃષ્ણ, આત્માનું અવિનાશીપણું સ્ફુટ કરે છે:-

“આ આત્માને શસ્ત્રો છેદતાં નથી, આ આત્માને અગ્નિ બાળતો નથી, આ આત્માને પાણી ભીનો કરી શકતું નથી અને આ આત્માને પવન સૂકવતો નથી. ૨૩

હવે દોઢ શ્લોકથી આ આત્માના અચ્છેદ્યાદિપણાના હેતુઓ કહે છે:-

“આ આત્મા અવયવરહિત હોવાથી છેદી શકાતો

अव्यक्तोऽयमचिंत्योऽयमविकार्योऽयमुच्यते।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥
अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥२६॥

નથી, બાળી શકાતો નથી; ભીંજવી શકાતો નથી અને રસરૂપ ન હોવાથી શોષી શકાતો નથી. ઉપર કહેલા હેતુઓથી આત્મા છેદન આદિક કર્મને માટે અયોગ્ય છે; કારણ કે, આત્મા નિત્ય, સર્વત્ર વ્યાપક, સ્થિર સ્વભાવવાળો અર્થાત્ રૂપાંતર નહિ પામનારો, અચળ અર્થાત્ પૂર્વ સ્વરૂપમાં જ રહેનારો, તથા અનાદિ કહેવાય છે. વળી આ આત્મા નેત્રાદિક ઇંદ્રિયોથી દેખાય નહિ તેવો, મનથી પણ જણાય નહિ તેવો, કર્મેન્દ્રિયોથી પણ જણાય નહિ તેવો, અને વિકારોથી રહિત કહેવાય છે; તે માટે આ આત્માને આવો જાણીને તું તેનો શોક કરવાને અયોગ્ય છે. ૨૪-૨૫

આત્મા જન્મ મરણ રહિત છે, માટે તેનો શોક કરવો ઠીક નથી, એ વાત કહી; હવે શરીરની સાથે આત્માનો જન્મ થાય છે તથા મરણ થાય છે, આમ માનીને પણ તારે તેનો શોક કરવો ઉચિત નથી, તે વાત કહે છે:–

"પુણ્ય તથા પાપના ફળભૂત જન્મ અને મરણ

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥
अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥

આત્માને ભોગવવાં પડે છે, માટે જો આત્માને સદા શરીરના જન્મની સાથે જન્મેલો માનતો હો અને શરીરના નાશની સાથે મરેલો માનતો હો તોપણ હે મોટી ભુજાવાળા અર્જુન! તું એ આત્માનો શોક કરવાને યોગ્ય નથી. ૨૬

"કારણ કે, જન્મેલા પ્રાણીનું, પ્રારબ્ધ કર્મો નાશ થયા પછી, અવશ્ય મરણ થાય છે. તેમ જ મરણ પામેલા પ્રાણીને પ્રથમનાં શરીરવડે કરેલાં કર્મોથી અવશ્ય જન્મવું પડે છે. માટે ન પરિહાર કરી શકાય એવા જન્મ અને મરણના વિષયમાં તારે વિદ્વાન્ થઈને શોક કરવો યોગ્ય નથી. ૨૭

દેહાદિકના સ્વભાવનો વિચાર કર્યો. હવે દેહરૂપી ઉપાધિથી થતા આત્મામાં જન્મ મરણનો શોક કરવો યોગ્ય નથી, તે વાત કહે છેઃ—

"હે ભરતવંશોત્પન્ન અર્જુન! અવ્યક્ત કહેતાં માયા એ જેનું પૂર્વરૂપ છે, એવાં આ શરીરો જન્મ

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥

તથા મરણના મધ્યકાળમાં સ્પષ્ટરૂપે પ્રત્યક્ષ દેખાય છે અને પરિણામે તેઓનો લય પણ માયામાં જ થાય છે, માટે તેમાં શોક શો કરવો ? ૨૮

ભાવાર્થ—જાગ્રત થયેલો મનુષ્ય જેમ સ્વપ્નામાં મેળવેલી હાથી, ઘોડા, ધન વગેરે ઉત્તમ વસ્તુઓ જાગ્રદવસ્થામાં ન જોવાથી તેને માટે શોક કરતો નથી; તેમ તારે પણ આ દેહાદિકને માટે શોક કરવો ઉચિત નથી.

અર્જુનને શંકા થઇ કે, ત્યારે વિદ્વાનો શા માટે શોક કરતા હશે ? તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છે કે, આત્મજ્ઞાન ન હોવાથી શોક કરે છે; આ વાત નીચેના શ્લોકથી કહે છેઃ—

"કોઈ પુરુષ આ આત્માને શાસ્ત્રના તથા આચાર્યના ઉપદેશથી આશ્ચર્યની પેઠે જુવે છે. તાત્પર્ય કે પોતે અસંભાવના દોષથી દૂષિત હોય છેઃ માટે ગુરુએ અને શાસ્ત્રોએ ઉપદેશ કરેલા, સર્વત્ર વ્યા-

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ३०

પક, નિત્ય, જ્ઞાન અને આનંદમૂર્તિ એવા આત્માનાં અલૌકિક રૂપને ઇંદ્રજાલની પેઠે અસંભવિત હોય તેમ આશ્ચર્ય પામીને જુવે છે. કોઈ પુરુષ આત્માને આશ્ચર્યકારક વસ્તુની પેઠે વર્ણવે છે. ત્રીજો કોઈ મનુષ્ય,આત્માને આશ્ચર્યકારક વાર્તા સાંભળતો હોય તેમ સાંભળે છે અને કોઈ વિપરીત ભાવનાવાળો મનુષ્ય, આત્માનાં સ્વરૂપને સાંભળ્યા છતાં, પણ, તેને યથાર્થ રીતે ઓળખી શકતો નથી. તેમ વક્તા પોતે પણ આત્મસ્વરૂપનું કથન કરે છે પરંતુ આત્માનાં સ્વરૂપને યથાર્થ રીતે સમજતો નથી. ૨૯

આ રીતે દુર્બોધ એવા આત્મતત્ત્વનો સંક્ષેપમાં ઉપદેશ કરીને અશોચ્યપણાનો ઉપસંહાર કરે છેઃ-

"હે ભરતવંશી અર્જુન! સર્વમાં શરીરોનો નાશ થયા છતાં પણ આ આત્માનો કદી પણ નાશ થતો નથી, માટે તારે સર્વ પ્રાણીઓનો શોક કરવો યોગ્ય નથી. ૩૦

અર્જુને આગળ કહ્યું હતું કે, મારા શરીરમાં "કંપ થાય છે અને રૂંવાડાં ઉભાં થાય છે," તેમ થવું અયોગ્ય છે, એ વાત શ્રીકૃષ્ણ આ શ્લોકથી કહે છે.

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥३१॥
यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ॥३२॥

"આત્મા અમર છે; આવો વિચાર કરીને તારે શરીરોના નાશથી કમ્પવું ઉચિત નથી; તેમ તારા પોતાના ક્ષત્રિય ધર્મનો વિચાર કરીને પણ કમ્પવું યોગ્ય નથી: કદાચ તું કહીશ કે "न च श्रेयोनुपश्यामि हत्वा स्वजनमाहवे રણ ઉપર સ્વજનનો નાશ કરવાથી હું કલ્યાણની આશા રાખતો નથી," તેના ઉત્તરમાં કહું છું કે, ક્ષત્રિયોને ધર્મયુદ્ધ વિના બીજું કલ્યાણકારક નથી. ૩૧

તુંને મહાકલ્યાણ પોતાની મેળે જ પ્રાપ્ત થયું છે, છતાં તું શા માટે કમ્પે છે? તે વાત કહે છે:-

"પ્રાર્થના કર્યા વિના દૈવેચ્છાથી મળેલાં અને સ્વર્ગનાં ખુલ્લાં બારણાં સમાન આવાં યુદ્ધને, હે પાર્થ! સુખી ક્ષત્રિયો જ મેળવે છે. ૩૨

ભાવાર્થ:—સુખી ક્ષત્રિયો જ આવું યુદ્ધ મેળવે છે. આમ કહેવાથી "स्वजनं हि कथं हत्वा सुखिनः

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि॥३३॥
अकीर्तिं चापि भूतानि कथयिष्यंति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४ ॥
भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ३५

स्याम माधव। હે માધવ ! સ્વજનને હણીને અમે કેમ સુખી થઇએ ?" આ શંકા પણ દૂર થઈ ગઈ.

"છતાં તું જો આ ધર્મયુદ્ધ કરીશ નહિ તો તેથી તું ક્ષત્રિયના ધર્મનો તથા કીર્તિનો ત્યાગ કરીને પાપનો ભાગી થઇશ. ૩૩

"મનુષ્યો પણ જગતમાં તારી સદા અપકીર્તિ ગાશે અને પ્રતિષ્ઠા પામેલા પુરુષને મરણ કરતાં પણ અપકીર્તિ અધિક દુઃખદાયી થઈ પડે છે. ૩૪

"વળી જેઓ તુંને પ્રથમથી બહુ ગુણવાન્ માને છે, તે મહારથી પુરુષો જ તુંને ભયને લીધે રણ ઉપરથી નાસી ગયો આમ માનશે. આ રીતે તું જેઓમાં પ્રથમ બહુ માન પામ્યો હતા, તેઓમાં તું હલકો પડી જઇશ. ૩૫

अवाच्यवादांश्च बहून्वदिष्यंति तवाहिताः ।
निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥३६॥
हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥३७॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।

"પણ તારા શત્રુઓ તારા પરાક્રમની નિંદા કરતા તારે માટે ન બોલવાના ઘણા બોલો બોલશે, તેથી બીજું અધિક દુઃખ તે કયું? ૩૬

ભિક્ષા માગવી કે યુદ્ધ કરવું, એ બેમાંથી અમોને કયું વિશેષ શ્રેયસ્કર થશે? એ અમે જાણતા નથી. અમે તઓનો પરાજય કરશું, કે તેઓ અમારો પરાજય કરશે! આવા અર્જુનના પ્રશ્નનો શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે.

"તું કદાચ યુદ્ધમાં મરણ પામીશ તો સ્વર્ગમાં જઈશ અને વિજય કરીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ; માટે હે કુંતાપુત્ર અર્જુન! તું નિશ્ચય કરીને લઢવા માટે ઉભો થા. ૩૭

અર્જુને કહ્યું હતું કે, "पापमेवाश्रयेदस्मान् યુદ્ધ કરવાથી અમને પાપ જ લાગે," આવાં અર્જુનનાં વચનનો શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે:-

"સુખ તથા દુઃખને સમાન ગણીને, તેનાં કારણભૂત લાભ તથા હાનિને સમાન ગણીને, તથા તેનાં

ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि॥३८॥
एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि॥३९॥

કારણભૂત જય અને પરાજયને પણ સમાન ગણી-ને, પછી તું યુદ્ધ કરવા માટે તૈયાર થા. સુખ આદિની અભિલાષા છોડીને, "આ મારો સ્વધર્મ છે," આવી બુદ્ધિથી તું જો યુદ્ધ કરીશ તો તુંને પાતક લાગશે નહિ. ૩૮

ઉપદેશ કરેલા જ્ઞાનયોગનો ઉપસંહાર કરીને તેમાં સાધ-નભૂત એવો કર્મયોગ કહે છેઃ—

"યથાર્થ જ્ઞાનથી જાણવામાં આવે એવા આત્મા વિષે કેવી બુદ્ધિ કરવી ? એ તુંને કહ્યું. છતાં પણ તુંને જો આત્માનો સાક્ષાત્કાર ન હોય તો તું અંતઃ-કરણની શુદ્ધિદ્વારા આત્માનો સાક્ષાત્કાર કરવા માટે કર્મયોગ વિષે કેવી બુદ્ધિ કરવી ? તે સાંભળ. હે પૃથાના પુત્ર અર્જુન ! બુદ્ધિસંપન્ન એવો તું પર-મેશ્વરને કર્મો અર્પણ કરવાથી શુદ્ધ અંતઃકરણ-વાળો થઇશ; અને ઈશ્વરની કૃપાથી જ્યારે તુંને અપરોક્ષ જ્ઞાન થશે ત્યારે તેનાથી તું કર્મરૂપી બંધનનો સર્વથા ત્યાગ કરીશ. ૩૯

જેમ ખેડ વગેરે કરતાં તેમાં કદાચ ઘણાં વિઘ્નો આવી

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥४०॥

પડે તો તેથી અન્નાદિક ફળનો લાભ થતો નથી; તેમ જ યજ્ઞયાગાદિકમાં પણ મંત્ર આદિક કોઈ અંગ અપૂર્ણ રહે તો તેનું ફળ થાતું નથી, એટલું જ નહિ પણ ઉલટો યજમાન દોષભાગી થાય છે, મટે કર્મથી કર્મનાં બંધનો કેમ તૂટે? આવી અર્જુનની શંકાનો નિર્ણય કરતાં શ્રીકૃષ્ણ કહે છેઃ–

"આ નિષ્કામ કર્મયોગનો આરંભ કરવામાં આવે છે તે નિષ્ફળ થતો નથી, તેમ તેમાં કદાચ વિઘ્ન આવે છે તો દોષ પણ લાગતો નથી; કારણ કે ઈશ્વરને ઉદ્દેશીને કરેલાં કર્મોમાં વિઘ્નનો કે અપૂર્ણતાનો સંભવ જ નથી. ઈશ્વરજ તેને વિઘ્ન વિના સંપૂર્ણ કરે છે. આ નિષ્કામ કર્મયોગરૂપી ધર્મનો અલ્પ આરંભ પણ કર્યો હોય તો તે સંસારના જન્મ મરણમાંથી મનુષ્યની રક્ષા કરે છે. ૪૦

ભાવાર્થઃ–કામ્ય કર્મોમાં કોઇ અંગ અપૂર્ણ રહી જાય છે તો તે કર્મ જેમ નિષ્ફળ થાય છે, તેમ નિષ્કામકર્મ કોઈ અંગે અપૂર્ણ રહે છે, છતાં પણ નિષ્ફળ થતું નથી.

કામ્યકર્મયોગની તથા નિષ્કામકર્મયોગની વિષમતા કહે છેઃ–

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम् ।४१।
यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥४२॥

"હે કુરુવંશી રાજપુત્ર! આ ઈશ્વરારાધનરૂપ કર્મયોગમાં ઈશ્વરની આરાધના કરનારાઓની "હું પરમેશ્વરની ભક્તિથી જ અવશ્ય તરીશ," આવી એક જ નિશ્ચયાત્મક બુદ્ધિ હોય છે અને ચંચળ મતિવાળા બહિર્મુખ સકામ પુરુષોની બુદ્ધિઓ અનંત કામનાઓથી, પ્રત્યેક કામોના ભિન્ન ભિન્ન ગુણોથી તથા તેનાં ફળોથી અનંત અને ઘણા ફાંટાવાળી હોય છે. ૪૧

ભાવાર્થઃ—ઈશ્વરારાધન માટે કરવામાં આવતાં નિત્ય, નૈમિત્તિક નિષ્કામ કર્મોમાં કદાચ કોઈ કર્મો કોઈ અંગે ઓછાં રહી જાય તો પણ તે કર્મો નિષ્ફળ થતાં નથી, માટે સ્વશક્તિ પ્રમાણે નિષ્કામ કર્મ કરવાં. જો તેમાં કંઈ ન્યૂનતા રહે તો ઈશ્વરાર્પણ કરવાથી ઈશ્વર તે કર્મોની ન્યૂનતાને પૂર્ણ કરે છે, પરંતુ કામ્ય-કર્મ તેવાં નથી. "अग्निहोत्रं जुहुयात्स्वर्गकामः स्वर्गनी

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥

કામનાવાળાએ અગ્નિહોત્રમાં હોમવું;" "दध्नेन्द्रियकामो जुहुयात् સારી ઇંદ્રિયની કામનાવાળાએ દહિંનો હોમ કરવો." આ કામ્યકર્મોમાં જો કોઈ અંગ ઓછું રહી જાય છે તો તેનું ફળ મળતું નથી અને યજમાન દોષભાગી થાય છે.

ત્યારે સકામ પુરુષો પણ કષ્ટકારક કામનાઓનો ત્યાગ કરીને નિષ્કામીની પેઠે એક નિશ્ચયબુદ્ધિ શા માટે કરતા નથી? આ શંકાનો શ્રીકૃષ્ણ ઉત્તર આપે છેઃ—

"હે પૃથાના પુત્ર અર્જુન ! अक्षय्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति ચાતુર્માસ્ય યજ્ઞ કરનારને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાયછે." "अपाम सोममसृता अभूम અમે સોમરસનું પાન કરીને અમર થયા," ઈત્યાદિક વેદના અર્થવાદો ઉપરથી કર્મ કરવામાં લાલસાવાળા અને કર્મના ફળભૂત સ્વર્ગ વિના બીજું પ્રાપ્ત કરવા યોગ્ય ઇશ્વરતત્ત્વ નથી, આમ બોલનારા, કામનાવડે વ્યાકુળ મનવાળા અને સ્વર્ગને જ પરમ પુરુષાર્થ માનનારા અજ્ઞાની મનુષ્યો, જન્મને તથા કરેલાં પુણ્યપાપરૂપી કર્મોનાં સુખદુઃખાદિક ફળને આપનારી તથા જેમાં

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते४४॥
त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ४५

ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવનારી ઘણી ક્રિયાઓ સમાયલી છે એવી, વિષવલ્લીની પેઠે ઉપર ઉપરથી જ રમણીય દેખાતી તથા સ્વર્ગાદિકફળને સૂચવનારી વાણી બોલે છે. ૪૨–૪૩.

"ભોગ તથા ઐશ્વર્યમાં આસક્ત થયેલા અને અર્થવાદવાળી વેદવાણીથી જેઓનું મન મુગ્ધ થયું છે એવા પુરુષોની બુદ્ધિ સમાધિમાં પરમેશ્વરની સન્મુખ એકાગ્ર થતી નથી. ૪૪

જો સ્વર્ગ આદિક વેદનું પરમ ફળ ન હોય તો વેદો શા માટે સ્વર્ગના સાધનભૂત કર્મોનું વિધાન કરે છે આવી શંકાને દૂર કરતાં ભગવાન્ કહે છે.

"હે અર્જુન ! વેદો કહે છે કે, સકામ કર્મ કરનારાઓનેજ કર્મનાં ફળો સાથે સંબંધ છે, માટે તું નિષ્કામ થા અને નિષ્કામ થવા માટે પ્રથમ તો તું સુખદુઃખ આદિ દ્વંદ્વધર્મથી રહિત થા, નિત્ય સત્વગુણી થા તથા અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિને માટે અને પ્રાપ્ત વસ્તુની

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

રક્ષા માટે પ્રયત્નરહિત ને પ્રમાદરહિત થા; કારણ કે જે સુખ દુઃખ આદિક દ્વંદ્વવસ્તુથી વ્યાકુળ થયેલો હોય, યોગ અને ક્ષેમને માટે ઉદ્યોગ કરતો હોય તથા પ્રમાદશીલ અને અધીર હોય તે મનુષ્ય નિષ્કામ થઈ શકતો નથી. ૪૫

અર્જુને શંકા કરી કે, વેદોક્ત અનેક ફળોનો ત્યાગ કરીને નિષ્કામપણાથી ઈશ્વરઆરાધનામાં જ એકનિશ્ચયાત્મિકા બુદ્ધિ કરવી એ કુબુદ્ધિ કેમ ન ગણાય? આ શંકાનો શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે:-

"જેમ વાવ, કૂવા આદિ સર્વે નાનાં નાનાં જળાશયોમાં ભટકવાથી સ્નાનપાનનો જેટલો અર્થ સરે છે તેટલો જ અર્થ ચોતરફ પાણીથી ભરેલા એક મોટા જળાશયમાં પણ સરે છે. તેમ જ સર્વે વેદોમાં જે જે કર્મનાં ફળો કહ્યાં છે તે સર્વ કર્મફળો નિશ્ચય બુદ્ધિવાળા બ્રહ્મનિષ્ઠ પુરુષને અવશ્ય મળે છે. ૪૬

ભાવાર્થ:--શ્રુતિ કહે છે કે, "एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति બીજાં પ્રાણીઓ આ મહા આનંદની એક માત્રા ઉપર જ આજીવિકા કરે છે,"

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥४७॥
योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।

સામાન્ય આનંદોનો બ્રહ્માનંદમાં સમાવેશ થાય છે, માટે નિશ્ચયાત્મિકા બુદ્ધિજ અર્થાત્ ઇશ્વરારાધનમાં તત્પર રહેતી એવી બુદ્ધિ જ સુબુદ્ધિ કહેવાય છે.

ત્યારે તો ઈશ્વરની આરાધના કરવાથી જ મને સર્વ કર્મનાં ફળ મળશે. આમ ધારીને ઈશ્વરારાધન જ કરવું. કર્મનું શું પ્રયોજન છે? આવી શંકા થતાં તેનું સમાધાન કરે છે.

"તું તત્ત્વજ્ઞાનની ઇચ્છાવાળો છે, તેથી, તુંને કર્મ કરવાનો જ અધિકાર છે, પરંતુ બંધનકારક એવાં કર્મોનાં ફળોને માટે કદી પણ અધિકાર નથી. અર્થાત્ તારે ફળની કામના કદી પણ કરવી નહિ. તું કહીશ કે જે ભોજન કરવાથી અવશ્ય તૃપ્તિ થાય છે તેમ જ કર્મ કરવાથી તેનું ફળ પણ અવશ્ય મળે છે, તેના ઉત્તરમાં કહેવાનું કે તારે કર્મોનાં ફળો માટે પ્રવૃત્તિ કરવી નહિ. તેમ "કર્મ બંધન કરશે તો?" આવા ભયથી કર્મ ન કરવા માટે પણ દૃઢ વિચાર કરવો નહિ. ૪૭

ત્યારે કર્મ કેવી રીતે કરવાં? તે વાત કહે છે:-

सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते॥

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥४९॥

"હે ધનંજય! 'હું કર્મનો કર્તા છું' આવું અભિમાન ત્યાગ કરીને તથા કર્મોનું ફળ જે જ્ઞાન તે મળે તોપણ શું? અને ન મળે તો પણ શું? એવી સમબુદ્ધિ રાખીને, એક પરમેશ્વર પરાયણ જ થઇને કેવળ ઈશ્વરાર્પણ કર્મો કર. કારણ કે આ પ્રમાણે સમતાવાળાં મનથી કર્મનાં ફળોની ઇચ્છા ન રાખતાં નિષ્કામ કર્મો કરવાં, તેને સત્પુરુષો યોગ કહે છે. ૪૮

કામ્ય કર્મ તો અત્યંત હલકાં છે, એ વાત કહે છેઃ-

"હે અર્જુન! જ્ઞાનના સાધનભૂત નિષ્કામ કર્મોના કરતાં બીજાં કામ્ય કર્મો અત્યંત હલકાં છે, માટે જ્ઞાન સંપાદન સારુ નિષ્કામ કર્મ અર્થાત્ ઈશ્વરાર્પણ કર્મ કર, કારણ કે સકામ પુરુષો*કૃપણ ગણાય છે. ૪૯

બુદ્ધિયોગ યુક્ત પુરુષ શ્રેષ્ઠ છે, તે વાર્તા કહે છેઃ—

* શ્રુતિ કહે છે કે, यो वा एतदक्षरमविदित्वा गार्ग्यस्माल्लोकात्प्रैति स कृपणः। હે ગાર્ગિ! જે પુરુષ આ અવિનાશી પરમાત્માને જાણ્યા વિના આ લોકમાંથી મરણ પામે છે, તેને કૃપણ જાણવો.

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ५०
कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ॥५१॥
यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।

"જ્ઞાનનાં સાધનભૂત નિષ્કામકર્મ કરનારો મનુષ્ય, સ્વર્ગ આદિક ફળ આપનારાં પુણ્યકર્મ અને નરકાદિક ફળ આપનારાં પાપકર્મ, આ બન્ને કર્મનો આ જ જન્મમાં પરમેશ્વરની કૃપાથી ત્યાગ કરે છે. માટે હે અર્જુન ! તું નિષ્કામ કર્મ કરવા માટે પ્રવૃત્ત થા, કારણ કે બંધનકારક કર્મોને ઈશ્વરને આરાધવામાં લગાડીને મોક્ષ આપનારાં કર્મ કરવામાં જે કુશળતા મેળવવી, તેને જ યોગ જાણવો. ૫૦

કર્મોને મોક્ષનાં સાધનો કરવાની રીતિ કહે છેઃ-

"નિષ્કામ કર્મ કરનારાઓ કર્મનાં ફળનો ત્યાગ કરીને જ્ઞાની બને છે અને જન્મના બંધનમાંથી મુક્ત થયેલા તેઓ; સર્વ પ્રકારના ઉપદ્રવથી રહિત એવા મોક્ષ નામના વિષ્ણુપદને પામે છે. ૫૧

અર્જુનને ઇચ્છા થઇ કે, હું તે પદ ક્યારે મેળવીશ ? તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છેઃ-

तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥५२॥
श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि॥५३॥
॥ अर्जुन उवाच ॥
स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।

"તારી બુદ્ધિ જ્યારે ઉપર કહ્યા પ્રમાણે પરમેશ્વરનું આરાધન કરીને દેહાભિમાનરૂપી મોહમય ગહન દુઃખને તરી જશે, ત્યારે તુંને સાંભળવા યોગ્ય તથા સાંભળેલા વિષયો ઉપર વૈરાગ્ય ઉપજશે અર્થાત્ તે બન્ને અગ્રાહ્ય લાગવાથી તું તે જાણવાની ઇચ્છા કરીશ નહિ. ૫૨.

"નાના પ્રકારના લૌકિક અને વૈદિક અર્થો સાંભળવાથી તારી બુદ્ધિ વિક્ષેપપણાંને પામી છે તે જ્યારે બીજા વિષયોમાં ન જતાં કેવળ પરમેશ્વરમાં જ નિશ્ચળ થઈને સ્થિતિ કરશે, ત્યારે તું યોગના ફળરૂપ તત્ત્વજ્ઞાનને પામીશ. ૫૩.

ઉપરના શ્લોકમાં આત્મતત્ત્વને જાણનારા જ્ઞાનીનાં લક્ષણ જાણવાની ઇચ્છાથી અર્જુન પૂછે છેઃ—

અર્જુન પૂછે છે—"હે કેશવ ! સ્વાભાવિક રીતે સમાધિમાં રહેલા અને એટલા માટે જ નિશ્ચય

स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम्॥५४॥

॥ श्रीभगवानुवाच ॥

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते॥५५॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।

બુદ્ધિવાળા એવા પુરુષનું લક્ષણ શું? સ્થિર બુદ્ધિ-વાળો મનુષ્ય કેવી રીતે બોલે? કેવી રીતે બેસે? તથા કેવી રીતે ચાલે તે કહો. ૫૪.

જ્ઞાનનાં જે સાધનો સાધક પુરુષને જ્ઞાન થવા માટે હોય છે, તે જ સાધનો જ્ઞાનસિદ્ધ માટે પણ સ્વાભાવિક રીતે હોય છે. માટે જ્ઞાનસિદ્ધ પુરુષોનાં લક્ષણોની સાથે જ્ઞાનના અંતરંગ સાધનો પણ અધ્યાય પૂર્ણ થતાં સુધી કહે છે, તેમાં પ્રથમ પ્રશ્નનો ઉત્તર બે શ્લોકવડે આપે છેઃ-

શ્રી ભગવાન્ કહે છે-"હે પૃથાના પુત્ર અર્જુન! મનુષ્ય જ્યારે પોતાના પરમાનંદ સ્વરૂપમાં જ પોતે પ્રસન્ન રહીને અર્થાત્ આત્મારામ બનીને, મનમાં રહેલી સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, અર્થાત્ તુચ્છ વિષયાભિલાષનો ત્યાગ કરે છે, ત્યારે તે મુનિ સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે. ૫૫

"વળી દુઃખ વખતે જેનું મન ઉદ્વેગ પામતું નથી,

वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥
यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥
यदा संहरते चायं कूर्मोऽगानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥

જેને સુખોની જરાય ઇચ્છા થતી નથી તથા જે રાગ, ભય અને ક્રોધથી રહિત છે, તે મુનિ સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે. ૫૬

સ્થિરબુદ્ધિવાળો મનુષ્ય કેવી રીતે બોલે છે, તે કહે છેઃ–

"જે પુરુષને, સ્ત્રી, પુત્ર, ઘર વગેરે નાશવંત વસ્તુ ઉપર સ્નેહ નથી, જે અનુકૂળ વસ્તુના લાભથી તેના ઉપર પ્રસન્ન થતો નથી તથા પ્રતિકૂળ વસ્તુના લાભથી તેનો દ્વેષ કરતો નથી. પરંતુ ઉદાસીનની પેઠે વર્તે છે તેને સ્થિર બુદ્ધિવાળો જાણવો. ૫૭

"કાચબો જેમ પોતાના કર, ચરણ આદિક સર્વ અંગોને સહજમાં આવરી લે છે, તેમ જે પોતાની ઇન્દ્રિયોને વિષયોના તરફથી પાછી ખેંચી લે છે, તેને સ્થિર બુદ્ધિવાળો જાણવો. ૫૮

જડ, રોગી તથા ઉપવાસીઓ પણ સામાન્ય રીતે ઇન્દ્રિયોના વિષયોથી દૂર રહે છે. "માટે જેઓ વિષયોમાં પ્રવૃત્તિ

विषया विनिवर्त्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ५९ ॥

કરે નહિ તેઓ સ્થિર બુદ્ધિવાળા છે" આવું સ્થિર બુદ્ધિવાળાનું લક્ષણ થઈ શકશે નહિ, આવી શંકાના ઉત્તરમાં કહે છે:-

"દેહાભિમાની મનુષ્ય જ્યારે ઇંદ્રિયોવડે વિષયોને ભોગવતો નથી, ત્યારે તેને વિષયોનો અનુભવ જતો રહે છે, પરંતુ તેથી કંઇ તેની વિષય સંબંધી અભિલાષા દૂર થતી નથી અર્થાત્ વિષયવાંછા તો જેવી ને તેવી જ રહે છે. પરંતુ સ્થિર બુદ્ધિવાળા પુરુષને તો પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી વિષયની આસક્તિ જતી રહે છે અથવા તો આમ પણ તેનો અર્થ થાય છે:—ઉપવાસી પુરુષ ક્ષુધાથી તપી ગયો હોય છે માટે તેના શબ્દ આદિવિષયો બહુધા શાંત પડી જાય છે, પરંતુ તેના મનમાંથી મધુરાદિક રસની ઇચ્છા દૂર થતી નથી; પરંતુ સ્થિર બુદ્ધિવાળા મનુષ્યને તો પરમાત્માનાં દર્શન થતાં વેંત જ વિષયોનો રાગ પણ પોતાની મેળે જ વિનાશ પામે છે. ૫૯

ઇન્દ્રિયનો વિજય કર્યા વિના બુદ્ધિ સ્થિર થતી નથી, માટે સાધક અવસ્થામાં જ ઇંદ્રિયના વિજયને માટે મહા પ્રયત્ન કરવો જોઇએ, તે વાત કહે છે.

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥६०॥
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥६१॥
ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ६२

"હે કુંતીપુત્ર! મોક્ષમાટે પ્રયત્ન કરનારા એવા વિવેકી પુરુષના મનને પણ મથન કરનારી ઇંદ્રિયો પુરુષને બલાત્કારે વિષયોના તરફ ખેંચી જાય છે. ૬૦

"માટે યોગીએ તે સર્વ ઇંદ્રિયોને પોતાના આધીનમાં રાખીને મારા પરાયણ રહેવું; કારણ કે ઇંદ્રિયો જેના આધીનમાં હોય છે, તેની બુદ્ધિ સ્થિર હોય છે એમ જાણવું. ૬૧

બાહ્ય ઇન્દ્રિયોને નિયમમાં ન રાખવાથી થતા દોષો કહ્યા. હવે મનને નિયમમાં ન રાખવાથી થનારા દોષો બે શ્લોક-વડે કહે છેઃ-

"ગુણબુદ્ધિથી વિષયોનો વિચાર કરતાં કરતાં મનુષ્યને વિષયમાં આસક્તિ થાય છે. આસક્તિ થવાથી વિષયોને માટે તેને અધિક અધિક કામના થાય છે અને તે કામનામાં કોઇ વિઘ્ન નાંખે છે તો ક્રોધ થાય છે. ૬૨

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्‌बुद्धिनाशो बुद्धिनाशात्मणश्यति ६३
रागद्वेषवियुक्तैस्तु विषयानिंद्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा मसादमधिगच्छति ॥६४॥

"ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય છે, તેથી કાર્યાકાર્યનો વિવેક નાશ પામે છે. સંમોહથી સ્મૃતિનો એટલે ગુરુએ તથા શાસ્ત્રે કરેલા ઉપદેશોનું વિસ્મરણ થાય છે. સ્મૃતિનો નાશ થવાથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી વૃક્ષાદિકની પેઠે જડ થયેલા બુદ્ધિહીનનો બીજાઓ પરાભવ કરે છે અને તે મૃતપ્રાય થઈ જાય છે. ૬૩

વિષયો તરફ વળવું, એ ઇન્દ્રિયોનો સ્વભાવ છે, માટે તેઓને રોકી શકાતી નથી. જેથી ઇન્દ્રિયોનો આ દોષ દૂર કરી શકાય તેવો નથી, માટે સ્થિરબુદ્ધિપણું કેવી રીતે થાય? આ શંકાનું સમાધાન કરે છે:-

"પુરુષ, મનને વશ કરી, રાગ દ્વેષ રહિત તથા પોતાના મનને આધીન થયેલી એવી ઇંદ્રિયોવડે વિષયોને ભોગવે છે, તોપણ તે શાંતિને મેળવે છે. ૬૪

ભાવાર્થ:-ઉપરના શ્લોકમાં '**कथं व्रजेत भुंजीत**'

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥
नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ।६६।

કેવી રીતે ચાલે તથા કેવી રીતે ભોજન કરે ?' આ પ્રશ્નનો ઉત્તર પણ આવી ગયો.

"જ્યારે મન પ્રસન્ન થાય છે, ત્યારે મનુષ્યનાં સર્વ દુઃખો નાશ પામે છે અને પ્રસન્ન મનવાળા પુરુષની બુદ્ધિ પણ તુરત જ સ્થિર થાય છે. ૬૫

ઇન્દ્રિયનિગ્રહ કરવામાં સ્થિરબુદ્ધિ સાધન છે, આમ વ્યતિરેકરૂપે કહે છે.

"જેણે ઇન્દ્રિયોને વશ કરી નથી, તેને આત્મજ્ઞાન થતું નથી તો ત્યાં સ્થિરબુદ્ધિની તો વાર્તા જ શી કરવી ! અને તેવો મનુષ્ય પરમાત્માનું ધ્યાન પણ કરી શકતો નથી; અને જે ધ્યાન કરતો નથી તેને શાંતિ પણ મળતી નથી અને શાંતિરહિત પુરુષને સુખ અર્થાત્ બ્રહ્માનંદ તો ક્યાંથી જ મળે ? ૬૬

ઇન્દ્રિયાધીન મનુષ્યને જ્ઞાન થતું નથી, આમ ઉપર કહ્યું હતું, તેનાં કારણ કહે છેઃ-

इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥ ६७ ॥
तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥

"પરવશ થયેલું મન, પોતાની ઈચ્છાનુસાર વિષય તરફ ભટકનારી ઇંદ્રિયોમાંની કોઈ એક પણ ઇંદ્રિયની સાથે રહીને વિષય તરફ જાય છે, તો તે એક ઇન્દ્રિય પણ વાયુ જેમ ગાફલ રહેનારા ખારવાનાં વહાણને સમુદ્રમાં ચોતરફ ભમાવે છે, તેમ પુરુષની બુદ્ધને વિક્ષેપવાળી કરીને ભમાવે છે, ત્યારે વિષયાધીન બધી ઇન્દ્રિયો બુદ્ધિને વિક્ષિપ્ત કરીને ભમાવે, તેમાં તો શું જ કહેવું? ૬૭.

ઇન્દ્રિયસંયમથી જ સ્થિરપ્રજ્ઞા થાય છે, આ વાતનો ઉપસંહાર કરે છેઃ-

"માટે હે મોટા બાહુવાળા અર્જુન! જેણે સર્વ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પાછી વાળીને સર્વ પ્રકારે સ્વાધીન કરી છે, તેની બુદ્ધિ સ્થિર થયેલી છે, આમ જાણવું. ૬૮.

ભાવાર્થઃ-આમાં "મહાબાહુ" એ વિશેષણ એવું

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ६९

સૂચવે છે કે, હે અર્જુન ! તું વૈરીઓને નિગ્રહ કરવાને સમર્થ છો, માટે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવામાં પણ સમર્થ છો.

સંસારમાં સૂતેલા મનુષ્યની પેઠે દર્શન આદિક વ્યાપાર વિનાનો તથા સર્વથા જિતેંદ્રિય કોઈ પણ પુરુષ જોવામાં આવતો નથી માટે ઉપર કહેલું સ્થિરપ્રજ્ઞનું લક્ષણ અસભવિત લાગે છે, આવી અર્જુનની શંકાનું સમાધાન શ્રીકૃષ્ણ કરે છેઃ-

“જેઓની બુદ્ધિ અજ્ઞાનરૂપી અંધકારથી છવાયલી છે એવાં સર્વે પ્રાણીઓને આત્મનિષ્ઠા રાત્રિના જેવી છે; પરંતુ ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા યોગી તે આત્મનિષ્ઠામાં જાગ્રત રહે છે અને સર્વે પ્રાણીઓ જે વિષયોના જ્ઞાનમાં જાગ્રત રહે છે, તે વિષયોનું જ્ઞાન આત્મજ્ઞાની મુનિને રાત્રિના સમાન છે. ૬૯.

ભાવાર્થઃ-દિવસે આંધળાં થઈ જનાર ઘુવડો જેમ રાત્રે જ દેખે છે, પરંતુ દિવસે દેખતાં નથી. તેમ બ્રહ્મવેત્તાઓ ઉઘાડી આંખો રાખે છે, છતાં પણ તેઓની દૃષ્ટિ બ્રહ્મના તરફજ હોવાથી વિષયોના તરફ હોતી નથી.

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशंति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशंति सर्वे
स शांतिमाप्नोति न कामकामी ॥७०॥
विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥७१॥

જ્યારે યોગીઓ વિષયો તરફ જોતા નથી ત્યારે તેઓનો ઉપભોગ કેવી રીતે કરે છે? તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છેઃ-

"ગંગા,યમુના,સિંધુ આદિ અનેક નદીઓના પ્રવાહોથી પૂરાતાં છતાં પણ જેણે મર્યાદા મૂકી નથી એવા સમુદ્રમાં જેમ બીજાં જળો પ્રવેશ કરે છે, તેમ અન્તર્દૃષ્ટિ કરનારા અને ભોગ્યવસ્તુઓનો લાભ થયા છતાં પણ વિકારને નહિ પામનારા એવા મુનિને પ્રારબ્ધવશ રહેલા સર્વ વિષયો આવી મળે છે, છતાં પણ તે મુનિ વિકાર ન પામતાં મોક્ષને પામે છે; પરંતુ ભોગની ઇચ્છાવાળો પુરુષ મોક્ષને પામતો નથી.૭૦

"માટે જે પુરુષ પ્રાપ્ત થયેલી સર્વ કામનાનો ત્યાગ કરીને, ન મળેલી કામનાઓ માટે નિઃસ્પૃહ અને નિરભિમાની હોવાથી ભોગનાં સાધન માટે મમતા-

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामंतकालेऽपि ब्रह्म निर्वाणमृच्छति ७२

રહિત થઈને તથા દેહાભિમાન રહિત થઈને પ્રારબ્ધવશથી ભોગો ભોગવે છે અને હરકોઈ ઠેકાણે ફરે છે, તે મોક્ષસુખને મેળવે છે. ૭૧

ઉપર કહેલી જ્ઞાનનિષ્ઠાની સ્તુતિ કરતાં તે વિષયોનો ઉપસંહાર કરે છેઃ—

"હે પૃથાના પુત્ર અર્જુન! આ પ્રમાણે બ્રહ્મનિષ્ઠા છે. પરમેશ્વરના આરાધનથી શુદ્ધ અંતઃકરણવાળો પુરુષ, આ બ્રહ્મનિષ્ઠાને પ્રાપ્ત કર્યા પછી સંસારમાં મોહ પામતો નથી. મનુષ્ય મરણ વેળા પણ જો એક ક્ષણ આ બ્રહ્મનિષ્ઠામાં સ્થિતિ કરે છે, તો તે બ્રહ્મમાં લય પામે છે. (ત્યારે જે બાલ્યાવસ્થાથી જ બ્રહ્મનિષ્ઠામાં રહ્યો હોય તે બ્રહ્મવિષે લય પામે તેમાં તો શું જ કહેવું?)" ૭૨

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'સાંખ્યયોગ'
નામનો અધ્યાય બીજો સંપૂર્ણ

—:૦:—

॥ अर्जुन उवाच ॥

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥१॥

બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે 'अशोच्यानन्वशोचस्त्वं' ઇત્યાદિ વાક્યોવડે દેહ તથા આત્માનું જ્ઞાન એ મોક્ષનું સાધન છે આમ કહ્યું, ત્યાર પછી 'एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु' ઇત્યાદિ વાક્યોવડે કર્મને પણ મોક્ષનું સાધન કહ્યું, પરંતુ તે બન્નેમાં મુખ્ય સાધન કયું અને ગૌણ સાધન કયું? તે કંઈ દર્શાવ્યું નથી, તોપણ ઉપર સ્થિરપ્રજ્ઞપણું, નિષ્કામપણું, નિરભિમાનપણું ઇત્યાદિક ધર્મો કહ્યા છે તથા ઉપસંહારમાં 'एषा ब्राह्मी स्थितिः पार्थ' આ શ્લોકવડે બ્રહ્મનિષ્ઠાની પ્રશંસા કરી છે તેથી ભગવાન, જ્ઞાન તથા કર્મ એ બન્નેમાં જ્ઞાનને શ્રેષ્ઠ માનતા હશે, આમ માનીને અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે:-

"હે જનાર્દન! તમે જ્ઞાનને મોક્ષનું અંતરંગ સાધન માનીને કર્મ કરતાં જ્ઞાન અધિક શ્રેષ્ઠ છે, આમ માનતા હો તો હે કેશવ! તમે મને 'લઢ, ઉભો થા' એવું વારંવાર કહીને શા માટે ભયંકર કર્મમાં જોડો છો? ૧

કદાચ ભગવાન્ કહે કે મેં તો 'धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते' ક્ષત્રિયનું, ધર્મવાળા યુદ્ધ વિના બીજાથી શ્રેય નથી, આમ પણ કહ્યું છે, તો તેના ઉત્તરમાં કહે છે:-

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥

॥ श्रीभगवानुवाच ॥

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥३॥

"કોઈ વાકયમાં કર્મની પ્રશંસા કરો છો તો કોઈ વાક્યમાં જ્ઞાનની પ્રશંસા કરો છો. આમ સંદેહ ઉત્પન્ન કરનારાં વ્યામિશ્ર વચનો કહીને તમે મારી બુદ્ધિને દોલાની પેઠે ડોલાવતા મોહ કરતા હો તેમ લાગો છો અર્થાત્ તમે તો પરમ દયાળુ છો, મોહ કરતા જ નથી તથાપિ મને ભ્રાંતિથી એમ જણાય છે, માટે તે બન્નેમાં મને જેથી મોક્ષનો લાભ થાય, તેવું કલ્યાણકારક જે સાધન હોય, તે એકનો નિશ્ચય કરીને કહો. ૨

શ્રીભગવાન્ બોલ્યા–"હે દોષરહિત અર્જુન! મેં જો કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠા આ બન્નેથી પરસ્પરની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્ર મોક્ષનાં સાધન છે, આમ કહ્યું હોય, તો તે બેમાં "જે એક કલ્યાણકારક હોય તે નિશ્ચય કરીને મને કહો" આવો તારો પ્રશ્ન સંભવે, પરંતુ મેં તેમ કહ્યું નથી. તે બન્નેથી એક જ

બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત થાય છે, આમ કહ્યું છે. તેમાં કર્મયોગ ગૌણ છે અને જ્ઞાનયોગ પ્રધાન છે, માટે તે બન્ને સ્વતંત્ર નથી. એકજ બ્રહ્મનિષ્ઠાનો ભેદ અધિકારના ભેદપરત્વે ભિન્ન ભિન્ન કહ્યો છે. મેં પૂર્વ અધ્યાયમાં શુદ્ધ અંતઃકરણવાળા અને અશુદ્ધ અંતઃકરણવાળા, એમ બે પ્રકારના અધિકારી માટે બે પ્રકારની બ્રહ્મનિષ્ઠા સ્પષ્ટપણાથી કહી છે. જેઓ શુદ્ધ અંતઃકરણવાળા અને જ્ઞાનભૂમિમાં આરૂઢ થયેલા છે, તેઓને જ્ઞાનની પરિપક્વતાં માટે तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः (अ. २ श्लो. ६१) યોગીએ તે સર્વ ઇન્દ્રિયોને પોતાના આધીનમાં રાખીને મારા પરાયણ રહેવું ઇત્યાદિક વચનોથી ધ્યાન આદિક જ્ઞાનયોગવડે બ્રહ્મનિષ્ઠા થવાની વાત કહી છે; અને જ્ઞાનભૂમિમાં આરૂઢ થવાની ઇચ્છાવાળાં કર્મોના અધિકારીઓને અંતઃકરણની શુદ્ધિદ્વારા જ્ઞાન સંપાદન કરવા માટે તેના ઉપાયરૂપ “धर्म्याद्धि युद्धाच्छ्रेयोन्यत्क्षत्रियस्य न विद्यते ધર્મવાળા યુદ્ધ વિના બીજા કશાથી ક્ષાત્રયોનું શ્રેય નથી” ઇત્યાદિક વચનો કહીને કર્મયોગવડે બ્રહ્મનિષ્ઠા કહી છે, માટે ચિત્તની શુદ્ધ તથા અશુદ્ધિરૂપી અવસ્થાના ભેદે કરીનેજ एषा तेऽभिहिता सांख्ये बुद्धियोगे

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४॥
नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥
कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ।६।

त्विमां शृणु (अ. २ श्लो. ३९) આ વચનોવડે તુંને બન્ને પ્રકારની નિષ્ઠા કહી છે. ૩

માટે સારી પેઠે ચિત્તશુદ્ધિ થવા માટે જ્ઞાન થાય ત્યાં સુધી વર્ણનાં તથા આશ્રમનાં કર્મો કરવાં. કારણ કે વર્ણાશ્રમનાં કર્મ ન કરવાથી ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્તશુદ્ધિ થયા વિના જ્ઞાન મળતું નથી, માટે કહે છે:-

"પુરુષ, કર્મો ન કરવાથી નિષ્કર્મપણાને-જ્ઞાનને પામતો નથી અર્થાત્ કર્મોદ્વારા ચિત્તશુદ્ધિ થાય છે અને તે દ્વારા જ્ઞાન સંપાદન કરે છે. કદાચ તુંને શંકા થશે કે "एतमेव प्रव्राजिनो लोकमीप्सन्तः प्रव्रजन्ति આ પ્રમાણે જ સંન્યાસીના લોકને ઈચ્છનારાઓ કર્મનો ત્યાગ કરે છે." આ શ્રુતિ સંન્યાસને મોક્ષનું અંગ કહે છે, માટે સંન્યાસથી જ મોક્ષ મળશે. કર્મો કરવાનું પ્રયોજન શું છે? તેના ઉત્તરમાં કહેવાનું

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेंद्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७ ॥
नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ ८ ॥

કે, ચિત્તશુદ્ધિ થયા વિના કેવળ સંન્યાસથી પુરુષને મોક્ષ મળતો નથી. ૪

કર્મોનો સંન્યાસ કરવો, એટલે તે તે કર્મોમાં આસક્તિ રાખવી નહિ આમ સમજવું, પરંતુ વસ્તુતાએ તે તે કર્મો ત્યાગ કરી શકાતાં નથી, તે વાત કહે છે:–

"જ્ઞાની કે અજ્ઞાની હર કોઈપણ મનુષ્ય કોઇપણ અવસ્થામાં એક ક્ષણમાત્ર પણ કર્મો કર્યા વિના રહી શક્તો નથી, પરંતુ સર્વ મનુષ્ય પરવશ થઇને પ્રકૃતિના રાગ, દ્વેષ આદિક ગુણોવડે કર્મમાં પ્રવર્તે છે. ૫

માટે અજ્ઞાની છતાં ત્યાગી બનવા માટે જે કર્મનો ત્યાગ કરે છે, તેની નિન્દા કરે છે:–

"જે મનુષ્ય વાણી, હાથ, પગ વગેરે પાંચ કર્મેન્દ્રિયોનો નિગ્રહ કરીને પરમાત્માના ધ્યાનના મિષથી મનમાં ઇંદ્રિયોના વિષયોનું ધ્યાન કરે છે, તે પુરુષ કપટ આચારવાળો (દાંભિક) કહેવાય છે. ૬

દંભ વિના કર્મ કરનારો પુરુષ શ્રેષ્ઠ ગણાય છે તે, વાત કહે છે:–

"હે અર્જુન ! જે, મનવડે જ્ઞાનેંદ્રિયોને નિયમમ

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचार ॥ ९ ॥
सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।

રાખી તેને ઈશ્વરના આરાધનમાં લગાડે છે અને કર્મેન્દ્રિયોવડે કર્મ કરતાં છતાં પણ તેના ફળની અભિલાષા કરતો નથી તે શ્રેષ્ઠ ગણાય છે. તાત્પર્ય કે તે ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાની થાય છે. ૭

"માટે તું સન્ધ્યાવંદન વગેરે નિત્યકર્મ કર. કારણ કે કર્મ ન કરવા કરતાં, કરવાં તે સારું ગણાય છે. તું કર્મ કરીશ નહિ તો તારા શરીરનો નિર્વાહ પણ થઈ શકશે નહિ. ૮

સાંખ્યશાસ્ત્રનું મત એવું છે કે, કર્મ માત્ર બંધનકારક છે, માટે તેનો ત્યાગ કરવો, આ શંકાનો નિર્ણય કરે છેઃ-

"શ્રુતિ કહે છે કે "યજ્ઞો વૈ વિષ્ણુઃ યજ્ઞ એ જ વિષ્ણુ છે." માટે ઈશ્વરની આરાધના કર્યા વિના બીજાં કર્મો કરવાથી, આ લોક, કર્મના બંધનમાં આવી પડે છે, પરંતુ ઈશ્વરની આરાધના સારુ કરેલાં કર્મોથી લોક બંધાતા નથી; માટે હે અર્જુન ! તું પણ નિષ્કામ થઈને ઈશ્વરની આરાધના માટે કર્મો કર. ૯

अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक्॥१०॥
देवान्भावयतानेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

બ્રહ્મા પણ કહે છે કે, કર્મ કરનારો શ્રેષ્ઠ છે; તે વાત કહે છેઃ—

"પ્રજાપતિએ—બ્રહ્માએ બ્રાહ્મણ આદિક યજ્ઞની અધિકારિણી પ્રજાને સૃષ્ટિના આરંભમાં સરજીને આ પ્રમાણે કહ્યું હતું કે, 'તમે આ યજ્ઞવડે ઉત્તરોત્તર વૃદ્ધિને મેળવો અને આ યજ્ઞ તમારા ઈષ્ટ વૈભવો પૂરા પાડો.' ૧૦

ભાવાર્થ—આ શ્લોકમાં યજ્ઞ શબ્દ કહ્યો છે તે ઉપરથી આવશ્યક એવાં સંધ્યાવંદનાદિક કર્મો પણ સમજવાં. આ પ્રકરણમાં કામ્યકર્મનાં વખાણ કર્યાં છે, તે જો કે અસંગત છે, છતાં પણ કર્મો ન કરવા કરતાં કરવાં એ ઉત્તમ છે, આમ દર્શાવવા માટે છે.

યજ્ઞો કેવી રીતે ઇષ્ટ કામનાઓ પૂરે છે, તે કહે છેઃ-

"તમે આ યજ્ઞવડે દેવોની ભાવના કરો, અર્થાત્ યજ્ઞનાં બળિદાનોવડે દેવોને તૃપ્ત કરો અને દેવતાઓ તમારી વૃદ્ધિ કરો એટલે કે વૃષ્ટિ આદિકથી અન્ન ઉત્પન્ન કરીને તમારું પોષણ કરો. આ પ્રમાણે

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः॥१२॥
यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् १३

અન્યોન્યની વૃદ્ધિ કરતા તમે તથા દેવો ઇષ્ટ વસ્તુને મેળવશો. ૧૧

તે જ વાતને સ્પષ્ટ કરતાં, કર્મો ન કરવાથી થતા દોષો કહે છે:-

"યજ્ઞોના બળિવડે વૃદ્ધિ પમાડેલા દેવતાઓ તમને વૃષ્ટિ આદિ દ્વારા ઇષ્ટ વૈભવો અવશ્ય આપશે, માટે દેવોએ આપેલા અન્નાદિક પદાર્થો પંચમહાયજ્ઞાદિ* દ્વારા દેવોને અર્પણ કર્યા વિના જે ભોગવે છે, તેને ચોર જ જાણવો. ૧૨

માટે યજ્ઞ કરનારા જ શ્રેષ્ઠ છે, પણ બીજા નથી, તે વાત કહે છે:-

"જેઓ પંચમહાયજ્ઞ કર્યા પછી બાકી રહેલું અન્ન ખાય છે તેઓ પાંચ† પ્રકારની હિંસાના સર્વ

---

* બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ ભૂતયજ્ઞ અને મનુષ્યયજ્ઞ આ પાંચ મહાયજ્ઞો કહેવાય છે. તે ગૃહસ્થે અવશ્ય કરવા જોઇએ.

† कण्डनी पेषणी चुल्ली उदकुंभी च मार्जनी ।
पंच सूना गृहस्थस्य ताभिः स्वर्गं न विंदति ॥

ખાંડવામાં, દળવામાં, ચૂલો બાળવામાં, પાણી ભરવામ

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।

દોષમાંથી મુક્ત થાય છે. પરંતુ જેઓ કેવળ પોતાનેજ માટે પાક તૈયાર કરે છે, તે પાપી પુરુષો પાપનુંજ ભોજન કરે છે. ૧૩

સંસારચક્ર પણ કર્મને આધીન ચાલે છે; માટે કર્મ કરવાં જોઇએ; તે ત્રણ શ્લોકવડે કહે છેઃ-

"શુક્ર તથા શોણિતના આકારમાં પરિણામ પામેલા અન્નમાંથી મનુષ્ય આદિ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે, યજ્ઞથી વૃષ્ટિ થાય છે, અને કર્મોથી* યજ્ઞ થાય છે. ૧૪

અને વાસીદું વાળવામાં ગૃહસ્થને પાંચ હત્યાઓ લાગે છે, તે દોષથી ગૃહસ્થને સ્વર્ગ મળતું નથી, માટે ગૃહસ્થે તે દોષો દૂર કરવા જોઇએ.

* अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥ मनु.

અગ્નિમાં વિધિ પ્રમાણે હોમેલી આહુતિ સૂર્યને પહોંચે છે, સૂર્ય જળની વૃષ્ટિ કરે છે, વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે અને અન્નમાંથી પ્રજા ઉત્પન્ન થાય છે.

तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम्॥१५॥
एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥१६॥

યજમાન આદિક વ્યાપારવાળું કર્મ વેદમાંથી પ્રગટ થયું છે તથા વેદ પરમાત્માથી થયો છે, એમ જાણ. શ્રુતિ કહે છે કે-"अस्य महतो भूतस्य निश्वसितमेतदृग्वेदो यजुर्वेदः सामवेदः ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ, એ આ મહા પરમાત્માના નિશ્વાસરૂપ છે."

પરંપરા જોતાં યજ્ઞની પ્રવૃત્તિ અક્ષર પરમાત્માથી જ છે અને તે માટે જ યજ્ઞ તેને પ્રિય છે. માટે અક્ષર બ્રહ્મ જો કે સર્વત્ર વ્યાપક છે, છતાં પણ તે યજ્ઞમાં સદાય વસે છે. માટે યજ્ઞ કરવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. દૃષ્ટાંત તરીકે જેમ ઉદ્યમમાં રહેલી લક્ષ્મી ઉદ્યમથી જ મળે છે; તેમ યજ્ઞમાં વસતા પરમાત્મા યજ્ઞ કરવાથી જ મળે છે, તે માટે યજ્ઞાદિક કર્મો કરવાં. ૧૫.

મનુષ્યોના પુરુષાર્થોની સિદ્ધિ થવા માટે આ પ્રમાણે પરમેશ્વરે જ કર્મચક્ર પ્રવર્તાવ્યું છેઃ એટલે જે કર્મ કરતો નથી તેનું જીવન વ્યર્થ છે, તે વાત કહે છેઃ—

(પુરુષો, પરમેશ્વરના વાક્યરૂપ વેદબ્રહ્મવડે કર્મમાં પ્રવૃત્તિ કરે છે, તેથી કર્મની સિદ્ધિ થાય છે. કર્મની

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥१७॥
नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।

સિદ્ધિથી વૃષ્ટિ, વૃષ્ટિથી અન્ન અને તેથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. તે પ્રાણીઓ ફરીને પૂર્વ પ્રમાણે કર્મમાં પ્રવૃત્તિ કરે છે). આ પ્રમાણે પરમાત્માએ ચલાવેલાં કર્મચક્રને જે મનુષ્ય અનુસરતો નથી તે પુરુષ, હે પૃથાના પુત્ર અર્જુન! પાપી જીવતરવાળો તથા ઇંદ્રિયોવડે વિષયોમાં રમણ કરનારો છે. પરંતુ ઇશ્વરના આરાધન કર્મમાં રમતો નથી; માટે તે વ્યર્થ—ફોકટ જીવે છે—તેનું જીવન વ્યર્થ જાણવું. ૧૬

ઉપર ૪ થા શ્લોકમાં 'न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते કર્મોનો આરંભ કર્યા વિના પુરુષ કર્મરહિત થતો નથી. ઇત્યાદિક વચનો વડે અજ્ઞાનીના અંતઃકરણની શુદ્ધિ માટે કર્મયોગ કહ્યો. હવે જ્ઞાનીઓને કર્મયોગનો ઉપયોગ નથી, તે વાત બે શ્લોક વડે કહે છેઃ—

જે પુરુષને આત્મા ઉપર જ પ્રીતિ છે, જેને આત્માનંદના અનુભવથી તૃપ્ત થઇ છે અને તેને લીધે જે આત્મસુખથી જ સંતુષ્ટ રહે છે અર્થાત્ જે ભોગેચ્છાથી રહિત છે, ત પુરુષને જગતમાં કંઇ પણ કર્તવ્ય રહેતું નથી. ૧૭

न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥१८॥

જ્ઞાની પુરુષ દેહાભિમાનરહિત હોય છે, તેથી તેને વિધિનિષેધ બાધ કરી શકતાં નથી; માટે કરેલાં કર્મથી તેને પુણ્ય થતું નથી અને કર્મ ન કરવાથી તેને કોઈ જાતનો દોષ પણ લાગતો નથી. તેમ જ્ઞાનીને મોક્ષ માટે બ્રહ્માથી લઈને સ્થાવર પર્યંત સર્વ પ્રાણીઓમાં કોઈનો પણ આશ્રય લેવો પડતો નથી.૧૮

ભાવાર્થ—શ્રુતિ કહે છે કે "तस्मात्तदेतेषां न प्रियं यदेतन्मनुष्या विदुः મનુષ્યો આત્માને જાણે તે વાર્તા દેવોને પ્રિય નથી." માટે દેવો જ્ઞાનીને મોક્ષ સંપાદન કરવામાં વિઘ્નો કરે છે, જેથી જ્ઞાનીએ દેવોની સેવા કરવી જોઇએ. આવી શંકા થતાં તેના સમાધાનમાં કહે છે કે, દેવો મનુષ્યને ઉત્તમ જ્ઞાન થવા અગાઉ વિઘ્ન કરે છે, પરંતુ જ્ઞાન થયા પછી વિઘ્ન કરી શકતા નથી. તે વિષે શ્રુતિ કહે છે કે, 'तस्य ह न देवाश्च नाभूत्या ईशते आत्मा ह्येषां स भवति દેવતાઓ પણ મનુષ્યને જ્ઞાનવડે મળેલા બ્રહ્મત્વને અટકાવી શકતા નથી, કારણ કે જ્ઞાની પુરુષ તો દેવતાઓનો પણ આત્મા છે,' આ સર્વ ઉપરથી સમજવું કે જ્ઞાનીને કોઈ બાધ કરી શકતું નથી.

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥१९॥
कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

આવા જ્ઞાનીને જ કર્મ કરવાની જરૂર નથી પરંતુ બીજાઓને કર્મ કરવાની જરૂર છે, માટે તું કર્મ કર, તે વાર્તા કહે છેઃ-

માટે તું કર્મનાં ફળોની ઇચ્છાનો ત્યાગ કરીને અવશ્ય કરવા યોગ્ય સંધ્યાવંદન વગેરે નિત્ય નૈમિત્તિક કર્મો કર; કારણ કે જે પુરુષ ફલેચ્છારહિત થઇને કર્મ કરે છે, તે પુરુષ ચિત્તની શુદ્ધિદ્વારા જ્ઞાન અને જ્ઞાનદ્વારા મોક્ષને પામે છે. ૧૯

સદાચારનું પ્રમાણ આપતાં કહે છેઃ-

જનક આદિક રાજાઓ કર્મથી જ શુદ્ધ અંતઃકરણવાળા થઇને ઉત્તમ એવા તત્ત્વજ્ઞાનને પામ્યા હતા. તું જો કે પોતાને સારો જ્ઞાની માને છે, તથાપિ કર્મ કરવાં, એ કલ્યાણકારક જ છે. 'હું જો કર્મ કરીશ તો સર્વે મનુષ્યો પણ કર્મ કરશે. નહિતર જ્ઞાનીનું દૃષ્ટાંત લઇને અજ્ઞાની પણ કર્મનો ત્યાગ કરશે.' આ પ્રમાણે લોકોને સ્વધર્મમાં પ્રવર્તાવવારૂપ પ્રયોજન તરફ દૃષ્ટિ કરીને પણ તું કર્મ કરવાને યોગ્ય છો, પરંતુ કર્મનો ત્યાગ કરવાને યોગ્ય નથી. ૨૦

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥
न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥२२॥
यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतंद्रितः ।

માટે મનુષ્યો કર્મ કરે છે, તેને જોઇને બીજાઓ પણ કર્મ કરે છે, તે વાર્તા કહે છેઃ-

મહા પુરુષ જે જે કર્મ કરે છે, તે પ્રમાણે સાધારણ મનુષ્ય પણ આચરણ કરે છે. મોટો મનુષ્ય પ્રવૃત્તિ-શાસ્ત્ર અથવા તો નિવૃત્તિશાસ્ત્ર આ બેમાંથી જેને પ્રમાણ ગણે છે, તેને જ સામાન્ય મનુષ્યો પણ અનુસરે છે. ૨૧

શ્રીકૃષ્ણ કર્મ કરવાના સંબંધમાં ત્રણ શ્લોકવડે પોતાનુંજ દૃષ્ટાંત આપે છેઃ-

હે અર્જુન ! મારે આ ત્રણ લોકમાં કંઈ પણ કર્તવ્ય કર્મ નથી. કારણ કે મારે નહિ મળેલી એવી કોઇ પણ વસ્તુ મેળવવાની નથી, તથાપિ હું કર્મ કરું છું ૨૨.

હું સાવધ થઇને જો કોઇ દિવસ કર્મ કરું નહિ

मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥२३॥
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम्।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः२४
सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥२५॥
તો હે પૃથાપુત્ર અર્જુન ! સર્વ મનુષ્યો સર્વથા મારા માર્ગનેજ અનુસરે, અર્થાત્ કર્મ કરે નહિ. ૨૩

વળી જો હું કર્મ કરું નહિ તો આ લોકો પણ કર્મનો નાશ થવાથી ભ્રષ્ટ થઇ જાય, તેથી હું વર્ણસંકરકર્ત્તા ગણાઉં અને આ પ્રજાઓને ધર્મમાં-થી ભ્રષ્ટ કરું. ૨૪.

માટે આત્મજ્ઞાનીએ પણ લોકોના ઉપદેશને માટે લોકો ઉપર કૃપા કરીને કર્મ કરવાં તે વાત ઉપસંહાર કરતાં દેખાડે છે:-

હે ભરતવંશી રાજા અર્જુન ! કર્મમાં આસક્તિ-વાળા અજ્ઞાનીઓ જેમ કર્મ કરે છે, તેમ જ વિદ્વા-નોએ પણ કર્મમાં આસક્ત નહિ થાતાં, કર્મમાં લોકોને પ્રવર્તાવવાની ઇચ્છાથી કર્મ કરવાં. ૨૫

કર્મ કરવામાં આસક્તિવાળા પુરૂષો ઉપર કૃપા કરીને તેઓને શા માટે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરવો નહિ ? તે શંકાનું સમાધાન કરે છે:-

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥२६॥
प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥

કર્મમાં આસક્તિવાળા અજ્ઞાનીઓને આત્મા-અકર્તા છે, આવો તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરીને તેની બુદ્ધિમાં અન્યથા વિચારો ઉપજાવવા નહિ, અર્થાત્ કર્મ ઉપરથી તેની આસ્થા ઉઠાડવી નહિ. પરંતુ જ્ઞાની મનુષ્યે પોતે સાવધાન રહીને કર્મ કરવાં અને અજ્ઞાનીઓની પાસે પણ કર્મ કરાવવાં. ૨૬

ભાવાર્થ—અજ્ઞાનીને વિવેક હોતો નથી, માટે તેને કર્મ કરતાં અટકાવવાથી તે જ્ઞાન અને કર્મ બંનેમાંથી ભ્રષ્ટ થાય છે, તેથી તેવા અજ્ઞાનીને તત્ત્વજ્ઞાનનો ઉપ-દેશ કરી, તેની બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન કરવો નહિ.

જ્યારે જ્ઞાની અને અજ્ઞાની બંને કર્મો કરે તો પછી તે બેમાં ફેર શો? તેવી શંકા થતાં તે બન્નેની વચ્ચે અંતર દેખાડે છેઃ—

જો કે સર્વ કર્મો, માયાનાં કાર્યરૂપ ઇંદ્રિયો કરે છે છતાં પણ ઇંદ્રિયોમાં આત્મબુદ્ધિ હોવાથી મૂઢ બુદ્ધિવાળો તે સર્વ કર્મોનો 'હું કર્તા છું,' આમ માને છે. ૨૭

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तंत इति मत्वा न सज्जते ॥२८॥
प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान्कृत्स्नाविन्न विचालयेत्२९

હે મહાબાહો ! नाहं गुणात्मकः હું ઇંદ્રિયો નથી, તેમ જ ઇંદ્રિયોએ કરેલાં કાર્યો પણ મારાં નથી. આ પ્રમાણે ગુણ તથા કર્મોથી પોતાને ભિન્ન જાણનાર જ્ઞાની પુરુષ ઇંદ્રિયો, "ઇંદ્રિયોના વિષયોમાં વર્તે છે; હું કંઈ પણ કરતો નથી." આમ માનીને પોતે કર્તાપણાનું અભિમાન કરતો નથી. ૨૮

હવે "न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् કર્મમાં આસક્ત થયેલા અજ્ઞાનીઓની કર્મ ઉપરથી આસ્થા ઉઠાડવી નહિ." એવું કહ્યું હતું, તેનો ઉપસંહાર કરે છે:-

માયાના સત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણોથી મૂઢ થયેલા પુરુષો ઇંદ્રિયોમાં તથા તેના વિષયોમાં બંધાય છે અર્થાત્ અમે કર્મ કરનારા છીએ, એમ જાણે છે. એવા અલ્પજ્ઞ મંદ બુદ્ધિવાળા મનુષ્યોને તેમના કર્મ કરવા વિષેના નિશ્ચયથી સર્વજ્ઞ મનુષ્યે ચળાવવા નહિ. ૨૯

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ३०
यें मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावंतोऽनसूयंतो मुच्यंते तेऽपि कर्मभिः ।३१।
ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठान्ति मे मतम् ।

ઉપર કહ્યા પ્રમાણે તો તત્ત્વવેત્તાએ પણ કર્મ કરવાં જોઇએ, ત્યારે તું તો હજુ એવો તત્ત્વવેત્તા નથી, માટે તું તો કર્મનો જ અધિકારી છે, તે વાત કહે છેઃ-

હું તો અંતર્યામીને આધીન રહીને કર્મ કરું છું; આવી આત્મજ્ઞાનની દૃષ્ટિવડે તું સર્વે કર્મો મને અર્પણ કરી, નિષ્કામ અને મમતારહિત થઈ શોકનો ત્યાગ કર અને પછી યુદ્ધ કર. ૩૦

ઉપર કહ્યા પ્રમાણે નિષ્કામ કર્મ કરવાથી થતું શ્રેય કહે છેઃ-

મારાં વાકયો ઉપર સંપૂર્ણ શ્રદ્ધાવાળા અને 'આ શ્રીકૃષ્ણ મને દુઃખદાયી કર્મમાં જોડે છે,' આમ મારા ઉપર દોષદૃષ્ટિ ન કરનારા જે મનુષ્યો નિત્ય મારાં આ મતને અનુસરે છે, તેઓ પણ જ્ઞાનીની પેઠે કર્મો કરતા થકા કર્મમાંથી છૂટે છે. ૩૧

પરંતુ જેઓ 'ઈશ્વરપ્રીત્યર્થ,' કર્મ કરવાની મારી આજ્ઞાનો દ્વેષ કરીને તેનું અપમાન કરે છે,

सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥३२॥
सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ३३

તેઓને હે અર્જુન! તારે બ્રહ્મ સંબંધી સર્વ કર્મોના જ્ઞાનમાં મૂઢ, વિવેકહીન અને પુણ્ય લોકમાંથી ભ્રષ્ટ થયેલા જાણવા. ૩૨

નિષ્કામ કર્મ કરવાથી મહાફળ મળે છે, તો પછી સૌ નિષ્કામ થઇ, ઇંદ્રિયોને નિયમમાં રાખીને શા માટે સ્વધર્માચરણ કરતા નથી? તેના ઉત્તરમાં કહે છેઃ-

અમુક કર્મ કરવાથી શુભ ફળ મળશે અને અમુક કર્મ કરવાથી અશુભ ફળ મળશે. આવું વિશેષ જ્ઞાન ધરાવનારા મનુષ્ય પણ પૂર્વ જન્મના કર્માનુસારી સ્વભાવને અનુસરીને વર્તે છે. ત્યારે અજ્ઞાની તે પ્રમાણે ચેષ્ટા કરે તેમાં તો શુંજ કહેવું! સર્વ પ્રાણીઓ પોતપોતાના સ્વભાવને અનુસરે છે. ઇંદ્રિયનિગ્રહ,બળવાન્ સ્વભાવની આગળ શું કરશે. ૩૩

જો પુરુષની પ્રવૃત્તિ સ્વભાવને જ આધીન હોય તો પ્રાણીઓ સ્વભાવ પ્રમાણે વર્તશે અને વિધિ નિષેધ વ્યર્થ પડશે. આ શંકાનો ઉત્તર આપે છેઃ-

इंद्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपंथिनौ ॥ ३४ ॥

પ્રત્યેક ઇન્દ્રિયોને પોતપોતાના અનુકૂળ વિષયમાં રાગ (પ્રીતિ) અને પ્રતિકૂળ વિષયમાં દ્વેષ થાય છે અને ઇંદ્રિયોને અનુકૂળ વર્તવું, આ પ્રાણીઓનો સ્વભાવ છે. તથાપિ મનુષ્યે રાગદ્વેષને વશ થવું ન જોઇએ, કારણ કે રાગ તથા દ્વેષ એ મુમુક્ષુ જનના મોટા શત્રુ છે. ૩૪

ભાવાર્થ–સ્વભાવ, વિષયોના સ્મરણાદિથી મનુષ્યના મનમાં રાગદ્વેષ ઉત્પન્ન કરે છે અને અસાવધ પુરુષને બલાત્કારે જલપ્રવાહના સમાન અનર્થના ગંભીર ખાડામાં નાંખે છે. પરંતુ શાસ્ત્ર તો વિષયમાં પડતાં પહેલાં રાગ તથા દ્વેષને અટકાવનારા ઈશ્વર ભજનાદિક સત્કાર્યમાં મનુષ્યને જોડે છે. માટે પાણીના ગંભીર પ્રવાહમાં પડ્યા પહેલાં વહાણમાં બેસી ગયેલો પુરુષ જેમ દુઃખ પામતો નથી તેમ વિષયમાં પડ્યા પહેલાં ઇશ્વરભજન કરનારો પુરુષ પણ અનર્થોને પામતો નથી.

પશુ આદિકના જેવી સ્વાભાવિક વૃત્તિનો ત્યાગ કરીને સ્વધર્મમાં વર્તવું, આમ ઉપર કહ્યું તો યુદ્ધાદિક સ્વધર્મ દુઃખ-

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥
॥ अर्जुन उवाच ॥
अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ३६

દાયી છે, ને તે બરાબર પાળી શકાય તેવો નથી અને અહિંસા આદિક પરધર્મો સુખકારી છે. આ બન્ને ધર્મ તરીકે સમાન છે, માટે હું ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરીને અહિંસા આદિક પરધર્મમાં વર્તીશ. આવી ઈચ્છા દર્શાવતાં અર્જુનને શ્રીકૃષ્ણ કહે છેઃ-

સર્વાંગથી સંપૂર્ણ એવો પરધર્મ આચરવા કરતાં કોઇએક અંગથી હીન હોય તો પણ પોતાનો ધર્મ ઘણો જ શ્રેષ્ઠ ગણાય છે. યુદ્ધાદિક સ્વધર્મ આચરતાં મરણ થાય એ પણ શ્રેષ્ઠ છે. કારણ કે, તેથી સ્વર્ગનો લાભ થાય છે; પરંતુ પરધર્મ તો નિષિદ્ધ હોવાથી નરક આપે છે, માટે ભયંકર છે. ૩૫

રાગ દ્વેષને આધીન થવું નહિ, આમ શ્રીકૃષ્ણે આગળ કહ્યું હતું. પણ તેમ કરવું અશક્ય છે. આમ માનીને અર્જુન પૂછે છેઃ-

અર્જુને પૂછયું-હે વૃષ્ણિવંશોત્પન્ન શ્રીકૃષ્ણ ! મનુષ્ય ઈચ્છા કરતો નથી, તોપણ કેમ જાણે કોઇએ

॥ श्रीभगवानुवाच ॥
काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ।३७।
બલાત્કારથી તેને પ્રેર્યો હોય તેમ તે પાપકર્મ કરે છે, તો તે કોની પ્રેરણાથી કરે છે ? ૩૬

ભાવાર્થ—કામ તથા ક્રોધને, વિવેકના બળથી રોકતાં છતાં પણ પુરુષની પાપમાં ફરીને પ્રવૃત્તિ થતી જોવામાં આવે છે; માટે કામ ક્રોધનો બીજો કોઈ પણ પ્રવર્તક હોવો જોઇએ. આવી શંકાથી અર્જુને પ્રશ્ન કર્યો છે.

કામનું વૈરીપણું દર્શાવે છે.

શ્રી ભગવાન્ કહે છે—પાપમાં પ્રવૃત્તિ થવાનું કારણ કામ છે અને તે કામ એ જ ક્રોધ છે; કારણ કે કોઈ પારકાની કામનાનો ભંગ કરે છે, ત્યારે તે કામ ક્રોધરૂપે પરિણામ પામે છે. તે કામ, રજોગુણથી ઉત્પન્ન થાય છે. તેથી તેને પૂર્ણ કરી શકાતો નથી તથા તે અતિ ઉગ્ર છે, માટે તારે એ કામને મોક્ષમાર્ગમાં એક વૈરી સમજવો. ૩૭

ભાવાર્થ—કામથી જ ક્રોધની ઉત્પત્તિ છે, એવા અભિપ્રાયથી કામ સાથે ક્રોધ શબ્દનો ઉલ્લેખ છે

धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥
आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।

અને તેની ઉત્પત્તિ રજોગુણથી કહેલી છે. તે ઉપ-રથી સૂચવે છે કે, સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે ત્યારે રજોગુણનો નાશ થાય છે અને તેથી કામ પણ ક્ષીણ થાય છે. આ કામનો આગળ કહેવામાં આ-વનારા ઉપાયથી અનુક્રમે, નાશ કરવો જ જોઈએ. કારણ, કામ દામથી તથા સામથી પણ શાંત થાય તેવો નથી, માટે તેને સંતુષ્ટ કરી શકાય નહિ એવો તથા અતિ ઉગ્ર કહ્યો છે.

પોતાની સાથે જ ઉત્પન્ન થયેલા ધૂમાડાથી જેમ અગ્નિ ઢંકાઈ જાય છે, આગંતુક મલવડે જેમ અરીસો ઢંકાઈ જાય છે, અને પૂર્વોત્પન્ન ઓળવડે જેમ ગર્ભ ઢંકાઈ જાય છે, તેમ સહજ, આગંતુક અને પૂર્વો-ત્પન્ન એવા ત્રણ પ્રકારના કામવડે આ ચૈતન્ય જ્ઞાન પણ ઢંકાયલું છે. ૩૮

હવે इदं શબ્દે દર્શાવેલું વૈરીપણું દેખાડે છે.

હે કુંતીના પુત્ર અર્જુન! વિષયોથી પૂરતાં છતાં

कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥
इंद्रियाणि मनोबुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

પણ પૂરાય નહિ તેવા, સંતાપનું કારણ હોવાથી અગ્નિ સમાન તાપ આપનાર* અને નિત્ય વૈરી એવા આ કામે જ્ઞાનીના જ્ઞાનને ઢાંકી દીધું છે. ૩૯

કામ ક્યાં રહે છે? તેનો ઉત્તર આપતાં તેના વિજયનો ઉપાય બે શ્લોકથી કહે છેઃ-

વિષયોનું દર્શન તથા શ્રવણ કરવાથી, તેનો સંકલ્પ કરવાથી તથા બુદ્ધિના નિશ્ચયથી કામ ઉત્પન્ન થાય છે; તેથી ઇંદ્રિયો, મન અને બુદ્ધિ એ કામનું નિવાસસ્થાન કહેવાય છે, તેથી તે કામ, દર્શન અને શ્રવણ આદિક વ્યાપાર કરનારી ઇંદ્રિયાદિક વડે વિવેક, જ્ઞાનને ઢાંકીને મોહિત કરે છે. ૪૦

* ભોગ વખતે કામ અજ્ઞાનીને સુખ આપે છે, પરંતુ પરિણામે તે વૈરી થઇ પડે છે અને જ્ઞાનીને તો તે ભોગવેળા પણ અનર્થ જણાવાથી દુઃખનું કારણ થઈ પડે છે માટે અહીં કામને નિત્ય વૈરી કહ્યો છે અને તે પૂર્ણ કરી શકાય નહિ એવો તથા અગ્નિતુલ્ય હોવાથી સર્વનો નિત્ય વૈરી છે

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥४१॥
इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥४२॥

માટે હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! તુંને કામે મોહિત કર્યો નથી તે પહેલાં જ તું ઇંદ્રિયોને, મનને તથા બુદ્ધિને સ્વાધીન કરીને, આત્મજ્ઞાનને તથા શાસ્ત્રજ્ઞાનને નાશ કરનાર આ કામ નામના પાપી શત્રુનો પ્રગટ રીતે નાશ કર. શ્રુતિ પણ કહે છે કે, "तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत धीर મનુષ્યે આત્માના સ્વરૂપને જાણીને ઉત્તમ જ્ઞાન સંપાદન કરવું." ૪૧

દેહાદિકથી આત્માનું સ્વરૂપ ભિન્ન છે તે વિવેકપૂર્વક દર્શાવે છેઃ-

દેહાદિક દૃશ્ય પદાર્થો કરતાં ઇંદ્રિયો સૂક્ષ્મ અને પ્રકાશક હોવાથી શ્રેષ્ઠ છે અને ઇંદ્રિયો કરતાં સંકલ્પ વિકલ્પરૂપ મન શ્રેષ્ઠ છે, આમ કહેલું છે; કારણ કે મન ઇંદ્રિયોને ચલાવે છે. મન કરતાં નિશ્ચયાત્મક બુદ્ધિ શ્રેષ્ઠ છે, કારણ કે તે સંકલ્પ વિકલ્પનો નિશ્ચય કરે છે અને જે બુદ્ધિથી પણ પર છે તે

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥४३॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥३॥

બુદ્ધિનો સાક્ષી છે તથા સર્વના અંતરમાં રહે છે, તેને આત્મા જાણવો. ૪૨

ભાવાર્થ—આ શ્લોકમાં એક કરતાં બીજાને શ્રેષ્ઠ કહ્યું છે. તે ઉપરથી એમ સમજવું કે, એક કરતાં બીજું ભિન્ન છે. શરીરથી ઇંદ્રિયો ભિન્ન, ઇંદ્રિયોથી મન ભિન્ન, મનથી બુદ્ધિ ભિન્ન અને બુદ્ધિથી આત્મા ભિન્ન છે.

વિષયોથી તથા ઇંદ્રિયાદિકથી થનાર કામાદિક વિકારો બુદ્ધિના જ વિકારો છે અને આત્મા નિર્વિકાર છે, માટે તે બુદ્ધિનો સાક્ષી છે: તેથી તેને બુદ્ધિ કરતાં શ્રેષ્ઠ જાણીને તથા નિશ્ચયાત્મક બુદ્ધિને સ્થિર કરીને, હે મહાબાહુવાળા અર્જુન! જેની ગતિ જાણી શકાય નહિ એવા કામરૂપી શત્રુનો તું નાશ કર. ૪૩

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે કર્મયોગ
નામનો અધ્યાય ત્રીજો સંપૂર્ણ

॥ श्रीभगवानुवाच ॥

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥
एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥२॥

બીજા તથા ત્રીજા અધ્યાયમાં કર્મયોગને તથા જ્ઞાનયોગને મોક્ષનું સાધન કહ્યું; હવે આ ચોથા અધ્યાયમાં બ્રહ્માર્પણ આદિક ગુણના વિધાનવડે તથા ત્વં પદાર્થના શોધનાદિકવડે ઉપર કહેલા કર્મયોગનો જ આગળ વિસ્તાર કરશે. પરંતુ તે વિસ્તાર કરવા પહેલાં આરંભમાં ભગવાન્ પરંપરાપ્રાપ્ત એવા યોગની પ્રશંસા કરે છેઃ-

શ્રીભગવાન્ કહે છે-પૂર્વે અવિનાશી ફળ આપનારો અવિનાશી એવો આ યોગ મેં સૂર્યને કહ્યો હતો, સૂર્યે મનુને કહ્યો હતો અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો. ૧

આ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત થયેલા આ યોગને રાજાઓ અને ઋષિઓ જાણતા હતા. હે પરંતપ! તે યોગ આ લોકમાં ઘણા કાળ થયાં નાશ પામ્યો છે. ૨

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥३॥
॥ अर्जुन उवाच ॥
अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

હમણાં જો કે યોગની પરંપરા તો છિન્નભિન્ન થઈ ગઈ છે, છતાં પણ તું મારો ભક્ત અને મિત્ર થાય છે, માટે તે જ આ પુરાતન યોગ આજે મેં તને કહ્યો છે; પણ તે બીજાને કહેવા યોગ્ય નથી, કારણ કે એ મહાગુપ્ત છે. ૩

ભગવાને સૂર્યને યોગનો ઉપદેશ કર્યો હતો એ વાર્તા અસમ્ભવિત લાગવાથી અર્જુન પ્રશ્ન કરે છે:–

અર્જુન પૂછે છે–આપનો જન્મ પછી થયો છે અને સૂર્યનો જન્મ તો આપની પહેલાં થયો છે, માટે આપે પ્રથમ સૂર્યને આ યોગનો ઉપદેશ કર્યો હતો, એ વાર્તા હું કેમ માની શકું? ૪

ઉપર પ્રમાણે અર્જુને પ્રશ્ન કરતાં, મેં આ રૂપથી નહિ પણ બીજા રૂપથી ઉપદેશ આપ્યો હતો, એવા અભિપ્રાયથી શ્રીભગવાન્ ઉત્તર આપે છે:–

॥ श्रीभगवानुवाच

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥
अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ ६ ॥

શ્રીભગવાન્ કહે છે—હે અર્જુન! તારા તથા મારા અનંત જન્મો થઈ ગયા છે. તે સર્વ જન્મોને હું જ્ઞાનના બળથી જાણું છું, પરંતુ તું જાણતો નથી; કારણ કે તારું જ્ઞાન અવિદ્યાથી ઘેરાયલું છે. ૫

તમે કહો છો કે, મારા ઘણા જન્મો થઇ ગયા છે પરંતુ તમે તો અનાદિ છો માટે તમારો જન્મ કેમ સમ્ભવે? તેમ અવિનાશી એવા જે તમે તેનો ફરી પણ જન્મ કેમ સમ્ભવે? તમે તો પુણ્ય પાપ રહિત ઈશ્વર છો, માટે તમારો જીવની પેઠે જન્મ અસમ્ભવિત છે. આ શંકાનું સમાધાન કરે છેઃ-

હું જન્મરહિત છું, અવિનાશી સ્વભાવવાળો છું તથા સર્વે પ્રાણીઓનો ઈશ્વર—સ્વતંત્ર કર્મ કરનારો છું, તો પણ હું માયાવડે (મારી પોતાની શુદ્ધસત્ત્વ-ગુણી માયાનો આશ્રય કરીને) શુદ્ધ તેજસ્વી સત્ત્વ-ગુણી મૂર્તિને ધારણ કરીને અવતાર લઉં છું. ૬

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

તમે ક્યારે અવતાર લ્યો છો? આવી શંકા થતાં ઉત્તર આપે છેઃ—

હે ભરતવંશી અર્જુન! જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે અને અધર્મનો વધારો થાય છે ત્યારે ત્યારે હું મારા આત્માને સર્જું છું—અવતાર ધરું છું. ૭.

શા માટે અવતાર ધરો છો? આવા પ્રશ્નનો ઉત્તર આપે છેઃ—

સ્વધર્મમાં રહેનારા સત્પુરુષોનું રક્ષણ કરવા માટે, દુષ્ટ કર્મ કરનારાઓનો નાશ કરવા માટે તથા સદ્ધર્મનું સ્થાપન કરવા માટે હું યુગે યુગે અવતાર ધરું છું. ૮

ભાવાર્થ—ઈશ્વર દુષ્ટોને દંડ આપેછે, માટે તે નિર્દય છે, આવી શંકા કરવી યોગ્ય નથી; કારણ શાસ્ત્રમાં કહ્યું છે કે, "लालने ताडने मातुर्नाकारुण्यं यथार्भके । तद्वदेव महेशस्य नियन्तुर्गुणदोषयोः ॥ માતા છોકરાંને

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥९॥
वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥

રમાડે છે, તેમ અપરાધ કરે ત્યારે મારે પણ છે; પરંતુ પુત્રને તાડન કરવાથી માતા જેમ નિર્દય ગણાતી નથી, તેમ જ ઇશ્વર પણ પ્રાણીઓના ગુણ તથા દોષ જોઈને તેના પ્રમાણમાં અનુગ્રહ કે નિગ્રહ કરે છે, તે ઉપરથી તે નિર્દય ઠરતા નથી.

આવા ઈશ્વરના જન્મો તથા ચરિત્રો જાણવાનું ફળ કહે છે.

મારો સ્વેચ્છાથી ધારણ કરેલો અલૌકિક જન્મ તથા ધર્મની રક્ષા કરવારૂપી મારાં અલૌકિકકર્મો, આ બન્નેને, પારકાના અનુગ્રહ માટેજ છે, આમ જે જાણે છે, તે દેહ (દેહાભિમાન)નો ત્યાગ કરીને ફરીથી જન્મ પામતો નથી, પરંતુ હે અર્જુન! તે મનેજ પામે છે. ૯

હું શુદ્ધ સત્વગુણવાળા અવતારો ધારણ કરીને ધર્મનું રક્ષણ કરું છું; આવું મારું પરમકારુણિકપણું જાણીને રાગ, ભય તથા ક્રોધરહિત થયેલા અને વિક્ષેપ દૂર થવાથી મારામાંજ ચિત્ત લગાડીને મારે

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ ११ ॥

આશ્રયે રહેનારા ઘણા પુરુષો મારી કૃપાથી મળી શકે તેવાં જ્ઞાનવડે તથા તપવડે શુદ્ધ થઈને અર્થાત્ અજ્ઞાનથી તથા તેના કાર્યથી રહિત થઈને મારાં સ્વરૂપને પામ્યા છે. ૧૦

ભાવાર્થ–ભક્તિમાર્ગ આધુનિક કાળનો નથી, પરંતુ પ્રાચીન કાળથી જ ચાલ્યો આવે છે; માટે ભગવાને કહ્યું કે, મારાં સ્વરૂપને ઘણા પામ્યા છે. 'तान्यहं वेद सर्वाणि હું તે સર્વ જન્મોને જાણું છું ?' ઇત્યાદિક વચનોવડે વિદ્યા તથા અવિદ્યારૂપ ઉપાધિવડે तत् અને त्वं પદના અર્થરૂપ ઈશ્વર તથા જીવને દર્શાવીને અવિદ્યારહિત હોવાથી નિત્ય તથા શુદ્ધ એવા ઈશ્વરનું અને ઈશ્વરની કૃપાથી અજ્ઞાનરહિત થયેલા વિવેકી શુદ્ધ જીવનું ચિદંશવડે ઐક્ય કહી બતાવ્યું.

તમે જ્યારે તમારા એક શરણાંગત ભક્તોને જ આત્મસ્વરૂપનો લાભ આપો છો, પરંતુ બીજા સકામ કર્મ કરનારાઓને આપતા નથી. ત્યારે તમારામાં પણ વિષમદૃષ્ટિપણું છે, આમ સિદ્ધ થાય છે તે શંકાનું સમાધાન કરે છેઃ–

હે પૃથાના પુત્ર અર્જુન! જે પુરુષો મને જે પ્રમાણે

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥१२॥

અર્થાત્ સકામપણે કે નિષ્કામપણે ભજે છે, તેમને હું પણ તેવીજ રીતે ભજું છું. એટલે તેમને મન ગમતાં ફળો આપીને તેઓના ઉપર અનુગ્રહ કરું છું. જે મનુષ્યો ઇંદ્રાદિક દેવોને ભજે છે, તેઓની પણ હું ઉપેક્ષા કરતો નથીઃ કારણ કે ઇંદ્ર આદિક દેવોના ભક્તો પણ મારાજ ભજનમાર્ગને અનુસરે છે, કેમ કે ઇંદ્રાદિક દેવ મારું સ્વરૂપ છે. માટે તેઓની સેવાથી મારી જ સેવા થાય છે. ૧૧

ત્યારે સર્વે મોક્ષ માટે તમારી જ સેવા કેમ કરતા નથી? તેના ઉત્તરમાં કહે છેઃ-

કર્મનાં ફળની આશા રાખનારા લોકો, આ મનુષ્ય-લોકમાં બહુધા કરીને ઇંદ્રઆદિદેવતાઓનુંજ યજન કરે છે પરંતુ સાક્ષાત્ મારું યજન કરતા નથી; કારણ કે મનુષ્ય લોકમાં કર્મનું ફળ જેમ ઝટ મળે છે તેમ જ્ઞાનનું ફળ ઝટ મળતું નથી એટલે જ્ઞાન દુર્લભછે.૧૨

કેટલાએક સકામ કર્મો કરે છે અને કેટલાએક નિષ્કામ કર્મો કરે છે. આ પ્રમાણે કર્મો વિચિત્ર છે અને તે કર્મ કરનારા બ્રાહ્મણાદિકને તમે ઉત્તમ, મધ્યમ વિગેરે ફળો આપો

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥१३॥
न मां कर्माणि लिंपंति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते १४

છો, માટે તમારામાં કેમ વિષમતા નહિ? આવી શંકા થતાં તેનો ઉત્તર આપે છે:–

મેં ચારે વર્ણો ગુણ તથા કર્મના વિભાગવડે સરજ્યા છે. જેમ કે બ્રાહ્મણોમાં સત્ત્વગુણ અને તેનાં શમ, દમ આદિક કર્મો; ક્ષત્રિયોમાં સત્ત્વ તથા રજોગુણ મુખ્ય અને તેનાં શૌર્ય, યુદ્ધઆદિકકર્મો, વૈશ્યોમાં રજોગુણ તથા તમોગુણ મુખ્ય, તેઓનાં ખેડ, વાણિજ્ય આદિક કર્મો; શૂદ્રોમાં તમોગુણ મુખ્ય અને બ્રાહ્મણની સેવા વગેરે કર્મો; આ પ્રમાણે ગુણો તથા કર્મોના વિભાગ વડે મેંજ ચાર વર્ણ ઉત્પન્ન કર્યાં છે, માટે હું તેનો કર્ત્તા છું, છતાં પણ મને અકર્ત્તાજ જાણજે; કારણ કે હું આસક્તિ વિનાનો છું ને તેથી મારો નાશ નથી, એમ તારે જાણવું. ૧૩

હું અહંકારરહિત તથા પૂર્ણ કામનાવાળો છું, તેથી મને કર્મનાં ફળની ઇચ્છા થતી નથી; માટે જગતનાં સૃષ્ટિ આદિક કર્મો મને બંધન કરતાં નથી. આ

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

પ્રમાણે જે પુરુષ મને કર્મનાં ફળની વાંછારહિત જાણે છે, તે પણ કર્મવડે બંધાતો નથી. ૧૪

ભાવાર્થ—મારા અનાસક્તિપણામાં નિરહંકાર તથા નિર્લેપ આદિ કારણો છે, આમ જે જાણે છે, તેના પણ અહંકાર આદિક શિથિલ થાય છે અને તેને લીધે તે કર્મના પાશમાં બંધાતો નથી.

વળી "ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहं જેઓ મને જે પ્રમાણે ભજે છે, તેઓને હું પણ તે પ્રમાણે જ ભજું છું." આ શ્લોકથી આરંભીને ચાર શ્લોકવડે પ્રાસંગિક એવું ઈશ્વરનું વિષમદૃષ્ટિપણું દૂર કરીને પૂર્વોક્ત કર્મયોગનો વિસ્તાર કરવા માટે શ્રીકૃષ્ણ અર્જુનને કર્મયોગ કહે છેઃ—

અહંકારરહિત થઈને કરેલું કર્મ, બંધનકારક થતું નથી. આમ જાણીને જનક આદિ પૂર્વના મુમુક્ષુ રાજાઓએ પણ સત્ત્વશુદ્ધિ માટે બીજા યુગોમાં કર્મો કર્યાં છે, માટે તું પણ પ્રથમ કર્મજ કર.૧૫.

કર્મો પણ તત્વવેત્તાઓની સાથે વિચાર કરીને કરવાં. માત્ર લોકપરંપરા ઉપરથી જ કર્મ કરવાં નહિ, તે વાત કહે છેઃ—

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् १६
कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ॥
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

કયું કર્મ કરવા યોગ્ય છે? અને કયું કર્મ કરવા યોગ્ય નથી? તે વિષયમાં વિવેકીઓ પણ મુંઝાય છે; માટે તું જે કર્મ જાણવાથી–કરવાથી સંસારમાંથી મુક્ત થઈશ, તેવું કર્મ તથા અકર્મ હું તને કહીશ. ૧૬

શરીરાદિકના વ્યાપારને કર્મ કહેવામાં આવે છે અને તદ્‌ભિન્નને અકર્મ કહેવામાં આવે છે. આ વાત તો લોકપ્રસિદ્ધ છે, છતાં વિદ્વાનો પણ તેમાં મોહિત થાય છે, આમ કેમ કહો છો? આ શંકાનું નિવારણ કરે છેઃ-

માત્ર લોકપ્રસિદ્ધ કર્મો જ કર્મો ગણાતાં નથી, પરંતુ વેદવિહિત કર્મો પણ કર્મો ગણાય છે અને તેનું સ્વરૂપ જાણવા યોગ્ય છે. અવિહિત કર્મનું સ્વરૂપ પણ જાણવા યોગ્ય છે તથા શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલાં કર્મનું સ્વરૂપ પણ જાણવા યોગ્ય છે; કારણ કે, કર્મ, અકર્મ તથા વિકર્મની ગતિ મહાગહન છે અર્થાત્ દુઃખે કરીને જાણી શકાય તેવી છે. ૧૭

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् १८

કર્મ અકર્મ તથા વિરુદ્ધ કર્મનું દુર્વિજ્ઞેયપણું દર્શાવતાં કહે છે:–

જે મનુષ્ય પરમેશ્વરના આરાધનરૂપી કર્મને જ્ઞાનનો હેતુ હોવાથી તે બંધનકારક નથી માટે, તેને અકર્મ જાણે છે તથા વેદવિહિત કર્મ ન કરવાથી દોષ લાગે છે અને બંધન પ્રાપ્ત થાય છે, માટે તેને કર્મ જાણે છે; તે પુરુષ કર્મ કરનારા મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે, યોગી એટલે જ્ઞાનયોગ સંપાદન કરનારો છે તથા સર્વ કર્મ કરનારો છે; કારણ કે, ઈશ્વરના આરાધનરૂપી કર્મમાં સર્વ કર્મોનો તથા તેનાં ફળોનો સમાવેશ થાય છે. ૧૮

ભાવાર્થ–કર્મયોગ નામના પ્રકરણમાં, બ્રહ્મના જિજ્ઞાસુને કર્મયોગનો અધિકાર છે, એ પ્રકરણમાં 'न कर्मणामनारंभात्' ઇત્યાદિક વચનોવડે સ્ફુટ રીતે કર્મયોગની આવશ્યકતા કહી છે, છતાં આ પ્રકરણમાં ફરીને કહેવાથી પુનરુક્ત દોષ છે, એમ સમજવું નહિ, પરંતુ આ પ્રકરણને કર્મયોગ પ્રકરણના વિસ્તારરૂપ જાણવું.

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।

જ્યારે જિજ્ઞાસુને પણ કર્મ બાધ કરી શકતાં નથી ત્યારે જ્ઞાનીને તો કેમ જ બાધ કરે ? જ્ઞાનીના પક્ષમાં આ શ્લોકની આ રીતે યોજના કરવામાં આવે છે. જેમ કે, દેહ તથા ઇંદ્રિયાદિકનો વ્યાપાર ચાલતો હોય, છતાં પણ આત્મા દેહથી ભિન્ન છે; આવું જ્ઞાન હોવાથી જે સ્વાભાવિક રીતે પોતાનું નિષ્કર્મપણું જુવે છે, (કારણ કે જ્ઞાન વિના વૃથા કર્મનો ત્યાગ કરનારો મિથ્યાચારી ગણાય છે, તે વિષે कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् અ. ૩ શ્લો.૬ એ શ્લોકમાં સ્ફુટ કહ્યું છે,) તે પુરુષ મનુષ્યમાં બુદ્ધિમાન્ છે અને તે દૈવયોગે મળેલાં આહારાદિક કર્મો કરે છે, છતાં પણ તે યોગી જ છે અર્થાત્ તે આત્માને અકર્તા જાણે છે. માટે ખાવું પીવું, વિગેરે વ્યવહાર કરવા છતાં પણ તે સમાધિનિષ્ઠ જ રહે છે. જ્ઞાની સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલા કલંજનું (ઝેરી તીરવડે મારેલાં મૃગનાં માંસનું) ભક્ષણ આદિક કરવાથી અપરાધી થતો નથી. પરંતુ અજ્ઞાની તો પ્રીતિથી કલંજનું ભક્ષણ કરે છે, માટે દોષપાત્ર ઠરે છે. આ રીતે આ શ્રુતિ ઉપરથી નિષિદ્ધ કર્મનાં તત્ત્વનું નિરૂપણ સમજવું.

ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥१९॥
त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।

कर्मण्यकर्म यः पश्येत् એ શ્રુતિના અર્થે તથા અર્થાપત્તિએ* જે બે અર્થ કહેલા છે, તે અર્થને પાંચ શ્લોકથી સ્પષ્ટ કરે છેઃ-

જેનાં સર્વે કાર્યો, ફળ તથા સંકલ્પથી રહિત છે અર્થાત્ જે ફળની આશા છોડીને કર્મ કરે છે તથા કર્મવડે ચિત્તશુદ્ધિ થયા પછી થયેલા જ્ઞાનરૂપી અગ્નિવડે જેનાં કર્મો ભસ્મ થયાં છે એવા પુરુષને વિદ્વાનો પંડિત કહે છે. ૧૯.

ભાવાર્થ—આરૂઢ દશામાં 'અમુક ફળની ઈચ્છા' તથા તેને માટે 'અમુક કર્મ કરવાં,' આવા કર્મના સંકલ્પથી પુરુષ મુક્ત હોય છે.

જે કર્મ તથા કર્મનાં ફળ ઉપરથી આસક્તિ છોડીને નિત્ય સ્વસ્વરૂપમાં તૃપ્ત રહે છે, તથા યોગ અને

---

* જાડો દેવદત્ત દિવસે ભોજન કરતો નથી. આમાં જાડાપણું ભોજન વિના ઘટે નહિ, માટે તે રાત્રિભોજનનો આક્ષેપ કરે છે, આને અર્થાપત્તિ કહે છે; તથા અકર્મ કર્મ કેમ થઈ શકે? ત્યાં કહે છે કે વેદવિહિત કર્મ ન કરવાં, તેનું નામ અકર્મ છે. આ કર્મ બન્ધનકારક હોવાથી તેને કર્મ કહેવામાં આવે છે. અર્થાપત્તિથી અકર્મને કર્મ ઠરાવ્યાં છે.

कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥२०
निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥२१॥

ક્ષેમને માટે બીજાનો આશ્રય કરતો નથી, તે મનુષ્ય સ્વાભાવિક કર્મમાં તથાં વેદવિહિત કર્મમાં પ્રવૃત્તિ કરે છે, છતાં કંઈ પણ કરતો નથી; અર્થાત્ તેનું કર્મ પણ અકર્મપણાંને પામે છે. ૨૦

જેની કામના શાંત થયેલી છે. જેનું મન તથા શરીર નિયમમાં છે અને જેણે સર્વ પરિગ્રહોનો ત્યાગ કર્યો છે, તે પુરુષ અભિમાનરહિત થઇને માત્ર શરીર સંબંધી કર્મ કરે છે, તથાપિ તે અવિહિત કર્મ કરવાથી દોષને પ્રાપ્ત થતો નથી. ૨૧

ભાવાર્થ—આ પ્રકરણ જિજ્ઞાસુને તથા યોગારૂઢને બન્નેને લાગુ પડે છે, તેમાં યોગારૂઢના પક્ષમાં એવો અર્થ કરવો કે, યોગી શરીરના નિર્વાહમાં ઉપયોગી એવું સ્વાભાવિક ભિક્ષાટન આદિક કર્મ કરે છે, તો પણ તે વિહિત કર્મો ન કરવાથી લાગેલા દોષવડે દૂષિત થતો નથી.

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबद्धयते २२
गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

દૈવેચ્છાથી મળેલી વસ્તુવડે સંતુષ્ટ,ટાઢ અને તડકો સહન કરનાર, વૈરરહિત, દૈવેચ્છાથી મળતી વસ્તુનો લાભ કે અલાભ થતાં પણ હર્ષ તથા વિષાદ વિનાનો એવો પુરુષ યથોચિત રીતે વિહિત કર્મ તથા સ્વાભાવિક કર્મ કરે છે, તોપણ બંધનને પામતો નથી. ૨૨

જે નિષ્કામ છે, રાગ આદિકથી રહિત છે, જેનું મન જ્ઞાનમાં મગ્ન છે તથા જે ઈશ્વર નિમિત્ત કર્મો કરે છે, તે મનુષ્યનાં ઈશ્વર નિમિત્ત કરાતાં સર્વ કર્મો વાસનાવાળાં છતાં પણ વિનાશ પામે છે. ૨૩

ભાવાર્થ—યજ્ઞના રક્ષણ માટે અર્થાત્ લોકોપદેશ માટે આરૂઢ યોગી કર્મો કરે છે અને કર્મ કરતાં કરતાં જ તેનું કર્મ વાસનાસહિત નાશ પામે છે.

પરમેશ્વરની આરાધનારૂપી કર્મ, જ્ઞાનનું સાધન હોવાથી બંધન કરતું નથી, માટે તે કર્મ ગણાય જ નહિ અને આરૂઢ-

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

અવસ્થામાં 'આત્મા અકર્તા' છે' એવું જ્ઞાન થવાથી વિહિત કર્મોનો તો ઉપયોગ નથી, પરંતુ સ્વાભાવિક રીતે શરીરના નિર્વાહ માટે કરવામાં આવતાં આવશ્યક કર્મ પણ અકર્મ જ છે તે વાર્તાનો વિસ્તાર कर्मण्यकर्म यः पश्येत् જે અકર્મમાં કર્મ, જૂવે છે, ઇત્યાદિ વચનો વડે કર્યો. હવે જે પુરુષ કર્મોમાં તથા તેનાં અંગોમાં બ્રહ્મને અનુસ્યૂત-પરોવાયલા જુવે છે તેનાં પણ કર્મો વિનાશ પામે છે, તે વાર્તા કહે છે:—

અગ્નિમાં હોમ કરવાનાં સાધન સ્રુવ આદિ પણ બ્રહ્મ જ છે, હોમવાનાં ઘી વગેરે દ્રવ્ય પણ બ્રહ્મ જ છે, અગ્નિ પણ બ્રહ્મ જ છે, અને બ્રહ્મા તથા હોતા જે હોમે છે તે પણ બ્રહ્મ જ છે અર્થાત્ યજ્ઞ, અગ્નિ, યજમાન તથા ક્રિયા વગેરે સર્વ બ્રહ્મરૂપ જ છે. આ પ્રમાણે કર્મસ્વરૂપ બ્રહ્મમાં જ જેનું એકાગ્ર ચિત્ત છે એવા પુરુષે પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થ પણ બ્રહ્મ જ છે, બીજી વસ્તુ નથી. ૨૪

આ પ્રમાણે યજ્ઞદ્વારા સંપાદન કરેલું સર્વત્ર બ્રહ્મદર્શનરૂપી જે જ્ઞાન તે સર્વ યજ્ઞો કરતાં શ્રેષ્ઠ છે. આ રીતે જ્ઞાનની પ્રશંસા કરવા માટે અધિકારી પરત્વે જ્ઞાનના ઉપાયભૂત ઘણા યજ્ઞો હવે ગણાવે છે:—

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥
श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इंद्रियाग्निषु जुह्वति ॥२६॥
सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे ।

કેટલાએક કર્મયોગીઓ દૈવયજ્ઞ એટલે ઇન્દ્ર વરુણ આદિક દેવોને ઉદ્દેશીને યજ્ઞ કરે છે. બીજા જ્ઞાનયોગીઓ બ્રહ્મરૂપી અગ્નિમાં 'ब्रह्मार्पणं ब्रह्म हविः' એ શ્લોકમાં કહેવા પ્રમાણે હોમ કરે છે; અર્થાત્ યજ્ઞ આદિક સર્વે કર્મોનો પરબ્રહ્મમાં લય કરે છે; આ યજ્ઞ જ્ઞાનયજ્ઞ કહેવાય છે. ૨૫

બીજા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તે તે ઇન્દ્રિયના સંયમરૂપી અગ્નિમાં શ્રોત્ર આદિક ઇંદ્રિયોનો હોમ કરે છે. અર્થાત્ ઇંદ્રિયોને રુંધીને સંયમ ધારણ કરે છે. બીજા ગૃહસ્થો ભોગ વખત પણ વિષયો ઉપર આસક્તિનો ત્યાગ કરીને અગ્નિરૂપે ભાવના કરેલી ઇંદ્રિયોમાં શબ્દ આદિક વિષયોને હવિરૂપે હોમે છે. ૨૬

બીજા ધ્યાનનિષ્ઠ પુરુષો શ્રવણ, દર્શન, વગેરે જ્ઞાનેંદ્રિયોના વ્યાપારોને; બોલવું, લેવું, દેવું વગેરે (વાણી,

आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।

હાથ આદિ) કર્મેંદ્રિયોના વ્યાપારોને તથા દશ પ્રાણોનાં કર્મો જેવાં કે–પ્રાણનું કર્મ બહાર નિકળવું, અપાનનું કર્મ મળમૂત્રને નિચે લઈ જવાં, વ્યાનનું કર્મ સંકોચવું તથા પહોળું કરવું વગેરે, સમાનનું કર્મ ખાધેલાં અન્નને તથા પીધેલા પ્રવાહી પદાર્થને શરીરની નાડીઓમાં પહોંચાડવા, ઉદાનનું કર્મ અન્નને ઉંચે લઈ જવું, નાગનું કર્મ ઓડકાર લાવવો, કૂર્મનું કર્મ ભૂખ લગાડવી, કૃકલનું કર્મ છિંક લાવવી, દેવદત્તનું કર્મ બગાસાં લાવવાં અને ધનંજયનું કર્મ મનુષ્ય મરણ પામે છતાં પણ આખા શરીરમાં વ્યાપીને રહેવું. આ સર્વ કર્મોને આત્મા વિષે જ્ઞાનવડે પ્રજ્વલિત થયેલા ધ્યાનની એકાગ્રતારૂપી યોગાગ્નિમાં હોમે છે અર્થાત્ ધ્યેય વસ્તુને સારી રીતે જાણી તેમાં મનને સારી પેઠે સ્થિર કરીને ઉપર જણાવેલાં ઇન્દ્રિયોનાં તથા પ્રાણનાં સર્વે કર્મોને શમાવે છે. ૨૭

દાનને જ યજ્ઞ માનનારા, કૃચ્છ્રચાંદ્રાયણ આદિકને યજ્ઞ માનનારા, ચિત્તવૃત્તિના નિરોધરૂપી સમાધિને

स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः शंसितव्रताः ॥२८॥
अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥२९॥

યજ્ઞ માનનારા, વેદાધ્યયન (પાઠ)ને યજ્ઞ માનનારા તથા વેદના અર્થજ્ઞાનને યજ્ઞ માનનારા, આમ સારી રીતે તીક્ષ્ણ વ્રત કરનારા ઘણા યતિઓ પ્રયત્નવાળા પુરુષો છે. ૨૮

કેટલાએક મુમુક્ષુ પુરુષો પૂરકવડે નીચી ગતિ કરનારા અપાનવાયુમાં ઉંચી ગતિ કરનારા પ્રાણને હોમે છે, એટલે પૂરક કરતી વેળા પ્રાણને અપાન સાથે એકઠો કરે છે; અને કુંભકવડે પ્રાણ તથા અપાનની ઉંચી નીચી ગતિને રુંધીને રેચક વેળા અપાનને પ્રાણમાં હોમે છે. આ પ્રમાણે કેટલાએક મુમુક્ષુઓ પૂરક, રેચક તથા કુંભક કરીને પ્રાણાયામ કરવામાં તત્પર રહે છે. ૨૯

બીજા કેટલાએક પુરુષો આહાર ઓછો કરવા માટે અભ્યાસ કરે છે; આહાર ઓછો થવાથી ઇંદ્રિયો પોતાની મેળે જ શિથિલ થાય છે; તેથી તે તે ઇન્દ્રિયોની વૃત્તિઓ તે તે ઇન્દ્રિયોમાં લય થાય છે, તેની હોમમાં ભાવના કરે છે.

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

ઉપર કહેલા પ્રાણાયામના સંબંધમાં અપાનમાં પ્રાણનો અને પ્રાણમાં અપાનનો હોમ કરે છે. તે વેળા વારંવાર કરવામાં આવતા પૂરક તથા રેચકમાં 'हंसः सोहं' એમ અનુલોમ તથા પ્રતિલોમ સ્પષ્ટ રીતે અજપા મંત્ર જપાય છે, તેથી ઇશ્વરની સાથે ઐક્યતાની પરસ્પર ભાવના થાય છે. તે વિષે યોગ-શાસ્ત્રમાં કહ્યું છે કે:–

सकारेण बहिर्याति हकारेण विशेत्पुनः ।
प्राणस्त्वत्र स एवाहं हंस इत्यनुचिंतयेत् ॥

અર્થ–સકારવડે પ્રાણ બહાર નિકળે છે અને હકારવડે ફરીને શરીરમાં પ્રવેશ કરે છે, માટે 'सोहं हंसः' એ રીતે પરબ્રહ્મનું ચિંતન કરવું.

કેટલાએક પંડિતો પ્રાણાયામને પણ યજ્ઞ કહે છે. તે પક્ષમાં ઓગણત્રીસમા શ્લોકના ઉત્તરાર્દ્ધનો અને ત્રીસમા શ્લોકના પૂર્વાર્દ્ધનો એકત્ર અર્થ કરવો, તે આ પ્રમાણે:–

નિયમ પ્રમાણે આહાર કરનારા, કુંભકવડે પ્રાણ તથા અપાન વાયુના સંચારને રુંધીને પ્રાણાયામ કરનારા પુરુષો ઇંદ્રિયોને પ્રાણોમાં હોમે છે- અર્થાત્

કુંભક કરતી વેળા સર્વે પ્રાણો એકઠા મળે છે, તે પ્રાણોમાં જ ઇંદ્રિયોનો લય થાય છે, તેમાં હોમની ભાવના કરે છે.

ભાવાર્થ—નિયમિત આહાર માટે શાસ્ત્રમાં એવું કહ્યું છે કેઃ—

द्वौ भागौ पूरयेदन्नैस्तोयेनैकं प्रपूरयेत् ।
मारुतस्य प्रचारार्थं चतुर्थमवशेषयेत् ॥

નિયમિત આહાર કરનારા પુરુષે પેટના બે ભાગ અન્નવડે પૂરવા, એક ભાગ જળવડે પૂરવો અને ચોથો ભાગ પવનના સંચાર માટે ખાલી રાખવો.

વળી પ્રાણાદિકની સ્થિરતા માટે યોગશાસ્ત્રમાં એમ કહ્યું છે કેઃ—

यथा यथा सदाभ्यासान्मनसः स्थिरता भवेत् ।
वायुवाक्कायदृष्टीनां स्थिरता च तथा तथा ॥

નિત્ય અભ્યાસ કરવાથી જેમ જેમ મનની સ્થિરતા થાય છે તેમ તેમ પ્રાણ, વાણી, કાયા તથા દૃષ્ટિ પણ સ્થિર થાય છે.

ઉપર કહેલા બાર યજ્ઞો જાણનારાઓને જે ફળ મળે છે તે કહે છેઃ-

આ સર્વે યજ્ઞ સંપાદન કરનારા અથવા તો જાણનારા, તથા યજ્ઞોવડે જેમણે પોતાનાં પાપો નાશ

यज्ञशिष्टामृतभुजो यांति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ३१
एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ३२

કર્યા છે એવા તથા યજ્ઞો કરતાં બાકી બચેલાં અમૃતરૂપ અન્નને જમનારા પુરુષો જ્ઞાનદ્વારા સનાતન એવા નિત્ય બ્રહ્મને મેળવે છે. ૩૦

તે યજ્ઞો ન કરવાથી થનારા દોષો કહે છેઃ—

હે કુરુવંશમાં શ્રેષ્ઠ અર્જુન! જે ઉપર કહેલા યજ્ઞોમાંથી એક યજ્ઞ પણ કરતો નથી, તેને આ અલ્પ સુખવાળો મનુષ્યલોક પણ ફરીને મળતો નથી, ત્યારે પરલોક તો ક્યાંથીજ મળે, માટે સર્વથા યજ્ઞો કરવા. ૩૧

જ્ઞાનયજ્ઞની સ્તુતિ કરવા માટે કરેલા યજ્ઞોનો ઉપસંહાર કરે છેઃ—

આ પ્રમાણે વેદમાં ઘણા પ્રકારના યજ્ઞો વિસ્તાર પામેલા છે અર્થાત્ વેદે પોતે જ ઘણા યજ્ઞોનું વિધાન કર્યું છે, તથાપિ તે સર્વ યજ્ઞો વાણી, મન તથા કાયાના કર્મથી થયેલા છે માટે તે આરમ્ભ-

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥३३॥

સ્વરૂપના જ્ઞાન સિવાય બીજું અનિત્ય ફળ આપે છે એમ તારે જાણવું; અને એ પ્રમાણે જાણવાથી તું જ્ઞાનનિષ્ઠ થઈને સંસારમાંથી મુક્ત થઈશ. ૩૨

કર્મયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે, તે વાત કહે છેઃ—

હે શત્રુને તપાવનાર પૃથાના પુત્ર! દ્રવ્યાદિકથી થતા યજ્ઞો કરતાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે. જ્ઞાનયજ્ઞ પણ જો કે મનના વ્યાપારને અધીન તો છેજ, તથાપિ તે મનથી ઉત્પન્ન થતો નથી, પરંતુ મનના પરિણામમાંજ માત્ર પ્રકાશે છે, માટે તે દ્રવ્યમય યજ્ઞો કરતાં શ્રેષ્ઠ છે અને તે ફળસહિત સર્વ કર્મોનો સમાવેશ જ્ઞાનયજ્ઞમાં થાય છે, માટે દ્રવ્યયજ્ઞો કરતાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે. ૩૩

ભાવાર્થ—સર્વ શુભકર્મ કરવાથી કર્ત્તાને જે ફળ થાય છે તે ફળ જ્ઞાનીને પણ મળે છે, તેમાં શ્રુતિ પ્રમાણ છે, "सर्वं तदभिसमेति यत्किं च प्रजाः साधु कुर्वन्ति પ્રજા જે કંઈ પુણ્યકર્મ કરે છે તે સર્વ જ્ઞાનીને પ્રાપ્ત થાય છે."

આવા ઉત્તમ આત્મજ્ઞાનનું સાધન કહે છેઃ—

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥३४॥
यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥३५॥
अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।

તે જ્ઞાન, તું, જ્ઞાની પુરુષોને દંડવત્ પ્રમાણ કરીને 'હું સંસારમાં શા માટે અવતર્યો છું? તે કેવી રીતે નિવૃત્ત થાય?' આવા પ્રશ્નો કરીને તથા તેઓની સેવા કરીને સંપાદન કર. શાસ્ત્રવેત્તા તથા અપરોક્ષાનુભવવાળા જ્ઞાની પુરુષો તુંને તે જ્ઞાનનો ઉપદેશ કરશે. ૩૪

સાડા ત્રણ શ્લોકવડે જ્ઞાનનું ફળ કહે છેઃ–

હે પાંડુપુત્ર! જે જ્ઞાન સંપાદન કરવાથી તું ફરીને આ રીતે બંધુના વધાદિકથી મોહ પામીશ નહિ, કારણ કે તું જ્ઞાનવડે, પોતાની અવિદ્યાથી રચાયલા પિતા, પુત્ર આદિ પ્રાણીઓને પોતાના જ આત્મામાં અભેદ દૃષ્ટિથી જોઇશ; અને તે પછી તારા પોતાના આત્માને તું મારે વિશે એટલે પરમાત્માને વિશે અભેદરૂપે જોઇશ. ૩૫

કદાચ તું સર્વ પાપકર્મ કરનારાઓ કરતાં પણ

सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥
यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥
नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

અધિક પાપકર્મ કરીશ તો પણ તું તે સર્વ પાપરૂપી સાગરને જ્ઞાનરૂપી નૌકાવડેજ પરિશ્રમ વિના તરી જઈશ. ૩૬

શ્રીકૃષ્ણે કહ્યું કે, 'તું પાપસાગરને તરી જઈશ.' તે ઉપરથી અર્જુનને ભ્રમ થયો કે હું સમુદ્રની પેઠે પાતકને માત્ર ઓળંગી જઈશ, પરંતુ પાપ તો એમનાં એમ જ રહેશે. એ ભ્રાંતિને દૃષ્ટાંતથી દૂર કરે છે:—

હે અર્જુન! પ્રદીપ્ત થયેલો અગ્નિ જેમ કાષ્ઠોને બાળીને ભસ્મ કરે છે; તેમ આત્મજ્ઞાનરૂપી અગ્નિ પણ પ્રારબ્ધકર્મ વિના બીજાં સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી નાખે છે. ૩૭

જ્ઞાનની મહત્તા કહે છે:—

તપશ્ચર્યા, યોગ, વ્રત વગેરે કોઈ પણ સાધન જ્ઞાનના સરખું પવિત્ર કરનારું નથી. તે આત્મજ્ઞાન ઘણે કાળે મહાકર્મના યોગથી યોગ્યતા સંપાદન કર્યા

तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ३८
श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति॥३९
अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।

પછી શ્રમ વિના સ્વતઃ ફળે છે અર્થાત્ કર્મયોગ વિના જ્ઞાન મળતું નથી. ૩૮

જ્ઞાન કોને મળે છેઃ—

જે ગુરુના ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખે છે, જે ગુરુ ઉપર નિષ્ઠા રાખે છે તથા જે જિતેંદ્રિય છે, તે જ્ઞાન મેળવી શકે છે, બીજો જ્ઞાન મેળવી શકતો નથી; માટે શ્રદ્ધા આદિક સંપત્તિવડે જ્ઞાનની પ્રાપ્તિ પહેલાં જ મનની શુદ્ધિ માટે કર્મ કરવાં. જ્ઞાન મેળવ્યા પછી થોડા કાળમાંજ તે પરમ શાંતિને—મોક્ષને પામે છે. ૩૯

જ્ઞાનના અધિકારી કહ્યા; હવે જ્ઞાનના અનધિકારી કહે છેઃ—

જે ગુરુએ કરેલા ઉપદેશને સમજતો નથી, કદાચ કોઈ રીતે સમજાય તો પણ તેના ઉપર શ્રદ્ધા રાખતો નથી, કદાચ શ્રદ્ધા થઈ તોપણ આ વસ્તુ મને ફળ આપશે કે નહિ! આ પ્રમાણે જેના મનમાં સંશય

नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ४०

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।

आत्मवंतं न कर्माणि निबध्नंति धनंजय ॥४१॥

થાય છે, તે પુરુષ સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે; અને તે જ્ઞાનનો અધિકારી નથી. ઉપર કહેલા ત્રણ પ્રકારના પુરુષોમાં પણ જે સંશયાત્મા (શંકાશીલ મનનો) પુરુષ છે તે તો સર્વથા નાશ પામે છે; કારણ કે તે ધન-સંપાદક, વિવાહ આદિક કરી શકતો નથી, તેથી આ લોક સુધારી શકતો નથી, તેમ ફળના સંશયને લીધે ધર્મ પણ કરી શકતો નથી, તેથી પરલોકનો પણ નાશ કરે છે; અને યોગ્ય પદાર્થોમાં અનેક સંશયો ઉત્પન્ન થવાથી ભોગો પણ ભોગવી શકતો નથી.૪૦

બે અધ્યાયમાં પૂર્વાપર ભૂમિકાના ભેદ પ્રમાણે કર્મમય તથા જ્ઞાનમય એમ બે પ્રકારે બ્રહ્મનિષ્ઠા કહીને હવે તેનો ઉપસંહાર કરે છેઃ–

હે અર્જુન ! જેણે પરમેશ્વરની આરાધનારૂપી યોગવડે સર્વે કર્મો પરમેશ્વરને અર્પણ કર્યાં છે તથા જ્ઞાનથી જેનો સંશય છિન્ન થયો છે તેવા આત્મજ્ઞાની પુરુષને કર્મો પોતાનાં ફલોવડે બંધન કરતાં નથી.૪૧

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥४२॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्री-कृष्णार्जुनसंवादे ज्ञानविभागयोगो नाम चतुर्थोऽध्यायः ॥४॥

માટે આત્માના અજ્ઞાનથી તથા શોકાદિથી ઉત્પન્ન થયેલા હૃદયગત એ સંશયને, દેહ તથા આત્માના વિવેકરૂપી ખડ્ગવડે છેદી નાંખ, પરમાત્માના જ્ઞાનમાં ઉપાયભૂત કર્મયોગનો આશ્રય કર અને હે ભરતવંશી અર્જુન! યુદ્ધ કરવા માટે ઉભો થા. ૪૨

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'જ્ઞાન વિભાગયોગ' નામનો અધ્યાય ચોથો સંપૂર્ણ

॥ अर्जुन उवाच ॥
संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १ ॥
॥ श्रीभगवानुवाच ॥
संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।

ચોથા અધ્યાયના "तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः" એ શ્લોકમાં "અજ્ઞાનથી થયેલા મનના સંશયને જ્ઞાનરૂપી ખડ્‌ગવડે કાપી નાંખીને તું કર્મયોગ કર," આ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યું હતું તેમાં પૂર્વાપર વિરોધ માનીને અર્જુન પ્રશ્ન કરે છેઃ-

અર્જુન પૂછે છે—હે કૃષ્ણ ! આપ 'यस्त्वात्मरतिरेव स्यात्' 'सर्वं कर्माखिलं पार्थ' 'પણ જે આત્માના જ્ઞાનવાળા છે,' 'હે પાર્થ ! બધા કર્મોનો જ્ઞાનમાં સમાવેશ થાય છે.' ઇત્યાદિક વચનોવડે સર્વ કર્મોનો સંન્યાસ કરવાનું કહો છો અને બીજાં વચનોથી પુનઃ 'જ્ઞાનરૂપી ખડ્‌ગવડે સંશયને દૂર કરીને કર્મ કર.' આ પ્રમાણે કર્મયોગ પણ કહો છો. પરંતુ એક મનુષ્ય એક જ વેળાએ કર્મનો ત્યાગ તથા કર્મનો યોગ કરી શકે નહિ, કારણ કે તે બંનેનું સ્વરૂપ એક બીજાથી વિરુદ્ધ છે, માટે તે બંને યોગમાં જે યોગ અવશ્ય શ્રેયસ્કર હોય તે એકનો સારી રીતે નિશ્ચય કરીને મને કહો. ૧

तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥२॥

શ્રીભગવાન્ કહે છે–કર્મોનો ત્યાગ તથા કર્મોનો સ્વીકાર આ બન્ને કલ્યાણ કરનારાં છે, તથાપિ તે બન્નેમાં કર્મોનો સંન્યાસ (ત્યાગ) કરવા કરતાં કર્મ-યોગ એટલે કર્મ કરવાં, એ વધારે શ્રેષ્ઠ છે. ૨

ભાવાર્થ–હું વેદાંતથી જાણવામાં આવે એવા આત્મતત્ત્વને જાણનારા પ્રત્યે કર્મ કરવા માટે કહેતો નથી, કારણ કે તેમ કહેવાથી તો પૂર્વે કહેલા સંન્યાસમાં વિરોધ આવે, પરંતુ દેહ વિષે આત્માનું અભિમાન રાખનાર એવા તને કહું છું કે, તું દેહ તથા આત્મા ભિન્ન છે એવી વિવેકરૂપ તરવારવડે બંધુવધાદિકથી થનારા શોક તથા મોહને અને તેથી થનારા સંશયને કાપી નાંખ; તથા પરમાત્મા સંબંધી જ્ઞાનમાં સાધનભૂત એવો કર્મયોગ કર. કર્મો કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, માટે ચિત્તશુદ્ધ થયા પછી જ તને આત્મજ્ઞાન થશે; અને તે આત્મજ્ઞાનને પરિ-પક્વ કરવા માટે જ્ઞાનનિષ્ઠાનો અંગભૂત કર્મયોગ તથા કર્મસંન્યાસ, આ બન્નેને ક્રમ પ્રમાણે કર્યાં હોય તો જ તે કલ્યાણ કરે છે, તો પણ કર્મનો ત્યાગ કરવા કરતાં કર્મો કરવાં, એ પક્ષ શ્રેષ્ઠ ગણાય છે.

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वंद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥ ३ ॥
सांख्ययोगौ पृथग्बालाः प्रवदंति न पंडिताः ।

કર્મયોગની કર્મસંન્યાસરૂપે સ્તુતિ કરતાં તેની શ્રેષ્ઠતા દર્શાવે છે.

જે પુરુષ કોઈ પણ વસ્તુ ઉપર રાગ દ્વેષ કરતો નથી, પરંતુ પરમેશ્વર અર્થે જ કર્મો કરે છે તેને નિત્ય કર્મ કરતી વેળાએ પણ સંન્યાસી જ જાણવો. કારણ કે હે મહાબાહુવાળા! તે રાગદ્વેષ આદિથી રહિત અને શુદ્ધ અંતઃકરણવાળો પુરુષ કર્મયોગથી જ્ઞાન સંપાદન કરીને તે જ્ઞાનદ્વારા શ્રમ વિના સંસારના બંધનમાંથી મુક્ત થાય છે.૩

કર્મ એ જ્ઞાનનું અંગ છે અને જ્ઞાન તેનું અંગી છે, માટે તે બન્નેનો ક્રમ અવસ્થા ભેદે છે, માટે તે બન્નેના વિકલ્પને અંગીકાર કરીને તે બન્નેમાં કયું શ્રેષ્ઠ છે? આવો પ્રશ્ન અજ્ઞાનીઓને જ ઉચિત છે, પરંતુ વિવેકીઓને ઉચિત નથી, તે વાત કહે છેઃ—

સંન્યાસયોગ એટલે કર્મનો ત્યાગ અને કર્મયોગ એટલે કર્મનો સ્વીકાર, એ બન્ને જ્ઞાનમાં જૂદાં જૂદાં સ્વતંત્ર સાધન છે, આમ મૂર્ખાઓ કહે છે પરંતુ પંડિતો કહેતા નથી. કારણ કે જે મનુષ્ય તે બન્ને-

एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥४॥
यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति॥५॥

માંથી એકનો પણ સારી રીતે આશ્રય કરે છે, તે, બન્નેનાં ફળ (મોક્ષ)ને પામે છે. ૪

ભાવાર્થ—સારી રીતે કર્મો કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, ચિત્તશુદ્ધિ થવાથી જ્ઞાન મળે છે અને જ્ઞાનદ્વારા સંન્યાસ તથા કર્મયોગ એ બન્નેનું ફળ જે મોક્ષ તે મળે છે, તેમ કર્મોનો સારી રીતે ત્યાગ કર્યો હોય તોપણ પૂર્વે કરેલાં કર્મોની પરંપરાથી જ્ઞાન અને જ્ઞાનદ્વારા બન્નેનાં ફળને મેળવે છે અર્થાત્ બન્ને, મોક્ષનાં ભિન્ન ભિન્ન સ્વતંત્ર સાધનો એક જ છે.

ઉપર કહેલી બાબતને જ સ્ફુટ કરે છે:—

જ્ઞાનનિષ્ઠાવાળા સંન્યાસીઓ (કર્મત્યાગી) જે મોક્ષ નામના સ્થાનને પામે છે, તે જ સ્થાનને કર્મ કરનારાઓ પણ જ્ઞાન દ્વારા પામે છે; માટે જે સાંખ્યને તથા કર્મયોગને એક ફળ આપનારાં હોવાથી, એક જ જાણે છે, તે જ યથાર્થ જ્ઞાની છે. ૫

જ્યારે કર્મયોગીને પણ કર્મો ત્યાગ કર્યા પછી છેવટે જ્ઞાન

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥६॥

મળે છે ત્યારે તો પ્રથમથી જ કર્મો ત્યાગ કરવા યોગ્ય છે. આવી શંકાવાળા અર્જુનને શ્રીકૃષ્ણ કહે છે:-

હે મોટા બાહુવાળા અર્જુન! કર્મયોગ કર્યા વિના કર્મોનો સંન્યાસ એટલે કર્માંનો ત્યાગ કરવો, એ બહુ કઠિન છે; પરંતુ કર્મ કરનારો મુનિ તો શુદ્ધ અંતઃકરણથી કર્મનો ત્યાગ કરીને થોડા જ કાળમાં પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે. ૬

ભાવાર્થ–આ ઉપરથી ચિત્તશુદ્ધિ પહેલાં કર્મ જ કરવાં, તે કર્મના ત્યાગ કરવા કરતાં શ્રેષ્ઠ ગણાય છે, આમ પૂર્વે કહેલું સિદ્ધ થાય છે. વાર્તિકકાર પણ મલિન મનના સંન્યાસીઓને માટે કહે છે કે:–

प्रमादिनो बहिश्चित्ताः पिशुनाः कलहोत्सुकाः ।
संन्यासिनोपि दृश्यन्ते दैवसंदूषिताशयाः ॥

અર્થ–સંન્યાસીઓ પણ પ્રમાદી, બાહ્યર્દૃષ્ટિવાળા, ચાડીયા, કલહ કરવાને ઉત્સાહી અને દૈવયોગે મલિન અંતઃકરણોવાળા જોવામાં આવે છે.

કર્મયોગાદિકના ક્રમે કરીને બ્રહ્મનાં દર્શન થયા પછી કરેલાં કર્મોવડે બંધન થાય છે કે નહિ? તે શંકાનો ઉત્તર આપે છે.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥
नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ८

કર્મયોગવાળો, શુદ્ધ અંતઃકરણવાળો, શરીર તથા ઇંદ્રિયોને વશ કરનારો અને જેનો આત્મા સર્વ પ્રાણીઓના આત્મારૂપ થયો હોય તેવો પુરુષ માત્ર લોકોને ઉપદેશ આપવા માટે જ કર્મ કરતો હોય તોપણ તે કર્મોથી બંધાતો નથી. ૭

કર્મ કર્યા છતાં પણ કર્મથી બંધાતો નથી, આ વિરુદ્ધ છે. આવી શંકાનો 'કર્મપણાનું અભિમાન ન હોવાથી તે વાત વિરુદ્ધ નથી,' એમ બે શ્લોકવડે ઉત્તર આપે છેઃ—

કર્મ કરનારો પુરુષ ક્રમ પ્રમાણે તત્ત્વવેત્તા થયા પછી દર્શન કરતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, ખાતાં, જતાં, નિદ્રા કરતાં, શ્વાસ લેતાં, વિલાપ કરતાં, ત્યાગ કરતાં, ગ્રહણ કરતાં, આંખ ઉઘાડતાં તથા આંખ મીંચતાં છતાં પણ એમાંનું હું કરતો નથી; એ તો ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં વર્તે છે, એમ માને છે. એટલે કે જોવું, સાંભળવું, અડકવું,

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ९ ॥

સુંઘવું, ખાવું વગેરે જ્ઞાન નેત્ર આદિક ઇન્દ્રિયના વિષયો છે, ચાલવું એ ચરણનો વ્યાપાર છે, નિદ્રા એ બુદ્ધિનો વ્યાપાર છે, શ્વાસ લેવો એ પ્રાણનો વ્યાપાર છે, બોલવું એ વાણીનો વ્યાપાર છે, મળમૂત્રનો ત્યાગ એ ગુહ્ય અને ઉપસ્થનો ધર્મ છે, ગ્રહણ કરવું એ હાથનો વ્યાપાર છે, આંખો મીંચવી, ઉઘાડવી એ કૂર્મ નામના પ્રાણનો વ્યાપાર છે, આમ બુદ્ધિથી નિશ્ચય કરીને હું કંઈ પણ કરતો નથી, એમ જે માને છે તે તત્ત્વવેત્તા પુરુષ કર્મો કરતા છતાં પણ કર્મોથી બંધાતો નથી. ૮–૯

ભાવાર્થ–ભગવાન્ વેદવ્યાસે પણ શારીરકસૂત્રમાં કહ્યું છે કેઃ–तदधिगमे उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात् ॥ જ્ઞાન પ્રાપ્ત થયા પછી નવાં પાપનો સ્પર્શ થતો નથી અને પૂર્વનાં પાતકો નાશ પામે છે.

ત્યારે તો જેને 'હું કરૂં છું' આવું અભિમાન હશે તેને કર્મનો લેપ લાગશે; કારણ કે તેનું અંતઃકરણ મલિન હોય છે, તેથી તેને સંન્યાસનો અધિકાર પણ રહેશે નહિ. આ પ્રમાણે મહા સંકટ આવી પડશે, એ શંકાનો ઉત્તર આપે છેઃ–

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥ १० ॥
कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वंति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ११
युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ।

જે સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરે છે અને તેનાં ફળની આશા કરતો નથી તે, પાણીમાં પડેલું કમળપત્ર જેમ પાણીથી લેપાતું નથી તેમ બંધન-કારક પુણ્યપાપરૂપી કર્મવડે લેપાતો નથી. ૧૦

બંધનનો અભાવ કહ્યો; હવે સદાચારથી મોક્ષ મળે છે તે વાત કહે છેઃ–

યોગીઓ ચિત્તની શુદ્ધિ માટે ફળની આશા છોડીને શરીરવડે સ્નાનાદિક, મનવડે ધ્યાનાદિક, બુદ્ધિવડે સત્ય વસ્તુનો વિચાર આદિ કર્મો તથા આવેશ વિનાની શાંત ઇંદ્રિયોવડે શ્રવણ દર્શન વગેરે કર્મો કરે છે. ૧૧

જે કર્મોવડે કોઇ મુક્ત થાય છે, તે જ કર્મોવડે કોઈ બંધાય પણ છે; માટે તે કર્મોની વ્યવસ્થા કરે છેઃ—

જે કેવળ એક પરમેશ્વર ઉપર જ નિષ્ઠા રાખીને કર્મ કરે છે, પરન્તુ કર્મનાં ફળની ઇચ્છા રાખતો

अयुक्तः कामकारेण फले सक्तो निबद्ध्यते १२

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।

नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

નથી તે આત્યંતિક શાંતિને એટલે મોક્ષને પામે છે, પરન્તુ બહિર્મુખ પુરુષ સકામ કર્મો કરે છે અને ફળમાં આસક્ત રહે છે, માટે તે નિત્ય બંધાય છે. ૧૨

મલિન મનવાળાને સંન્યાસયોગ કરતાં કર્મયોગ સારો છે. આ વાતનો નિર્ણય કર્યો. હવે શુદ્ધ ચિત્તવાળાને સંન્યાસયોગ સારો છે, તે વાત કહે છેઃ–

મનને નિયમમાં રાખનારો પુરુષ, મનને વિક્ષિપ્ત કરનારાં સર્વ કર્મોનો વિવેકી મનથી ત્યાગ કરીને બે નેત્ર, બે નાકનાં છિદ્ર, બે કાનનાં છિદ્ર અને મુખ, આ સાત ઉપરનાં અને ગુદા તથા ઉપસ્થનાં બે નીચેનાં છિદ્રો, એમ નવદ્વારવાળાં દેહપુરમાં, પુરવાસીને જેમ હું પુર છું એવું અભિમાન હોતું નથી, તે પ્રમાણે અભિમાનરહિત થઇને વસે છે. તેથી દેહવડે કંઈ કરતો નથી, તેમ કોઈ પાસે કંઈ કરાવતો પણ નથી, પરન્તુ સુખ મળે તે પ્રમાણે જ્ઞાનનિષ્ઠ થઇને તેમાં નિવાસ કરે છે. ૧૩

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

ભાવાર્થ—મલિનચિત્તવાળો મનુષ્ય કર્મનો ત્યાગ કર્યા પછી પણ ફરીને કર્મ કરે છે તથા કરાવે છે; તેમ શુદ્ધાંતઃકરણવાળો મનુષ્ય કરતો નથી, માટે તે સુખથી શરીરપુરમાં રહે છે.

શ્રુતિ કહે છે કેઃ—एष एव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्यो उन्निनीषते, एष एवासाधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्योऽधो निनीषते.

અર્થ—ઈશ્વર જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છા કરે છે તેની પાસે સારાં કર્મ કરાવે છે અને જેને આ લોકથી અધોગતિએ નાખવાની ઇચ્છા કરે છે, તેની પાસે પાપકર્મ કરાવે છે માટે ઇશ્વરે શુભ તથા અશુભ કર્મોમાં પ્રેરેલો પરાધીન પુરુષ તે કર્મોનો કેવી રીતે ત્યાગ કરી શકે? કદાચ તમે કહેશો કે, ઇશ્વર જ તેને જ્ઞાનમાર્ગમાં પ્રેરણા કરશે, ત્યારે પુરુષ પુણ્ય પાપનો ત્યાગ કરશે, તો ઇશ્વર જ શુભાશુભ કર્મમાં પ્રયોજક તથા કર્તા ઠરશે તેથી વિષમદૃષ્ટિ તથા નિર્દયતા ઇશ્વરને પણ લાગુ પડશે અને તેથી તેને પણ પુણ્ય પાપ લાગશે આવી અર્જુનને શંકા થતાં બે શ્લોકવડે તેનો ઉત્તર આપે છેઃ—

ઇશ્વર જીવના કર્તાપણા વગેરેને તેનાં કર્મો તથા

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥ १५ ॥

કર્મનાં ફળોના સંબંધને ઉત્પન્ન કરતા નથી, પરંતુ તે તો જીવનો જ સ્વભાવ છે, એટલે કે અનાદિ કાળની અવિદ્યા જ જીવને કર્તૃત્વાદિકરૂપે કર્મની સાથે જોડે છે. ૧૪

ભાવાર્થ—જીવ અનાદિ કાળની અવિદ્યાને તથા કામને વશ થવાથી પ્રવૃત્તિમાર્ગમાં પડે છે, એટલે ઈશ્વર તેને કર્મ સાથે જોડે છે, પરંતુ ઈશ્વર કંઈ તેના કર્ત્તાપણા વગેરેને સરજતા નથી.

ઉપર કહેવા પ્રમાણે ઈશ્વર જીવને કર્મમાં પ્રવૃત્તિ કરાવનારા છે, પરંતુ પોતે પૂર્ણકામવાળા છે; માટે કોઈનાં પાપ કે પુણ્યને ગ્રહણ કરતા જ નથી. જો સ્વાર્થની કામનાથી કર્મો કરાવે તો તેને પુણ્ય પાપ લાગે, પરંતુ તે વાત તો અહીં નથી; કારણ કે ઈશ્વર સંપૂર્ણકામનાવાળા છે, માટે તે જ પોતાની અચિં- ત્ય માયાવડે તે તે જીવોને તેઓનાં પૂર્વ જન્મનાં ક- ર્માનુસાર કર્મમાર્ગમાં પ્રવર્ત્તાવે છે. તને કદાચ શંકા થશે કે, પરમાત્મા તો ભક્તો ઉપર અનુગ્રહ કરે છે અને અભક્તોને શિક્ષા કરે છે, માટે તેમાં વિષમતા

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥
तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥

આવવાથી તે સંપૂર્ણ કામનાવાળા કેમ કહેવાય ? આના ઉત્તરમાં કહેવાનું અભક્તને ઇશ્વરનો દંડ પણ અનુગ્રહ માટે જ છે, એમ જાણવું. પરંતુ “પરમાત્મા સર્વત્ર સમદૃષ્ટિવાળા છે.” આવું જ્ઞાન અજ્ઞાનવડે ઢંકાઇ ગયું છે, માટે જીવો મોહ પામે છે અર્થાત્ ઇશ્વર વિષે વિષમતા આદિ દોષદૃષ્ટિ કરે છે. ૧૫

જ્ઞાનીઓ મોહ પામતા નથી, તે વાર્તા કહે છે:-

ભગવાનને વિષે વિષમતા આરોપણ કરનારાં અજ્ઞાનનો નાશ કરનારું જ્ઞાન તેઓનાં અજ્ઞાનનો નાશ કરીને, જેમ સૂર્ય અંધારાને દૂર કરી સર્વ વસ્તુઓનો પ્રકાશ કરે છે, તેમ પરિપૂર્ણ એવા ઈશ્વરના સ્વરૂપને પ્રકાશ કરે છે. ૧૬

તે ઈશ્વર વિષે જ જેઓની નિશ્ચયાત્મક બુદ્ધિ છે, તેને વિષે જ જેઓનું દૃઢ મન છે, તેને વિષે જ

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ।।१८।।
इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।

જેઓની એક નિષ્ઠા છે, તેજ જેઓનો એક પરમ આશ્રય છે તથા તેની કૃપાથી મેળવેલા આત્મજ્ઞાનવડે જેઓનું પાતક ધોવાઈ ગયું છે એવા તે પુરુષો મોક્ષને પામે છે. ૧૭

મોક્ષે જનારા જ્ઞાનીઓ કેવા છે? આ પ્રશ્નનો ઉત્તર આપે છેઃ–

વિદ્યાવંત તથા વિનયસંપન્ન બ્રાહ્મણ ઉપર, ગાય ઉપર, હાથી ઉપર, કુતરા ઉપર અને કુતરાને રાંધી ખાનારા ચંડાળ ઉપર, એમ જાતિવડે તથા કર્મવડે ઉંચ નીચ એવાં પ્રાણીઓ ઉપર જ્ઞાની પુરુષો સમદૃષ્ટિથી–બ્રહ્મદૃષ્ટિથી જુવે છે. (પણ તેઓની સાથે સરખું વર્તન કરતો નથી.) ૧૮

વિષમ ઉપર સમદૃષ્ટિ કરવી એ નિષિદ્ધ છે, માટે વિષમ ઉપર સમદૃષ્ટિ કરનાર પુરુષ પંડિત કેમ કહેવાય? ગૌતમે કહ્યું છે કે, "समासमाभ्यां विषमसमे पूजातः એક ચતુર્વેદ પારગના કરતાં બીજા ચતુર્વેદ પારગની વિષમ એટલે ન્યૂન પૂજા અને હીન પુરુષની ચતુર્વેદ પુરુષની સાથે સરખી પૂજા કરનારો પુરુષ આ લોકમાંથી તથા પરલોકમાંથી ભ્રષ્ટ થાય છે." આ શંકાનું સમાધાન કરતાં શ્રીકૃષ્ણ કહે છેઃ–

निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः १९
न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥२०॥
बाह्यस्पर्शेष्वसक्तात्मा विंदत्यात्मनि यत्सुखम् ।

જેઓનું મન સમતાપણામાં રહેલું છે, તેઓએ જીવતાં જ આ સંસારને જિત્યો છે એમ સમજવું; કારણ કે બ્રહ્મ, સર્વત્ર સમદૃષ્ટિવાળું અને નિર્દોષ છે, માટે સમદૃષ્ટિવાળા બ્રહ્મભાવને જ પામ્યા છે, એમ જાણવું. ૧૯

ભાવાર્થ—ગૌતમે કહેલો દોષ બ્રહ્મભાવ થયા અગાઉ સમજવો; કારણ કે તે વેળા પૂજક અને પૂજ્યભાવ હોય છે, પરંતુ બ્રહ્મભાવ થયા પછી સર્વ સમાન દેખાય છે.

બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલા પુરુષનું લક્ષણ કહે છેઃ—

જે બ્રહ્મના સ્વરૂપને જાણીને બ્રહ્મભાવને પામ્યો છે તે પ્રિય વસ્તુના લાભથી હર્ષ પામતો નથી; અને અપ્રિય વસ્તુના લાભથી ખિન્ન થતો નથી; કારણ કે તેનો મોહ નિવૃત્ત થવાથી તેની બુદ્ધિ સ્થિર થાય છે. ૨૦

स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥२१॥
ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥२२॥

મોહની નિવૃત્તિ થયા પછી બુદ્ધિની સ્થિરતાનાં કારણ કહે છે:—

જેનું મન ઇંદ્રિયોના બાહ્ય વિષયોમાં આસક્ત થયું નથી, તે અંતઃકરણના ઉપશમરૂપી સાત્વિક સુખને મેળવે છે અને ઉપશમનું સુખ સંપાદન કર્યા પછી જેનો આત્મા સમાધિવડે બ્રહ્મની સાથે ઐક્યપણાને પામ્યો છે એવો તે પુરુષ અક્ષય્ય એવાં મોક્ષસુખને મેળવે છે. ૨૧

મોક્ષમાં તો પ્રિય એવા વિષયભોગો વિનાશ પામે છે, માટે મોક્ષ એ પુરુષાર્થ કેમ થઈ શકે? તેના ઉત્તરમાં કહે છે:—

વિષયાદિકથી ઉત્પન્ન થયેલા ભોગો—સુખો સ્પર્દ્ધા, ઇર્ષ્યા આદિથી ભરેલા છે માટે તે દુઃખના જ કારણભૂત અને આદિ તથા અંતવાળા છે, તેથી વિવેકી, તે સુખો ઉપર રાચતો નથી. ૨૨

માટે મોક્ષ જ પરમ પુરુષાર્થ છે અને કામક્રોધના વેગ તેના મહાશત્રુ છે; માટે જે કામક્રોધના વેગને સહન કરી શકે છે તે જ મોક્ષનો ભાગી છે, તે વાર્તા કહે છે:—

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः॥२३॥

જે કામ તથા ક્રોધથી ઉત્પન્ન થયેલા વેગને એટલે મન, નેત્ર આદિના ક્ષોભને, તેની ઉત્પત્તિના સમયથી લઇને શરીર પડે ત્યાં સૂધી રુંધી શકે છે, તે પુરુષ યોગી અને સુખી છે, બીજો નથી. ૨૩

અથવા તો મરણ પછી વિલાપ કરતી સ્ત્રીઓ, પુરુષના નિર્જીવ શરીરને આલિંગન કરે છે અને તેને પુત્રાદિક બાળી નાંખે છે, તોપણ પ્રાણરહિત શરીર, જેમ કામ ક્રોધના-વેગને સહન કરે છે, તેમ જે મરણની પૂર્વે જીવતાં પણ કામ અને ક્રોધના વેગને સહન કરે છે, તેજ યોગી અને સુખી છે. ૨૩

ભાવાર્થ—વાસિષ્ઠ કહે છે કે, प्राणे गते यथा देहः सुखं दुःखं न विन्दति । तथा चेत् प्राणयुक्तोऽपि स कैवल्याश्रयो भवेत् ॥ પ્રાણ નાશ થયા પછી જેમ દેહ, સુખ-ને કે દુઃખને પામતો નથી, તેમ પ્રાણ હોય ત્યારે પણ સુખ દુઃખને ગણે નહિ તો તે મોક્ષપદને પામે છે. આજ ભાવ ઉપરના શ્લોકમાં છે.

મનુષ્ય કેવળ કામ ને ક્રોધના વેગને અટકાવવાથી મોક્ષ

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति २४
लभंते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥२५॥
कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।

મેળવતો નથી, પરંતુ તેમાં વિશેષ સાધનની જરૂર છે, તે વાત કહે છે.

જે મનુષ્ય વિષયોમાં સુખ ન માનતાં પરમાત્મામાં જ સુખ માને છે, જે સંસારમાં આરામ ન માનતાં અંતરમાં જ આરામ માને છે, જે ગીત, નૃત્ય આદિકમાં દૃષ્ટિ ન રાખતાં અંતરમાં જ દૃષ્ટિ રાખે છે, તે યોગી, પરબ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મમાં જ લય થાય છે. ૨૪

પાપ અને સંશયરહિત, મનને નિયમમાં રાખનારા અને સર્વ પ્રાણીઓના હિતમાં તત્પર અર્થાત્ કૃપાળુ, એવા વિવેકી ઋષિઓ બ્રહ્મને વિષે લય પામે છે. ૨૫

કામ અને ક્રોધથી રહિત, મનને નિયમમાં રાખનારા અને આત્મતત્ત્વને જાણનારા સંન્યાસીઓ

अभितो ब्रह्म निर्वाणं वर्तते विदितात्मनाम् २६
स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यंतरचारिणौ २७
यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।

મરણુ પછી મોક્ષ પામે છે એમ નથી. પરંતુ તેઓ જીવતાં જ સદેહે બ્રહ્મમાં લય પામે છે. ૨૬

स योगी ब्रह्मनिर्वाण ઇત્યાદિ વચનોમાં યોગી મોક્ષ પામે છે આમ કહ્યું છે, તે યોગ ટૂંકામાં બે શ્લોકવડે કહે છે.

બહારના વિષયોનો વિચાર કરવાથી તે અંતરમાં પ્રવેશ કરે છે, માટે વિષયનો વિચાર નહિ કરતાં તેનો ત્યાગ કરીને, નેત્રને બહુ મીંચી જવાથી મન નિદ્રાધીન થાય છે અને ઉઘાડવાથી મન બહાર જાય છે, માટે તે બન્ને દોષ દૂર કરવા માટે અર્ધાં ઉઘાડાં રાખેલાં નેત્રોને ભ્રુકુટીની વચ્ચે રાખીને પ્રાણુ અને અપમાન નાસિકામાં ઉચ્છ્વાસ તથા નિઃશ્વાસ રૂપે ફરે છે, તેની ઉંચી નીચી ગતિને અટકાવી, તેના વેગને સરખો કરીને અથવા તો પ્રાણુ બહાર નિકળે નહિ અને અપાન અંદર પેશી જાય નહિ, પરંતુ તે બન્નેય નાસિકાના મધ્યમાં જ ફરે તેમ

विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः २८
भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ।२९।

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्री-कृष्णार्जुनसंवादे संन्यासयोगो नाम पञ्चमोऽध्यायः ॥५॥

ધીરા ઉચ્છ્વાસ તથા નિઃશ્વાસ વડે તેને સમાન કરીને ઇંદ્રિયોને, મનને તથા બુદ્ધિને નિયમમાં રાખનારા, મોક્ષને પરમ ધામ માનનારા, જેની ઇચ્છા, ભય તથા ક્રોધ દૂર થયા છે એવા મુનિઓને જીવતાં પણ સદાય મુક્ત જ સમજવા. ૨૭–૨૮

ઇન્દ્રિયાદિકના સંયમ માત્રથી જ મોક્ષ કેમ મળે? કેવળ ઇન્દ્રિયાદિકના વિજયથી મોક્ષ મળતો નથી, પરંતુ જ્ઞાનદ્વારા મોક્ષ મળે છે, તે વાર્તા કહે છેઃ–

મારા ભક્તોએ કરેલા યજ્ઞોનો તથા તપશ્ચર્યાનો દૈવેચ્છાથી ઉપભોગ કરનાર અથવા તો રક્ષણ કરનાર, સર્વે લોકોનો મહેશ્વર, સર્વ પ્રાણીઓનો નિરપેક્ષ ઉપકાર કરનાર અને અંતર્યામી એવો જે હું, તેને જાણ્યા પછી મારી કૃપાથી પુરુષ શાંતિ (મોક્ષ)ને પામે છે. ૨૯

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'સંન્યાસયોગ,' નામનો અધ્યાય પાંચમો સંપૂર્ણ

॥ श्रीभगवानुवाच ॥

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः १

પાંચમા અધ્યાયના છેવટના ભાગમાં સંક્ષેપથી યોગ કહ્યો. હવે તેનો વિસ્તાર કરવા માટે આ છઠ્ઠા અધ્યાયનો આરંભ કરે છે. પાંચમા અધ્યાયમાં सर्वकर्माणि मनसा ઇત્યાદિક વચનોથી સંન્યાસપૂર્વક જ્ઞાનનિષ્ઠા કહી હતી અને કર્મો દુઃખમય હોવાથી એકએક તેનો ત્યાગ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. તે વારવા માટે કર્મસંન્યાસ કરતાં કર્મયોગ શ્રેષ્ઠ છે, આમ બે શ્લોક વડે તેની પ્રશંસા કરે છેઃ–

શ્રીભગવાન્ કહે છે—જે કર્મનાં ફળની ઇચ્છા રાખ્યા વિના આવશ્યક એવાં શાસ્ત્રોક્ત કર્મો કરે છે તેજ સંન્યાસી તથા યોગી છે; પરંતુ જે અગ્નિથી થઇ શકે તેવા યજ્ઞાદિકો ન કરનારો તથા અગ્નિ વિના બની શકે તેવાં વાવ, કૂવા, તળાવ વગેરે પુણ્ય કર્મો ન કરનારો હોય, તે સંન્યાસી કે યોગી નથી. ૧

આ તમે કહો છો શું? આમ અર્જુને કહેતાં, શ્રીકૃષ્ણ કર્મયોગ જ સંન્યાસ છે, એમ સિદ્ધ કરે છે.

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥ २ ॥
आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥

હે પાંડુના પુત્ર અર્જુન! વિદ્વાનો જેને સંન્યાસ યોગ કહે છે, તેને જ તારે કર્મયોગ જાણવો; પરંતુ જેણે ફળના સંકલ્પનો ત્યાગ કર્યો નથી એવો કોઈ પણ પુરુષ કર્મનિષ્ઠ કે જ્ઞાનનિષ્ઠ હોય તોપણ તે યોગી ગણાતો નથી અર્થાત્ નિષ્કામ કર્મ કરનારો પુરુષ ફળોના સંકલ્પનો ત્યાગ કરે છે, માટે તેજ સંન્યાસી છે અને ફળના સંકલ્પનો ત્યાગ કરવાથી જ ચિત્તનો વિક્ષેપ દૂર થાય છે, માટે યોગી પણ તે જ છે. ૨

ત્યારે તો જીવતાં સુધી કર્મ કરવાં એમ ઠર્યું, આવી શંકા પ્રાપ્ત થતાં તેનો અવધિ કહે છે.

જ્ઞાનયોગ સંપાદન કરવાની ઇચ્છાવાળા મુનિને જ્ઞાનયોગ પ્રાપ્ત કરવામાં કર્મ કારણ કહેવાય છે; કારણ કે કર્મો ચિત્તની શુદ્ધિ કરે છે અને જ્ઞાનનિષ્ઠને જ્ઞાનના પરિપાકમાં શમ એટલે ચિત્તને ચંચળ કરનારાં કામથી વિરામ પામવું, એ કારણ કહેવાય છે. ૩

यदा हि नेंद्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥
उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

કર્મોથી વિરામ પામનારો યોગારૂઢ કેવો હોય છે? તે કહે છે.

આસક્તિના મૂળભૂત સર્વ ભોગોને અને તેનાં સાધનરૂપ કર્મોના સંકલ્પોને ત્યાગ કરનારો પુરુષ જ્યારે ઇંદ્રિયોના શબ્દ આદિક વિષયોમાં અને તેના સાધનભૂત કર્મોમાં આસક્તિ રાખતો નથી, ત્યારે તે યોગારૂઢ કહેવાય છે. ૪

માટે વિષયાસક્તિનો ત્યાગ કરવાથી મોક્ષ મળે છે અને તેમાં આસક્તિ રાખવાથી બંધન મળે છે, આમ જાણીને રાગાદિક સ્વભાવનો ત્યાગ કરવો, તે વાત કહે છે.

વિવેકી મનવડે સંસારમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કરવો, પરંતુ તેને અધોગતિએ પહોંચાડવો નહિ. સંસારમાં વિરાગ પામેલું મન જ પોતાનો બંધુ છે એટલે ઉપકાર કરનાર છે અને સંસારના સંગમાં આસક્ત થયેલું એક મન જ પોતાનું વૈરી છે એટલે અશુભ કરનાર છે. ૫

बंधुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥
जितात्मनः प्रशांतस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥

કેવા પુરુષને આત્મા બંધુ છે? અને કેવા પુરુષને આત્મા શત્રુ છે? તે કહે છે.

જેણે પોતે જ કાર્ય કારણના સમુદાયરૂપ આ શરીરને વશ કર્યું છે, તેને પોતાને જ તે સમુદાય બંધુરૂપ છે અને જેણે તે સમુદાયનો વિજય કર્યો નથી, તેને તે સમુદાય જ શત્રુની પેઠે અપકાર કરનાર થઈ પડે છે. ૬

જિતાત્મા પોતાનો બંધુ છે, એ વાત પ્રગટ કરે છે.

મન ઇંદ્રિયાદિકનો વિજય કરનાર અને રાગઆદિકદોષરહિત પુરુષનોજ આત્મા, ટાઢ, તડકો, સુખ અને દુઃખની વેળાએ તથા માન અને અપમાનની વેળાએ પણ દુઃખ ન પામતાં કેવળ સ્વસ્વરૂપમાં રહે છે અથવા તો પરમાત્મા તેના હૃદયમાં વાસ કરે છે. ૭

યોગારૂઢનું લક્ષણ તથા તેની શ્રેષ્ઠતા કહી ઉપપાદન કરીને તેનો ઉપસંહાર કરે છે.

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेंद्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥८॥
सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

ઉપદેશથી મળેલાં જ્ઞાનવડે તથા સાક્ષાત્ અનુભવથી મળેલાં જ્ઞાનવડે જેનું મન તૃષ્ણારહિત થયું છે, જે છ વિકારરહિત છે, જેણે ઇંદ્રિયોનો વિજય કર્યો છે, જેને માટીના કટકા ઉપર, પાષાણુ ઉપર અને સુવર્ણુ ઉપર સમાન બુદ્ધિ છે અર્થાત્ સર્વને સમાન ગણે છે, તે યોગી—યોગારૂઢ કહેવાય છે. ૮

સ્વભાવથી જ હિત વચન કહેનારા સુહૃદો ઉપર, સ્નેહને લીધે ઉપકાર કરનારા મિત્ર ઉપર, નાશ કરનારા શત્રુ ઉપર, ઉદાસીન ઉપર, બે જણા વિવાદ કરતા હોય તે બંનેને હિતકારક વાત કહેનારા મધ્યસ્થ ઉપર, પોતાના દ્વેષી ઉપર, બંધુ એટલે સંબંધી ઉપર, સાધુ—સદાચારી ઉપર અને પાપી—દુરાચારી ઉપર જે રાગદ્વેષરહિત હોય એટલે સમબુદ્ધિ રાખતો હોય તે યોગારૂઢ કરતાં પણ શ્રેષ્ઠ કહેવાય છે. ૯

આ પ્રમાણે યોગારૂઢનું લક્ષણ કહી હવે સાંગ યોગ કહે છે.

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥१०॥
शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ११
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥ १२ ॥

નિત્ય મનને તથા શરીરને નિયમમાં રાખનારા, આકાંક્ષારહિત અથવા તો આહારરહિત અને પરિગ્રહ વિનાના એવા યોગીએ સર્વ સંગનો ત્યાગ કરી, સદાય એકાંતમાં રહેવું અને મનને સમાધિમાં જોડવું. ૧૦

આસનનો પ્રકાર કહે છેઃ—

આસન બહુ ઉંચું નહિ તેમ બહુ નીચું નહિ રાખવું, પરંતુ સમાન રાખવું. તેની નીચે દર્ભાસન, દર્ભાસન ઉપર મૃગચર્મ અને તેના ઉપર વસ્ત્રાસન એમ પોતાને માટે પવિત્ર જગ્યામાં સ્થિર આસન બીછાવવું. તે પછી મનની તથા ઇંદ્રિયોની ક્રિયાને નિયમમાં રાખનારા યોગીએ, તે આસન ઉપર બેસીને મનને એકાગ્ર કરવું એટલે વિક્ષેપરહિત કરવું અને તે પછી મનની શુદ્ધિને માટે યોગાભ્યાસ કરવો. ૧૧–૧૨

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ।१३।
प्रशांतात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ।।१४।।
युंजन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।

ચિત્તની એકાગ્રતામાં ઉપયોગી એવી શરીરાદિની ધારણા બે શ્લોકવડે દર્શાવે છે:—

કટિ, મસ્તક તથા ગ્રીવા એટલે મૂલાધારથી લઈને મસ્તકના અગ્રભાગ સૂધી સર્વ અવયવોને સરખી રીતે સ્થિર રાખીને દૃઢ પ્રયત્નવાળા થવું, દિશાઓમાં આડી અવળી દૃષ્ટિ નહિ કરતાં પોતાના નાકની ડાંડી તરફ દૃષ્ટિ રાખવી, એટલે અર્ધ નેત્ર ઉઘાડાં રાખવાં, મનને શાંત કરવું, નિર્ભય થવું, બ્રહ્મચર્ય વ્રતમાં રહેવું, મનને નિયમમાં રાખી મારે વિષે મન રાખવું અને મને જ પરમ પુરુષાર્થ માની યોગયુક્ત થઈને આસન ઉપર બેસવું. ૧૩–૧૪

યોગાભ્યાસનું ફળ કહે છે:—

આ પ્રમાણે મનને સદાય સમાધિમાં જોડનારો તથા મનને નિયમમાં રાખનારો યોગી, જેમાં મોક્ષ

शांतिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥१५॥
नात्यश्नतस्तु योगोऽस्ति न चैकांतमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन॥१६॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा॥१७॥

પરમ પ્રાપ્ય છે, એવી મારા રૂપ શાંતિ સ્થિતિને પામે છે અર્થાત્ બ્રહ્મભાવને પામે છે. ૧૫

યોગાભ્યાસી મનુષ્યને આહાર વિહાર આદિકનો નિયમ.

હે અર્જુન! બહુ ભોજન કરનારો યોગ કરી શકતો નથી, તેમ કેવળ ઉપવાસ કરનારો પણ યોગ કરી શકતો નથી. બહુ નિદ્રાળુ પણ યોગ કરી શકતો નથી, તેમ ઉજાગરો કરનારો પણ યોગ કરી શકતો નથી. ૧૬

પરંતુ નિયમિત આહાર વિહાર કરનાર, નિયમ પ્રમાણે કામકાજ કરનાર, નિયમ પ્રમાણે નિદ્રા કરનાર તથા જાગ્રત રહેનાર મનુષ્ય, દુઃખને દૂર કરનાર એવો યોગાભ્યાસ કરી શકે છે. ૧૭

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥१८॥
यथा दीपो निवातस्थो नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः ॥१९॥

પુરુષ યોગારૂઢ ક્યારે થાય છે?

જ્યારે સારી પેઠે નિયમમાં રાખેલું પુરુષનું મન આત્મામાં જ સ્થિર થાય છે અને તે આ લોકના તથા પરલોકના ભોગની તૃષ્ણાનો ત્યાગ કરે છે, ત્યારે તે પુરુષ આત્મયોગને પ્રાપ્ત થયો કહેવાય છે. ૧૮

આત્માની સાથે એકરૂપે રહેલું મન કેવું હોય છે? તેની ઉપમા કહે છે.

આત્મજ્ઞાન માટે યોગાભ્યાસ કરનારા અને મનને નિયમમાં રાખનારા યોગીનું મન પવન વિનાના સ્થાનમાં રહેલો દીવો જેમ ચલાયમાન થતો નથી, તેમ નિશ્ચળ રહે છે અર્થાત્ નિશ્ચળ-પણાથી પ્રકાશવાળું એવું યોગીનું સ્થિર મન પણ દીવાની પેઠે સ્થિર રહે છે. ૧૯

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव (અ. ૬ શ્લો. ૨) ઇત્યાદિક વચનોમાં યોગશબ્દથી કર્મ જ કહ્યું હતું અને હમણાં नात्यश्नतस्तु योगोस्ति એ શ્લોકમાં योग શબ્દવડે સમાધિ

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति २०
सुखमात्यंतिकं यत्तद्बुद्धिग्राह्यमतींद्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥२१॥

કહી, માટે આ બેમાં મુખ્ય યોગ કયો જાણવો? આવી શંકા થતાં 'સમાધિ'માં જ તે મુખ્ય છે, એ વાત સાડા ત્રણ શ્લોકવડે કહે છેઃ–

જે અવસ્થામાં યોગાભ્યાસવડે રુંધેલું મન શાંતિ પામે છે, જે અવસ્થામાં શુદ્ધ મનવડે આત્માનાંજ દર્શન કરતો થકો વિષયોને સેવતો નથી, પરંતુ આત્મા વિષેજ સંતોષ પામે છે; ૨૦

ભાવાર્થ–પ્રથમ પદે કરીને યોગાભ્યાસનું સ્વરૂપ કહ્યું. પાતંજલ સૂત્રમાં કહ્યું છે કે, "योगश्चित्तवृत्ति-निरोधः ચિત્તની વૃત્તિનો નિરોધ એ યોગ" અને બીજા પદે કરીને સમાધિનું ફળ નિરૂપણ કર્યું.

જે અવસ્થામાં રહેલો પુરુષ, ઇંદ્રિયાદિકથી ગ્રહણ થઈ શકે નહિ, પણ કેવળ બુદ્ધિથી જ ગ્રહણ થઈ શકે એવા નિરતિશય અને નિત્ય સુખને જાણે છે તથા જે અવસ્થામાં રહેલો પુરુષ આત્માનાં સ્વરૂપથી ચલાયમાન થતો નથી; ૨૧

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते २२
तं विद्यादुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा॥२३

તથા જે અવસ્થામાં આત્મસુખરૂપી લાભને મેળવ્યા પછી બીજા લાભને તેના કરતાં અધિક માનતો નથી; કારણ કે, તે સર્વ કરતાં શ્રેષ્ઠ સુખ છે તથા જે અવસ્થામાં રહેલો પુરુષ, ટાઢ, તડકા વગેરે મોટાં સંકટો નડ્યા છતાં પણ તેમાંથી ચલાયમાન થતો નથી; ૨૨

વળી જે અવસ્થામાં લેશ માત્ર પણ દુઃખનો સંયોગ હોતો નથી તે અવસ્થાને યોગ જાણવો ને તે યોગ આ પ્રમાણે મહાફલ આપનારો છે, માટે શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશથી નિશ્ચય વિચાર કરીને યોગાભ્યાસ કરવો. યોગાભ્યાસ જો કે, તુરત સિદ્ધ થતો નથી, તથાપિ દુઃખ થવાના વિચારથી શિથિલ ન થતાં પ્રસન્ન મનવડે યોગાભ્યાસ કરવો. ૨૩

ભાવાર્થ—શૂરવીરમાં જેમ વિરુદ્ધ લક્ષણુથી કાતર

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं विनियम्य समंततः ॥ २४ ॥
शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् २५

(બાંધેલો) શબ્દ કહેવામાં આવે છે, તેમ અહીં પણ વિયોગને ઠેકાણે યોગ શબ્દ કહેલો છે.

સંકલ્પોથી ઉત્પન્ન થનારી અને યોગાભ્યાસથી પ્રતિકૂલ એવી વાસનાવાળી સર્વ કામનાઓનો ત્યાગ કરી, વિષયોમાં દૃષ્ટિ કરનારા મનવડે જ ચારે તરફ પ્રસરતા ઇંદ્રિયોના ગણોને નિયમમાં રાખીને, યોગાભ્યાસ કરવો. ૨૪

જો પૂર્વ જન્મનાં કર્મોના સંસ્કારથી મન ચલાયમાન થાય તો તેને ધારણાવડે સ્થિર કરવું, તે વાર્તા કહે છેઃ-

ધારણાવડે બુદ્ધિને વશ કરવી અને વશ કરેલી બુદ્ધિવડે મનને પરમાત્મામાં સ્થિર કરી, ધીરે ધીરે–ઉતાવળા ન થતાં અભ્યાસના ક્રમથી વિરામ પામવું, એટલે કોઈ પણ વસ્તુનો મનમાં વિચાર કરવો નહિ અર્થાત્ નિશ્ચલ મન વિષે સ્વયંપ્રકાશ-માન એવા પરમાનંદ સ્વરૂપ થવું અને પછી આત્માનું સ્મરણ પણ ત્યાગ કરવું. ૨૫

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥२६॥
प्रशांतमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शांतरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥
युंजन्नेवं सदाऽऽत्मानं योगी विगतकल्मषः ।

આમ કરતાં છતાં પણ મન રજોગુણને લીધે કદાચ ચલાયમાન થાય તો ફરી તેને વિષયોમાંથી પાછું વાળીને વશ કરવું તે કહે છેઃ-

સ્વાભાવિક રીતે ચંચળ એવાં મનને સ્થિર કર્યા છતાં પણ તે જો સ્થિર ન રહે તો જે જે વિષય તરફ જાય તે તે વિષયોમાંથી તેને પાછું વાળીને આત્માને વિષે જ સ્થિર કરવું. ૨૬

પ્રત્યાહાર આદિક ઉપાયોવડે મનને વશ કરનારા યોગીનો જ્યારે રજોગુણ નાશ પામે છે, ત્યારે તે, જે યોગસુખને પામે છે, તે વાર્તા કહે છે.

ઉપર કહેવા પ્રમાણે જે રજોગુણ રહિત થાય છે, પાપ રહિત થાય છે અને બ્રહ્મસ્વરૂપ થાય છે, તે યોગીને સમાધિનું સુખ સ્વયં પ્રાપ્ત થાય છે. ૨૭

આ પ્રમાણે સદા મનને સ્વાધીન કરનારો સર્વ

सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥ २८ ॥
सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥
यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति॥३०॥

પાપરહિત યોગી, શ્રમ વિના, અવિદ્યાનો નાશ કરનારા એવા બ્રહ્મના અપરોક્ષ જ્ઞાનરૂપી સર્વોત્તમ સુખને પામે છે અર્થાત્ જીવન્મુક્ત થાય છે. ૨૮

યોગાભ્યાસથી મનને એકાગ્ર કરનારો અને સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ કરનારો પુરુષ, અવિદ્યાથી ઉત્પન્ન થયેલાં શરીરાદિકે કરેલા વિભાગોથી રહિત પોતાના આત્માને બ્રહ્માથી માંડીને સ્થાવર પર્યંત સર્વ ભૂતોમાં જુવે છે અને સર્વ ભૂતોને પોતાને વિષે એકયરૂપે દેખે છે. ૨૯

આવું આત્મજ્ઞાન સર્વ પ્રાણીરૂપ મારી ઉપાસના કરવાથી થાય છે, તે વાત કહે છેઃ-

જે મને પરમેશ્વરને સર્વ પ્રાણીઓ વિષે જુવે છે, તથા જે સર્વ પ્રાણીઓને મારે વિષે જુએ છે, તે મનુષ્યને હું પરોક્ષ નથી તથા તે મારે પરોક્ષ (અદીઠ)

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥ ३१ ॥
आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ३२

નથી અર્થાત્ હું તેને દર્શન આપીને કૃપાદૃષ્ટિથી તેના ઉપર અનુગ્રહ કરું છું. ૩૦

સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ કરનારો, વિધિ નિષેધને વશ થતો નથી, તે વાત કહે છે:–

જે પુરુષ સર્વ પ્રાણીઓમાં રહેલા એવા મને એકત્વ બુદ્ધિથી ભજે છે, તે જ્ઞાની સર્વથા કર્મનો ત્યાગ કરે છે તો પણ તે મારે વિષે જ મોક્ષને પામે છે અર્થાત્ ભ્રષ્ટ થતો નથી. ૩૧

ઉપર પ્રમાણે મને ભજનારા યોગીઓની મધ્યે જેઓ પ્રાણીઓ ઉપર દયા કરે છે, તે શ્રેષ્ઠ છે, તે વાત કહે છે:–

હે અર્જુન! જે યોગી પોતાને જેમ સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, તેમ પોતાના સમાન બીજા સર્વેને પણ સુખ અથવા તો દુઃખ સમાન છે, આમ જાણે છે માટે સૌને સુખ થાય, આવી ઈચ્છા કરે છે, પરંતુ કોઇને પણ દુઃખ થાય એવી ઈચ્છા કરતો નથી, તે યોગીને હું શ્રેષ્ઠ માનું છું. ૩૨

॥ अर्जुन उवाच ॥

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥
चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥

ઉપર કહેલો યોગ અશક્ય છે, આમ માનીને અર્જુન પૂછે છે.

અર્જુને પૂછ્યું—હે મધુસૂદન ! મનના લયને તથા તેની ચંચળતાને અટકાવીને તેને કેવળ આત્મસ્વરૂપે રાખવાથી જે સમાધિયોગ થાય છે, તે તમે કહ્યો. પરંતુ મન ચંચળ હોવાથી એ યોગ ચિરકાળ સૂધી સ્થિર ટકી રહે એમ હું દેખતો નથી. ૩૩

મનની ચંચળતા કહે છે.

હે કૃષ્ણ! મન સ્વાભાવિક રીતેજ ચંચળ છે, શરીર ને ક્ષોભ પમાડનારું, બળવાન્ (વિચારથી પણ જિતી શકાય નહિ તેવું) અને વિષય વાસનામાં આસક્ત હોવાથી ભેદી શકાય નહિ તેવું છે, માટે આકાશમાં વહેતા પવનને જેમ ઘડામાં રોકી શકાતો નથી, તેમ મનના નિરોધને પણ હું કઠિન માનું છું. ૩૪

श्रीभगवानुवाच ॥

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥३५॥

શ્રીભગવાન્ મનની ચંચળતા આદિકને સ્વીકારીને જ મનના નિગ્રહનો ઉપાય કહે છે.

શ્રીભગવાન્ કહે છે–'હે મહાબાહુવાળા કુંતીપુત્ર! ચંચળતા આદિક કારણોને લીધે મનને રોકવું, એ અશક્ય છે' આમ જે તું કહે છે, એ વાત ખરી જ છે. પરંતુ વિષયોનો વિચાર દૂર મૂકીને અભ્યાસવડે વારંવાર બ્રહ્માકાર વિચાર કરવાથી એટલે હું અલેપ, અગુણ અને નિત્ય છું, આવો વારંવાર વિચાર કરવાથી તથા વિષયો ઉપર વૈરાગ્ય ધારણ કરવાથી, મનને આધીન કરી શકાય છે. ૩૫

ભાવાર્થ–અભ્યાસ કરવાથી મનનો લય થતો અટકે છે અને વૈરાગ્યથી વિક્ષેપ દૂર થાય છે, એટલે નિવૃત્તિવાળું મન પરમાત્મારૂપે પરિણામ પામે છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

मनसो वृत्तिशून्यस्य ब्रह्माकारतया स्थितिः ।
याऽसंप्रज्ञातनामासौ समाधिरभिधीयते ॥

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६॥

॥ अर्जुन उवाच ॥

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ३७

વૃત્તિરહિત મનની જે બ્રહ્માકાર સ્થિતિ થાય છે, તે અસંપ્રજ્ઞાત નામની સમાધિ કહેવાય છે.

જેણે ઉપર કહેલા અભ્યાસથી તથા વૈરાગ્યથી મનને વશ કર્યું નથી, તે પુરુષ, આ યોગ મેળવવા માટે અસમર્થ છે એમ હું માનું છું, પરંતુ જેણે અભ્યાસ અને વૈરાગ્યથી મનને વશ કર્યું છે, તે પુરુષ ફરીને આ ઉપાયવડે પ્રયત્ન કરે છે, તો તેને સમાધિયોગ મળી શકે છે. ૩૬

અભ્યાસ તથા વૈરાગ્ય, એ બન્ને ન હોવાથી યથાર્થ જ્ઞાનરહિત પુરુષ, કયા ફળને પામે છે? આવો પ્રશ્ન અર્જુન પૂછે છેઃ—

અર્જુન પૂછે છે—હે કૃષ્ણ! કોઈ પુરુષ પણ પ્રથમ શ્રદ્ધા સાથેજ યોગમાર્ગમાં પ્રવર્તે છે, પરંતુ પાછળથી તેમાં સારી રીતે પ્રયત્ન કરતો નથી, અર્થાત્

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥३८॥

અભ્યાસને શિથિલ પાડી નાખે છે. વળી તેનું મન પણ યોગમાંથી ચલાયમાન થઈને વિષય તરફ વળે છે અર્થાત્ તેનો વૈરાગ્ય મંદ પડી જાય છે, આવી રીતે અભ્યાસ તથા વૈરાગ્ય શિથિલ પડી જવાથી પુરુષને યોગનું ફળ જ્ઞાન મળતું નથી, ત્યારે તેની શી ગતિ થાય છે? ૩૭

હે મહાબાહુવાળા! નિત્ય તથા નૈમિત્તિક કર્મો ઈશ્વરાર્પણ કરવાથી અને કામ્ય કર્મો ન કરવાથી કર્મનાં ફળ જે સ્વર્ગાદિક લોક, તે મનુષ્યને મળતાં નથી, તેમ જ યોગ પણ અપૂર્ણ રહેવાથી તેનું ફળ જે મોક્ષ તે પણ મળતો નથી. આ રીતે ઉભયમાંથી ભ્રષ્ટ થયેલો, આધાર વિનાનો તથા બ્રહ્મપ્રાપ્તિના ઉપાયરૂપી માર્ગમાં મૂઢ થયેલો પુરુષ જેમ એક વાદળાંમાંથી છૂટું પડેલું વાદળું બીજાં વાદળાંમાં ન મળતાં વચ્ચે જ વિનાશ પામે છે તેમ તેનો પણ વચ્ચે નાશ થતો નથી ના? ૩૮

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता नह्युपपद्यते ॥ ३९ ॥
॥ श्रीभगवानुवाच ॥
पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥४०॥

હે કૃષ્ણ ! આ મારા સંદેહને સર્વજ્ઞ એવા તમે સંપૂર્ણ રીતે દૂર કરવા સમર્થ છો. તમારા વિના આ સંદેહને દૂર કરવા બીજો કોઈ પણ સમર્થ નથી. ૩૯

શ્રીકૃષ્ણ અર્જુનના પ્રશ્નોનો સાડાચાર શ્લોકવડે ઉત્તર આપે છેઃ-

શ્રીભગવાન્ કહે છે-હે પૃથાના પુત્ર અર્જુન ! જેઓ આ લોકમાંથી તથા પરલોકમાંથી ભ્રષ્ટ થાય છે તે ઉપરથી તેઓ પાપી કે નરકપાતી છે, એમ સમજવું નહિ; કારણ કે, હે તાત ! કલ્યાણ કરનારો કોઈ પણ મનુષ્ય દુર્ગતિને પામતો નથી. ૪૦

ભાવાર્થ-જે શ્રદ્ધાથી યોગમાં પ્રવૃત્તિ કરે છે તેને કલ્યાણકારી સમજવો. શ્રીકૃષ્ણે લૌકિક રીત પ્રમાણે અર્જુનને લાડમાં તાત શબ્દથી સંબોધન કર્યું છે.

યોગભ્રષ્ટની શી ગતિ થાય છે, તેનો ઉત્તર આપે છેઃ-

प्राप्य पुण्यकृताँल्लोकानुषित्वा शाश्वतीः समाः
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते॥४१॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥४२॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥ ४३ ॥

યોગમાંથી ભ્રષ્ટ થયલો પુરુષ અશ્વમેધ આદિક યજ્ઞ કરનારા પુરુષોના પવિત્ર લોકોમાં જાય છે, ત્યાં આગળ ઘણાં વર્ષો રહીને સુખ ભોગવે છે, અને તે પછી સદાચારવાળા શ્રીમન્તોના ઘરમાં અવતરે છે. ૪૧

અલ્પ કાળ યોગાભ્યાસ કરનારાની ગતિ કહી, પરંતુ ચિરકાળ સુધી યોગાભ્યાસ કરીને તેમાંથી ભ્રષ્ટ થયેલાની શી ગતિ થાય છે તે કહો. આનો ઉત્તર આપે છેઃ—

અથવા તો યોગનિષ્ઠ એવા જ્ઞાનીઓના જ કુળમાં જન્મે છે. લોકમાં આવો જન્મ આવવો, તે મોક્ષનો હેતુ હોવાથી બહુ દુર્લભ કહેવાય છે. ૪૨

હે કુરુવંશીપુત્ર અર્જુન! ઉપર કહેલા બન્ને જાતના જન્મમાં યોગભ્રષ્ટ પુરુષ બ્રહ્માકાર થયેલી બુદ્ધિથી પૂર્વ જન્મનાં જ્ઞાનને સંપાદન કરે છે, માટે તે મોક્ષ માટે અધિક પ્રયત્ન કરે છે. કદાચ તે કોઈ

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ४४ ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥४५॥
तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः

વિઘ્નને લીધે ઇચ્છા કરે નહિ, તોપણ પૂર્વ જન્મનો અભ્યાસ તેને વિષયોમાં જતાં અટકાવીને બ્રહ્મનિષ્ઠ કરે છે. યોગને પ્રાપ્ત થયો ન હોય, પરંતુ કેવળ યોગનું સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળો હોય, તે પુરુષ પણ યોગ જાણવાથી યોગમાં પ્રવેશ કરતી વેળાએ જ પાપને લીધે યોગભ્રષ્ટ થાય તો પણ શબ્દ બ્રહ્મને એટલે વેદને ઓળંઘી જાય છે, અર્થાત્ વેદોક્ત કર્મોનાં ફળો કરતાં પણ અધિક ફળ મુક્તિને પામે છે. ૪૩-૪૪

જ્યારે આ પ્રમાણે અલ્પ પ્રયત્નવાળો યોગી પરમ ગતિને પામે છે, ત્યારે યોગ માર્ગમાં યત્નથી ઉત્તરોત્તર અધિક પ્રયત્ન કરનાર તથા યોગાભ્યાસથી પાપરહિત થયેલો યોગી, અનેક જન્મોમાં સેવવાથી વૃદ્ધિ પામેલા યોગવડે સારો જ્ઞાની થઇને, શ્રેષ્ઠ ગતિને પામે, તેમાં તો શું જ કહેવું? ૪૫

कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ४६
योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः॥४७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अध्यात्मयोगो नाम षष्ठोऽध्यायः॥६॥

કૃચ્છ્રચાંદ્રાયણાદિક તપમાં નિષ્ઠાવાળા તપસ્વીઓ કરતાં યોગીને અધિક માન્યો છે. શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારા પુરુષો કરતાં પણ, યોગીને અધિક માન્યો છે. ઇષ્ટાપૂર્ત્ત—યજ્ઞ કરનારા તથા વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવનારાઓ કરતાં પણ યોગીને અધિક માન્યો છે. માટે હે અર્જુન ! તું યોગી થા. ૪૬

યમ નિયમપરાયણ રહેનારા યોગીઓ કરતાં પણ મારો ભક્ત અાધક છે તે વાત કહે છે.

સર્વ યોગીઓમાં પણ જે શ્રદ્ધાસંપન્ન થઇને મારે વિષે મનને લગાડે છે તથા મારે વિષે આસક્તિવાળાં મનવડે મારું ભજન કરે છે, તેને જ હું ઉત્તમ યોગી માનું છું. ૪૭

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે ‘ અધ્યાત્મયોગ ’ નામનો અધ્યાય છઠ્ઠો સંપૂર્ણ.

॥ श्रीभगवानुवाच ॥

मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥
ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥२॥

છઠ્ઠા અધ્યાયના છેવટમાં ભગવાને કહ્યું કે, "હે પાર્થ! મારે વિષે મનને આસક્ત કરીને જે મારું ભજન કરે છે, તેને હું ઉત્તમ માનું છું," તે ઉપરથી અર્જુને પૂછ્યું કે "હે ભગવન્! મારે તમારી કેવા સ્વરૂપની ભક્તિ કરવી?" તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ પોતાના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

શ્રીભગવાન્ કહે છે—હે પૃથાના પુત્ર અર્જુન! મારા વિષે આસક્ત મનવાળો અને એક મારો જ આશ્રય કરનારો તું યોગાભ્યાસ કરીને વિભૂતિ, બલ તથા ઐશ્વર્ય આદિ ગુણોથી ભરપૂર એવા મને સમજી શકાય તે પ્રમાણે હું તને કહું છું, તે તું સાંભળ. ૧

હું તને મારાં સ્વરૂપનાં આ અનુભવ જ્ઞાનની સાથે શાસ્ત્રીય જ્ઞાન પણ સંપૂર્ણ રીતે કહીશ, જે જાણવાથી આ કલ્યાણકારી માર્ગમાં રહેલા પુરુષને ફરીને જાણવા જેવું કંઈ પણ બાકી રહેતું નથી અર્થાત્ તે જ્ઞાનથી જ મનુષ્ય કૃતાર્થ થાય છે. ૨

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।३।

મારી ભક્તિ વગર તો મારાં સ્વરૂપનું જ્ઞાન દુર્લભ છે તે વાત કહે છે.

પ્રાણીઓ અસંખ્યાત છે. તેમાં મનુષ્યો વિના બીજાં પ્રાણીઓ કલ્યાણ માટે પ્રવૃત્તિ કરતાં જ નથી. મનુષ્યોમાં પણ હજારોમાંથી કોઇક જ પૂર્વ જન્મના મોટાં પુણ્યને લીધે આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરે છે. અને આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરનારા હજારોમાંથી પણ કોઈક જ પૂર્વ જન્મનાં મોટાં પુણ્યોને લીધે આત્માને જાણે છે અને તેવા આત્મજ્ઞાનવડે સિદ્ધ થયેલા હજારોમાં પણ કોઇક જ મારી કૃપાથી મારાં સ્વરૂપને યથાર્થ રીતે જાણે છે. અર્થાત્ હું તને અત્યંત દુર્લભ એવું મારાં સ્વરૂપનું જ્ઞાન પણ કહીશ. ૩

આ પ્રમાણે શ્રોતા અર્જુનને સન્મુખ કરીને હવે માયા દ્વારા હું ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનો કર્તા છું, આમ પૂર્વે પ્રતિજ્ઞા કરી હતી, તે નિરૂપણ કરતાં પહેલાં બે શ્લોકથી પરા તથા અપરા નામની બે પ્રકૃતિને વર્ણવે છે.

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

પૃથ્વી એટલે ગંધ, જલ એટલે રસ, અગ્નિ એટલે રૂપ, વાયુ એટલે સ્પર્શ, આકાશ એટલે શબ્દ, મન એટલે તેનાં કારણભૂત અહંકાર, બુદ્ધિ એટલે તેનું કારણ મહત્તત્ત્વ, અહંકાર કહેતાં તેનું કારણ અવિદ્યા, આ પ્રમાણે મારી પ્રકૃતિ આઠ પ્રકારે ભેદ પામેલી છે. ૪

બીજી રીતે તેનો આમ પણ અર્થ થાય છે.

શબ્દ સ્પર્શ, આદિક સૂક્ષ્મભૂતો સાથે પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, એમ પાંચ ભૂતો તેનાં કાર્યરૂપ ઇંદ્રિયો તથા અહંકાર, બુદ્ધિ કહેતાં મહત્તત્ત્વ અને મન એટલે મનથી કલ્પાય એવું પ્રધાન—ત્રણે ગુણની સમાનાવસ્થા, આવી રીતે મારી માયા નામની શક્તિ આઠ પ્રકારની છે. ૪

ભાવાર્થ—માયાના ચોવીશ ભેદ છે, તથાપિ તેનો આઠમાં સમાવેશ થાય છે, આવા આશયથી અહીં તેના આઠ પ્રકાર કહ્યા છે તથાપિ આગળ ક્ષેત્રાધ્યાયમાં ચોવીશ ભેદ કહેશે.

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ५ ॥
एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।

ઉપર કહેલી અપરા પ્રકૃતિનો ઉપસંહાર કરીને હવે પરા પ્રકૃતિ કહે છે.

આ આઠ પ્રકારની પ્રકૃતિ અપરા કહેવાય છે એટલે પર પ્રકૃતિ કરતાં ઉતરતી છે; કારણ કે તે જડ અને પરોપયોગી છે. આ પ્રકૃતિ કરતાં બીજી જીવ નામની પ્રકૃતિને તારે શ્રેષ્ઠ જાણવી; કારણ કે તે ક્ષેત્રજ્ઞરૂપ પ્રકૃતિ આ જગતને ધારણ કરે છે. ૫

આ બન્નેનું પ્રકૃતિપણું દર્શાવતાં તે દ્વારા પોતે સૃષ્ટિનું કારણ છે, તે પણ દર્શાવે છે.

ઉપર કહેલી બન્ને પ્રકૃતિઓ આ સ્થાવર જંગમાત્મક પ્રાણીઓનું કારણ છે, આમ તારે જાણવું; તેમાં જડ પ્રકૃતિ દેહરૂપે પરિણામ પામે છે, અર્થાત્ તેમાંથી શરીર બંધાય છે અને મારા અંશરૂપ જીવ નામની પ્રકૃતિ કે જે ચેતન છે, તે શરીરોમાં પ્રવેશ કરીને પોતાનાં કર્મોથી દેહોને ટકાવી રાખે છે. તે બન્ને પ્રકૃતિ મારાથી ઉત્પન્ન થઈ છે, માટે પ્રકૃતિ

अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥
मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥
रसोऽहमप्सु कौंतेय प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥

સહિત સર્વ જગતનો ઉત્પન્નકર્ત્તા તથા સંહારકર્તા પણ હું છું. ૬

હે અર્જુન! મારા કરતાં બીજું કોઈ પણ જગતની ઉત્પત્તિ કરવામાં અને સંહાર કરવામાં સ્વતંત્ર કારણ નથી. તેમ જ સૂત્રમાં જેમ માણુઓ પરોવાઈ રહે છે તેમ આ સર્વ વિશ્વ મારે વિષે પરોવાઈ રહ્યું છે અર્થાત્ તે મારે આધારે રહેલું છે. ૭

હે કુંતીના પુત્ર અર્જુન! હું પાણીમાં રસરૂપે રહું છું, અર્થાત્ હું રસતન્માત્રારૂપ મારી વિભૂતિવડે જળમાં જળનાં આશ્રયપણાથી રહું છું, સૂર્ય તથા ચંદ્રમામાં હું પ્રભારૂપે રહું છું, અર્થાત્ પ્રકાશ નામની મારી વિભૂતિવડે સૂર્ય તથા ચંદ્રમાં રહીને તેને આશ્રય આપું છું. વૈખરીરૂપ સર્વ વેદોમાં, તેઓનો મૂળભૂત ૐકાર હું છું, આકાશમાં શબ્દતન્માત્રારૂપ હું છું તથા પુરુષોમાં ઉદ્યમ પણ હું છું. ૮

पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥
बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥१०॥
बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।

પૃથ્વીમાં પવિત્ર ગંધ હું છું અર્થાત્ ગંધતન્માત્રારૂપ અને પૃથ્વીના આશ્રયભૂત હું છું, અગ્નિમાં હું તેજરૂપ છું, સર્વ પ્રાણીઓ વિષે હું જીવન છું એટલે પ્રાણરક્ષક આયુષ્ય છું, વાનપ્રસ્થ આદિક તપસ્વી જનોમાં હું સુખ તથા દુઃખ સહન કરનારું તપ છું.૯

સર્વે સ્થાવર જંગમ પ્રાણીઓનાં સજાતીય કાર્ય ઉત્પન્ન કરવામાં સમર્થ અને ઉત્તરોત્તર સર્વ કાર્યમાં જોડાયલું અવિનાશી જે બીજ, તેને મારી વિભૂતિ ગણવી. બુદ્ધિમાનોમાં હું બુદ્ધિ છું અને તેજસ્વીઓમાં હું તેજ છું. ૧૦

કામ એટલે અપ્રાપ્ત વસ્તુ માટે ઇચ્છા થવી તે અને રાગ એટલે વસ્તુ પ્રાપ્ત થયા છતાં પણ ફરી ફરીને અધિક લાભ માટે ઇચ્છા થવી તે. આને તૃષ્ણા પણ કહે છે. આ બન્ને (રાજસ તથા તામસ

धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥११॥
ये चैव सात्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥१२॥

એવા) કામ તથા રાગથી રહિત એવું બળવાનોનું બળ હું છું અર્થાત્ હું સ્વધર્મ પાળવામાં સમર્થ એવું સાત્વિક બળ છું તથા હે ભરતવંશ શ્રેષ્ઠ! સ્વ-ધર્મથી અવિરુદ્ધ અને માત્ર પોતાની ધર્મપત્ની વિષે સંતાન ઉત્પન્ન કરવામાં ઉપયોગી એવો પ્રાણીઓમાં વસતો જે કામદેવ, તે પણ હું છું. ૧૧

તેમ જ પ્રાણીઓનાં પોતાનાં કર્મોથી બીજા પણ શમ, દમ, આદિક સાત્વિક ભાવો ઉત્પન્ન થાય છે, દ્વેષ, દર્પ, આદિક રાજસ ભાવો ઉત્પન્ન થાય છે અને શોક, મોહ આદિ તામસ ભાવો ઉત્પન્ન થાય છે. તે સર્વ, મારી માયાના ત્રણ ગુણોનાં કાર્યો છે; માટે મારાથી જ ઉત્પન્ન થાય છે, આમ તારે જાણવું. આમ છતાં પણ હું જીવની પેઠે તેઓને આધીન નથી પરંતુ તેઓ મારે આધીન થઈને મારા વિશે રહ્યા છે. ૧૨

આવા તમને પરમેશ્વરને મનુષ્ય કેમ જાણતાં નથી? આવા અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં કહે છે:–

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥
दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते ॥ १४ ॥
न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।

પૂર્વે કહેલા સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણના વિકારરૂપ કામ, ક્રોધ લોભાત્મક વગેરે સ્વભાવવડે આ સર્વ જગત્ મોહિત થયું છે, માટે તે, કામ, લોભ આદિથી જરા પણ નહિ અડકાયલા અને કામ, લોભ આદિનો નિયંતા હોવાથી વિકાર-રહિત જે હું, તેને જાણતું નથી. ૧૩

ત્યારે તમને કોણ જાણે છે? તેના ઉત્તરમાં કહે છે:–

મારી પરમેશ્વરની અલૌકિક અને સત્ત્વાદિક ગુણના વિકારવાળી માયા અતિ દુસ્તર છે, એ વાર્તા પ્રસિદ્ધ છે, તથાપિ જેઓ એકાંતિક અનન્ય ભક્તિ-વડે મને ભજે છે, તેઓ મારી આ દુસ્તર માયાને પણ તરી જાય છે અને પછી મને પામે છે. ૧૪

ત્યારે સૌ તમને શા માટે ભજતા નથી? તેના ઉત્તરમાં કહે છે.

પાપકર્મ કરનારાં, વિવેકરહિત અને શાસ્ત્ર તથા

माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥१५॥
चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥१६॥
तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।

આચાર્યના ઉપદેશથી થયેલું જેઓનું જ્ઞાન મારી માયાવડે નાશ થયું છે એવા તથા આગળ કહેવામાં આવનારા દંભ, અભિમાન, ક્રોધ, પારુષ્યાદિકને લીધે અસુરપણાને પામેલા નીચ મનુષ્યો મને ભજતા નથી. ૧૫

પુણ્યવંતો મને ભજે છે, પરંતુ તેઓનાં પુણ્યોમાં તારતમ્ય હોવાથી, તેઓ ચાર પ્રકારના છે.

હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! પૂર્વ જન્મમાં જેઓએ પુણ્યકર્મ કર્યું હોય તેઓ મને ભજે છે, ને તેઓ ચાર પ્રકારના છે.

૧ આર્ત—રોગી. ૨ જિજ્ઞાસુ—આત્મજ્ઞાનની ઈચ્છાવાળો. ૩ અર્થાર્થી—આ લોક અને પરલોકના ભોગનાં સાધનરૂપ અર્થની ઈચ્છાવાળો તથા ૪ જ્ઞાની—આત્મજ્ઞાની. ૧૬

ઉપર કહેલા ચારે પુણ્યવંતોમાં નિત્ય મારે વિષે નિષ્ઠાવાળો અને એક મારે વિષે જ ભક્તિ રાખનારો

प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः॥१७॥
उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम्॥

જ્ઞાની સર્વ કરતાં અધિક છે. જ્ઞાનીને દેહાભિમાન ન હોવાથી ચિત્તવિક્ષેપ થતો નથી, તેથી તે નિત્ય મારે વિષે નિષ્ઠાવાળો અને એકાંતભક્ત થઇ શકે છે, પરંતુ બીજો એકાંતભક્ત થઈ શકતો નથી, માટે હું જ્ઞાનીને અત્યંત પ્રિય છું અને જ્ઞાની મને બહુજ પ્રિય છે. ૧૭

ભાવાર્થ-જ્ઞાની નિત્યયુક્ત, એકાંતભક્ત, ઈશ્વર ઉપર પ્રેમ રાખનાર અને ઇશ્વરને પ્રિય, એવાં ચાર કારણોથી ઉત્તમ છે.

ત્યારે શું જ્ઞાની વિના તમારા બીજા પણ ભક્તો સંસારમાં જન્મ મરણની દશામાં અથડાયા કરે છે? આ શંકાનું નિવારણ કરતાં ભગવાન્ કહે છે કે, ના, તેઓને સંસારમાં અવતરવું પડતું નથી.

તે સર્વે ભક્તો ઉદારજ હોય છે, એટલે મોક્ષના ભાગી જ છે, પરંતુ જ્ઞાની તો મારો પોતાનો આત્મા જ છે, આવો મારો નિશ્ચય છે. કારણ કે, તે જ્ઞાની મારે વિષે જ મનને એકાગ્ર કરીને સર્વ શ્રેષ્ઠ પ્રાપ્ય-રૂપ જે હું તેનો જ આશ્રય કરે છે, અર્થાત્ મારા વિના બીજું ફળ જ માનતો નથી. ૧૮

बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१९॥
कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यंतेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ।२०।

આવો મારો ભક્ત બહુ દુર્લભ છે, તે વાર્તા કહે છેઃ-

અલ્પ અલ્પ પુણ્ય વૃદ્ધિ પામવાથી ઘણા જન્મોની અંતે—છેલ્લે જન્મે જ્ઞાની થયેલો પુરુષ "આ સ્થાવર જંગમાત્મક સર્વ જગત્ વાસુદેવરૂપ જ છે." આવી સર્વાત્મક દૃષ્ટિથી મને ભજે છે, માટે તે ઉદાર દૃષ્ટિવાળો મહાત્મા બહુ દુર્લભ ગણાય છે. ૧૯

કામનાવાળા પુરુષો પણ કામ મેળવવા માટે મને—પરમેશ્વરને જ ભજે છે અને કામના પ્રાપ્ત કરીને ધીરે ધીરે મુક્ત થાય છે, તે કહ્યું, પરંતુ જેઓ અત્યંત રજોગુણી તથા તમોગુણી કામનાવાળા પુરુષો કામના માટે ક્ષુદ્ર દેવતાઓની સેવા કરે છે, તેઓ તો જન્મ મરણરૂપ સંસારમાં અવતર્યા કરે છે, તે વાત ચાર શ્લોકવડે કહે છેઃ-

પુત્રલાભ, કીર્તિ, શત્રુવિજય ઇત્યાદિ અનેક કામનાઓથી જેમનો વિવેક નાશ થયો છે એવા પુરુષો ભૂત, પ્રેત, યક્ષ આદિક દેવતાઓની આરાધના માટે ઉપવાસ આદિક નિયમોને સ્વીકારી પોતાની પૂર્વ જન્મની વાસનાને વશ થઈ તે તે દેવોને ભજે છે. ૨૦

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥२१॥
स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हितान् ॥२२॥

તેઓમાં જે જે ભક્ત મારીજ દેવતારૂપી જે જે મૂર્ત્તિની શ્રદ્ધાથી પૂજા કરવાની ઈચ્છા રાખે છે, તે તે ભક્તની તે તે મૂર્ત્તિ વિષે હું અંતર્યામી અચળ શ્રદ્ધા ઉત્પન્ન કરું છું. ૨૧

તે તે ભક્ત પણ અત્યંત અને દૃઢ શ્રદ્ધાસંપન્ન થઇને મારી જે જે મૂર્ત્તિનું આરાધન કરે છે, અને ત્યાર પછી જે જે કામનાઓનો સંકલ્પ કરે છે, તે તે કામનાઓ, તે તે દેવતાઓ પાસેથી મેળવે છે, પરંતુ તે તે મનોરથો, તે તે દેવતાઓના અંતર્યામી એવા મેંજ પૂર્ણ કર્યાં છે, આમ જાણવું; કારણ કે, તે દેવો મારે આધીન છે અને મારું સ્વરૂપ છે. ૨૨

જો કે સઘળા દેવતાઓ મારી મૂર્ત્તિ છે, માટે તેઓનું આરાધન કરવું, એ વસ્તુતઃ મારું જ આરાધન છે અને તેનું ફળ પણ હુંજ આપું છું, તથાપિ મારા મુખ્ય ભક્તોનાં ફળમાં અને તેઓનાં ફળમાં ફેર હોય છે, તે વાત કહે છે.

अंतवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यांति मद्भक्ता यांति मामपि॥२३॥
अव्यक्तं व्यक्तिमापन्नं मन्यंते मामबुद्धयः ।
परं भावमजानंतो ममाव्ययमनुत्तमम् ॥ २४ ॥

તે તે દેવોના અલ્પ બુદ્ધિવાળા ઉપાસકોને હું જ ફળ આપું છું, તથાપિ તે ફળ નાશવન્ત હોય છે; કારણ કે, તે તે દેવતાઓનું યજન કરનારાઓ તે તે દેવને પામે છે અને મારા ભક્તો આદિ અંતરહિત પરમાનંદરૂપ મને પ્રાપ્ત કરે છે. ૨૩

જ્યારે સરખો પ્રયાસ છતાં ફળમાં મોટો ફેરફાર થાય છે, ત્યારે તો સૌ કોઈ બીજા દેવોને છોડીને શા માટે તમને જ ભજતા નથી? તેનો ઉત્તર આપે છેઃ–

હું તો સંસારથી જૂદો જ છું, તથાપિ અલ્પબુદ્ધિવાળા લોકો મને મનુષ્ય, મત્સ્ય, કૂર્મ આદિ રૂપમાં અવતરેલા માને છે; કારણ કે, તેઓ મારાં અવિનાશી અને સર્વ શ્રેષ્ઠ એવાં સ્વરૂપને જાણતા નથી. ૨૪

ભાવાર્થ–હું જગતની રક્ષા કરવા માટે અનેક જાતના શુદ્ધ અને સાત્ત્વિક સ્વરૂપને ધરું છું, તથાપિ અલ્પ બુદ્ધિવાળાઓ પોતાનાં કર્મથી જેનાં ભૌતિક શરીરો બંધાયાં છે એવા બીજા દેવતા-

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् २५
वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ।२६।

ઓના જેવા મને પરમેશ્વરને પણ જાણે છે તેથી મને બહુ આદર આપતા નથી, પરંતુ તરત ફળ આપનારા બીજા દેવને જ ભજે છે.

વળી તેઓ મને જાણતા નથી, તેનું કારણ સાંભળ.

હું સર્વ લોકને પ્રગટ થતો નથી, પરંતુ મારા ભક્તોને જ દર્શન આપું છું; કારણ કે, હું મારી અચિંત્ય અને પ્રજ્ઞાવિલાસ રૂપી માયાથી ઢંકાયલો છું, માટે મારા સ્વરૂપને જાણવામાં અજ્ઞાની એવા મનુષ્યો, અજન્મા તથા અવિનાશી એવા મને જાણતા નથી. ૨૫

મારાં સર્વોત્તમ સ્વરૂપને જાણતાં નથી, એમ ઉપર કહ્યું, તે ઉપરથી સ્વયંપ્રકાશ એવી જ્ઞાનશક્તિવડે પોતાનું સર્વોત્તમપણું દેખાડ્યું; હવે બીજાઓનું અજ્ઞાન દેખાડે છે.

હે અર્જુન ! હું ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળના સર્વ પ્રાણીઓને જાણું છું, કારણ કે, માયા, મારો આશ્રય કરીને રહેલી છે, માટે મને મોહિત કરી શકતી નથી, પરંતુ મારી માયામાં મોહિત થયેલા કોઇ પણ મનુષ્યો મને જાણતાં નથી. ૨૬

इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥ २७ ॥
येषां त्वंतगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता भजंते मां दृढव्रताः ॥ २८ ॥

માયાના આવરણથી જીવો પરમેશ્વરને જાણતા નથી, આમ ઉપર કહ્યું. હવે દૃઢ અજ્ઞાનનું કારણ કહે છેઃ–

હે ભરતવંશોત્પન્ન! હે પરંતપ અર્જુન! આ સ્થૂળ શરીર ઉત્પન્ન થયા પછી, તેને અનુકૂલ આવતા પદાર્થ ઉપર ઇચ્છા થાય છે અને પ્રતિકૂલ પદાર્થ ઉપર દ્વેષ થાય છે, તે ઇચ્છા તથા દ્વેષથી ટાઢ તડકો, સુખ દુઃખ વગેરે ઉત્પન્ન થાય છે અને તેથી આત્માનાત્મવિવેકનો નાશ કરનાર મોહ ઉત્પન્ન થાય છે. તે મોહથી સર્વ પ્રાણીઓ, હું જ સુખી, હું જ દુઃખી, આવા ગાઢાં અભિમાનને આધીન થાય છે, જેથી તેઓ મને જાણી શકતા નથી. ૨૭

ત્યારે કેટલાએક તમારું ભજન કરતા જોવામાં આવે છે, તેનું કારણ શું? તેનો ઉત્તર આપે છે.

જે શુભ આચરણ કરનારા મનુષ્યોનું સર્વ પાપ વિનાશ પામ્યું છે, તે સુખ અને દુઃખ રહિત મોહથી મુક્ત તથા દૃઢતર વ્રતવાળા પુરુષો મને ભજે છે. ૨૮

जरामरणमोक्षाय मामाश्रित्य यतंति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥
साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः॥३०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

ઉપર પ્રમાણે મને ભજનારા સર્વ વિજ્ઞેય વસ્તુ જાણીને કૃતાર્થ થાય છે, તે વાર્તા કહે છેઃ—

જેઓ જરા અને મરણથી મુક્ત થવા માટે મારો આશ્રય કરીને મને જાણવા માટે પ્રયત્ન કરે છે, તેઓ બ્રહ્મને, સર્વ અધ્યાત્મજ્ઞાનને અર્થાત્ દેહાદિકથી વ્યતિરિક્ત એવા શુદ્ધ આત્માને તથા તેનાં સાધનભૂત સર્વ કર્મોને જાણે છે. ૨૯

જેઓ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મારાં સ્વરૂપને જાણે છે, તે મારે વિષે આસક્ત મનવાળા પુરુષો મરણવેળા પણ મને ભજે છે, અર્થાત્ તે સમયે પણ તેઓ વ્યાકુળ થઇને મને વિસરતા નથી, માટે મારા ભક્તો યોગભ્રષ્ટ થાય છે, એવી શંકા જ કરવી નહિ. ૩૦

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિષે 'જ્ઞાનયોગ' નામનો અધ્યાય સાતમો સંપૂર્ણ

॥ अर्जुन उवाच ॥

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥ १ ॥
अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः॥२॥

સાતમા અધ્યાયમાં છેવટે શ્રીકૃષ્ણે બ્રહ્મ, અધ્યાત્મ આદિક સાત પદાર્થો કહ્યા; તેનાં તત્ત્વને, જિજ્ઞાસુ અર્જુન બે શ્લોક વડે પૂછે છેઃ—

અર્જુને પૂછ્યું–હે પુરુષોત્તમ! ઉપર જે બ્રહ્મ કહ્યું તે શું? અધ્યાત્મ એટલે શું? કર્મ એટલે શું? અધિભૂત કોને કહે છે? અને અધિદૈવ કોણ કહેવાય છે? તે કહો. ૧

હે મધુસૂદન! આ શરીરમાં જે યજ્ઞ છે, તેનો અધિષ્ઠાતા તથા ફળદાતા કોણ છે? તે અધિષ્ઠાતા આ શરીરવિષે કેવી રીતે રહે છે? તથા અંતકાળ વેળા મનને નિયમમાં રાખનાર પુરુષોએ, કેવા ઉપાયોથી તમને જાણવા? તે કહો. ૨

ભગવાન્ પ્રશ્નના ક્રમે ઉત્તર આપે છેઃ—

॥ श्रीभगवानुवाच ॥

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥

શ્રીભગવાન્ કહે છે—આ જગતનું ઉત્તમ તથા અક્ષર જે મૂળ કારણ, તે બ્રહ્મ કહેવાય છે. કોઈને શંકા થશે કે, જીવ પણ અક્ષર છે, માટે તે કેમ પરબ્રહ્મ નહિ? પરંતુ તેવી શંકા કરવી એ વ્યર્થ છે; કારણ કે જીવ જગતનું મૂળ કારણ નથી. શ્રુતિ કહે છે કે, "एतद्वैतदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्ति॥ હે ગાર્ગિ! આજ તે કારણરૂપ અક્ષર બ્રહ્મ જાણવા, કે જેને બ્રાહ્મણો અક્ષર બ્રહ્મ કહે છે." માટે જીવ પરબ્રહ્મરૂપ થઈ શકતોનથી.સ્વભાવ એટલે બ્રહ્મનું જીવરૂપે થવું, તે તેજ શરીરના ભોક્તારૂપે રહેતો થકો અધ્યાત્મ કહેવાય છે. જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ એવી ચાર પ્રકારની પ્રાણીઓની ઉત્પત્તિ તથા "आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः સૂર્યથી વૃષ્ટિ, વૃષ્ટિથી અન્ન અને અન્નથી પ્રજાની ઉત્પત્તિ." આ ક્રમ પ્રમાણે થતી સૃષ્ટિની ઉત્તરોત્તર વૃદ્ધિ, અને આવી રીતે પ્રાણીઓની ઉત્પત્તિ તથા વૃદ્ધિને કરનારો જે યજ્ઞ, તેનું નામ કર્મ છે.૩

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

દેહ આદિક નાશવંત પદાર્થો અધિભૂત કહેવાય છે, સૂર્ય મંડળની મધ્યે રહેનાર, મારા અંશમાંથી ઉત્પન્ન થયેલા, સર્વે દેતાઓના અધિપતિ, વિરાટ્ પુરુષ અધિદેવ કહેવાય છે અને હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન! આ શરીરમાં અંતર્યામીપણાથી રહેતો હું જ અધિયજ્ઞ કહેતાં યજ્ઞનો અધિષ્ઠાતા દેવ યજ્ઞાદિક કર્મોનો પ્રવર્તક અને ફળનો દાતા છું. ૪

ભાવાર્થ—યજ્ઞાદિકકર્મના પ્રવર્તક તથા ફળના દાતા કેમ છો? એનો ઉત્તર આ શ્લોકમાં કહ્યો છે. કારણ કે, અંતર્યામી, અસંગ આદિક ગુણોવડે જીવથી વિલક્ષણ છે અને દેહમાં રહે છે, તેમ શ્રુતિ કહે છે કેઃ—

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥

બે પક્ષીઓ સાથે જોડાયલા મિત્રો છે ને તે દેહરૂપી વૃક્ષનું આલિંગન કરે છે. એટલે તે વૃક્ષપર રહે છે; તે બેમાં એક સ્વાદુ વિષયનું ભોજન કરે છે અને બીજો વિષયનું ભોજન નહિ કરતાં સાક્ષીપણાથી જુવે છે.

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्रः संशयः ।५।
यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥ ६ ॥
तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।

'प्रयाणकाले च कथं ज्ञेयोसि मधुसूदन' એ વચનવડે પૂછેલા અંતકાળના સમયના જ્ઞાનનો ઉપાય તથા તેનું ફળ દર્શાવે છેઃ-

મરણ વેળાએ ઉપર કહેલા લક્ષણવાળો અંતર્યામી રૂપ જે હું પરમેશ્વર તેનું સ્મરણ કરતાં કરતાં દેહ ત્યાગ કરીને જે પુરુષ ઉત્તમ એવા અર્ચિરાદિક માર્ગે જાય છે, તે મારાં રૂપને પામે છે, એ વાત નિઃસંદેહ છે. ૫

હે અર્જુન! કેવળ મારું સ્મરણ કરતાં મારાં રૂપને પામે છે, આવો નિયમ નથી, પરંતુ મનુષ્ય મરણ વેળા જે જે પદાર્થને સંભારતાં શરીરનો ત્યાગ કરે છે, તે તે પદાર્થને જ પામે છે; કારણ કે, નિત્ય તે તે પદાર્થના વિચાર કરવાથી, તે વસ્તુની તેના મનમાં વાસના લાગી રહે છે. ૬

મરણ વેળાએ મનુષ્ય પરાધીન થઈ જાય છે,

मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥ ७ ॥
अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिंतयन् ॥ ८॥
कविंपुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः।

માટે મારું સ્મરણુ કરવાનો ઉદ્યમ કરી શકતો નથી. તે વખતે તો માત્ર પૂર્વેની વાસનાથી જ મારું સ્મરણુ થાય છે, માટે સર્વ કાળમાં મારું સ્મરણુ કર. આ સ્મરણુ ચિત્તશુદ્ધિ વિના બનતું નથી, માટે ચિત્તની શુદ્ધિ અર્થે યુદ્ધાદિક સ્વધર્મ આચર. મારે વિષે મન તથા બુદ્ધિને અર્પણુ કરનાર એવો તું મને જ પ્રાપ્ત થઇશ, એમાં સંદેહ નથી. ૭

અભ્યાસ એ નિત્ય સ્મરણુનું અંતરંગ સાધન છે, આ વાત દર્શાવતાં કહે છે:—

હે પાર્થ! અભ્યાસ (વારંવાર બ્રહ્માકારરૂપે વિચાર કરવો) રૂપી ઉપાયથી એકાગ્ર થયેલા અને બીજા વિષયમાં નહિ જનારા ચિત્તવડે પ્રકાશ સ્વરૂપ એવા પરમ પુરુષનું સ્મરણુ કરતો કરતો મનુષ્ય તે જ પરમાત્માને પામે છે. ૮

सर्वस्य धातारमचिंत्यरूप-
मादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥
प्रयाणकाले मनसाऽचलेन
भक्त्या युक्त्या योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ १० ॥

જે પુરુષ મરણ વેળાએ ભક્તિપૂર્વક મનને દૃઢતર કરીને યોગના બળથી સુષુમ્ણાના માર્ગે પ્રાણને બરાબર બે ભ્રુકુટીની વચ્ચે લાવીને સર્વ વિધાના નિર્માતા, અનાદિ સિદ્ધ, નિયંતા, સૂક્ષ્મ કરતાં પણ બહુ સૂક્ષ્મ અર્થાત્ આકાશ, કાળ તથા દિશાઓ કરતાં પણ અતિ સૂક્ષ્મ, સર્વના પોષક, અગાધ મહિમા હોવાથી વિચારમાં આવે નહિ તેવા, સૂર્યની પેઠે સ્વયંપ્રકાશ તથા પરપ્રકાશ અને માયાથી પર એવા પરમ પુરુષનું સ્મરણ કરે છે, તે તેજસ્વી એવા પરમ પુરુષને પામે છે. ૯—૧૦

કેવળ અભ્યાસયોગ કરતાં પણ પ્રણવનો અભ્યાસ અંતરંગ છે, આમ કહેવાની ઇચ્છાવાળા ભગવાન્ કહે છે:—

यदक्षरं वेदविदो वदंति
विशंति यद्यतयो वीतरागाः ।
यदिच्छंतो ब्रह्मचर्यं चरंति
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥
सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनःप्राणमास्थितो योगधारणाम् १२

વેદાંત શાસ્ત્ર જાણનારાઓ જેને અક્ષર બ્રહ્મ કહે છે, તેમાં શ્રુતિ પ્રમાણ છે. "एतस्य वाक्षरस्य प्रशासने गार्गि सूर्याचंद्रमसौ विधृतौ तिष्ठतः ॥ હે ગાર્ગિ ! આ અક્ષરની આજ્ઞા તળે સૂર્ય તથા ચંદ્ર આશ્રય કરીને રહ્યા છે." વળી રાગદ્વેષરહિત એવા યાતઓ જે પરબ્રહ્મમાં પ્રવેશ કરે છે તથા જેને જાણવાની ઇચ્છાવાળા યતિઓ ગુરુકુળમાં રહીને બ્રહ્મચર્યવ્રત પાળે છે, તે પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ હું તને ટુંકામાં કહીશ, અર્થાત્ તેનો ઉપાય કહીશ. ૧૧

કહેવા માટે કબૂલ કરેલો ઉપાય સાંગ કહે છે.

ઇંદ્રિયોનાં સર્વ દ્વારને નિયમમાં રાખીને, મનને હૃદયમાં સ્થિર કરીને એટલે બાહ્ય વિષયોનું સ્મરણ દૂર કરીને, પ્રાણને બે ભ્રુકુટી વચ્ચે સ્થિર કરીને, યોગ ધારણામાં રહ્યો થકો જે પુરુષ 'ૐ' એવા એક

ॐमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं सयाति परमां गतिम् १३
अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः १४
मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवंति महात्मानः संसिद्धिं परमां गताः॥१५॥

અક્ષરરૂપી બ્રહ્મમૂર્તિનો ઉચ્ચાર કરતાં કરતાં તથા મારું સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરીને જાય છે તો તે, મારી શ્રેષ્ઠ ગતિને પામે છે. ૧૨-૧૩

હે અર્જુન ! જે યોગી નિરંતર બીજી વસ્તુમાં મન રાખ્યા વિના એક ધારે મારું સ્મરણ કરે છે, તે મારે વિષે નિત્ય મનને જોડનારા યોગીને હું સહજ જ પ્રાપ્ત થાઉં છું, પણ બીજાને પ્રાપ્ત થતો નથી. ૧૪

તમે આવા સુલભ તો છો, પરંતુ તેથી ફળ શું? તેના ઉત્તરમાં કહે છેઃ-

ઉપર કહેલા લક્ષણવાળા મારા મહાત્મા ભક્તો મને પ્રાપ્ત થયા પછી દુઃખને આપનારા તથા અનિત્ય એવા પુનર્જન્મને પામતા નથી; કારણ કે, તેઓ પરમ સિદ્ધિ (મોક્ષ)ને પામેલા હોય છે. ૧૫

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौंतेय पुनर्जन्म न विद्यते ॥१६॥

હે કુંતીના પુત્ર અર્જુન! બ્રહ્મલોકથી માંડીને સર્વે લોકો પુનર્જન્મ ધરનારા છે. આમ બ્રહ્મલોક પણ નાશવંત છે, ત્યારે ત્યાં ગયેલા અજ્ઞાની લોકોનો તો અવશ્ય જ નાશ થાય. જેઓ, ઉપર કહેલા ક્રમ પ્રમાણે મુક્તિ આપનારી ઉપાસનાઓ કરીને બ્રહ્મલોકમાં જાય છે, તેઓ જ્ઞાની થઈને બ્રહ્માની સાથે મોક્ષ પામે છે, જેમ કે "ब्रह्मणा सह ते सर्वे संप्राप्ते प्रतिसंचरे। परस्यान्ते कृतात्मानः प्रविशन्ति परं पदम् ॥ મહાપ્રલય થતી વેળાએ બ્રહ્માના પરમ આયુષ્યને અંતે જેઓની મનોવૃત્તિ બ્રહ્મરૂપ થયેલી છે એવા તે સર્વે મહાત્માઓ બ્રહ્માની સાથે પરમ પદમાં પ્રવેશ કરે છે," પરંતુ જેઓ કર્મદ્વારા બ્રહ્મલોકમાં જાય છે, તેમને મુક્તિ મળતી નથી, પરંતુ મને પ્રાપ્ત થયેલાં મનુષ્યો તો ફરીને જન્મતાંજ નથી. ૧૬

ભાવાર્થ—પુરાણોમાં કહે છે કે—"तपस्विनो दानशीला वीतरागास्तितिक्षवः । त्रिलोक्या उपरि स्थानं लभन्ते शोकवर्जितम् ॥ તપસ્વી, દાતા, રાગ દ્વેષરહિત તથા સહનશીલ પુરુષો, ભૂર્લોક, ભુવર્લોક તથા

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रां तां तेऽहोरात्रविदो जनाः॥१७॥

સ્વર્ગલોક, આમ ત્રણ લોકની ઉપરના મહર્લોક આદિક શોકરહિત લોકમાં જાય છે." જો કદાચ બ્રહ્મલોક આદિ લોક પણ ત્રણ લોકની પેઠે નાશવંત હોય, તો તે ઉત્તમ કેમ ગણાય? આવી શંકા થતાં સમાધાન કરે છે કે, બ્રહ્મલોક આદિ લોકો, જેઓ ત્રિલોકની બહારના લોકો છે, તેઓ ઘણા કાળ સૂધી રહે છે. આવા આશયથી તે શ્રેષ્ઠ ગણાય છે, પરંતુ તેઓને અવિનાશી છે આવા હેતુથી શ્રેષ્ઠ ગણ્યા નથી. સો વર્ષની આયુષ્યવાળા બ્રહ્માના પ્રત્યેક દિવસે ત્રણ લોક ઉત્પન્ન થાય છે, અને રાત્રિએ પ્રત્યેક પાછા લય પામે છે. આ વાત દર્શાવતાં બ્રહ્માના રાત્રિ દિવસનું પ્રમાણ કહે છે.

જે મનુષ્યો ચાર હજાર યુગવાળા બ્રહ્માના દિવસને અને તેટલાજ યુગવાળી રાત્રિને જાણે છે, તે મનુષ્યો દિવસરાત્રિ જાણનારા છે; પણ સૂર્ય ચંદ્રની ગતિવડેજ રાત્રિ દિવસનું જ્ઞાન ધરાવનારા દિવસ રાત્ર જાણતા નથી, કારણ કે તેઓ અલ્પદૃષ્ટિવાળા છે. ૧૭

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवंत्यहरागमे ।
राञ्यागमे प्रलीयंते तत्रैवाव्यक्तसंज्ञके ॥ १८ ॥

ભાવાર્થ—ઉપર યુગ શબ્દ કહ્યો છે, તેને ચાર હજાર યુગના અર્થમાં જાણવો. કારણ કે વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે, 'चतुर्युगसहस्रं तु ब्रह्मणो दिनमुच्यते ચાર હજાર યુગ તે બ્રહ્માનો એક દિવસ કહેવાય છે.' ब्रह्मण: એ શબ્દ ઉપરથી મહર્લોક આદિકના નિવાસીઓને પણ જણાવ્યા છે. કાળની ગણત્રીનો પ્રકાર આ પ્રમાણે છેઃ—મનુષ્યોનું જે વર્ષ, તે દેવતાઓનાં દિવસ રાત્રિ છે અને તેવા પંદર દિવસનો એક પક્ષ. તે પ્રમાણે માસ, વર્ષ વગેરેની ગણના કરતાં બાર હજાર વર્ષોના ચાર યુગ થાય છે. આ ચાર યુગ તે બ્રહ્માનો એક દિવસ. તે પ્રમાણે પક્ષ, માસ, વર્ષ વગેરે ક્રમોથી જ્યારે સો વર્ષ થાય છે, ત્યારે બ્રહ્માનું આયુષ્ય પૂર્ણ થાય છે.

જ્યારે બ્રહ્માના દિવસનો આરંભ થાય છે ત્યારે અવ્યક્ત એટલે કારણરૂપી માયાથી સર્વ સ્થાવર જંગમ વ્યક્તિઓ પ્રગટ થાય છે અને બ્રહ્માની રાત્રિનો આરંભ થાય છે કે, તે જ અવ્યક્ત નામધારી કારણમાં સર્વ જગતનો લય થાય છે. ૧૮

भूतग्रामः स एवायं भूत्वाभूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥ १९ ॥
परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।

પ્રલય વેળા સર્વ સૃષ્ટિનો સમૂળો નાશ થતો હોય અને બ્રહ્માના દિવસે પાછી નવી જ સૃષ્ટિ ઉત્પન્ન થતી હોય તો સૃષ્ટિના આરંભમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓને પ્રથમ સુખ તથા દુ:ખ જે પ્રાપ્ત થાય છે તે કારણ વિના પ્રાપ્ત થવાથી અકૃતાભ્યાગમ (ન કરેલાં કર્મનાં ફળનો લાભ) નામનો દોષ પ્રાપ્ત થશે અને પ્રલયની અગાઉ કરેલાં કર્મોનું ફળ ન મળવાથી કૃતનાશ કરેલાં કર્મોનો નાશ નામનો દોષ પ્રાપ્ત થશે. આ બન્ને દોષનું નિવારણ કરીને ભગવાન્ વૈરાગ્ય થવા માટે ઉત્પત્તિનો તથા પ્રલયનો અવિચ્છિન્ન પ્રવાહ દર્શાવે છે.

હે પૃથાના પુત્ર અર્જુન! જે પ્રાણીઓનો સમૂહ પૂર્વે હતો તે જ આ બ્રહ્માને દિવસે ઉત્પન્ન થાય છે, અને પાછો રાત્રિ પડે છે ત્યારે વિનાશ પામે છે. અને ફરીને જ્યારે પાછો દિવસ થાય છે ત્યારે કર્માદિકને આધીન એવો તે જ પ્રાણીસમુદાય ઉત્પન્ન થાય છે; પરંતુ કોઈ બીજો જ નવીન સૃષ્ટિસમૂહ ઉત્પન્ન થતો નથી. ૧૯

લોકનું અનિત્યપણું દર્શાવ્યું. હવે પરમેશ્વરનું નિત્યપણું બે શ્લોકવડે કહે છે.

यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति॥२०॥
अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ २१ ॥
पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।

જે સ્થાવર તથા જંગમના કારણભૂત અવ્યક્તથી પણ પર છે અર્થાત્ તેના પણ કારણભૂત છે, તેનાથી વિલક્ષણ તથા ઇંદ્રિયાદિકથી પણ જણાય નહિ તેવી સનાતન વસ્તુ છે અને જે કાર્યકારણરૂપ સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ ભૂતો નાશ પામ્યા છતાં પણ નાશ પામતા નથી. ૨૦

પરમાત્માના અવિનાશીપણામાં પ્રમાણ દેખાડે છે:–

અવ્યક્ત–ઇંદ્રિયાદિકથી જણાય નહિ તેવા અને અક્ષર–અવિનાશી એવા જે બ્રહ્મ કહ્યા, તે બ્રહ્મને પરમ ગતિ કહે છે. પુરુષ તે ગતિને પ્રાપ્ત થયા પછી પુનઃ જન્મ મરણ પામતો નથી, તે મારું જ ધામ છે અર્થાત્ હું જ પરમ ગતિ છું. શ્રુતિ પણ કહે છે કે:–

पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः

પરમાત્માથી પર–શ્રેષ્ઠ કોઈ નથી તે પરમસ્થાન અને પરમ ગતિ છે. ૨૧

તે પરમ પદ મેળવવા માટે ભક્તિ એ અંતરંગ ઉપાય છે:–

હે પૃથાના પુત્ર! જગતના કારણભૂત એવા જે

यस्यांतःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ।२२।
यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यांति तं कालं वक्ष्यामि भरतर्षभ॥२३॥
अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।

પરબ્રહ્મ તેમાં સર્વ પ્રાણીઓ રહ્યાં છે અને તે કારણ-ભૂત પુરુષથી આ સર્વ જગત્ વ્યાપ્ત છે અને તે પરમ પુરુષ હું પોતે જ છું, તે હું એકાન્ત ભક્તિથી મળી શકું છું, બીજા કોઈ પણ ઉપાયથી મળતો નથી. ૨૨

પરમેશ્વરની ઉપાસના કરનારાઓ તત્પદને પામ્યા પછી જન્મ મરણને પામતા નથી, પરંતુ બીજાઓ જન્મ મરણને પામે છે. કયે માર્ગે ગયેલા ફરીને જન્મ મરણ પામે છે? તે વાર્તા કહે છેઃ—

હે ભરતવંશમાં શ્રેષ્ઠ! જે કાલાભિમાની દેવતા-વાળા માર્ગ ઉપર ગયેલા યોગીઓ તથા કર્મ કર-નારા ક્રમ પ્રમાણે મોક્ષને તથા જન્મમરણરૂપ સંસારને પામે છે, તે કાલાભિમાની દેવતાનો માર્ગ હું તને કહીશ. ૨૩

અનાવૃત્તિવાળો માર્ગ કહે છેઃ—

અગ્નિના અને જ્યોતિષના અભિમાની દેવ એટલે અર્ચિષના અભિમાની દેવ, દિવસના અભિમાની દેવ, શુકલ પક્ષના અભિમાની દેવ તથા ઉત્તરાયણ-

तत्र प्रयाता गच्छंति ब्रह्म ब्रह्मविदो जनाः।२४।

રૂપ છ માસના અભિમાની દેવ, આવી રીતે અગ્નિ વગેરે દેવતાઓ તે તે કાળના અભિમાની છે તે ઉત્તરાયણ કાળમાં મરણ પામેલા ભગવાનના બ્રહ્મવેત્તા ભક્તો પરબ્રહ્મને પામે છે. ૨૪

ભાવાર્થ—અર્ચિમાર્ગના ઉપાસકો પરબ્રહ્મના પદને પામે છે, તે વિષે ઉપરના શ્લોકને અનુસરતી છાંદોગ્યની શ્રુતિ પણ વદે છે કે "तेऽर्चिषमभिसंभवन्ति अर्चिषोहरह आपूर्यमाणपक्षमापूर्यमाणपक्षाद्यान्षण्मासानुदगादित्य एति मासेभ्यो देवलोकमिति. અર્ચિમાર્ગગામી અર્ચિરના અભિમાની દેવતા પાસે જાય છે, ત્યાંથી દિવસાભિમાની દેવ પાસે, ત્યાંથી પક્ષાભિમાની દેવ પાસે અને ત્યાંથી ઉત્તરાયણના છ માસના અભિમાની દેવ પાસે, તે માસોના દેવતા પાસેથી ઉત્તરાયણના આદિત્ય દેવની પાસે અને ત્યાંથી દેવલોકમાં જાય છે." આ ગતિ અર્ચિરાદિ માર્ગનો આશ્રય કરનારાઓને મળે છે, પરંતુ જ્ઞાનીઓની તો તુરત જ સદ્ગતિ થાય છે, તેઓને જૂદે જૂદે સ્થાનકે રખડવું પડતું નથી. કારણ કે, શ્રુતિ પણ કહે છે કે; "न तस्य प्राणा उत्क्रामन्ति જ્ઞાનીના પ્રાણ બીજાની પેઠે શરીરમાંથી બહાર નિકળતા નથી."

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम्।
तत्र चांद्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते॥२५॥

આવૃત્તિવાળો માર્ગ કહે છે.

ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ તથા છ મહિના દક્ષિણાયન, આ સર્વના અભિમાની દેવતાઓ, તે તે સમયમાં અભિમાની થઈને રહે છે અને તે દક્ષિણાયનમાં મરણ પામેલો કર્મયોગી ચંદ્રમાના તેજને એટલે સ્વર્ગલોકને પામીને, ત્યાં આગળ ઇષ્ટપૂર્ત આદિકનું પુણ્ય ભોગવી, ફરીને આ લોકમાં જન્મે છે. ૨૫

ભાવાર્થ–આવૃત્તિ માર્ગ વિષે પણ છાંદોગ્યોપનિષદમાં કહે છે કે–"ते धूममभिसंभवन्ति धूमाद्रात्रेरपक्षीयमाणपक्षमपक्षीयमाणपक्षाद्यान्षण्मासान्दक्षिणाद्दित्य एति मासेभ्यः पितृलोकं पितृलोकाच्चन्द्रं ते चन्द्रं प्राप्यान्नं भवंति કર્મયોગી ધૂમાભિમાની દેવતા પાસે જાયછે.ત્યાંથી રાત્રિના અભિમાની દેવતા પાસે,ત્યાંથી કૃષ્ણપક્ષના અભિમાની દેવતા પાસે, ત્યાંથી છ દક્ષિણાયન માસના અભિમાની દેવતા પાસે, ત્યાંથી દક્ષિણાયનના સૂર્ય પાસે, ત્યાંથી પિતૃલોકમાં, પિતૃલોકમાંથી ચંદ્રલોકમાં અને ત્યાં જઇ અન્નરૂપે થઇ પાછો

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥२६॥
नैते सृती पार्थ जानन् योगी मुह्यति कश्चन ।

પૃથ્વી ઉપર અવતરે છે.'' આવી રીતે નિવૃત્તિવાળા કર્મવડે કરેલી ઉપાસનાથી ક્રમે કરીને મુક્તિ મળે છે અને કામ્ય કર્મો કરવાથી સ્વર્ગ મળે છે ને ત્યાં ભોગ ભોગવ્યા પછી સંસારમાં અવતરવું પડે છે અને શાસ્ત્રનિષિદ્ધ કર્મો કરવાથી નરક ભોગવ્યા પછી પાછો સંસારમાં જન્મ થાય છે, પરંતુ ક્ષુદ્રકર્મ કરનારાં પ્રાણીઓ તો વારંવાર આ સંસારમાં જન્મે છે, એમ જાણવું.

શુકલા કહેતાં અર્ચિરાદિક ગતિ પ્રકાશિત હોવાથી ઉજ્જવલ છે; અને કૃષ્ણા એટલે ધૂમાદિક ગતિ અંધકારમય હોવાથી શ્યામ છે. આ બન્ને માર્ગ જ્ઞાન તથા કર્મના અધિકારીના જગતના અનાદિ માર્ગો મનાયલા છે. તે બેમાં પહેલા શુકલ માર્ગથી મનુષ્ય મોક્ષને પામે છે અને બીજા ધૂમ માર્ગથી વારંવાર સંસારમાં જન્મ મરણને પામે છે. ૨૬

तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥२७॥
वेदेषु यज्ञेषु तपःसु चैव
दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।

અર્ચિરાદિ જ્ઞાનમાર્ગનું ફલ દેખાડતાં ભક્તિયોગનો ઉપસંહાર કરે છે.

હે પૃથાના પુત્ર અર્જુન ! આ બન્ને માર્ગ મોક્ષ તથા સંસારને આપનારા છે. આમ જાણીને સુખ મળશે, આવા વિચારથી સ્વર્ગાદિક ફલની વાંછા ન રાખતાં કેવળ પરમાત્મા વિષે એકનિષ્ઠા રાખીને યોગી રહે છે, તે યોગી મોહિત થતો નથી, માટે હે અર્જુન ! તું સર્વ કાળમાં યોગનિષ્ઠાવાળો થા. ૨૭

આઠ પ્રશ્નોના અર્થનો નિર્ણય કર્યો, હવે તેનો ફલસહિત ઉપસંહાર કરે છે.

યોગી, આ આઠ પ્રશ્નોના નિર્ણયમાં કહેલું તત્ત્વ જાણીને વેદનાં અધ્યયનોવડે, યજ્ઞોનાં અનુષ્ઠાનવડે, કાયશોષણાદિક તપશ્ચર્યાવડે તથા સુપાત્રાદિકને દાન દેવાવડે શાસ્ત્રમાં જે પુણ્યનું ફલ કહ્યું છે, તે સર્વના કરતાં પણ અધિક, યોગથી મળનારાં ઐશ્વર્યને પામે છે અને તે પછી જ્ઞાની થઈને ઉત્તમ

अत्येति तत्सर्वमिदं विदित्वा
योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽक्षरब्रह्मयोगो नामाष्टमोऽध्यायः ॥८॥

તથા જગતના મૂળભૂત એવા વિષ્ણુનાં પરમ પદને પામે છે. ૨૮

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'અક્ષરબ્રહ્મયોગ' નામનો અધ્યાય આઠમો સંપૂર્ણ

॥ श्रीभगवानुवाच ॥

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् १
राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।

આગળ સાતમા અને આઠમા અધ્યાયમાં "પરમેશ્વરનું સ્વરૂપ ભક્તિથી જ સુલભ છે, બીજાથી નથી." આ વાત શ્રીકૃષ્ણે કહી હતી. હવે આ નવમા અધ્યાયમાં પોતાના અચિન્ત્ય ઐશ્વર્ય તથા ભક્તિનો અસાધારણ પ્રભાવ શ્રીકૃષ્ણ કહે છે:-

શ્રીભગવાન્ કહે છે–હે અર્જુન! પરમ કારુણિક એવા મારા ઉપર 'આ કૃષ્ણ તો વારંવાર પોતાનું જ માહાત્મ્ય કહે છે' આવી દોષદૃષ્ટિ તું કરતો નથી, માટે હું તને છાનામાં છાનું ઈશ્વર સંબંધી જ્ઞાન ઉપાસના સહિત કહીશ, જે જાણવાથી તું આ અશુભ એવા સંસારમાંથી તરત જ મુક્ત થઈશ. ૧

ભાવાર્થ–ધર્મજ્ઞાન ગુહ્ય કહેવાય છે, આત્મજ્ઞાન ગુહ્યતર અને પરમેશ્વરનું જ્ઞાન ગુહ્યતમ કહેવાય છે.

આ જ્ઞાન વિદ્યાઓમાં રાજા કહેતાં શ્રેષ્ઠ છે, ગુપ્ત રાખવા યોગ્ય વસ્તુઓમાં બહુ ગોપ્ય છે, ઘણું જ

प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥ २ ॥
अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तंते मृत्युसंसारवर्त्मनि ॥ ३ ॥
मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।

પવિત્ર છે, જ્ઞાનીઓને પ્રત્યક્ષ ફળ આપનારું છે, ધર્મથી ભરપૂર છે, સારી રીતે સહેજમાં સંપાદન કરી શકાય તેવું છે, તથા અક્ષય ફળ આપનારું હોવાથી અવિનાશી છે. ૨

આ પ્રમાણે જ્ઞાન જ્યારે સંસારમાં સુલભ છે, ત્યારે જન્મ મરણ કોણ પામશે, ત્યાં આગળ શ્રીકૃષ્ણ કહે છેઃ—

હે શત્રુઓને તપાવનાર અર્જુન! જેઓ આ ભક્તિરૂપ જ્ઞાન સહિત ધર્મ ઉપર શ્રદ્ધા રાખતા નથી અને જેઓ મારી પ્રાપ્તિ માટે બીજા પ્રયત્નો કરે છે છતાં પણ તેઓ મને પામ્યા વિના મૃત્યુ-વાળા સંસારના માર્ગમાં ભટક્યા કરે છે. ૩

આ પ્રમાણે કહેવા માટે આરંભેલા જ્ઞાનની સ્તુતિથી શ્રોતાને સન્મુખ કરીને તે જ જ્ઞાન બે શ્લોકવડે કહે છેઃ—

ઇંદ્રિયો જેનાં સ્વરૂપને જાણી શકતી નથી, એવો હું, આ સર્વ જગતમાં વ્યાપ્ત છું. શ્રુતિ કહે છે કેઃ—

मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः॥४॥
न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ५ ॥

तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ઇશ્વરે સૃષ્ટિને સરજીને તેમાં જ પ્રવેશ કર્યો." આ પ્રમાણે કારણરૂપ જે હું તે વિષે આ સ્થાવર જંગમાત્મક સર્વ પ્રાણીઓ રહેલાં છે, તથાપિ હું આકાશની પેઠે અસંગ છું, માટે ઘટ વગેરે પોતાનાં કાર્યમાં જેમ મૃત્તિકા રહે છે; તેમ હું તે પ્રાણીઓને વિષે રહેલો નથી. ૪

વળી તું મારી અસાધારણ શક્તિ એટલે અઘટિત ઘટના ચાતુર્ય તો જો, કે મારો આશ્રય કરીને રહેલાં સ્થાવર જંગમ પ્રાણીઓ પણ મારા અસંગપણાથી મારે વિષે રહ્યાં નથી. તેમ મારી બીજી પણ અસાધારણ શક્તિ તું જો. જેમ જીવ દેહને ધારણ કરે છે, તેનું પાલન કરે છે, અને અહંકારથી દેહ સાથે જોડાયલો રહે છે તેમ મારું પરમ સ્વરૂપ પણ પ્રાણી માત્રને ધારણ કરે છે, તેનું પોષણ કરે છે, તથાપિ અહંકાર વિનાનું હોવાથી પ્રાણીઓ વિષે રહેતું નથી. ૫

यथाऽऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥६॥
सर्वभूतानि कौंतेय प्रकृतिं यांति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।७।
प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।

બે વસ્તુઓ જૂદી જૂદી હોય, તથાપિ એક વસ્તુ બીજી વસ્તુનો આધાર થઇ શકે છે, આ વાત કહે છેઃ—

કોઈપણ વસ્તુ અવકાશ વિના રહી શકતી નથી. આકાશમાં રહેતો વાયુ નિત્ય સર્વત્ર ફરનારો અને મહાન્ છે, તથાપિ તે નિરવયવ હોવાથી જેમ આકાશ સાથે બંધાતો નથી, તેમ જ સર્વે ભૂત પ્રાણીઓ પણ મારે વિષે રહેલાં છે, તથાપિ હું તેનાથી બંધાતો નથી, એમ તારે જાણવું. ૬

અસંગ એવા પરમાત્માની માયાવડે જગતની સ્થિતિ કહી, હવે તે માયાવડે જગતની સૃષ્ટિ તથા પ્રલય કહે છેઃ—

હે કુન્તીપુત્ર! પ્રલય વેળા સર્વ પ્રાણીઓ મારી નિર્ગુણ માયા વિષે લીન થાય છે અને ફરીને સૃષ્ટિ વેળા હું તે સર્વે પ્રાણીઓને સરજું છું. ૭

તમે તો અસંગ અને વિકારરહિત છો, માટે સૃષ્ટિને મ રચો છો? આ શંકાનો બે શ્લોકવડે ઉત્તર આપે છેઃ—

भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥
न च मां तानि कर्माणि निबध्नंति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९ ॥
मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौंतेय जगद्विपरिवर्तते ॥ १० ॥

હું મારી પોતાની માયાનો આશ્રય કરીને પ્રલય વેળા મારી માયામાં લીન થયેલાં કર્માદિકને આધીન થયેલા એવા ચાર પ્રકારના સર્વ પ્રાણી-સમૂહને તેઓનાં પ્રાચીન કર્મોથી થયેલા સ્વભાવાનુસાર વિવિધરૂપે સરજું છું. ૮

તમે આ પ્રમાણે અનેક જાતનાં કર્મો કરો છો ત્યારે તમને જીવની પેઠે બંધન કેમ થતું નથી? આનું સમાધાન કરે છેઃ—

હે અર્જુન! કર્મોમાં આસક્તિ રાખવાથી બંધન થાય છે, પરંતુ મને તે આસક્તિ નથી; કારણ કે હું પૂર્ણકામ છું, માટે હું ઉદાસીનની પેઠે રહું છું અને તે કર્મો વિષે આસક્તિરહિત છું, માટે મને તે કર્મો બંધન કરતાં નથી. ૯

હે કુંતીના પુત્ર અર્જુન! મારા અધ્યક્ષપણા

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥ ११ ॥
मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥१२॥

નીચે માયા, આ સચરાચર જગતને ઉત્પન્ન કરે છે અને મારા અધિષ્ઠાતારૂપી હેતુથી જગત્ વારંવાર ઉત્પન્ન થાય છે. ૧૦

ભાવાર્થ—હું અધિષ્ઠાતારૂપે સમીપમાં જ રહેલો છું તેથી મારા કર્ત્તાપણામાં અને ઉદાસીનપણામાં વિરોધ આવતો નથી.

તમે આવા પરમેશ્વર છો, ત્યારે કેટલાએક તમને શા માટે માન આપતા નથી? આ શંકાનો ઉત્તર બે શ્લોકવડે આપે છે.

મારા કરતાં બીજા દેવતાઓ તુરત ફળ આપશે, આવી નિષ્ફલ આશાવાળા, મારાથી વિમુખ હોવાથી નિરર્થક કર્મ કરનારા, નાના પ્રકારનાં કુતર્કોવાળાં શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારા, વિક્ષિપ્ત મનવાળા અને પુષ્કળ હિંસાવાળી, તમોગુણી તથા બુદ્ધિને ભ્રષ્ટ કરનારી રાક્ષસી પ્રકૃતિનો તથા રજોગુણવાળી કામ,

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजंत्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥१३॥
सततं कीर्तयंतो मां यतंतश्च दृढव्रताः ।
नमस्यंतश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ।१४।

દર્પ આદિક જેમાં ઘણાં છે એવી બુદ્ધિને ભ્રષ્ટ કરનારી આસુરી પ્રકૃતિનો આશ્રય કરીને સર્વ પ્રાણીઓનો મહેશ્વર એવો જે હું તનાં પરમ તત્ત્વને ન જાણનારા એવા મૂઢ લોકો, ભક્તની ઇચ્છાથી જ શુદ્ધ સત્ત્વગુણી મનુષ્યદેહને ધારણ કરનારો જે હું, તેનો તિરસ્કાર કરે છે. ૧૧-૧૨

ત્યારે તમારું આરાધન કોણ કરે છે?

હે પાર્થ! 'अभयं सत्त्वसंशुद्धिः' ઇત્યાદિક વચન વડે આગળ કહેવામાં આવશે, એવી દૈવીસંપત્તિનો આશ્રય કરનારા, મારે વિષે જ મન રાખનારા, મારા સિવાય બીજી વસ્તુમાં મન નહિ રાખનારા એવા મહાત્માઓ જગતના કારણભૂત અને અવિનાશી એવા મને જ્ઞાનદ્વારા જાણીને મારું ભજન કરે છે. ૧૩

બે શ્લોકવડે ભજનનો પ્રકાર કહે છેઃ-

તે મહાત્માઓમાં કેટલાએક સદાય સાવધ થઇને ભક્તિથી મારું કીર્તન કરીને મારી ઉપાસના કરે છે,

ज्ञानयज्ञेन चाप्यन्ये यजंतो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥
अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।

કેટલાએક દૃઢ નિયમવાળા ઈશ્વરાદિકને મેળવવા માટે પ્રયત્ન કરે છે, તથા ઇંદ્રિયોને નિયમમાં રાખી સાવધ રહીને ભક્તિથી મારી સેવા કરે છે, કેટલાએક ભક્તિથી નમસ્કાર કરીને સાવધપણે મારી ઉપાસના કરે છે અને કેટલાએક નિત્ય સાવધ થઈને ભક્તિથી મારી ઉપાસના કરે છે. ૧૪

કેટલાએક "वासुदेवः सर्वमिति" એવી સર્વાત્મદૃષ્ટિરૂપ જ્ઞાનયજ્ઞવડે મારું યજન કરીને મારી ઉપાસના કરે છે, તેમાં પણ કેટલાએક તો, "આ સર્વ બ્રહ્મરૂપ જ છે". આવી પરમાર્થદૃષ્ટિરૂપ અભેદભાવનાથી, કેટલાએક, "હું તમારો દાસ છું", આવી પૃથક્‌ભાવનાથી અને કેટલાએક, મને સર્વાત્મારૂપને "બ્રહ્મા, રુદ્ર" આદિ અનેક રૂપથી ઉપાસે છે. ૧૫

ઈશ્વર સર્વના આત્મા છે, તે વાત ચાર શ્લોકવડે કહે છેઃ–

શ્રુતિઓએ પ્રગટ કરેલા અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞો હું છું તથા સ્મૃતિઓમાં પ્રકટ કરેલા પંચમહાયજ્ઞ

मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ १६ ॥
पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥१७॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ।१८।
तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।

આહ્નિક હું છું; પિતૃઓ માટે કરેલાં શ્રાદ્ધાદિકમાં સ્વધારૂપ હું છું, ઔષધિથી થયેલું અન્ન હું છું; અનુવાકાદિક મંત્ર હું છું અને હોમાદિકનાં સાધનરૂપ પણ હું છું, આહુવનીય અગ્નિ પણ હું છું અને હોમ પણ હું છું. ૧૬

હું આ જગતનો પિતા, માતા, કર્મફલનો દાતા, પિતામહ, જાણવા યોગ્ય વસ્તુ, પ્રાયશ્ચિત્ત અથવા તો પવિત્ર વસ્તુ, ૐકાર, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ પણ હું છું. ૧૭

કર્મ ફળ, પોષણ કર્તા, નિયંતા, શુભાશુભ દ્રષ્ટા, ભોગસ્થાન, રક્ષક, હિતકર્તા, સ્રષ્ટા, પ્રલયકર્તા, આધાર, લયનું સ્થાન અને અવિનાશી કારણ હું છું. ૧૮

હે અર્જુન ! હું ઉનાળામાં સૂર્ય રૂપે રહીને જગતને

अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ १९ ॥
त्रैविद्या मां सोमपाः पूतपापा
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोक-
मश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥ २० ॥

તપાવું છું, ચોમાસામાં મેઘરૂપે જલ વર્ષાવું છું અને કોઈ વેળા જલ વર્ષાવતો પણ નથી. જીવન, મરણ, સ્થૂલ તથા સૂક્ષ્મ, એ સર્વ હું જ છું. આમ માનીને લોકો મને જ બહુરૂપે ઉપાસે છે. ૧૯

અગિઆરમા તથા બારમા શ્લોકમાં અભક્તો કહ્યા અને 'महात्मानस्तु मां पार्थ' એ શ્લોકવડે ભક્તોનું સ્વરૂપ કહ્યું. હવે જેઓ એકત્વ ભાવે કે પૃથક્ ભાવે વાસુદેવ એવા શ્રીકૃષ્ણને ભજતા નથી, તેઓ જન્મ મરણના પ્રવાહમાંથી છૂટતા નથી, એ વાત બે શ્લોકવડે કહે છે:—

ત્રણે વેદમાં કહેલાં કર્મ કરનારા, વેદમાં કહેલા યજ્ઞો વડે મારું યજન કરીને એટલે બીજા દેવતાઓ મારું જ રૂપ છે, આમ ન જાણતાં છતાં પણ વસ્તુતાએ ઇંદ્રાદિક રૂપ જે હું તેનું યજન કરીને યજ્ઞમાં શેષ રહેલા સોમ રસનું પાન કરનારા અને સોમન

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति
एवं त्रयीधर्ममनुप्रपन्ना
गतागतं कामकामा लभंते ॥ २१ ॥
अनन्याश्चिंतयन्तो मां ये जनाः पर्युपासते ।

પાનથી શુદ્ધ થયેલા એવા જે પુરુષો, સ્વર્ગની ગતિની યાચના કરે છે, તેઓ પોતાના પુણ્યના ફલરૂપ એવા ઇંદ્રલોકમાં જઇને ત્યાં દેવતાઓના દિવ્ય ભોગો ભોગવે છે. ૨૦

તે સ્વર્ગની કામનાવાળાઓ ઇચ્છિત એવા વિશાળ સ્વર્ગલોકમાં જઇ, ત્યાંની સુખ કામનાઓને ભોગવે છે. પણ વૈભવ દેનારાં પુણ્યો ક્ષીણ થયા પછી, મનુષ્યલોકમાં અવતરે છે. ફરીને એજ પ્રમાણે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદે પ્રદર્શિત કરેલા યજ્ઞોને અનુસરનારા, કામનાની ઇચ્છાવાળા પુરુષો વારંવાર આ લોકમાંથી પરલોકમાં અને પરલોકમાંથી આ લોકમાં આવજાવ કર્યા કરે છે.૨૧

મારા ભક્તો તો મારી કૃપાથીજ કૃતાર્થ થાય છે, તે કહે છે:-

મારા વિના બીજા કોઇ પણ દેવને નહિ પૂજનારા

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्‌।२२।
येऽप्यन्यदेवताभक्ता यजंते श्रद्धयान्विताः।
तेऽपि मामेव कौंतेय यजंत्यविधिपूर्वकम्‌ ॥२३॥
अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च।

તથા મારું જ ચિંતન કરનારા એવા જે પુરુષો, મારી ઉપાસના કરે છે, તેવા નિત્ય મારા ઉપર જ એક નિષ્ઠા રાખનારા પુરુષોને યોગ (ધનાદિકનો લાભ), ક્ષેમ (મળેલી વસ્તુનું રક્ષણ) તથા મોક્ષ, તેઓની પ્રાર્થના વિના પણ હું જ આપું છું. ૨૨

વસ્તુતઃ તમારાથી જૂદા બીજા દેવતાઓ નથી, તેથી ઇંદ્રાદિક દેવતાઓનું સેવન કરનારા પણ તમારા જ ભક્તો છે, માટે તેઓ ગતાગતપણાને કેમ પામે છે? તે શંકાનો ઉત્તર આપે છેઃ-

જે મનુષ્યો શ્રદ્ધાવાળા ભક્તો છતાં પણ, યજ્ઞવડે ઇંદ્રાદિક બીજા દેવતાઓનું યજન કરે છે, તેઓ પણ મારું યજન કરે છે. તે વાત તો ખરી છે, પરંતુ હે અર્જુન! તેઓ મોક્ષ આપે એવી વિધિવાળું યજન કરતા નથી, પરંતુ વિધિરહિત યજન કરે છે, માટે તેઓ ફરીને જન્મ મરણ પામે છે. ૨૩

હું જ સર્વે યજ્ઞોનો તે તે દેવતાઓરૂપે ભોક્તા છું તથા ફલદાતા પણ હું જ છું, છતાં તેઓ મારાં

न तु मामभिजानंति तत्त्वेनातश्च्यवंति ते ॥२४॥
यांति देवव्रता देवान् पितॄन्यांति पितृव्रताः ।
भूतानि यांति भूतेज्या यांति मद्याजिनोऽपि माम् २५
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ २६ ॥

સ્વરૂપને યથાર્થ રીતે સમજતા નથી, માટે તેઓ ફરીને જન્મ લે છે. ૨૪

ભાવાર્થ—જેઓ મને સર્વ દેવતાઓનો અંતર્યામી ગણીને મારું યજન કરે છે, તેઓ ફરીને જન્મ મરણ પામતા નથી.

ઇન્દ્રાદિક દેવતાઓના ભક્તો ઇન્દ્રાદિક દેવોને પામે છે, પિતૃભક્તો પિતૃઓને પામે છે, વિનાયક, માતૃકા આદિક ભૂતોનું યજન કરનારાઓ તે તે ભૂતોને પામે છે, પરંતુ મને ભજનારાઓ તો મને જ પામે છે. ૨૫

જે પુરુષ મને પત્ર, પુષ્પ, ફલ કે જળ, ભક્તિથી અર્પણ કરે છે, તે શુદ્ધ અંતઃકરણવાળા અને કામનારહિત ભક્તે ભક્તિપૂર્વક અર્પણ કરેલી પત્ર, પુષ્પ આદિક વસ્તુ હું પ્રેમપૂર્વક ગ્રહણ કરું છું. ૨૬

ભાવાર્થ—ક્ષુદ્ર દેવતાઓ જેમ ઘણા ધનથી બની

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥२७॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यासि॥२८॥

શકે તેવા યજ્ઞોવડે પ્રસન્ન થાય છે, તેમ હું કંઈ મહા વિભૂતિવાળો પરમેશ્વર પુષ્કળ ધનવાળા યજ્ઞોથી પ્રસન્ન થતો નથી, માત્ર ભક્તિનો જ ભુખ્યો છું; માટે ભક્તે અર્પણ કરેલી યત્કિંચિત્ પુષ્પ પત્રાદિક વસ્તુ પણ ભક્તના અનુગ્રહને માટે જ હું ગ્રહણ કરું છું.

હે કુંતાપુત્ર અર્જુન! તું સ્વભાવથી અથવા તો શાસ્ત્રવિધિથી જે કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે આપે છે તથા જે તપ કરે છે, તે સર્વ, મને જે પ્રમાણે અર્પણ થાય તે પ્રમાણે કર. ૨૭

આ પ્રમાણે મને કર્મો અર્પણ કરવાથી કર્મનાં સારાં નરતાં ફલોમાંથી તું છૂટો થઈશ. કારણ કે મને કર્મ અર્પણ કરવાથી, તને તે કર્મોનાં ફલોનો સંબંધ રહેશે નહિં. આ પ્રમાણે કર્મોમાંથી છૂટો થયા પછી, સંન્યાસ (મને કર્મો અર્પણ કરવાં તે) રૂપી યોગમાં જેનું મન જોડાયલું છે એવો તું, મને પ્રાપ્ત થઈશ. ૨૮

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः।
ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् २९
अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।

તમે જ્યારે ભક્તોને જ મોક્ષ આપો છો, પરન્તુ બીજાઓને આપતા નથી, ત્યારે શું તમને પણ રાગ દ્વેષથી થયેલું વિષમપણું છે? આના ઉત્તરમાં કહે છેઃ—

હું સર્વ પ્રાણીઓને વિષે સમાન રીતે રહું છું, માટે મને કોઈ પ્રિય પણ નથી, તેમ કોઈ શત્રુ પણ નથી જ. આમ છતાં પણ જે ભક્તો ભક્તિ-વડે મને ભજે છે, તે ભક્તો મારે વિષે અને હું પણ તેઓ વિષે અનુગ્રહકર્તા રૂપે રહું છું. ૨૯

ભાવાર્થ—અગ્નિ, પોતાનું સેવન કરનારનાં અંધારાં તથા ટાઢ વગેરે દુઃખોને દૂર કરે છે. આમાં અગ્નિ કંઈ પક્ષપાતી ગણાતો નથી. કલ્પવૃક્ષ પણ પોતાના ભક્તોની કામના પૂરે છે,તેમાં તેની પણ વિષમ દૃષ્ટિ ગણાતી નથી. તેમ જ હું પણ મારી સેવા કરનારા ભક્તોનો પક્ષપાત કરું છું, તેમાં મારી પણ વિષમતા નથી, કિંતુ મારી ભક્તિનો એવો મહિમા છે.

કદાચ કોઈ અત્યંત દુરાચારવાળો હોય, તથાપિ તે જો બીજા દેવતાઓને પણ વાસુદેવ રૂપ જ છે,

साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः॥३०॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांतिं निगच्छति।

આવી બુદ્ધિથી બીજા દેવોની ભક્તિ ન કરતાં શ્રી-નારાયણ એવા મને જ ભજે છે, તો તેને શ્રેષ્ઠ જાણવો; કારણ કે, તે, 'હું પરમેશ્વરનાં ભજનથી કૃતાર્થ થઇશ,' આવા શુભ વ્યવસાયવાળો છે. ૩૦

શું સારા વિચાર કરવાથી જ મનુષ્યને સારો માનવો? આના ઉત્તરમાં કહે છે.

દુષ્ટાચારીનું મન પણ મને ભજવાથી તુરત ધર્મમાં લીન થાય છે અને તેથી તે ચિત્તના ઉપદ્રવને શાંતિ કરનારી પરમેશ્વર સંબંધી દૃઢ નિષ્ઠાને પામે છે.

આ વાત કુતર્કરૂપી કઠિન વાદ કરનારા માને નહિ, આવી શંકાથી અર્જુનને ગભરાયલો જોયો, એટલે શ્રીકૃષ્ણ તેને ઉત્સાહથી કહે છે:—

હે કુંતાપુત્ર અર્જુન! વિવાદ કરનારા કુતર્કી લોકોની સભામાં જઈને તારે ઢોલ, શંખ આદિક વગાડી ઉંચો હાથ કરીને નિસ્સંદેહ રીતે પ્રતિજ્ઞા કરવી કે, 'ભગવાનનો ભક્ત દુરાચારી હોય છે, તો પણ તે નરકનું દુઃખ ભોગવતો નથી.' તારી આ

कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति। ३१।
मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः।
स्त्रियोवैश्यास्तथाशूद्रास्तेऽपि यांति परां गतिम् ३२
किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।

પ્રૌઢ પ્રતિજ્ઞા સાંભળીને કુતર્કીઓનો કુતર્ક નાશ પામશે અને તેઓ તને જ ગુરુ માનીને તારો જ અવશ્ય આશ્રય કરશે. ૩૧

મારી ભક્તિ નીચ કુલમાં જન્મેલા અધિકારી પુરુષને પણ પવિત્ર કરે છે, ત્યારે આચારવાળા પુરુષને પવિત્ર કરે, તેમાં તો આશ્ચર્ય શું? તે વાત કહે છે:—

હે પૃથાપુત્ર અર્જુન! જેઓ અત્યંત નીચ એવી અંત્યજ જાતિમાં અવતરેલા હોય, જેઓ કેવળ ખેતીવાડીનું કર્મ કરનારા વૈશ્યો હોય તથા જેઓ વેદાધ્યયનના અનધિકારી એવાં સ્ત્રી શૂદ્રો હોય, તેઓ પણ મારો આશ્રય કરીને પરમ ગતિને પામે છે, એ વાત નિસ્સંદેહ છે. ૩૨

જયારે આમ છે, ત્યારે પુણ્ય કર્મ કરનારા બ્રાહ્મણો તથા રાજર્ષિઓ કે જેઓ, મારા પરમ ભક્તો છે, તેઓ, પરમ ગતિને પામે એમાં તો શું જ કહેવું? માટે તું આ રાજર્ષિના દેહને પામ્યો

अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ३३
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

છે, કે જે દેહ નાશવંત અને સુખ રહિત છે, માટે તું વિલંબ ન કરતાં સુખ માટે ઉદ્યમનો ત્યાગ કરીને મારું ભજન કર. ૩૩

ભજન કરવાની રીત દર્શાવે છે.

મારે વિષે મન રાખ, મારો ભક્ત થા, મારું જ યજન કર અને મને જ નમસ્કાર કર. આ રીતે મારા પરાયણ થઈ, મારે વિષે મનને સ્થિર કર્યા પછી તું મને જ પ્રાપ્ત થઈશ. ૩૪

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'રાજવિદ્યા રાજ-ગુહ્યયોગ' નામનો અધ્યાય નવમો સંપૂર્ણ

॥ શ્રીભગવાનુવાચ

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥
न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।

સાતમા, આઠમા અને નવમા, એ ત્રણ અધ્યાયમાં પરમેશ્વરનાં ભજવા યોગ્ય સ્વરૂપનું નિરૂપણ કર્યું, તેમાં સાતમા અધ્યાયમાં 'रसोऽहमप्सु कौंतेय' ઇત્યાદિક વચનોવડે ટૂંકામાં, ઈશ્વરની વિભૂતિઓ કહી આઠમા અધ્યાયમાં 'अधियज्ञोऽहमेवात्र' ઇત્યાદિ વચનોવડે ટૂંકામાં ઈશ્વરની વિભૂતિઓ કહી અને નવમા અધ્યાયમાં 'अहं क्रतुरहं यज्ञ' ઇત્યાદિક વચનોવડે ઈશ્વરની વિભૂતિઓ કહી. તે વિભૂતિઓ વિસ્તારથી કહેવાને ઇચ્છતા તથા ઈશ્વરભક્તિની આવશ્યકતા કહેવાને ઇચ્છતા એવા શ્રીભગવાન્ કહે છે.

શ્રીભગવાન્ કહે છે—યુદ્ધ આદિક સ્વધર્મ આચરવામાં અથવા તો મહાપુરુષોની સેવા કરવામાં કુશળ બાહુવાળા હે અર્જુન! તું ફરી પણ પરમાત્મા સંબંધી મારું કહેવું સાંભળ, કે જે પરમ વચન હું મારાં વચનામૃતોથી પ્રસન્ન થતા એવા તને, હિત કરવાની ઇચ્છાથી કહીશ. ૧

દેવતાઓ તથા ભૃગુ આદિક મહર્ષિઓ પણ નાના પ્રકારની વિભૂતિઓથી થયેલા મારા અજન્માના

अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥ २ ॥
यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥
बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो भयं चाभयमेव च ॥४॥

ઉત્તમ જન્મને જાણતા નથી. તેનું કારણ એ છે કે, હું સર્વ પ્રકારે દેવતાઓને અને મહર્ષિઓને ઉત્પન્ન કરવામાં તથા બુદ્ધિ આદિક આપવામાં આદિ કારણ છું, માટે મારા અનુગ્રહ વિના મને કોઈ પણ જાણી શકતા નથી. ૨

છતાં પણ જે મનુષ્ય મને સર્વનું કારણ હોવાથી અનાદિ, અજન્મા તથા સર્વ લોકનો મહેશ્વર જાણે છે, તે પુરુષ મનુષ્યોમાં મોહરહિત થઈને સર્વ પાતકોમાંથી મૂકાય છે, અર્થાત્ શુદ્ધ થાય છે. ૩

બુદ્ધિ—સારાસાર વિવેકની નિપુણતા, આત્મજ્ઞાન, શાંતિ, ક્ષમા—સહનશીલતા, સત્ય, દમ—બાહ્યેંદ્રિયોનો નિયમ, શમ—અન્તર ઈન્દ્રિયનિગ્રહ,સુખ—અનુકૂલ જ્ઞાન,દુઃખ—વિરુદ્ધતા, ઉત્પત્તિ, અનુત્પત્તિ, ત્રાસ, અભય, અહિંસા—પરને પીડા ન આપવી તે

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवंति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥५॥
महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ६
एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।

સમતા,રાગ દ્વેષથી રહિત રહેવું અને મિત્ર શત્રુ તરફ સમભાવ, તુષ્ટિ–દૈવથી મળેલી વસ્તુ ઉપર સંતોષ માનવો, આગળ કહેવામાં આવશે એવાં શારીરિક તપ,દાન–ન્યાયથી મેળવેલાં ધનાદિક સુપાત્રને આ-પવાં, સારી કીર્તિ,અપકીર્તિ વગેરે અનેક જૂદા જૂદા ભાવો,પ્રાણીઓને મારા તરફથી જ મળે છે. ૪–૫

ભૃગુઆદિક સાત મહર્ષિઓ,તેનાથી પણ પ્રાચીન એવા સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર, આ ચાર ઋષિઓ તથા સ્વાયંભુ વગેરે મનુઓ, આ સર્વેમાં મારો પ્રભાવછે.તેઓ મારી માનસિકસૃષ્ટિછે, એટલે તેઓ મનમાંથી ઉત્પન્ન થયા છે, અને આલોક-માં બ્રાહ્મણ વગેરે જે પ્રજાછે,તે પણ પૌત્ર અને શિષ્ય પ્રશિષ્યરૂપે ભૃગુ આદિ મહર્ષિઓનીજ પ્રજા છે. ૬

જે મનુષ્ય, આ ભૃગુ વગેરે મારી વિભૂતિને તથા

सोऽविकंपेन योगेन युज्यते नात्र संशयः ॥ ७ ॥
अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजंते मां बुधा भावसमन्विताः॥८॥
मच्चित्ता मद्गतप्राणा बोधयंतः परस्परम् ।
कथयंतश्च मां नित्यं तुष्यंति च रमंति च ॥९॥

મારાં ઐશ્વર્યનાં લક્ષણ તત્ત્વથી જાણે છે તે મનુષ્ય, મારાં અવશ્ય દર્શન કરે છે, તેમાં સંશય નથી. ૭

હુંજ આ સર્વ જગતનો ભૃગુ, મનુ આદિક વિભૂતિદ્વારા ઉત્પન્ન કર્ત્તા છું અને મારાથી જ આ સર્વ જગતના બુદ્ધિ, જ્ઞાન આદિક સર્વ પદાર્થો પેદા થાય છે, આ પ્રમાણે મને જાણીને ભક્તિભાવવાળા વિવેકી પુરુષો, મારી સેવા કરે છે. ૮

મારે વિષે મન રાખનારા તથા મારે વિષે જ ઇંદ્રિયો અથવા તો પ્રાણને અર્પણ કરનારા વિવેકી પુરુષો ન્યાયવાળા શ્રુતિ આદિકનાં પ્રમાણો આપીને પરસ્પર મારાં સ્વરૂપનો બોધ કરે છે અને મારાં સ્વરૂપનો બોધ થયા પછી નિરંતર મારા ગુણ ગાઇને સંતુષ્ટ થાય છે તથા નિવૃત્તિ સુખને પામે છે. ૯

આવા પુરુષોને હું જ યથાર્થ જ્ઞાન આપું છું, તે કહે છે:—

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते ॥ १०॥
तेषामेवानुकंपार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता॥ ११॥
॥ अर्जुन उवाच ॥
परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।

નિરંતર મારે વિષે આસક્તિ રાખનારા અને પ્રેમપૂર્વક મારું ભજન કરનારા, વિવેકી પુરુષોને, હું, બુદ્ધિરૂપ ઉત્તમ ઉપાય આપું છું કે જે ઉત્તમ ઉપાયથી તે ભક્તો મારી પાસે આવે છે. ૧૦

તેઓને જ્ઞાન આપી મારાં સ્વરૂપનો યથાર્થ અનુભવ કરાવ્યા પછી અવિદ્યાથી થયેલાં તેઓનાં જન્મ મરણરૂપી સંસારનો હું નાશ કરું છું, તે વાત કહે છેઃ—

હું તેઓના ઉપર અનુગ્રહ કરવા માટે જ તેમની બુદ્ધિવૃત્તિમાં રહીને પ્રકાશમાન એવા જ્ઞાનરૂપી દીવા વડે તેઓનાં અજ્ઞાનરૂપી અંધારાનો અર્થાત્ સંસારનો નાશ કરું છું. ૧૧

ટુંકામાં કહેલી વિભૂતિઓને વિસ્તારથી સાંભળવાની ઇચ્છાવાળો અર્જુન ભગવાનની સ્તુતિ કરતો પુછે છેઃ—

અર્જુન પૂછે છે-તમે નિત્ય, પુરુષ, સ્વયંપ્રકાશ-

पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥१२॥
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे१३
सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
नहि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः॥१४॥

રૂપ, આદિ દેવ, અજન્મા અને વ્યાપક છો, માટે ભૃગુઆદિ સર્વ ઋષિઓ, દેવર્ષિ નારદ, અસિત, દેવલ તથા વ્યાસ, તમને પરમ બ્રહ્મ, પરમ આધાર અને પરમ પવિત્ર કહે છે તથા તમે પોતે પણ મને તેમજ કહો છો. ૧૨–૧૩

હે ભગવન્! તમે પોતે જ પરબ્રહ્મ છો, આ સર્વ વાર્તા સત્ય જ છે; આમ હું માનું છું, કારણ કે, તમે પોતે મને કહો છો. વળી તમે કહો છો કે, 'न मे विदुः सुरगणाः' એ પણ સત્ય જ છે, એમ હું માનું છું. કારણ કે હે ભગવન્! આ ભગવાનનો આવિર્ભાવ, અમારા અનુગ્રહ માટે છે, આમ દેવતાઓ જાણતા નથી; તેમ દાનવો પણ આ ભગવાનનો આવિર્ભાવ, અમારા નિગ્રહ માટે છે, આમ જાણતા નથી. ૧૪

स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥ १५ ॥
वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वंव्याप्य तिष्ठसि १६
कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिंतयन् ।

તમો પ્રાણીઓના ઉત્પાદક છો, પ્રાણીઓના સ્વામી છો, આદિત્યાદિકના પ્રકાશક છો અને જગતના પાલક છો, માટે તમે પુરુષોમાં ઉત્તમ છો. હે પુરુષોત્તમ! તમે સ્વયંપ્રકાશ છો. માટે પોતાની મેળે જ પોતાને જાણો છો. તમને સ્વસ્વરૂપ જાણવામાં બીજાં સાધનોનું કામ પડતું નથી. ૧૫

તમારી વિભૂતિઓને દેવાદિક જાણતા નથી, માટે તમે જ તે વાત કહો.

તમે જે વિભૂતિઓવડે આ લોકમાં વ્યાપ્ત થઈને રહ્યા છો, તે આશ્ચર્યકારક તમારી સર્વ વિભૂતિઓ સંપૂર્ણ રીતે મને કહેવાને તમે યોગ્ય છો. ૧૬

વિભૂતિઓ કહેવાનું કારણ દર્શાવતાં અર્જુન બે શ્લોકવડે પ્રાર્થના કરે છે.

હે યોગી! હું સદા કઈ કઈ વિભૂતિઓથી તમારું

केषु केषु च भावेषु चिंत्योऽसि भगवन्मया ।१७।
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् १८
॥ श्रीभगवानुवाच ॥
हंत ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यंतो विस्तरस्य मे ।१९।

ચિંતન કરું તો તમને જાણું ? અને મારે તે વિભૂતિરૂપે વિચાર કરવા યોગ્ય કયા કયા પદાર્થોમાં તમને પ્રાર્થવા ? ૧૭

મારું ચિત્ત તમારાથી બહિર્મુખ હોય તો પણ તેને જે વિભૂતિઓમાં જેમ તમારું જ રટણ થાય તેમ વિસ્તારથી મને તમારી વિભૂતિઓ કહો, તે વાત કહે છેઃ—

તમારાં વાક્યામૃત સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. માટે હે જનાર્દન ! સર્વજ્ઞત્વ, સર્વ શક્તિમત્ત્વ, આદિ તમારું યોગબળ તથા વિભૂતિ મને ફરીને વિસ્તારથી કહો. ૧૮

શ્રીભગવાન્ બોલ્યા—હે વત્સ ! મારી અલૌકિક એવી મુખ્ય વિભૂતિઓ હું તને કહીશ. કારણ કે હે કુરુશ્રેષ્ઠ ! મારી અવાંતર વિભૂતિઓના વિસ્તારનો તો છેડો નથી અર્થાત્ અનંત છે. ૧૯

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामंत एव च ॥२०॥
आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥ २१ ॥
वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इंद्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना॥२२॥

હે ગુડાકેશ! હું સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં સર્વજ્ઞત્વ, સર્વ શક્તિત્વ આદિ ગુણોવડે નિયંતારૂપે રહેલો આત્મા છું. તેમ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર પણ હું છું. ૨૦

હવે વિભૂતિઓ કહે છે.

બાર આદિત્યોમાં વામનાવતારધારી વિષ્ણુ નામનો આદિત્ય હું છું; પ્રકાશક પદાર્થોમાં વિશ્વ-વ્યાપક કિરણવાળો સૂર્ય હું છું; આવહ, પ્રવહ, વિવહ, પરાવહ, ઉદ્વહ અને સંવહ, એ સાત વાયુ-ગણોમાં હું મરીચિ નામનો વાયુ છું; નક્ષત્રોમાં હું ચંદ્ર છું. ૨૧

વેદોમાં હું સામવેદ છું; દેવતાઓમાં હું ઇંદ્ર છું; ઇંદ્રિયોમાં હું મન છું; પ્રાણીઓમાં હું ચેતના શક્તિ છું. ૨૨

रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ।२३।
पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कंदः सरसामस्मि सागरः ।।२४।।
महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः२५
अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।

એકાદશ રુદ્રોમાં હું શંકર છું; રાક્ષસોમાં હું કુબેર છું; આઠ વસુઓમાં હું અગ્નિ છું અને સર્વ પર્વતોમાં હું મેરુ પર્વત છું. ૨૩

હે પૃથાના પુત્ર! પુરોધાઓની વચ્ચે મને મુખ્ય પુરોધા બૃહસ્પતિ જાણવો, દેવના સેનાપતિઓમાં હું કાર્તિકસ્વામી છું અને સરોવરમાં હું સાગર છું.૨૪

મહર્ષિઓમાં હું ભૃગુ છું, વાણીઓમાં હું એક અક્ષરરૂપ ૐકાર છું, શ્રૌત તથા સ્માર્ત યજ્ઞમાં હું જપ યજ્ઞ છું તથા સ્થાવરોમાં હું હિમાલય છું.૨૫

સર્વ વૃક્ષોમાં હું પીપળો છું; દેવતાઓ મંત્રદર્શનથી ઋષિઓ થયા છે, તે દેવર્ષિઓમાં હું નારદ છું,

गंधर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः २६
उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेंद्राणां नराणां च नराधिपम् ॥ २७॥
आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः २८
अनंतश्चास्मि नागानां वरुणो यादसामहम् ।

ગંધર્વોમાં ચિત્રરથ છું તથા સિદ્ધોમાં કપિલ મુનિ છું. ૨૬

ઘોડાઓમાં અમૃત માટે મથન કરતાં સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા ઉચ્ચૈઃશ્રવા નામના ઘોડાને મારી વિભૂતિ જાણજે; સર્વ ગજેન્દ્રોમાં સમુદ્રમંથન વેળા નિકળેલા ઐરાવતહાથીને મારી વિભૂતિ જાણજે અને સર્વ મનુષ્યોમાં મને રાજા જાણજે. ૨૭

આયુધોમાં હું વજ્ર છું, ગાયોમાં હું સર્વ કામના પૂરનારી કામદુધા ગાય છું, સર્વ પ્રજાને ઉત્પન્ન કરનાર હું કામ છું અને સર્પ માત્રમાં હું વાસુકી નામનો સર્પ છું. ૨૮

ઝેર રહિત સર્પોમાં હું શેષનાગ છું, જળચરોમાં હું વરુણ છું, પિતૃઓમાં હું અર્યમા નામનો

पितृणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥२९॥
प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेंद्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥३०॥
पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी॥३१।
सर्गाणामादिरंतश्च मध्यं चैवाहमर्जुन ।

પિતૃ છું અને શિક્ષા આપીને નિયમમાં રાખનારાઓમાં હું યમરાજા છું. ૨૯

દૈત્યોમાં હું પ્રહ્લાદ છું, વશ કરનારાઓમાં અથવા તો ગણના કરનારાઓમાં હું કાલસ્વરૂપ છું, પશુઓમાં હું સિંહરૂપ છું અને પક્ષી માત્રમાં હું ગરુડ છું. ૩૦

પાલન કરનારાઓમાં અથવા તો વેગવંતોમાં હું પવન છું; શસ્ત્રધારીઓમાં હું રામ અથવા તો જમદગ્નિનો પુત્ર પરશુરામ છું; મત્સ્યોમાં હું મગરમચ્છ છું તથા પ્રવાહવાળા જલમાં હું ગંગા નદી છું. ૩૧

હે અર્જુન! આકાશ વગેરે સૃષ્ટિનો આદિ, મધ્ય તથા અંત હું જ છું; અર્થાત્ ઉત્પત્તિ, સ્થિતિ તથા

अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ३२
अक्षराणामकारोऽस्मि द्वंद्वः सामासिकस्य च ।

પ્રલયને મારી વિભૂતિ જાણવી. વિદ્યા માત્રમાં હું આત્મવિદ્યા છું અને વાદ કરનારાઓના વાદ, જલ્પ અને વિતંડા, આ ત્રણ પ્રકારના વાદમાં હું વાદ છું.૩૨

ભાવાર્થ–ત્રણ જાતના વાદ પ્રસિદ્ધ છે, વાદ, જલ્પ અને વિતંડા. જેમાં વાદી અને પ્રતિવાદી બન્ને જણાઓ પ્રમાણોથી તથા તર્કોથી પોતપોતાના પક્ષને સ્થાપન કરીને સામા પક્ષને દૂષણ આપે, તેને જલ્પ કહે છે.જે વાદમાં એક પોતાના પક્ષને સિદ્ધ કરે અને બીજો છળ, જાતિ તથા નિગ્રહસ્થાનવડે માત્ર સામા પક્ષને દૂષણ આપે, પરંતુ પોતાના પક્ષને સિદ્ધ કરે નહિ,તેને વિતંડા કહે છે.આ બન્ને વાદો જિગીષુ જેવા વાદીની શક્તિની પરીક્ષા માત્રમાં જ ઉપયોગી છે અને તત્ત્વ નિર્ણયમાટે રાગ, દ્વેષરહિત ગુરુશિષ્યના અથવા તો બીજા કોઇના સંવાદને વાદ કહે છે. આમ વાદ શ્રેષ્ઠ હોવાંથી તે પરમેશ્વરની વિભૂતિ ગણાય છે.

અક્ષરોમાં હું અકાર છું, કારણ કે 'अ' સર્વ શાસ્ત્રમાં વ્યાપક છે. શ્રુતિ પણ કહે છે કે 'अकारो

अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ।३३।
मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक् च नारीणां स्मृतिर्मेधा धृतिःक्षमा
बृहत्साम तथा साम्नां गायत्री छंदसामहम् ।

हि सर्वा वाक् सैषा स्पर्शोष्मभिर्व्यज्यमाना बह्वी नानारूपा भवतीति' "અકાર એ સ્પર્શ અને ઉષ્મા અક્ષરવડે જણાતો, ઘણો અને અનેક રૂપવાળો સર્વ વાણી રૂપ છે." સમાસોમાં હું ઉભય પદ પ્રધાનવાળો દ્વંદ્વ સમાસ છું; કાલમાં પ્રધાનરૂપ અક્ષય કાલ પણ હું છું તથા કર્મનાં ફલ આપનારાઓમાં સર્વત્ર વ્યાપક સર્વ કર્મનું ફલ આપનાર હું છું. ૩૩

સંહાર કરનારાઓમાં સર્વનો સંહાર કરનાર મૃત્યુ હું છું. જેઓનું ભવિષ્યમાં કલ્યાણ થનારું છે એવા પુરુષોનો ઉદય હું છું અને નારીઓમાં કીર્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા, આ સાત દેવીઓ હું છું. ૩૪

ભાવાર્થ—ઉપર ગણાવેલી સાત દેવીઓના આભાસથી પ્રાણીઓ જગતમાં પ્રતિષ્ઠા પામે છે, માટે કીર્તિ વગેરે પરમાત્માની વિભતિઓ છે.

સામ માત્રમાં 'त्वामिंद्र हवामहे' એ ઋચામાં

मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः॥३५॥
द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥
वृष्णीनां वासुदेवोऽस्मि पांडवानां धनंजयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ३७
दंडो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।

ગવાતો અને ઈંદ્રને સર્વેશ્વરરૂપે ગાતો બૃહત્સામ હુ છું, છંદવાળા મંત્રોમાં હું ગાયત્રી મંત્ર છું, બાર માસમાં હું માર્ગશીર્ષ માસ છું, છ ઋતુઓમાં હું વસંત ઋતુ છું. ૩૫

પરસ્પર છેતરનારાઓમાં હું જુગાર છું, પ્રભાવ-વતામાં હું પ્રભાવ છું, વિજયીઓમાં હું જય છું, વ્યવસાયીઓમાં હું ઉદ્યમ છું, સાત્ત્વિકોમાં હું સત્ત્વગુણ છું. ૩૬

વૃષ્ણિવંશોમાં હું વાસુદેવ છું, પાંડવોમાં હું અર્જુનરૂપ છું. તાત્પર્ય કે, તું જ મારી વિભૂતિ છે. મુનિઓમાં હું વેદવ્યાસ છું, કવિઓમાં (કાવ્ય વેત્તાઓમાં) હું શુક્રાચાર્ય છું. ૩૭

દંડ કરનારાઓમાં હું દંડરૂપ છું કે જેથી નિયમ

मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ।३८।
यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ३९
नांतोऽस्मि मम दिव्यानां विभूतीनां परंतप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥४०॥

વિનાના પણ નિયમમાં રહે છે. વિજયેચ્છુ મનુષ્યોની સામ, દામ આદિક નીતિ હું છું; ગુહ્ય રાખવા યોગ્ય વસ્તુઓમાં ગુહ્ય રાખવાનું સાધન જે મૌન, તે પણ હું છું; અને તત્ત્વજ્ઞાનીઓનું જે જ્ઞાન, તે પણ હું છું. ૩૮

તાત્પર્ય—મૌન રહેનારાઓનો અભિપ્રાય જાણવામાં આવતો નથી, માટે ગુપ્ત રાખવામાં મૌન જ મોટું સાધન ગણાય છે અને તે ઈશ્વરનું સ્વરૂપ છે.

સ્થાવર તથા જંગમમાં એવો કોઈ પણ પદાર્થ નથી, કે જે મારા વિના હોઈ શકે. માટે હે અર્જુન! સર્વ પ્રાણીઓનું જે કંઈ કારણ છે, તે હું છું. ૩૯

વિભૂતિ પ્રકરણનો ઉપસંહાર કરે છે:—

હે પરંતપ અર્જુન! મારી અલૌકિક વિભૂતિઓનો છેડો નથી, માટે તે સર્વ કહી શકાય તેટલી નથી, તેથી વિભૂતિઓનો આ વિસ્તાર મેં તને ટુંકામાં કહ્યો.૪૦

यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥४१॥
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ४२

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्री-
कृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥१०॥

જે જે વસ્તુ ઐશ્વર્યવાળી, સંપત્તિવાળી અને ભાવ તથા બળ આદિક ગુણોવાળી હોય તે તે વસ્તુ માત્રને, તારે, મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલી જાણવી. ૪૧

અથવા તો હે અર્જુન! જૂદી જૂદી વસ્તુમાં રહેલા મને ભિન્ન ભિન્ન રૂપે જાણવાનું તને શું પ્રયોજન છે? ટુંકામાં કહું તે સાંભળ. હું આખા જગતને એક અંશવડે વ્યાપીને અથવા તો ધારણ કરીને રહેલો છું. મારા વિનાની કોઈ પણ જગ્યા નથી. શ્રુતિ પણ કહે છે કે,–'પાદોસ્ય વિશ્વા ભૂતાનિ સર્વ વિશ્વ અને પ્રાણી માત્ર પરમાત્માના એક ચતુર્થાંશ ભાગમાં રહેલાં છે.' ૪૨

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિષે 'વિભૂતિયોગ'
નામનો અધ્યાય દશમો સંપૂર્ણ

॥ अर्जुन उवाच ॥

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥
भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।

દશમા અધ્યાયને અંતે ભગવાને 'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्' આ વચનવડે પોતાનું વિશ્વરૂપે રહેલું ઐશ્વર્ય જણાવ્યું છે, તે વિશ્વરૂપને જોવાની ઇચ્છાવાળો અર્જુન, પૂર્વોક્ત રૂપની પ્રશંસા કરતો ચાર શ્લોકવડે પૂછે છે.

અર્જુન પૂછે છે—મારો શોક દૂર કરવા માટે તમે ગોપન કરવા યોગ્ય અને પરમાર્થવાળાં 'अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे' વગેરે દેહ તથા આત્માની ભિન્નતા દર્શાવનારાં ઉત્તમ અધ્યાત્મ વચનો કહ્યાં હતાં, તેનાથી 'હું મારનાર છું, બીજાઓ હણાશે,' આવો મને જે ભ્રમ હતો, તે દૂર થયો.૧

વળી હે કમળનાં પત્ર જેવાં વિશાળ નેત્રવાળા પરમાત્મા! પ્રાણીઓની ઉત્પત્તિ તથા વિનાશ તમારાથી જ થાય છે, પણ 'अहं कृत्स्नस्य जगतः प्रलयः प्रभवस्तथा હું આ સર્વ સ્થાવર જંગમ જગતને ઉ-

त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम्॥२॥
एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।

ત્પન્ન કરું છું તથા તેનો નાશ કરું છું.'ઇત્યાદિ તમારાં વચનોવડે મેં વારંવાર વિસ્તારથી સાંભળ્યું છે. તેમ તમે જો કે વિશ્વની ઉત્પત્તિ આદિ કરો છો, જીવો પાસે શુભાશુભકર્મ કરાવો છો અને તેનાં બંધ તથા મોક્ષ વગેરે વિચિત્ર ફળો પણ આપો છો, તથાપિ નિર્વિકારી, અવિષય, અસંગ, ઔદાસીન્ય આદિ તમારી અપાર અવિનાશી મહત્તા સાંભળી છે; અને તે તમે પોતે જ કહેલી છે. જેમ કે, 'अव्यक्तं व्यक्तिमापन्नं અવ્યક્ત છું, છતાં લોકો મને વ્યક્તિને–દેહને પ્રાપ્ત થયો માને છે,' 'मया ततमिदं सर्वं મારાવડે આ સર્વ જગત્ વ્યાપ્ત છે,' છતાં 'न च मां तानि कर्माणि, મને તે કર્મો બંધનકરતાં નથી.' 'समोऽहं सर्वभूतेषु હું સર્વ પ્રાણીઓમાં સમરૂપે રહેલો છું.' આ સર્વ વચનો સાંભળીને હવે 'હું કર્ત્તા છું' આવો મને જે મોહ થયો હતો, તે મોહ ટળી ગયો છે. ૨

હે પરમેશ્વર! 'विष्टभ्याहमिदं सर्वमेकांशेन स्थितो जगत् હું એક અંશવડે આ આખા વિશ્વને ધારણ

द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥४॥

॥ श्रीभगवानुवाच ॥

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।

કરીને રહ્યો છું.' આ પ્રમાણે તમે મને હમણાં જે કહો છો, તે ખરું છે. તેમાં મને અવિશ્વાસ નથી. તો પણ હે પુરુષોત્તમ! હું તમારું જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય અને તેજવાળું ઈશ્વરી સ્વરૂપ આશ્ચર્યથી જોવાને ઈચ્છું છું. ૩

હું તમારું સ્વરૂપ જોવાની ઈચ્છા રાખું છું, આમ કહેવા ઉપરથીજ, માત્ર તમારે મને તે રૂપ દેખાડવું નહિ. પરંતુ હે પ્રભો! હે યોગેશ્વર! હું આપનું ઐશ્વર્યાદિ ગુણસંપન્ન શરીર જોઈ શકીશ, આમ તમે જો માનતા હો, તો જ તમારું ઉપર કહેલું અવિનાશી સ્વરૂપ મને દેખાડજો. ૪

આવી અર્જુનની પ્રાર્થના ઉપરથી ભગવાન્ પોતાનું અદ્ભુત સ્વરૂપ દેખાડવા માટે અર્જુનને, સાવધ થા, કહી ચાર શ્લોકવડે અર્જુનને સન્મુખ કરે છેઃ—

શ્રીભગવાન્ કહે છે—હે પૃથાપુત્ર! જૂદી જૂદી

नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ५
पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥
इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥ ७ ॥

આકૃતિવાળાં, ધોળાં, કાળાં એમ અનેક રંગનાં અને અનેક જાતનાં આકારવાળાં મારાં સેંકડો તથા હજારો રૂપ છે, તે તું જો. ૫

હે ભરતવંશી રાજા! બાર સૂર્યો, આઠ વસુઓ, અગિયાર રુદ્રો, બે અશ્વિનીકુમારો તથા ઓગણપચ્ચાસ વાયુઓ, આ, તેં અથવા તો બીજા કોઈએ પૂર્વે દીઠેલાં નહિ તેવાં આશ્ચર્યજનક રૂપો મારા શરીરમાં તું જો. ૬

હે ગુડાકેશ! વળી આમતેમ ભટકવાથી કરોડો વર્ષે પણ જોઈ શકાય નહિ એવું સર્વ સ્થાવર જંગમ જગત્ મારા આ શરીરના એકજ ભાગમાં એક અવયવરૂપે રહેલું છે, તેને તું હમણાં જો તથા બીજું જે કંઈ જગતના આશ્રયરૂપ, જગતનાં કારણરૂપ તથા જગતની અવસ્થા આદિ જે હોય તે

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥८॥

॥ संजय उवाच ॥

एवमुक्त्वा ततो राजन् महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।

તથા જય પરાજય આદિ બીજું જે કંઈ જોવાની ઈચ્છા હોય, તે સર્વ મારા શરીરમાં જો. ૭

પરંતુ તું તારી આ ચર્મચક્ષુવડે મને જોઈ શકીશ નહિં. માટે હું તને અલૌકિક એવી જ્ઞાનદૃષ્ટિ આપું છું, તેનાથી તું મારાં અસાધારણ એવાં અઘટિત ઘટના સામર્થ્યને પણ જો. ૮

સંજય કહે છે—હે રાજા ધૃતરાષ્ટ્ર! આ પ્રમાણે કહ્યા પછી મહાયોગેશ્વર હરિએ પોતાનું ઉત્તમોત્તમ ઐશ્વર્યસ્વરૂપ અર્જુનને દેખાડ્યું. ૯

તે વિશ્વરૂપનું સંજય વર્ણન કરે છે.

જે રૂપ, અનેક મુખ તથા અનેક નેત્રવાળું, અનેક અદ્ભુતકારક વસ્તુઓને દર્શાવનારું, અનેક

अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥१०॥
दिव्यमाल्यांबरधरं दिव्यगंधानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११ ॥
दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः १२
तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पांडवस्तदा ॥ १३ ॥

દિવ્ય આભરણોવાળું તથા જેમાં અનેક દિવ્ય આયુધો ઉગામેલાં છે એવું હતું. ૧૦

જે રૂપ, દિવ્ય માળાઓને ધરનારું, દિવ્ય વસ્ત્રોને ધરનારું, દિવ્ય ચંદનના લેપવાળું, અનેક આશ્ચર્યવાળું, પ્રકાશમાન, છેડા વિનાનું અને ચારે તરફ મુખવાળું હતું. ૧૧

જો આકાશમાં એક સમયે હજારો સૂર્યની પ્રભા ઉદય પામે, તો તે પ્રભા, કંઈક વિશ્વરૂપ ધરનારા મહાત્મા ભગવાનની કાંતિના સમાન થાય. ૧૨

તે વેળા અર્જુને અનેક પ્રકારના વિભાગમાં વહેંચાયલું સર્વ જગત્, દેવના દેવ એવા પરમાત્માના તે શરીરમાં એક અવયવરૂપે એકત્ર જ રહેલું જોયું. ૧૩

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृतांजलिरभाषत ॥ १४ ॥

॥ अर्जुन उवाच ॥

पश्यामि देवांस्तव देव देहे
सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थ-
मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ १५ ॥
अनेकबाहूदरवक्त्रनेत्रं
पश्यामि त्वां सर्वतोऽनंतरूपम् ।

તે ઉત્તમ રૂપ જોઈને આશ્ચર્ય પામેલા અને જેને રોમાંચ થયાં છે એવા અર્જુને, તે જ દેવને મસ્તકવડે પ્રણામ કરી, બે હાથ જોડીને કહ્યું. ૧૪

અર્જુન કહે છે—હે દેવ! તમારાં શરીરમાં આદિત્ય વગેરે દેવતાઓને, અંડજ, જરાયુજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ વગેરે સર્વ પ્રાણીઓના સમુદાયોને, તમારી નાભિકમળ ઉપર બેઠેલા અથવા તો પૃથ્વીરૂપી કમળની કળીરૂપ મેરુ પર્વત ઉપર રહેલા દેવના ઈશ્વર બ્રહ્માને, વસિષ્ઠાદિ દિવ્ય ઋષિઓને અને તક્ષકાદિ સર્વે સર્પોને હું દેખું છું. ૧૫

नांतं न मध्यं न पुनस्तवादिं
पश्यामि विश्वेश्वर विश्वरूपम् ॥ १६ ॥
किरीटिनं गदिनं चक्रिणं च
तेजोराशिं सर्वतो दीप्तिमंतम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंताद्
दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥
त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।

હે વિશ્વના ઈશ્વર! અનેક હાથ, પેટ, મુખ તથા નેત્રવાળા, અનંત રૂપવાળા અને વિશ્વરૂપધારી તમને, હું ચોતરફ દેખું છું. પરંતુ હું તમારાં આદિ, મધ્ય અને અંતને દેખતો નથી. ૧૬

મુકુટધારી, ગદાધારી, ચક્રધારી, તેજના સમૂહરૂપ, ચારે તરફ પ્રકાશમાન, પ્રજ્વલતા અગ્નિ અને સૂર્યની કાંતિ જેવી કાંતિવાળા અને તેથી જોઈ શકાય નહિ તેવા તથા પ્રમાણમાં પણ આવો નહિ તેવા આપને હું ચોતરફ જોઉં છું. ૧૭

મુમુક્ષુ પુરુષોએ જાણવા યોગ્ય પરબ્રહ્મ તમે જ

त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥ १८ ॥
अनादिमध्यांतमनंतवीर्य-
मनंतबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं
स्वतेजसा विश्वमिदं तपंतम् ॥ १९ ॥
द्यावापृथिव्योरिदमंतरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।

છો અને આ જગતના ઉત્તમ આશ્રયરૂપ પણ તમે જ છો, માટે હું તમને નિત્ય, ધર્મના પાલક અને પુરાણ પુરુષ માનું છું. ૧૮

હે પરમાત્મા! આદિ, મધ્ય અને અંત રહિત, અપાર પ્રભાવવાળા, અપાર હાથવાળા, ચંદ્ર તથા સૂર્ય જેનાં નેત્ર છે એવા અને જેના મુખમાં પ્રકાશમાન અગ્નિ છે એવા તમને, હું, પોતાનાં તેજવડે આ જગતને તપાવતા જોઉં છું. ૧૯

હે મહાત્મા! આકાશ, પૃથ્વીનો મધ્ય ભાગ અને સર્વ દિશાઓ એક તમારાથી વ્યાપ્ત છે. આ તમારું

दृष्ट्वाऽद्भुतं रूपमुग्रं तवेदं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ २० ॥
अमी हि त्वां सुरसंघा विशंति
केचिद्भीताः प्रांजलयो गृणंति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः
स्तुवंति त्वां स्तुतिभिः पुष्कलाभिः २१
रुद्रादित्या वसवो ये च साध्या
विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।

પૂર્વે કોઈ વાર નહિ જોયેલું ભયંકર રૂપ જોઈને ત્રણ લોક અત્યંત ભયભીત થયાં હોય, તેમ હું જોઉં છું. ૨૦

આ દેવતાઓના સમુદાયો ભયભીત થઈને તમારે શરણે આવે છે. તેઓમાં કેટલાએક બહુ ભયભીત થઈને દૂર જ ઉભા રહી, બે હાથ જોડીને, 'જય થાઓ, જય થાઓ, રક્ષા કરો, રક્ષા કરો,' આમ તમારી પ્રાર્થના કરે છે અને મોટમોટા ઋષિઓ તથા સિદ્ધ પુરુષો 'કલ્યાણ થાઓ,' આમ કહીને પુષ્કળ સ્તુતિઓથી તમારી સ્તુતિ કરે છે. ૨૧

રુદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્ય દેવતાઓ, વિશ્વેદેવા દેવતાઓ, અશ્વિની કુમારો, વાયુઓ, પિતૃઓ,

गंधर्वयक्षासुरसिद्धसंघा
वीक्षंते त्वां विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥
रूपं महत्ते बहुवक्त्रनेत्रं
महाबाहो बहुबाहूरुपादम् ।
बहूदरं बहुदंष्ट्राकरालं
दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाऽहम्॥२३॥

ગંધર્વો, યક્ષો, વિરોચન વગેરે દૈત્યો તથા સિદ્ધ પુરુષો, એ સર્વેય વિસ્મય પામીને તમને જુવે છે. ૨૨

ભાવાર્થ—આ શ્લોકમાં उष्मपा શબ્દ પિતૃવાચક છે. શ્રુતિ પણ કહે છે કે,—उष्मपा हि पितरः પિતૃઓ ઉષ્ણ અન્નના ભાગી છે. વળી સ્મૃતિ પણ કહે છે કે,—यावदुष्णं भवेदन्नं यावदश्नन्ति वाग्यताः ॥ पितरस्तावदश्नन्ति यावन्नोक्ता हविर्गुणाः ॥ અન્ન જ્યાં સૂધી ઉષ્ણ હોય છે અને બ્રાહ્મણો જ્યાં સૂધી વાણીને નિયમમાં રાખીને ભોજન કરે છે તથા જ્યાં સૂધી હવિષના ગુણો કહેવામાં આવતા નથી, ત્યાં સૂધી પિતૃઓ ભોજન કરે છે, માટે પિતૃઓ उष्मप ઉષ્ણાન્ન જમનારા કહેવાય છે.

હે મહાબાહો ! ઘણાં મુખવાળું, ઘણાં નેત્રવાળું, ઘણા હાથ, સાથળ અને ચરણવાળું, મોટાં પેટવાળું

नभःस्पृशं दीप्तमनेकवर्णं
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितांतरात्मा
धृतिं न विंदामि शमं च विष्णो ॥२४॥
दंष्ट्राकरालानि च ते मुखानि
दृष्ट्वैव कालानलसंनिभानि ।

તથા ઘણી ડાઢાવડે ભયંકર એવું તમારું મોટું રૂપ જોઇને, સર્વે લોકો બહુ ભયભીત થયા છે, તેમ હું પણ બીહું છું. ૨૩

હે વિષ્ણુ! અંતરિક્ષમાં વ્યાપેલા, પ્રકાશમાન, અનેક રંગવાળા, ફાડેલાં મુખવાળા અને અનેક પ્રકાશિત વિશાળ નેત્રવાળા એવા તમને જોઇને મારું મન ભયભીત થયું છે, તેથી મને ધીરજ તથા શાંતિ રહેતી નથી. ૨૪

હે દેવોના ઈશ્વર! ડાઢાવડે ભયંકર દેખાતાં, પ્રલય સમયના અગ્નિ સરખાં, પ્રકાશવાળાં તમારાં ભયંકર મુખોને જોઈને જ ભયના આવેશથી હું દિઙ્મૂઢ થયો છું, તેથી મને શાંતિ મળતી નથી,

दिशो न जाने न लभे च शर्म
प्रसीद देवेश जगन्निवास ॥ २५ ॥
अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः
सर्वे सहैवावनिपालसंघैः ।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ
सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥
वक्त्राणि ते त्वरमाणा विशंति
दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनांतरेषु
संदृश्यंते चूर्णितैरुत्तमांगैः ॥ २७ ॥

માટે હે જગતના આશ્રયભૂત પરમાત્મા! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૫

આગળ ભગવાને કહ્યું હતું કે, તારે સંગ્રામમાં જય, પરાજય આદિ મારા શરીરમાં જોવા. તે જોઇને અર્જુન પાંચ શ્લોકવડે કહે છેઃ-

જયદ્રથ આદિ રાજમંડળો સાથે આ સર્વે ધૃતરાષ્ટ્રના પુત્રો તથા અમારા પણ મુખ્ય, મુખ્ય યોધાઓ સાથે ભીષ્મ, દ્રોણ તથા આ સૂતપુત્ર કર્ણ, તમારા તરફ દોડીને ડાઢોવડે ભયંકર દેખાતાં

यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवंति ।
तथा तवामी नरलोकवीरा
विशंति वक्त्राण्यभिविज्वलंति ॥ २८ ॥
यथा प्रदीप्तं ज्वलनं पतंगा
विशंति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशंति लोका-
स्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥ २९ ॥

તમારાં ઉગ્ર મુખોમાં પ્રવેશ કરે છે; તેઓમાં કેટલા-એક છુંદાઈ ગયેલાં માથાં સાથે તમારી ડાઢની ફાટોમાં વળગેલાં દેખાય છે. ૨૬-૨૭

અનેક માર્ગે વહેનારી નદીઓના ઘણા પ્રવાહો, જેમ સમુદ્ર તરફ જઇને તેમાં પ્રવેશ કરે છે તેમ આ મનુષ્ય લોકના પણ વીર પુરુષો, ચોતરફથી પ્રકાશમાન એવાં તમારાં મુખોમાં પ્રવેશ કરે છે. ૨૮

પરાધીન પ્રવેશ કરવામાં નદીના વેગનું દૃષ્ટાંત કહ્યું, હવે બુદ્ધિપૂર્વક પ્રવેશ કરવામાં બીજું દૃષ્ટાંત આપે છે.

વેગમાં આવેલા પતંગીઆઓ જેમ બુદ્ધિપૂર્વક પોતાના નાશને માટે જ બળતા અગ્નિમાં ઝંપલાવે

लेलिह्यसे ग्रसमानः समंता-
ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत्समग्रं
भासस्तवोग्राः प्रतपंति विष्णो ॥ ३० ॥
आख्याहि मे को भवानुग्ररूपो
नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवंतमाद्यं
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

છે, તેમ જેનો વેગ વધેલો છે એવા વીર પુરુષો પણ પોતાના નાશને માટે તમારાં મુખોમાં બુદ્ધિપૂર્વક પ્રવેશ કરે છે. ૨૯

તમે, તે સમગ્ર લોકોને બળતાં મુખોવડે ગળતા થકા ચારે તરફથી સારી રીતે ભક્ષણ કરો છો અને હે વિષ્ણો! તમારી કાંતિ આ જગતને તપાવે છે. ૩૦

હે દેવતાઓમાં ઉત્તમ! તમે આવા ઉગ્ર રૂપધારી કોણ છો? તે મને કહો. તમને નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. તમે જગતમાં આ પ્રમાણે પ્રવૃત્તિ શા માટે કરો છો? તે હું જાણતો નથી, આપ આદિ પુરુષને હું વિશેષ જાણવા ઈચ્છું છું. ૩૧

॥ श्रीभगवानुवाच ॥

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥३२॥
तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून्भुंक्ष्व राज्यं समृद्धम् ।

શ્રીભગવાન્ કહે છે-હું સર્વ લોકનો સંહાર કરનારો આ ઉગ્ર કાળ છું અને લોકોનો સંહાર કરવા માટે આ લોકમાં પ્રવૃત્ત થયો છું, માટે પ્રત્યેક સેનામાં ભીષ્મ, દ્રોણ આદિ જે યોધાઓ ઉભા છે, તે સર્વ યોધાઓ તારા માર્યા વિના પણ મરણ પામશે. તાત્પર્ય કે, તું દયાથી કદાચ તેઓને મારીશ નહિ, તથાપિ હું કાળરૂપ તો તેઓને ગળી જ ગયો છું, માટે તેઓ મરશે જ. ૩૨

માટે તું યુદ્ધ કરવા ઉભો થા અને દેવોથી પણ જિતાય નહિં તેવા ભીષ્મ, દ્રોણ આદિ શત્રુઓને, અર્જુને હરાવ્યા, આવો યશ મેળવ અને પરિશ્રમ વિના શત્રુઓને હરાવીને સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ.

मयैवैते निहताः पूर्वमेव
 निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ३३ ॥
द्रोणं च भीष्मं च जयद्रथं च
 कर्णं तथाऽन्यानपि योधवीरान् ।
मया हतास्त्वं जहि मा व्यथिष्ठा
 युद्ध्यस्व जेताऽसि रणे सपत्नान् ॥३४॥
॥ संजय उवाच ॥
एतच्छ्रुत्वा वचनं केशवस्य
 कृतांजलिर्वेपमानः किरीटी ।

હે સવ્યસાચિ (ડાબા હાથે બાણ સાંધવાની ટેવ-વાળા)! આ તારા શત્રુઓને તારા યુદ્ધની અગાઉ જ મેં મારી નાંખ્યા છે, તથાપિ તું તેઓને માર-વામાં નિમિત્ત માત્ર થા. ૩૩

વળી न चैतद्विद्मः कतरन्नोगरीयो यद्वा जयेम यदि वा नो जयेयुः આ પ્રમાણે તારે શંકા કરવી યોગ્ય નથી. કારણ કે, તું જેઓથી ડરે છે, તે દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા બીજા પણ વીર યોધા-ઓને મેં જ આગળથી મારી નાંખ્યા છે; તેઓને હવે તું માર અને શોક તજી દઈને યુદ્ધ કર. તું રણમાં શત્રુઓને જિતીશ. ૩૪

नमस्कृत्वा भूय एवाह कृष्णं
सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

॥ अर्जुन उवाच ॥

स्थाने हृषीकेश तव प्रकीर्त्या
जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवंति
सर्वे नमस्यंति च सिद्धसंघाः ॥ ३६ ॥

સંજય કહે છે-હે રાજા! કેશવનાં આવાં વચનો સાંભળીને કંપતા અર્જુને બે હાથ જોડીને કૃષ્ણને નમસ્કાર કર્યા અને બીકણુ કરતાં પણ બીકણુ બની, ફરીથી પ્રણામ કરીને ગળગળા કંઠે બોલ્યો. ૩૫

અર્જુન કહે છે-હે હૃષીકેશ! તમે અદ્ભુત પરાક્રમવાળા અને ભક્તવત્સલ છો, માટે તમારા માહાત્મ્યનાં યશોગાનથી કેવળ હું જ પ્રસન્ન થતો નથી, પરંતુ આખું જગત્ પ્રસન્ન થાય છે, તે વાત ઉચિત જ છે. વળી આખું જગત્ તમારા ઉપર અનુરક્ત રહે છે, ભયભીત થયેલા રાક્ષસો દિશા તરફ નાસે છે અને યોગ, તપ, મંત્ર આદિવડે સિદ્ધ થયેલા પુરુષો તમને પ્રણામ કરે છે, તે પણ ઉચિત જ છે, તેમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. ૩૬

कस्माच्च ते न नमेरन्महात्मन्
गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनंत देवेश जगन्निवास
त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७ ॥
त्वमादिदेवः पुरुषः पुराण-
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्ताऽसि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनंतरूप ॥ ३८ ॥

હે મહાત્મા! હે અનંત! હે દેવેશ! હે જગન્નિવાસ! સૌ કોઈ તમને શા માટે નમસ્કાર ન કરે? કારણ કે, તમે બ્રહ્માથી પણ મોટા છો ને તેના પણ આદિ પિતા છો. વળી વ્યક્ત (કાર્ય) અને અવ્યક્ત (કારણ)થી પણ પર; અવિનાશી તથા પરબ્રહ્મ તમે જ છો. માટે આ નવ કારણોવડે સર્વે તમને નમે છે, તેમાં કંઇ પણ આશ્ચર્ય નથી. ૩૭

તમે પુરાણ પુરુષ હોવાથી સર્વે દેવોના આદિદેવ છો, વળી આ સર્વ વિશ્વના પ્રલયનું સ્થાન છો, વિશ્વના વેત્તા છો, જાણવા યોગ્ય ઉત્તમ વસ્તુ તથા પરમ

वायुर्यमोऽग्निर्वरुणः शशांकः
प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः
पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥
नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तु ते सर्वत एव सर्व ।

ધામ પણ તમે જ છો, માટે હે અનંતરૂપધારી! આ વિશ્વ તમારાથી જ વ્યાપ્ત છે, તે કારણોથી તમે જ પ્રણામ કરવા યોગ્ય છો. ૩૮

ભગવાન્ વિષે અતિભક્તિ તથા અતિ શ્રદ્ધા હોવાથી અર્જુન નમસ્કારથી સંતુષ્ટ ન થતાં બહુ વાર પ્રણામ કરે છે.

વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્ર અને બ્રહ્માના પણ તમે પિતામહ છો. તમને હજારવાર નમસ્કાર કરું છું અને ફરી પણ તમને વારંવાર નમસ્કાર કરું છું.૩૯

હે સર્વાત્મા! તમને આગળ નમસ્કાર હો, પાછળ નમસ્કાર હો અને ચારે દિશામાં નમસ્કાર હો. તમે, અપાર શારીર બળવાળા અને અનંત પરાક્રમવાળા છો. સુવર્ણ જેમ કડાં, કુંડળ વગેરે વસ્તુમાં બહારથી અને અંદરથી વ્યાપ્ત રહે છે, તેમ

अनंतवीर्यामितविक्रमस्त्वं
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥
सखेति मत्वा प्रसभं यदुक्तं
हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं
मया प्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥
यच्चावहासार्थमसत्कृतोऽसि
विहारशय्यासनभोजनेषु ।

તમે સર્વ જગતમાં અંદર અને બહારથી વ્યાપીને રહ્યા છો, માટે તમે સર્વસ્વરૂપ છો. ૪૦

હવે બે શ્લોકવડે ભગવાનની ક્ષમા માગે છે.

હું તમારો મહિમા જાણતો ન હતો, માટે મેં પ્રમાદથી અથવા તો સ્નેહથી તમને સામાન્ય મિત્ર માનીને હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! એ રીતે હઠપૂર્વક જે કહ્યું હોય ૪૧

તથા હે અચ્યુત! અનેક રમત ગમત વેળાએ, શય્યામાં આસન ઉપર અને ભોજનની વેળાએ ઉપહાસ કરવા માટે, મિત્રો વિના એકાંતમાં બેઠા હો ત્યારે અથવા તો હાસ્ય કરતાં મિત્રોની સમક્ષમાં મેં

एकोऽथवाप्यच्युत तत्समक्षं
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥
पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ ४३ ॥
तस्मात्प्रणम्य प्रणिधाय कायं
प्रसादये त्वामहमीशमीड्यम् ।

તમારો જે તિરસ્કાર કર્યો હોય, તે સર્વ અપરાધો માટે હું અચિંત્ય પ્રભાવવાળા આપની પાસે ક્ષમા માગું છું. અર્થાત્ આપ મારા અપરાધોને ક્ષમા કરો. ૪૨

હે અપ્રતિમ પ્રભાવવાળા! તમે આ સ્થાવર જંગમાત્મક લોકના પિતા છો, પૂજ્ય છો, ગુરુ છો અને ગુરુના કરતાં પણ મોટા છો. ત્રણ લોકમાં પણ તમારા સમાન બીજો કોઈ નથી, ત્યારે તમારા કરતાં અધિક તો ક્યાંથી જ હોય? ૪૩

માટે પૃથ્વી ઉપર કાયાને દંડવત્ નમાવી, જગતના સ્વામી તથા સ્તુતિ કરવા યોગ્ય એવા આપને હું પ્રણામ કરીને પ્રસન્ન કરું છું. પિતા

पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ४४ ॥
अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं
प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥
किरीटिनं गदिनं चक्रहस्त-
मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।

જેમ પુત્રના અપરાધને કૃપાથી સહન કરે છે, મિત્ર જેમ સહજ મિત્રના અપરાધને કૃપાથી સહન કરે છે અને પતિ જેમ પ્રિયાને સારું લગાડવા તેના અપરાધોને સહન કરે છે, તેમ હે દેવ! તમે પણ મારા અપરાધોને સહન કરવાને યોગ્ય છો. ૪૪

હે દેવ! તમારું પ્રથમ જોયેલું આ વિશ્વરૂપ જોઇને હું જેમ પ્રસન્ન થયો છું, તેમ બીજી તરફથી ભયવડે મારું મન ચલાયમાન પણ થયું છે; તેથી મારું દુઃખ દૂર કરવા માટે પ્રથમ જે આપનું રૂપ હતું તેજ રૂપ મને દેખાડો અને હે દેવના દેવ! હે જગતના નિવાસભૂત! મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૫

तेनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥
॥ श्रीभगवानुवाच ॥
मया प्रसन्नेन तवार्जुनेदं
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनंतमाद्यं
यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥

હું મુકુટધારી, ગદાધારી અને હાથમાં ચક્રધારી એવા તમને પ્રથમના આકારમાં જોવાની ઇચ્છા કરું છું, માટે હે હજાર હાથવાળા! હે વિશ્વરૂપધારી આપ, આ વિશ્વરૂપ સંકેલીને પ્રથમના મુકુટાદિક વાળા અને ચતુર્ભુજધારી રૂપમાંજ પ્રકટ થાઓ. ૪૬

ભગવાન, અર્જુનનું ત્રણ શ્લોકવડે આશ્વાસન કરે છેઃ–

શ્રીભગવાન્ કહે છે–હે અર્જુન! તું શા માટે ડરે છે? મેં તારા ઉપર પ્રસન્ન થઈ, મારી યોગમાયાના બળથી મારું તેજોમય, અનંત, આદ્ય અને તારા જેવા ભક્ત વિના બીજાઓએ પૂર્વે નહિ જોયેલું એવું મારું ઉત્તમ વિશ્વસ્વરૂપ તને દેખાડયું છે. ૪૭

न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ॥
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥
मा ते व्यथा मा च विमूढभावो
दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं
तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

હે કુરુકુલમાં મહાવીર! વેદોના તથા કલ્પસૂત્ર વગેરે યજ્ઞવિદ્યાના અભ્યાસથી, દાનોથી, અગ્નિહોત્રાદિ યજ્ઞો કરવાથી, ચાંદ્રાયણ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરવાથી મારાં આવાં રૂપને તારા વિના બીજો કોઈ મનુષ્ય લોકમાં જોઈ શકતો નથી અર્થાત્ તું જ કેવળ મારી કૃપાથી કૃતાર્થ છે. ૪૮

આમ છતાં પણ આ ભયંકર રૂપ જોવાથી તને વ્યથા થતી હોય તો હું તને પ્રથમનું રૂપ દર્શાવું છું, તે વાત કહે છે.

મારું આવું ભયંકર રૂપ જોઈને તને વ્યથા મા થાઓ, તેમ તને મૂર્ખપણું પણ મા થાઓ. તું નિર્ભય અને પ્રસન્ન મનવાળો થઈને ફરીથી મારું પ્રથમનું જ સ્વરૂપ જો. ૪૯

॥ संजय उवाच ॥

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

॥ अर्जुन उवाच ॥

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः॥५१॥

સંજય કહે છે—આ પ્રમાણે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું. તે પછી પરમાત્માએ મુકુટવાળું તથા ચાર ભુજાવાળું પોતાનું સ્વરૂપ ફરીને અર્જુનને દેખાડ્યું અને સુંદર શરીર ધારણ કરીને ભયભીત એવા અર્જુનની ફરીને આશ્વાસના કરી. ૫૦

એટલે અર્જુન નિર્ભય થઈને કહે છેઃ-

અર્જુન કહે છે—હે જનાર્દન! હું તમારું આ શાંત ગુણવાળું તથા સુંદર મનુષ્યરૂપ જોઇને હવે મને ચેતના આવી છે અને હું શાંત થયો છું. ૫૧

॥ श्रीभगवानुवाच ॥
सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ५२
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥५३॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।

શ્રીભગવાન્ કહે છે–તેં મારાં જે વિશ્વરૂપનાં દર્શન કર્યાં, તે વિશ્વરૂપનાં દર્શન થવાં બહુ જ અશક્ય છે. દેવતાઓ પણ આ વિશ્વરૂપનાં દર્શન કરવા માટે સદાય ઇચ્છે છે, પરંતુ તેઓ વિશ્વરૂપને જોઇ શકતા નથી. ૫૨

તેં મારાં જે સ્વરૂપનાં દર્શન કર્યાં છે, તે સ્વરૂપને લોકો વેદાધ્યયનથી, ચાંદ્રાયણાદિ તપશ્ચર્યાથી, દાનથી તથા યજ્ઞથી જોઈ શકતા નથી. ૫૩

ત્યારે તમારાં દર્શન ક્યા ઉપાયથી થઈ શકે, તે પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છેઃ–

હે શત્રુને તપાવનારા અર્જુન! ઉપર વર્ણવેલો વિશ્વરૂપધારી હું પરમાત્મા, કેવળ નિર્મિત અનન્ય ભક્તિ કરવાથી શાસ્ત્રદ્વારા જાણી શકાઉં છું. પ્રત્યક્ષમાં જોઇ શકાઉં છું અને તદ્રૂપ થવાથી પ્રવેશ કરી

ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ५४ ॥
मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥५५॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूपदर्शनयोगो नामैकादशोऽध्यायः ११

શકાઉં છું, બીજા કોઈપણ ઉપાયોથી હું જાણી શકાતો, જોઈ શકાતો, તેમ પ્રવેશ કરી શકાતો નથી. ૫૪

માટે હે પાંડુના પુત્ર અર્જુન! જે મારે માટે નિષ્કામ કર્મ કરે છે, મને જ પરમ પુરુષાર્થ–મોક્ષ માને છે, મારો જ આશ્રય કરે છે, પુત્ર, સ્ત્રી આદિનો સંગ ત્યાગ કરે છે, સર્વ પ્રાણીઓ સાથે મિત્રભાવ રાખે છે, તે પુરુષ મને પામે છે. ૫૫

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિષે 'વિશ્વરૂપદર્શનયોગ' નામનો અધ્યાય અગિયારમો સંપૂર્ણ

॥ अर्जुन उवाच ॥

**एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥**

અગિયારમા અધ્યાયની છેવટે "मत्कर्मकृन्मत्परमः" એ શ્લોકવડે ભક્તિનિષ્ઠની શ્રેષ્ઠતા કહી. 'कौन्तेय प्रतिजानीहि' ઇત્યાદિ વચનવડે પણ તેની શ્રેષ્ઠતા વર્ણવી. વળી 'तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ચાર પ્રકારના મારા ભક્તોમાં નિત્ય યુક્ત અને એકાંત ભક્તિવાળો જ્ઞાની સર્વ કરતાં શ્રેષ્ઠ છે, અને "सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि તું જ્ઞાનનૌકાવડે સર્વ પ્રકારનાં દુઃખને તરી જઇશ," ઇત્યાદિ વચનોવડે જ્ઞાનીની શ્રેષ્ઠતા કહી. આ પ્રમાણે જ્ઞાનનિષ્ઠની તથા ભક્તિનિષ્ઠની શ્રેષ્ઠતા કહી, પરંતુ તે બેમાં અધિક કોણ? એ વાત કહી ન હતી, તે જાણવાની ઇચ્છાથી અર્જુન ભગવાનને પૂછે છે.

અર્જુન પૂછે છે—સર્વ કર્મો તમને અર્પણ કરવાથી નિરંતર તમારે વિષે જ એક નિષ્ઠાવાળા જે ભક્તો વિશ્વરૂપ, સર્વજ્ઞ અને સર્વશક્તિવાળા એક તમને ઉપાસે છે અને જેઓ અવિનાશી તથા અવ્યક્ત એવા સર્વ શ્રેષ્ઠ પરબ્રહ્મનું ધ્યાન કરે છે તે બેમાં ઉત્તમ યોગી કોણ છે? ૧

॥ श्रीभगवानुवाच ॥
मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥
ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥

શ્રીભગવાન્ કહે છે–હું કે જે સર્વજ્ઞત્વ આદિ ગુણ-વાળો છું, તેને વિષે મનને એકાગ્ર કરીને નિત્ય મારે માટે કર્માદિ કરીને એક મારા ઉપર નિષ્ઠાવાળા તથા પરમ શ્રદ્ધા રાખનારા એવા જેઓ મારું આરા-ધન કરે છે, તેઓને હું ઉત્તમ યોગી માનું છું. ૨

તથાપિ શબ્દાદિથી જેનું નામ ઉચ્ચારી શકાય નહિ એવા રૂપાદિથી રહિત, સર્વત્ર વ્યાપક, અવ્ય-ક્તપણાથી અચિંત્ય, માયાંના કાર્યરૂપ, સંસારમાં અધિષ્ઠાતા રૂપે રહેલા, અચળ તથા નિત્ય એવા અવિનાશી પરબ્રહ્મને જેઓ જિતેંદ્રિય થઈ, સર્વત્ર સમદૃષ્ટિ કરી, સર્વ પ્રાણીઓના હિતમાં પરાયણ થયા થકા મને ભજે છે, તેઓ પણ મને જ પામે છે. ૩-૪

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥
ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥

જ્યારે તેઓ પણ તમને જ પામે છે, ત્યારે તમે બીજાઓને ઉત્તમ યોગી કેમ માનો છો? તે શંકાના ઉત્તરમાં ત્રણ શ્લોકવડે શ્રીકૃષ્ણ કહે છે:–

તેઓ મને પામે છે, એ વાત ખરી છે, પરંતુ અવ્યક્ત કહેતાં નિર્વિશેષ એવા પરબ્રહ્મ ઉપર જેનું મન આસક્ત થાય છે એવા તે યોગીઓને અધિક ક્લેશ થાય છે; કારણ કે, દેહાભિમાનીઓ ઘણા કષ્ટથી અવ્યક્ત એવા પરબ્રહ્મ વિષે નિત્ય સ્થિતિ મેળવી શકે છે. તાત્પર્ય કે, દેહાભિમાનીઓની આત્મસ્વરૂપમાં સ્થિતિ રહેવી એ કઠિન છે. ૫

મારા ભક્તો તો મારી કૃપાથી શ્રમ વિના જ સિદ્ધિને પામે છે, તે વાત બે શ્લોકવડે કહે છે:–

પરંતુ જેઓ મને પરમેશ્વરને સર્વે કર્મો અર્પણ કરીને અને મારા પરાયણ થઈને મારું ધ્યાન ધરે

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥८॥
अथ चित्तं समाधातुं न शक्नोसि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥ ९ ॥

છે તથા અનન્ય એવા ભક્તિયોગવડે મારી ઉપાસના કરે છે, તે મારે વિષે મનને જોડનારા ભક્તોનો હે પૃથાના પુત્ર! હું મરણ ધર્મવાળા સંસારમાંથી થોડા સમયમાં જ ઉદ્ધાર કરું છું. ૬–૭

માટે તું સંકલ્પ વિકલ્પાત્મક મનને, મારે વિષે જ સ્થિર કર તથા નિશ્ચયાત્મક એવી બુદ્ધિને પણ મારે વિષે પરોવ. આમ કરવાથી મારી કૃપાથી જ્ઞાન સંપાદન કરીને, દેહ પડ્યા પછી, મારે વિષે જ તું નિવાસ કરીશ અર્થાત્ મારા રૂપે જ તું રહીશ, એ નિઃસંદેહ છે. ૮

પરમાત્મા વિષે મનને અને બુદ્ધિને સ્થિર કરવાને અશક્ત એવા પુરુષોને માટે સુગમ ઉપાય કહે છેઃ—

હે અર્જુન! તું મારે વિષે જો મનને સ્થિર રાખવા માટે અશક્તિમાન્ હો તો, વિષયાદિકથી ચંચળ એવા મનને વિષયોમાંથી પાછું વાળી, મારાં સ્મરણરૂપી

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥१०॥
अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥

યોગાભ્યાસવડે મને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કર. ૯

તું જો અભ્યાસ કરવામાટે પણ અસમર્થ હો, તો, મને પ્રસન્ન કરનારાં, એકાદશીનાં ઉપવાસાદિ વ્રતો તથા મારાં (હરિકીર્તનાદિ) કર્મો કરવામાં તત્પર રહે. મારે માટે પણ એવાં કર્મો કરવાથી તું મોક્ષ પામીશ. ૧૦

જો આ પ્રમાણે પણ કર્મો કરવાને તું અશક્ત હો, તો, એક મારું શરણ અંગીકાર કરીને મનને નિયમમાં રાખ અને પછી દૃષ્ટ ફળવાળાં આવશ્યક કર્મોનાં તથા અદૃષ્ટ ફળવાળાં અગ્નિહોત્રાદિ કર્મોનાં ફળોનો ત્યાગ કર. ૧૧

તાત્પર્ય—મારે તો ઈશ્વરની આજ્ઞા પ્રમાણે યથાશક્તિ કર્મો કરવાં જ જોઈએ. પછી તેનું દૃષ્ટ કે અદૃષ્ટ ફળ થાય કે ન થાય, એ ઈશ્વરાધીન છે. આમ મારા ઉપર ભાર મૂકીને ફળની ઇચ્છાને દૂર કરીશ તો કૃતાર્થ થઈશ.

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिरनंतरम् १२
अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥१३॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥१४॥

શુષ્ક અભ્યાસ કરતાં યુક્તિવાળા ઉપદેશથી મળેલું જ્ઞાન શ્રેષ્ઠ છે અને ઉપરચોટિયાં જ્ઞાન કરતાં જ્ઞાનપૂર્વક ધ્યાન ઉત્તમ છે. કારણ કે, શ્રુતિ પણ કહે છે કે, "तं पश्यति निष्कलं ध्यायमानः ધ્યાન કરનારો મનુષ્ય નિરાકાર પરબ્રહ્મને જુવે છે" અને ધ્યાન કરતાં પણ કર્મફળનો ત્યાગ શ્રેષ્ઠ છે; કારણ કે કર્મફળના ત્યાગથી એટલે કર્મમાં અને તેના ફળમાં આસક્તિનો ત્યાગ કરવાથી તુરત જ સંસારની નિવૃત્તિ થાય છે. ૧૨

આઠ શ્લોકવડે ભગવદ્ભક્તના ગુણો ગાય છેઃ—

સર્વ પ્રાણીઓ સાથે દ્વેષ નહિ કરનારો, સમાન સાથે મિત્રતાથી વર્તનારો, પોતાથી હીનની સાથે દયાથી વર્તનારો, અહંતા મમતા રહિત, અહંકાર વિનાનો, પારકે દુઃખે દુઃખી અને પારકે સુખે સુખી

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१६॥

થનારો, ક્ષમાવન્ત, નિરંતર લાભ તથા હાનિ થતાં સંતોષ માનનારો, સાવધ, મનને નિયમમાં રાખનારો, દૃઢ નિશ્ચયવાળો, મારે વિષે મનને તથા બુદ્ધિને અર્પણ કરનારો એવો મારો ભક્ત મને પ્રિય છે. ૧૩–૧૪

લોકો, જેનાથી ભયની શંકા તથા ખેદ પામતાં નથી, જે લોકોથી ઉદ્વેગ પામતો નથી, વળી જે મનુષ્ય સ્વાભાવિક એવાં હર્ષ, ઈર્ષ્યા, ભય અને ઉદ્વેગ આદિથી મુક્ત છે, તે મારો ભક્ત મને પ્રિય છે. ૧૫

જે દૈવેચ્છાથી મળેલી વસ્તુ ઉપર પણ ઇચ્છા રહિત છે, જે બાહ્ય તથા આંતર શૌચથી પવિત્ર છે, આળસરહિત છે, પક્ષપાતરહિત છે, વ્યથારહિત છે, દૃષ્ટ અને અદૃષ્ટ ફળવાળાં સર્વે કર્મોનો ત્યાગ કરનારો છે, તે મારો ભક્ત મને પ્રિય છે. ૧૬

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः १७
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥१८॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ।१९।

જે પ્રિય વસ્તુના લાભથી હર્ષ પામતો નથી, અપ્રિય વસ્તુના લાભથી ખેદ કરતો નથી, પ્રિય વસ્તુનો નાશ થતાં પણ જે શોક કરતો નથી, નહિ મળેલી વસ્તુ મેળવવા માટે જે પ્રયત્ન કે ઈચ્છા કરતો નથી અને પુણ્ય તથા પાપનો ત્યાગ કરે છે, તે મારો ભક્ત મને પ્રિય છે. ૧૭

શત્રુ અને મિત્ર સાથે સમાન રીતે વર્તનારો, માન તથા અપમાન થતાં પણ હર્ષ કે શોક નહિ કરનારો, શીત, ઉષ્ણ અને સુખ દુઃખમાં પણ સમાન રીતે વર્તનારો, કોઈ પણ વસ્તુ ઉપર આસક્તિ રહિત, નિંદા અને સ્તુતિને સમાન ગણનારો, મૌન રહેનારો, હરકોઈ વસ્તુથી સંતોષ માનનારો, હરકોઈ ઠેકાણે

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ।२०।

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम
द्वादशोऽध्यायः ॥ १२ ॥

પડી રહેનારો, દૃઢ બુદ્ધિવાળો તથા મારા ઉપર ભકિત રાખનારો જે પુરુષ છે, તે મને પ્રિય છે. ૧૮-૧૯

શ્રદ્ધાવાળા અને મને જ પરમ પુરુષાર્થમાનનારા એવા જે મહાત્માઓ, ઉપર કહ્યા પ્રમાણે આ ધર્મ રૂપ અમૃતને સેવે છે, તે ભક્તો મને અત્યંત પ્રિય છે. ૨૦

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'ભક્તિયોગ' નામનો
અધ્યાય બારમો સંપૂર્ણ

॥ अर्जुन उवाच ॥

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥ १ ॥

॥ श्रीभगवानुवाच ॥

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।

બારમા અધ્યાયમાં ભગવાને "तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् હું મારા ભક્તોનો મૃત્યુવાળા સંસારસાગરમાંથી ઉદ્ધાર કર્તા છું," આવી પ્રતિજ્ઞા કરી છે; પરંતુ આત્મજ્ઞાન વિના સંસારમાંથી ઉદ્ધાર થઇ શકતો નથી; માટે તત્ત્વજ્ઞાનના ઉપદેશ અર્થે પ્રકૃતિ પુરુષના વિવેકવાળો આ અધ્યાય આરંભે છે:-

અર્જુન પૂછે છે-હે કેશવ! પ્રકૃતિ, પુરુષ, ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન તથા જ્ઞેય (જાણવા યોગ્ય વસ્તુ) આ સર્વ હું જાણવા ઇચ્છું છું, માટે મને કહો. ૧

સાતમા અધ્યાયમાં અપરા તથા પરા, એવી બે પ્રકૃતિઓ કહી હતી. આ બન્ને પ્રકૃતિને ન જાણવાથી જીવપણાને પામેલા ચિદંશને આ સંસાર સાથે સંબંધ થાય છે અને જીવના ઉપયોગ માટે ઉપર કહેલી બે પ્રકૃતિવડે સૃષ્ટિ આદિ કર્મમાં ઈશ્વર પ્રવૃત્તિ કરે છે. તે બન્ને પ્રકૃતિ અને પુરુષ, અથવા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના નામથી બોલાય છે અને તે પરસ્પર ભિન્ન છે. શ્રીભગવાન્ તેનું યથાર્થ સ્વરૂપ નિરૂપણ કરતા થકા કહે છે:-

શ્રીભગવાન્ કહે છે-હે કુંતીના પુત્ર! ભોગ ભોગવવાના સ્થાનરૂપ આ શરીર, સંસાર ઉત્પન્ન કરનારી એક ભૂમિ છે, તેથી તે ક્ષેત્ર કહેવાય છે

एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ २ ॥
क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ ३ ॥

અને જે તે ક્ષેત્રને જાણે છે, એટલે કે ખેડુતની પેઠે તેનાં ફળનો ભોક્તા હોવાથી, તે મારું ક્ષેત્ર છે, આમ જાણે છે, તેને ક્ષેત્રક્ષેત્રજ્ઞનો વિવેક જાણુનારા વિદ્વાનો, ક્ષેત્રજ્ઞ કહે છે. ૨

સાંસારિક જીવનું રૂપ કહ્યું, હવે તેનું જ પારમાર્થિક અલૌકિક સ્વરૂપ કહે છે:–

હે ભરતવંશી રાજા ! તે ક્ષેત્રનો અભિમાની સંસારી જીવ, વસ્તુતાએ સર્વ ક્ષેત્રોમાં વ્યાપ્ત એવો હું છું, એમ જાણજે. કારણ કે, तत्त्वमसि આદિ શ્રુતિમાં જીવ, તથા ઈશ્વરનું ચિદંશવડે ઐક્ય પ્રતિપાદન કર્યું છે. ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ ભિન્ન ભિન્ન છે, આવું જે જ્ઞાન, તે જ જ્ઞાન, અને તે મોક્ષનું સાધન હોવાથી, મારું જ્ઞાન મનાય છે. તે વિના બીજું જ્ઞાન બંધનકારક હોવાથી વૃથા પાંડિત્ય મનાય છે. ૩

ભાવાર્થ–જેથી ઈશ્વરનું સ્વરૂપ જાણવામાં આવે નહિ, તેને વ્યર્થ પાંડિત્ય જાણવું. શાસ્ત્રમાં કહ્યું છે કે,

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥ ४ ॥

तत्कर्म यन्न बंधाय सा विद्या या विमुक्तये ।
आयासायापरं कर्म विद्यान्या शिल्पनैपुणम् ॥

જે બંધનકારક ન હોય તેને કર્મ જાણવું અને જે મોક્ષ આપે તેને વિદ્યા જાણવી. પરંતુ બીજાં કર્મને શ્રમકારક જાણવાં અને બીજી વિદ્યાને શિલ્પ નિપુણતા સમજવી.

અહીં જો કે, ચોવીશ તત્ત્વવાળી પ્રકૃતિ છે, આવો જ અભિપ્રાય છે, તથાપિ પ્રકૃતિ દેહરૂપે પરિણામ પામવાથી જે અહંભાવ થાય છે, તેથી ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનો સ્ફુટ રીતે અવિવેક થાય છે. તે અવિવેક દૂર કરવા માટે, આ શરીર, ક્ષેત્ર છે, એમ ઉપર કહ્યું, તેના ઉપર વિસ્તારથી વિચાર કરવા માટે ભગવાન્ પ્રતિજ્ઞા કરે છેઃ—

મેં તારી આગળ જે ક્ષેત્ર સમ્બન્ધી વાત કરી, તે ક્ષેત્ર સ્વરૂપે જડ તથા દૃશ્ય આદિ સ્વભાવવાળું છે, ઇચ્છાદિ ધર્મવાળું છે, ઇંદ્રિયાદિના વિકારવાળું છે, પ્રકૃતિ તથા પુરુષના સમાગમથી જન્મે છે અને સ્થાવર જંગમ આદિ ભાગમાં વહેંચાયલું છે, તે તથા ક્ષેત્રજ્ઞ જેવા રૂપવાળો અને જેવા પ્રભાવવાળો છે, તે સર્વ તું મારી પાસેથી ટૂંકામાં સાંભળ. ૪

ऋषिभिर्बहुधा गीतं छंदोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ९ ॥

અર્જુને કહ્યું, આપ કહો છો કે હું તને ટૂંકામાં કહું છું, પરંતુ તે, વિસ્તારથી કોણે કહ્યું છે? તે તો કહો. તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છેઃ–

વસિષ્ઠ આદિ ઋષિઓએ યોગશાસ્ત્રમાં ધ્યાન તથા ધારણાના વિષયરૂપ વિરાટ્ આદિરૂપે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું બહુધા નિરૂપણ કર્યું છે. નિત્ય નૈમિત્તિક તથા કામ્ય કર્મોને પ્રતિપાદન કરનારા વેદોએ નાના પ્રકારનાં યજન કરવા યોગ્ય દેવતારૂપે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું બહુધા નિરૂપણ કર્યું છે. વળી 'सदेव सौम्येदमग्र आसीत्कथमसतःसज्जायेत'તથા 'कोह्येवान्यात्कः प्राण्यात् । यदेष आकाश आनंदो न स्यात्॥ एषह्येव आनंदयति હે સૌમ્ય ! આરંભમાં એક સત્ વસ્તુ જ હતી, અસત્ વસ્તુથી સત્ કેમ ઉત્પન્ન થાય છે? જો આકાશ પેઠે વ્યાપક એનો આનંદરૂપ પરમાત્મા નહોય તો,અપાનની ચેષ્ટા કોણ કરે?અને પ્રાણની ચેષ્ટા કોણ કરે? એ પરમાત્માજ આનંદઆપેછે." આ પ્રમાણે યુક્તિવાળી, ઉપક્રમ તથા ઉપસંહારવાળી,નિશ્ચય કરાવનારી તથા બ્રહ્મનાં તટસ્થપણાંને

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इंद्रियाणि दशैकं च पंच चेंद्रियगोचराः ॥ ६ ॥
इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ७ ॥

સૂચવનારી "यतो वा इमानि भूतानि जायन्ते જેથી આ પ્રાણીઓ, ઉત્પન્ન થાય છે" તથા સ્વરૂપને દર્શાવનારાં "सत्यं ज्ञानमनन्तं ब्रह्म બ્રહ્મ, સત્ય જ્ઞાન અને અનંતરૂપ છે" ઇત્યાદિ ઉપનિષદ્વાક્યો-વડે ક્ષેત્રક્ષેત્રજ્ઞનું બહુધા નિરૂપણ કર્યું છે. ૫

પ્રથમ શ્લોકમાં શરીરને ક્ષેત્ર કહ્યું હતું અને અહીં ચોવીશ તત્ત્વવાળી પ્રકૃતિને ક્ષેત્ર કહ્યું છે, માટે પરસ્પર વિરોધ દેખાય છે, પરંતુ તે વિરોધ અહીં છે જ નહિ. આત્માના અજ્ઞાનથી શરીરના આકારમાં પરિણામ પામેલી પ્રકૃતિ હું જ છું, આમ અજ્ઞાનથી જણાય છે. તે દૂર કરવા માટે, તથા શરીરાકાર પ્રકૃતિથી આત્મા ભિન્ન છે, આમ જણાવવા માટે, શરીરને પ્રકૃતિ કહી છે. હવે બે શ્લોકવડે ક્ષેત્રનું સ્વરૂપ કહે છે:-

પૃથ્વી આદિ પાંચ મહાભૂતો, તેઓનું કારણ અહં-કાર, બુદ્ધિ (મહત્તત્ત્વ), માયા, પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો, મન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ८ ॥
इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ९ ॥

આ પ્રમાણે ચોવીશ તત્ત્વો તથા ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, શરીર, જ્ઞાનરૂપ મનોવૃત્તિ અને ધૈર્ય, આ રીતે ઇંદ્રિયાદિના વિકારવાળું ક્ષેત્ર, મેં તને ટૂંકામાં કહ્યું.

ભાવાર્થ—ઇચ્છા આદિ દૃશ્ય પદાર્થો છે, માટે તે ક્ષેત્રમાં જ રહે છે. શ્રુતિ કહે છે કે "कामः संकल्पो विचिकित्सा श्रद्धाऽश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत्सर्वं मन एव, કામ, સંકલ્પ, કર્તવ્યેચ્છા, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૈર્ય, અધૈર્ય, લજ્જા, બુદ્ધિ, બીક આ સર્વ મનનાં જ સ્વરૂપ છે.

ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું, હવે તેનાથી ભિન્ન, જાણવા યોગ્ય અને શુદ્ધ એવા ક્ષેત્રજ્ઞનું વિસ્તારથી વર્ણન કરતાં પાંચ શ્લોકવડે આત્મજ્ઞાનનાં સાધનો કહે છેઃ—

પોતાના ગુણનાં વખાણ કરવાં નહિ, દંભ રાખવો નહિ, બીજાને પીડા કરવી નહિ, સહનશી-

असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ १० ॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ ११ ॥

લતા, સરળતા, સદ્‌ગુરુની સેવા બાહ્ય* અને આંતરની પવિત્રતા, સન્માર્ગમાં એક નિષ્ઠા, શરીરસંયમ ઇંદ્રિયાદિ વિષયોમાં વૈરાગ્ય રાખવો, અહંકાર કરવો નહિ, જન્મ, મૃત્યુ, જરા તથા વ્યાધિવિષે વારંવાર દુઃખ તથા દોષ જોયા કરવા, પુત્ર, સ્ત્રી, ઘરબાર આદિ ઉપર પ્રેમ રાખવો નહિ અર્થાત્ પુત્ર, સ્ત્રી વગેરેને દુઃખી જોઈને દુઃખી થવું નહિ અને સુખી જોઈને સુખી થવું નહિ, સારી કે નરતી વસ્તુનો લાભ થાય તોપણ મનમાં સમાન માનવું, અર્થાત્ હર્ષ કે શોક કરવો નહિ, મારી પરમાત્માની ઉપર

---

* બાહ્ય તથા આંતર શૌચ માટે સ્મૃતિ કહે છે કે, शौचं तु द्विविधं प्रोक्तं बाह्यमाभ्यंतरं तथा ॥ मृज्जलाभ्यां स्मृतं बाह्यं भावशुद्धिस्तथान्तरं શૌચ બે જાતનું કહ્યું છે, બાહ્ય તથા આંતર, માટી અને પાણી વડે કરેલું શૌચ બાહ્ય શૌચ જાણવું તથા અંતઃકરણની શુદ્ધિ તે આંતર શૌચ જાણવું.

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥१२॥
ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १३ ॥

જ સર્વાત્મદૃષ્ટિ કરી એકાંતભક્તિ કરવી, મનને પ્રસન્ન કરનારા એકાંતસ્થળમાં નિવાસ કરવો, અજ્ઞાની મંડળમાં પ્રેમ રાખવો નહિ, આત્મજ્ઞાન ઉપર નિત્ય નિષ્ઠા રાખવી, તત્ત્વજ્ઞાનનાં ફળરૂપ મોક્ષ સર્વ કરતાં શ્રેષ્ઠ છે, આમ વિચાર કરવો– આ ચોવીશ પ્રકારનું જ્ઞાન કહેવાય છે. કારણ કે, તેથી જ્ઞાન મળે છે. આથી ઉલટું હોય તે અજ્ઞાન કહેવાય છે; આમ વસિષ્ઠાદિ કહે છે, માટે તેનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. ૮–૧૨

ઉપર કહેલાં જ્ઞાનનાં સાધનોથી જાણુવા યોગ્ય વસ્તુ છ શ્લોકવડે કહે છેઃ—

ઉપર કહેલાં સાધનોથી જાણવા યોગ્ય અને જે જાણીને મનુષ્ય મોક્ષ પામે છે, તે હું તને કહીશ. જાણવા યોગ્ય બ્રહ્મ આદિરહિત છે, સર્વ કરતાં શ્રેષ્ઠ છે અને વિધિનિષેધનો વિષય નથી, માટે સત્ અને અસત્, એ બન્નેથી જૂદું છે. ૧૩

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १४ ॥
सर्वेंद्रियगुणाभासं सर्वेंद्रियविवर्जितम् ।
असक्तं सर्वभुक् चैव निर्गुणं गुणभोक्तृ च ॥१५॥

બ્રહ્મ સત્ અને અસત્ વસ્તુથી વિલક્ષણ છે, માટે "सर्वं खल्विदं ब्रह्म । ब्रह्मैवेदं सर्वम् આ સર્વ જગત્ બ્રહ્મરૂપ છે. આ સર્વ બ્રહ્મરૂપ જ છે." ઇત્યાદિ શ્રુતિઓ સાથે વિરોધ પડશે. આવી શંકા કરીને "परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च । પરમાત્માની શક્તિ ઉત્તમ, અનેક પ્રકારની, સ્વાભાવિકી, જ્ઞાન, બળ અને ક્રિયારૂપ સંભળાય છે" ઇત્યાદિ શ્રુતિ પ્રસિદ્ધ અચિન્ત્ય શક્તિવડે તેની સર્વાત્મતા, પાંચ શ્લોકવડે દર્શાવે છેઃ–

તે પરબ્રહ્મરૂપી વસ્તુ સર્વત્ર હાથવાળી છે, ચો તરફ આંખ, મસ્તક અને મુખવાળી છે, ચારે તરફ કાનવાળી છે અને સર્વ પ્રાણીઓમાં વ્યાપીને રહી છે. તાત્પર્ય કે, વ્યાપક પરબ્રહ્મ સર્વ પ્રાણીઓની વૃત્તિવડે તથા હાથ, પગ આદિ ઉપાધિવડે વ્યવહાર કરે છે. ૧૪

તે ચક્ષુરાદિ સર્વ ઇંદ્રિયોની રૂપાદિ વૃત્તિઓમાં તે તે રૂપે પ્રકાશે છે અથવા તો તે, સર્વ ઇંદ્રિયોનો તથા તેમના વિષયોનો પ્રકાશ કરે છે, તે છતાં તે

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चांतिके च तत् ॥१६॥

સર્વે ઇંદ્રિયોથી રહિત છે. શ્રુતિ પણ કહે છે કે "अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः પરમાત્મા હાથ, પગ વિનાના છે, છતાં વેગવાળા છે અને વસ્તુને ગ્રહણ કરે છે, નેત્રરહિત છે છતાં જુવે છે અને કાન વિનાના છે છતાં સાંભળે છે." વળી સર્વ સંગરહિત છે, છતાં સર્વ લોકને ધારણ કરે છે અને નિર્ગુણ છે, છતાં સત્ત્વાદિક ગુણોના ભોક્તા છે. ૧૫

સુવર્ણ જેમ પોતાનાં કાર્યરૂપ કડાં, કુંડલ વગેરે આભૂષણોમાં બહાર અને અંદર છે તથા પાણી જેમ તરંગોની બહાર તથા અંદર છે, તેમ પરબ્રહ્મ પણ સ્થાવર તથા જંગમ પ્રાણીઓની બહાર અને અંદર રહ્યા છે. વળી કાર્ય અને કારણરૂપ હોવાથી સ્થાવર જંગમરૂપ જે પ્રાણી સમૂહ, તે પણ બ્રહ્મરૂપ જ છે, છતાં પણ તે, અરૂપ હોવાથી સ્પષ્ટ રીતે જાણી શકાય નહિ તેવા છે, માટેજ વિકારી, પ્રકૃતિથી પર એવા તે પરબ્રહ્મ, અજ્ઞાનીઓથી એક લક્ષ યોજન દૂર છે અને જ્ઞાનીઓને તો તે, પોતાનો આત્મા

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥१७॥

હોવાથી નિત્ય પાસે છે. શ્રુતિ કહે છે કે-"तदेजति तन्नेजति तद्दूरे तदंतिके । तदंतरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः તે પરમાત્મા શરીરની ઉપાધિવડે ચાલે છે, પરંતુ પરિપૂર્ણ હોવાથી ચાલતા નથી, અજ્ઞાનીથી દૂર છે અને જ્ઞાનીની પાસે છે. વળી તે આ સર્વ જગતની અંદર અને સર્વ જગતની બહાર છે." ૧૬

તે પરબ્રહ્મ સ્થાવર જંગમાત્મક ભૂતોમાં કારણરૂપે, એક સ્વરૂપે જ હોય, તેમ રહ્યા છે અને કાર્યરૂપે, વિભક્ત એટલે જૂદા હોય તેમ રહ્યા છે. તે જાણવા યોગ્ય પરબ્રહ્મ, જગતની સ્થિતિ વેળા પ્રાણીઓનું પોષણ કરે છે, પ્રલયવેળા સર્વને ગળી જાય છે અને ઉત્પત્તિ વેળા નાના પ્રકારના કાર્યરૂપે ઉત્પન્ન થાય છે. ૧૭

તે ચંદ્ર સૂર્ય આદિ તેજોને પ્રકાશ કરનારા કહેવાય છે. શ્રુતિ કહે છે કેઃ-"येन सूर्यस्तपति तेजसेद्धः । न तत्र सूर्यो भाति न चंद्रतारकं, नेमा विद्युतो भान्ति कुतोयमग्निः । तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति જેના તેજથી વૃદ્ધિ પામેલો સૂર્ય તપે

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम्॥१८॥
इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।

છે, પણ ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ત્યાં ચંદ્ર તથા તારાઓ પણ પ્રકાશ કરતા નથી. તેમ વિજળીઓ પણ પ્રકાશતી નથી. ત્યારે અગ્નિ તો ત્યાં ક્યાંથીજ પ્રકાશ કરે? તે પ્રકાશની પાછળ જ સર્વ પ્રકાશે છે. તેની કાંતિથી આ સર્વ પ્રકાશે છે." તે અજ્ઞાનથી પર છે અર્થાત્ તેને અજ્ઞાનનો લેશ પણ સ્પર્શ નથી. શ્રુતિ કહે છે કે:—" आदित्यवर्णं तमसः परस्तात् પરમાત્મા સૂર્ય જેવા ઝળઝળાટ તેજસ્વી વર્ણવાળા છે અને અજ્ઞાનથી પર છે," જ્ઞાનસ્વરૂપ છે, ફલાદિ આકારે જાણવા યોગ્ય છે, સર્વ પ્રાણીઓના હૃદયમાં વસે છે તથા અમાનિત્વ આદિ જ્ઞાનનાં પૂર્વોક્ત સાધનોથી લભ્ય છે. ૧૮

અધિકારીના ફળની સાથે ક્ષેત્રાદિના પ્રકરણનો ઉપસંહાર કરે છે:—

આ પ્રમાણે મેં મહાભૂતથી લઈને ધૈર્ય (શ્લો. ૬—૭) પર્યંત ક્ષેત્રને, "માન રાખવું નહિ" ત્યાંથી લઈને "તત્ત્વજ્ઞાનનું પ્રયોજન મોક્ષ છે, આમ વારંવાર વિચાર કરવો," (શ્લો—૮ થી ૧૨)

मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १९ ॥
प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान्॥१०॥

ત્યાંસૂધી જ્ઞાનને, તથા "પરબ્રહ્મરૂપી વસ્તુ, આદિ રહિત છે" ત્યાંથી લઈને "તે સર્વ પ્રાણીઓના હૃદયોમાં રહેલા છે"(શ્લો. ૧૩થી ૧૮)ત્યાંસૂધી જાણવા યોગ્ય વસ્તુ કે જે વસિષ્ઠાદિએ વિસ્તારથી કહી છે, તે સર્વને મેં ટૂંકામાં કહી. પૂર્વ અધ્યાયમાં કહેલાં લક્ષણ સંપન્ન મારો ભક્ત, વસિષ્ઠાદિએ વિસ્તારથી વર્ણવેલાં ક્ષેત્રને, જ્ઞાનને અને જ્ઞેયને જાણીને મારાં સ્વરૂપને એટલે બ્રહ્મપણાને પામવા યોગ્ય થાય છે. ૧૯

તે ક્ષેત્ર શું? કેવા ધર્મવાળું છે? એ સર્વ પ્રશ્નનો ઉત્તર આપ્યો. હવે તે ક્ષેત્ર કેવા વિકારવાળું? કોનાથી ઉત્પન્ન થાય છે? તથા ક્ષેત્રજ્ઞ કેવા રૂપવાળો છે? તથા કેવા પ્રભાવવાળો છે? તે કહેવા માટે શ્રીકૃષ્ણે પ્રથમ પ્રતિજ્ઞા કરી જ હતી. માટે પ્રકૃતિ પુરુષ સંસારનાં કારણ છે, આમ કહીને તે જ વિષયને વિસ્તારથી પાંચ શ્લોકવડે કહે છેઃ–

પ્રકૃતિ એ પરમેશ્વરની શક્તિ છે અને પુરુષ પરમાત્માનો અંશ છે, માટે પ્રકૃતિ તથા પુરુષ બન્નેને અનાદિ જાણવાં તથા દેહ અને ઇંદ્રિયોના વિકારોને તથા ગુણોના પરિણામરૂપ સુખ, દુઃખ, મોહ વગેરેને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં જાણવાં. ૨૦

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥२१॥

પ્રકૃતિથી વિકારો ઉત્પન્ન થયા છે, આ દેખાડવાની સાથે પુરુષ અને પ્રકૃતિથી સંસાર ઉત્પન્ન થાય છે, આ પણ દર્શાવે છેઃ-

કાર્ય કહેતાં શરીર અને કારણો કહેતાં સુખ દુઃખને આપનારી ઇંદ્રિયો, આ બન્નેને ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ છે અર્થાત્ પ્રકૃતિ પોતે જ શરીરાદિરૂપે પરિણામ પામે છે અને પુરુષ (જીવ), સુખ દુઃખનો ભોક્તા છે, આમ કપિલાદિ મુનિઓ કહે છે. ૨૧

ભાવાર્થ—પ્રકૃતિ અચેતન છે, માટે તેનું સ્વતઃ કર્તાપણું સંભવતું નથી. તેમજ પુરુષ પણ અવિકારી છે, માટે તેનું ભોક્તાપણું પણ સંભવતું નથી. તોપણ જીવનાં અદૃષ્ટને લીધે તથા ચૈતન્યના અધિષ્ઠાનને લીધે અચેતન એવી પ્રકૃતિનું કર્ત્તાપણું સંભવે છે. જેમ અગ્નિનું ઉંચું બળવું, વાયુનું વક્ર-ગમન, માતાના સ્તનમાંથી દૂધનું ઝરવું વગેરે અદૃષ્ટથી થાય છે, તેમ પુરુષના સમીપપણાથી પ્રકૃતિનું કર્ત્તાપણું કહેવામાં આવે છે. ભોક્તાપણું

पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥२२॥
उपद्रष्टानुमंता च भर्ता भोक्ता महेश्वरः ।

એટલે સુખ દુઃખનું જ્ઞાન, આ જ્ઞાન ચેતનનો જ ધર્મ ગણાય છે, માટે પ્રકૃતિના નિકટમાં રહેવાથી પુરુષ ભોક્તા કહેવાય છે.

પુરુષ અવિકારી તથા જન્મરહિત છે, માટે તે કેમ ભોક્તા ઠરે? આવી શંકા થતાં કહે છેઃ—

પુરુષ, પ્રકૃતિના કાર્યરૂપ દેહ વિષે 'હું શરીર છું' એવા વિચારથી રહ્યો છે, માટે દેહથી ઉત્પન્ન થયેલાં સુખ દુઃખ આદિ ભોગવે છે અને તે પુરુષ, દેવ આદિની ઉત્તમ યોનિમાં તથા પશુ, પક્ષી વગેરેની નીચ યોનિમાં જન્મો લે છે, તેનું કારણ શુભાશુભ કર્મ કરનારી ઇંદ્રિયોનો સંગ છે. ૨૨

પુરુષ પ્રકૃતિને લીધે પોતાને જાણી શકતો નથી, માટે તેને સંસારમાં અવતરવું પડે છે. પરંતુ વસ્તુતઃ તેને સંસાર નથી, એવા અભિપ્રાયથી પુરુષનું સ્વરૂપ કહે છેઃ–

પરમાત્મા, પ્રકૃતિનાં કાર્યરૂપ આ શરીરમાં રહે છે, છતાં પણ તેનાથી જૂદા જ છે. અર્થાત્ દેહના ગુણો સાથે જોડાતા નથી; કારણ કે, તે આત્માના ઉપદ્રષ્ટાની સમીપમાં રહીને સર્વ જોનારા સાક્ષી છે,

परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ।२३।
य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ।२४।
ध्यानेनात्मनि पश्यंति केचिदात्मानमात्मना ।

પાસે રહીને સર્વ વસ્તુને અનુમોદન કરનારા છે, ઈશ્વરરૂપે સર્વ વસ્તુને ધારણ કરનારા છે, પાલન કરનારા છે, બ્રહ્માદિકના પણ અધિપતિ છે અને શ્રુતિ તેને સર્વના અંતર્યામી કહે છે. ૨૩

ઉપર જણાવ્યા પ્રમાણે પુરુષ અને પ્રકૃતિને જાણનારાની સ્તુતિ કરે છે:-

આ રીતે જે આત્માને સાક્ષીરૂપે જાણે છે અને પ્રકૃતિને સુખ, દુઃખ આદિના પરિણામરૂપે જાણે છે, તે પુરુષ સર્વથા વિધિવચનોને ઓળંઘીને વર્તે છે, તોપણ ફરી આ સંસારમાં અવતરતો નથી, અર્થાત્ સંસારમાંથી છૂટે છે. ૨૪

પ્રકૃતિથી ભિન્ન આત્મજ્ઞાનનાં ભિન્ન ભિન્ન સાધનો બે શ્લોકવડે કહે છે:-

કેટલાએક આત્માકાર વૃત્તિવડે શરીરમાં રહેલા આત્માને મનવડે જુવે છે, બીજા કેટલાએક પ્રકૃતિ

अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥२५॥
अन्ये त्वेवमजानंतः श्रुत्वाऽन्येभ्य उपासते ।
तेऽपि चातितरंत्येव मृत्युं श्रुतिपरायणाः ॥२६॥

તથા પુરુષ ભિન્ન ભિન્ન છે, આવા જ્ઞાનવડે તથા અષ્ટાંગ યોગવડે આત્માને જુવે છે અને બીજાઓ, કર્મયોગવડે આત્માનાં દર્શન કરે છે. ૨૫

ભાવાર્થ—આ ધ્યાનાદિનો ક્રમ યથાયોગ્ય છે, છતાં પણ તેની નિષ્ઠા ભિન્ન ભિન્ન છે, આવા અભિપ્રાયથી વિકલ્પ કહ્યો.

મંદાધિકારીઓના મોક્ષનો ઉપાય કહે છેઃ—

કેટલાએક મંદાધિકારીઓ, સાંખ્ય યોગ આદિ દ્વારા ઉપર કહેલા આત્માને સાક્ષાત્ જાણતા નથી, પરંતુ તેઓ, બીજા આચાર્યો પાસેથી ઉપદેશદ્વારા શ્રવણ કરીને પરમાત્માનું ધ્યાન કરે છે અને તેઓ, શ્રદ્ધાપૂર્વક ઉપદેશ શ્રવણ કરવામાં પરાયણ થયા થકા ધીરે ધીરે સંસારને તરી જાય છે. ૨૬

ત્રીજા, ચોથા અને પાંચમા અધ્યાયમાં વિસ્તારથી કર્મયોગ વર્ણવ્યો છે. હવે જ્ઞાનવડે જાણવામાં આવતો આત્મધ્યાનાદિનો વિષય છે, માટે અધ્યાય સંપૂર્ણ થતાં સૂધી સાંખ્ય જ વિસ્તારથી કહે છેઃ—

यावत्संजायते किंचित्सत्वं स्थावरजंगमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २७ ॥
समं सर्वेषु भूतेषु तिष्ठंतं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यंतं यः पश्यति स पश्यति २८

હે ભરતવંશ શ્રેષ્ઠ! જેટલી કંઈ સ્થાવર જંગમ વસ્તુ ઉત્પન્ન થાય છે, તે સર્વ અજ્ઞાનથી–ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના તદ્રૂપરૂપ અધ્યાસથી થાય છે. ૨૭

અવિવેકથી સંસારોત્પત્તિ થાય છે, એ વાત કહી. હવે તેની નિવૃત્તિ માટે પ્રકૃતિ ભિન્ન આત્માનું શ્રેષ્ઠ જ્ઞાન કહે છેઃ—

જે સ્થાવર જંગમ ભૂતોમાં સદ્રૂપે સમાન જ રહેલા તથા તે ભૂતો નાશ થતાં પણ અવિનાશી એવા પરમાત્માને જુવે છે, તે જ ખરો જ્ઞાની છે, પણ બીજો નથી. ૨૮

સર્વ પ્રાણીઓ વિષે સંપૂર્ણ રીતે રહેતા પરમાત્માને જાણનારો પુરુષ પોતે પોતાનો નાશ કરતો નથી. તાત્પર્ય કે અવિદ્યાવડે સચ્ચિદાનંદરૂપ આત્માનો તિરસ્કાર કરીને, તેને કર્ત્તા, ભોક્તા, સુખી, વા દુઃખી માનતો નથી, માટે તે મોક્ષને પામે છે. પરંતુ જે આ પ્રમાણે આત્માને જાણતો નથી, તે દેહ-

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥२९॥
प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥३०॥

ને જ આત્મા જાણનારો, દેહની સાથે આત્માનો પણ નાશ કરે છે. શ્રુતિ પણ કહે છે કેઃ—

असुर्या नाम ते लोका अंधेन तमसावृताः ।
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥

જેઓ આત્મહત્યા કરનારા મનુષ્યો છે તેઓ મરણ પછી અજ્ઞાનરૂપ અંધારાથી વિંટાયલા અસુરજનોના લોકમાં જાય છે. ૨૯

આત્મા શુભ તથા અશુભ કર્મ કરે છે, માટે આત્મામાં સ્પષ્ટ રીતે વિષમતા દેખાય છે. છતાં તમે કહો છો કે, તે તો સર્વ ભૂતોમાં સમરૂપે રહે છે તે કેમ સંભવે? તેના ઉત્તરમાં કહે છેઃ—

દેહ તથા ઇંદ્રિયાકારે પરિણામ પામેલી પ્રકૃતિ જ આ સર્વ કર્મો કરે છે. આત્મા તો અકર્તા છે, છતાં ‘હું કરું છું’ આવું આત્માને અભિમાન થાય છે, તે દેહાભિમાનથી થાય છે. જે આમ જાણે છે, તે પુરુષ જ યથાર્થ જ્ઞાની છે. ૩૦

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ ३१ ॥
अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते।३२।

સઘળાં પ્રાણીઓ પ્રકૃતિરૂપ છે, માટે પ્રકૃતિરૂપે એક જ છે અને પ્રાણીરૂપે જૂદાં જૂદાં છે. પરન્તુ આત્મા ભિન્ન ભિન્ન નથી, આમ જાણનારો પુરુષ પરબ્રહ્મપણાને પામે છે, તે વાત કહે છે:-

પ્રલય વેળા સ્થાવર જંગમ પ્રાણીઓના ભેદ પરમેશ્વરની માયામાં રહે છે તથા સૃષ્ટિને વખતે તેજ માયાથી ફરીને પ્રાણીઓ વિસ્તારપામેછે,આમપુરુષ જાણે છે, ત્યારે તે પરિપૂર્ણ બ્રહ્મરૂપને પામે છે. ૩૧

તથાપિ જ્યારે આત્મા સંસારી અવસ્થામાં હોય છે ત્યારે દેહના સમ્બન્ધથી થનારાં કર્મો અને તેનાં સુખ દુઃખ આદિ ફળો વડે તેની વિષમતા દૂર કરી શકાતી નથી, માટે તમે તેને સમદૃષ્ટિવાળો કેમ કહો છો? આ શંકાના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છે:-

જે વસ્તુઓ ઉત્પત્તિવાળી છે, તે જ વિનાશવાળી છે અને જે વસ્તુ ગુણવાળી છે તે પણ ગુણનો નાશ થયા પછી, નાશ પામે છે. પરંતુ આ આત્મા

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥३३॥
यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रक्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ ३४ ॥

અનાદિ અને ગુણરહિત હોવાથી અવ્યય અને અવિકારી છે, માટે હે કુંતાપુત્ર! આત્મા શરીરમાં રહ્યો છે, છતાં તે કંઈ પણ કરતો નથી તથા કર્મનાં ફળથી લેપાતો પણ નથી. ૩૨

આત્માના અલેપપણામાં આકાશનું દૃષ્ટાંત કહે છેઃ-

કાદવ વગેરેમાં આકાશ રહ્યું છે, છતાં પણ તે સૂક્ષ્મ અને અસંગ હોવાથી જેમ લેપાતું નથી, તેમ આત્મા પણ ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ દેહમાં રહ્યો છે, છતાં અસંગપણાથી દેહના ગુણવડે લેપાતો નથી, પણ અલેપ રહે છે. ૩૩

આત્મા પ્રકાશ હોવાથી પ્રકાશ કરવા યોગ્ય પદાર્થોના ધર્મોથી લેપાતો નથી, એમ સૂર્યનાં દૃષ્ટાંતથી કહે છેઃ-

હે ભરતવંશી રાજા! એક સૂર્ય જેમ અખિલ વિશ્વમાં પ્રકાશ કરે છે, તેમજ ક્ષેત્રમાં વસનાર આત્મા પણ સંપૂર્ણ ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ૩૪

क्षेत्रक्षेत्रज्ञयोरेवमंतरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यांति ते परम् ॥ ३५ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

સૂર્ય, આખા જગતને પ્રકાશિત કરે છે, પરંતુ તેથી જગતના ધર્મ સૂર્યને બાધ કરતા નથી, તેમ જ આત્મા શરીરને પ્રકાશિત કરે છે, પરંતુ તેને દેહના ગુણો બાધ કરતા નથી. ઉપર કહ્યા પ્રમાણે જે મનુષ્ય જ્ઞાનદૃષ્ટિવડે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના ભેદને જાણે છે તથા પ્રકૃતિથી મોક્ષ થવામાં સાધનભૂત ધ્યાનાદિને જાણે છે, તે પરમ પદને પામે છે. ૩૫

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે "ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ" નામનો અધ્યાય તેરમો સંપૂર્ણ

॥ श्रीभगवानुवाच ॥

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः॥१॥
इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।

શ્રીકૃષ્ણે તેરમા અધ્યાયમાં કહ્યું છે કે, "यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजंगमम्। क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ હે ભરતવંશશ્રેષ્ઠ! જે કંઇ આ સ્થાવર જંગમ પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે, તે સર્વં, ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના સંયોગથી થાય છે, એમ જાણ." આ ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનો સંબંધ નિરીશ્વર સાંખ્યની પેઠે સ્વતંત્ર રીતે નથી, પરંતુ ઇશ્વરેચ્છાથી જ થાય છે. આ કથન પૂર્વક "कारणं गुणसंगोस्य सदसद्योनिजन्मसु જીવને ઉત્તમ, અધમ યોનિઓમાં જન્મ આવવો તેમાં ગુણસંગ કારણ છે." ઇત્યાદિ વચનોવડે કહેલું સંસારનું વિચિત્રપણું વિસ્તારથી કહેવાની ઇચ્છાવાળા ભગવાન્ આરંભમાં બે શ્લોકવડે વક્તવ્ય વિષયની પ્રશંસા કરે છેઃ—

શ્રી ભગવાન્ કહે છે—હે અર્જુન! મોક્ષનું સાધન હોવાથી તપ, કર્મ આદિ સર્વ જ્ઞાનોમાં ઉત્તમ તથા પરમાર્થ કરનારું એવું ઉત્તમ જ્ઞાન, હું તને કહીશ. જે જ્ઞાન મેળવીને તેનું મનન કરનારા સર્વ મનુષ્યો દેહના બંધનથી મુક્ત થઇ, પરમ સિદ્ધિને પામ્યા છે.૧

હું તારી આગળ જે જ્ઞાન કહું છું, તે જ્ઞાનનો

सर्गेऽपि नोपजायंते प्रलये न व्यथंति च ॥ २ ॥
मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥ ३ ॥

આશ્રય કરીને જેઓ મારાં સ્વરૂપને પામ્યા છે, તેઓ, સૃષ્ટિ વેળાએ, જ્યારે બ્રહ્માદિ દેવતાઓ ઉત્પન્ન થયા છે, ત્યારે પણ ઉત્પન્ન થતા નથી, તેમ દુઃખ પણ પામતા નથી. ૨

આ પ્રમાણે કહેવાતા જ્ઞાનની પ્રશંસા કરીને શ્રોતાને સન્મુખ કર્યો, હવે પ્રકૃતિ પુરુષ ઇશ્વરને આધીન રહીને સર્વે પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, પરન્તુ સ્વતન્ત્ર રીતે કરતા નથી, આ વાર્તા કહે છેઃ-

દેશ તથા કાળવડે અમાપ હોવાથી મોટી તથા પોતાથી ઉત્પન્ન થતાં કાર્યોની વૃદ્ધિ કરવાથી બ્રહ્મરૂપ એવી પ્રકૃતિ, મારી પરમેશ્વરની યોનિ છે એટલે ગર્ભાધાન કરવાનું સ્થાન છે અને હું તે પ્રકૃતિમાં બીજરૂપે જગતને વિસ્તાર કરનારા ચિદાભાસને મૂકું છું અર્થાત્ પ્રલય વેળા મારાં સ્વરૂપમાં લય પામેલા, અવિદ્યા, કામ અને કર્મોની વાસનાવાળા ક્ષેત્રજ્ઞને હું સૃષ્ટિ વેળા પાછો ક્ષેત્ર સાથે જોડી દઉં છું, હે ભરતવંશી રાજા! બ્રહ્માદિક સર્વે પ્રાણીઓ તે ગર્ભાધાન કરવાથી ઉત્પન્ન થાય છે. ૩

सर्वयोनिषु कौंतेय मूर्त्तयः संभवंति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ ४ ॥
सत्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥ ५ ॥

કેવળ સૃષ્ટિના આરંભમાં જ પ્રકૃતિ પુરુષ મારે આધીન રહીને પ્રાણીઓ ઉત્પન્ન કરે છે, આમ ન સમજવું પરંતુ તેઓ સદા કાળ મારે આધીન રહીને જ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, આ વાત કહે છેઃ—

હે કુન્તીપુત્ર અર્જુન! મનુષ્ય આદિ સર્વ યોનિઓ વિષે સ્થાવર જંગમરૂપ જે જે જીવો ઉત્પન્ન થાય છે, તે સર્વ મૂર્તિઓની માતાને ઠેકાણે મહાબ્રહ્મ પ્રકૃતિ છે અને ગર્ભાધાન આદિ કરનારો સર્વનો પિતા હું છું. ૪

પરમેશ્વરને આધીન રહેલાં પ્રકૃતિ પુરુષ, સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, તે વાત નિરૂપણ કરી. હવે ચાર શ્લોકવડે પ્રકૃતિના સંબંધથી પુરુષને સંસાર થાય છે, તે વાત વિસ્તારથી કહે છેઃ—

હે મોટા હાથવાળા અર્જુન! સત્વ, રજ અને તમ, આ ત્રણે ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયા છે. એટલે તેનાથી ભિન્ન રૂપે પ્રગટ થયા છે અને તેઓ, પ્રકૃ-

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ६ ॥
रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।

તેથી ઉત્પન્ન થયેલા દેહમાં દેહરૂપે રહેલા શરીરી ચિદંશ કે જે વસ્તુતઃ નિર્વિકાર છે, તેને જ બાંધે છે, અર્થાત્ તે ગુણો ચૈતન્યાંશ જીવને પોતાનાં સુખ, દુઃખ અને મોહ આદિ કાર્યો સાથે જોડે છે. ૫

સત્ત્વગુણનું સ્વરૂપ તથા તે કેમ બંધન કરે છે? તે કહે છેઃ-

હે પાપરહિત અર્જુન! તે ત્રણ ગુણોમાં સત્ત્વ-ગુણ સ્ફટિક મણિના જેવો નિર્મળ છે, માટે તે પ્રકાશમાન તથા ઉપદ્રવરહિત–શાંત છે, તેથી તે પોતાનાં કાર્યરૂપસુખમાં તથા જ્ઞાનમાં જીવને આસક્તિ કરાવે છે અને તેઓની સાથે બાંધે છે, અર્થાત્ 'હું સુખી છું' 'હું જ્ઞાની છું' એવા મનના ધર્મો સાથે તેના અભિમાની ક્ષેત્રજ્ઞને જોડે છે. ૬

રજોગુણનું સ્વરૂપ તથા તે કેમ બંધન કરે છે? તે કહે છેઃ-

હે કુંતીપુત્ર અર્જુન! રજોગુણને પ્રેમ ઉત્પન્ન કર-નારો જાણવો અને તે માટે તે તૃષ્ણા–ન મળેલી વસ્તુની ઇચ્છા તથા સંગ–પ્રાપ્ત થયેલી વસ્તુ ઉપર

तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥ ७ ॥
तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ ८ ॥
सत्वं सुखे संजयति रजः कर्मणि भारत ।

વિશેષ આસક્તિ કરાવનારો છે. તે રજોગુણ દેહાભિમાનીને પ્રત્યક્ષ ફળવાળાં અને પરોક્ષ ફળવાળાં કર્મો ઉપર આસક્તિ કરાવીને, તેને નિરંતર બાંધે છે અર્થાત્ તૃષ્ણાથી તથા સંગથી કર્મોમાં આસક્તિ થાય છે ને તે આસક્તિ બંધનકારક છે. ૭

તમોગુણનું સ્વરૂપ તથા તે બંધનકારક કેમ? તે કહે છે:–

હે ભરતવંશી અર્જુન! તમોગુણ તો અજ્ઞાનથી એટલે જેમાં આવરણ શક્તિ મુખ્ય છે, એવી પ્રકૃતિના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે એમ જાણવું અને તેથી જ તે સર્વ શરીરધારીઓને ભ્રમ ઉત્પન્ન કરે છે અને પ્રમાદ, આળસ તથા નિદ્રાથી દેહના અભિમાની જીવને બંધન કરે છે. ૮

સત્વાદિ ગુણોનું પોતપોતાનાં કાર્ય કરવામાં અતિ સામર્થ્ય જણાવે છે:–

દુઃખ, શોક વગેરેનાં બીજાં કારણો હોવા છતાં પણ સત્વગુણ મનુષ્યને સુખની સાથે જ જોડે છે,

ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥
रजस्तमश्चाभिभूय सत्वं भवति भारत ।
रजः सत्वं तमश्चैव तमः सत्वं रजस्तथा ॥ १० ॥

સુખ આદિનાં બીજાં ઘણાં કારણો હોવા છતાં પણ રજોગુણ મનુષ્યને કર્મ સાથે જોડે છે અને તમોગુણ તો મહાપુરુષના સમાગમથી જ્ઞાન થતું હોય તોપણ તેને ઢાંકી દઈ, મનુષ્યને પ્રમાદની સાથે જોડે છે અર્થાત્ મહાપુરુષો ઉપદેશ કરતા હોય, તોપણ તે, તેમાં ધ્યાન લાગવા દેતો નથી, પરંતુ ઉલટો આળસ આદિમાં લગાડે છે. ૯

હે ભરતવંશી રાજા! કોઈ વેળા અદૃષ્ટને લીધે સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણનો પરાભવ કરીને પ્રગટ થાય છે અને પછી તે જીવને પોતાના સુખ, જ્ઞાન આદિક કાર્યની સાથે જોડે છે. એમજ રજોગુણ, તમોગુણ તથા સત્ત્વગુણનો પરાભવ કરીને અને તમોગુણ, સત્ત્વગુણ તથા રજોગુણનો પરાભવ કરીને પ્રગટ થાય છે અને પછી પોતપોતાના તૃષ્ણા, પ્રમાદ, આળસ આદિ કાર્યની સાથે જોડે છે. ૧૦

સત્ત્વાદિની વૃદ્ધિનાં ચિહ્ન ત્રણ શ્લોકવડે કહે છે:—

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्वमित्युत ॥११॥
लोभःप्रवृत्तिरारंभः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायंते विवृद्धे भरतर्षभ ॥ १२ ॥

આત્માના ભોગ મંદિરરૂપ આ દેહ વિષે કાન વગેરે સર્વ દ્વારોમાં જ્યારે શબ્દાદિનો જ્ઞાનરૂપ પ્રકાશ થાય છે, ત્યારે આ પ્રકાશક ચિહ્નવડે સત્ત્વ-ગુણની વૃદ્ધિ થઈ, એમ જાણવું તેમ જ સુખ આદિ-નાં ચિહ્નો ઉપરથી પણ સત્ત્વગુણની વૃદ્ધિ જાણવી. ૧૧

હે ભરતવંશના શ્રેષ્ઠ રાજા! જ્યારે રજોગુણની વૃદ્ધિ થાય છે, ત્યારે લોભ—અનેક રીતે ધનનો લાભ થતો હોય તોપણ વારંવાર ધન માટે વાંછાં,પ્રવૃત્તિ—નિરંતર કામમાં મચ્યા રહેવું, કર્મનો આરંભ—ઘર વગેરે બાંધવા માટે ઉદ્યમ, અશમ—આ કામ કરીને પેલું કામ કરીશ,આ રીતે ઉપરાઉપરી સંકલ્પ વિક-લ્પ કરવો, સ્પૃહા—સારી કે નરતી ગમે તેવી વસ્તુ જોવામાં આવી કે તુરત ગમે ત્યાંથી પણ તેને મેળ-વવા માટે ઇચ્છા, આટલાં ચિહ્નો થાય છે. ૧૨

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायंते विवृद्धे कुरुनंदन ॥ १३ ॥
यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥
रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥ १५ ॥

હે કુરુનંદન ! જ્યારે તમોગુણ વૃદ્ધિ પામે છે, ત્યારે વિવેકનો નાશ, અનુદ્યમ, પ્રમાદ તથા મોહ, આટલી વસ્તુ ઉત્પન્ન થાય છે. ૧૩

મરણ વેળાએ સત્ત્વાદિની વૃદ્ધિનું ફળ, બે શ્લોકવડે કહે છેઃ—

સત્ત્વગુણ વૃદ્ધ પામ્યો હોય ત્યારે જો જીવ મરણ પામે છે, તો તે હિરણ્યગર્ભ આદિની ઉપાસના કરનારાનાં સુખાદિ વૈભવ ભોગવવાનાં સ્થાનરૂપ ઉજ્જ્વલ લોકોમાં જાય છે. ૧૪

રજોગુણ વૃદ્ધ પામ્યો હોય ત્યારે જે જીવ મૃત્યુ પામે છે તે કર્મની આસક્તિવાળા જીવોની યોનિમાં અવતરે છે અને તમોગુણ વૃદ્ધિ પામ્યો હોય ત્યારે જે જીવ મરણ પામે છે તે, પશુ આદિ મૂઢ યોનિમાં અવતરે છે. ૧૫

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ॥
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥१६॥
सत्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १७ ॥
ऊर्ध्वं गच्छंति सत्वस्था मध्ये तिष्ठंति राजसाः ।

સત્ત્વ આદિ ગુણો પોતાનાં કર્મોદ્વારા વિચિત્ર ફળ આપે છે, તે કહે છે.

સાત્ત્વિક કર્મનું સત્ત્વ પ્રધાન અને બહુ પ્રકાશવાળું સુખરૂપ ફળ હોય છે, રજોગુણી કર્મનું દુઃખદાયક ફળ હોય છે તથા તમોગુણી કર્મનું ફળ અજ્ઞાન હોય છે, એમ કપિલાદિકો કહે છે. ૧૬

સત્ત્વગુણથી જ્ઞાન થાય છે, માટે સાત્ત્વિક કર્મનું સુખરૂપ ફળ ઘણા જ પ્રકાશવાળું હોય છે. રજોગુણથી લોભ ઉપજે છે, માટે તેનું ફળ દુઃખ હોય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન ઉત્પન્ન થાય છે, માટે તેનું ફળ અજ્ઞાનદાયક હોય છે. ૧૭

સાત્ત્વિક, રાજસ અને તામસ વૃત્તિવાળાને જે ફળ મળે છે તે દર્શાવે છે:–

જેઓ મુખ્ય કરીને સત્ત્વગુણ વૃત્તિવાળા હોય છે તેઓ ઉપરના લોકમાં જાય છે. સત્ત્વ ગુણની

जघन्यगुणवृत्तिस्था अधो गच्छंति तामसाः १८
नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति। १९।

ઓછી વધતી વૃદ્ધિના પ્રમાણમાં ઉત્તરોત્તર સો સો ગણા અધિક આનંદથી ભરપૂર એવા મનુષ્ય લોક, ગંધર્વ લોક, પિતૃલોક અને દેવલોક આદિ લોકથી લઇને સત્યલોક સૂધીના લોકોમાં જાય છે. રજોગુણી એટલે તૃષ્ણાદિથી વ્યાકુળ મનવાળા લોકો, મનુષ્ય લોકમાં જ રહે છે અને તમોગુણની પ્રમાદ, મોહ આદિ વૃત્તિઓ છે, તેવી વૃત્તિવાળાઓ તમોગુણની ઓછી વધતી વૃત્તિના પ્રમાણમાં તામિસ્ર આદિ નરકોમાં જાય છે. ૧૮

આ પ્રમાણે પ્રકૃતિના ગુણો સાથે આસક્તિ થવાથી સંસારમાં જન્મ થાય છે, તેનું વિસ્તારથી વિવેચન કર્યું. હવે પ્રકૃતિ તથા આત્મા ભિન્ન છે, આવા વિવેકથી મોક્ષ મળે છે, તે વાત કહે છેઃ—

મનુષ્ય જ્યારે વિવેકી થઇ, બુદ્ધિ આદિના આકારમાં પરિણામ પામેલા ગુણોથી, કર્તા જૂદો છે, એમ જોતો નથી, પરંતુ "ગુણો જ કર્મોના કર્તા છે," આમ જાણે છે અને આત્મા ગુણોથી જૂદો તથા તેનો સાક્ષી છે, આમ જાણે છે, તે બ્રહ્મપણાને પામે છે.૧૯

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ २० ॥

॥ अर्जुन उवाच ॥

कैर्लिंगैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥२१॥

જીવ દેહાદિના આકારમાં પરિણામ પામેલા સત્ત્વ, રજ અને તમોગુણને ઓળંગી જાય છે, તો તે તે ગુણોથી થયેલા જન્મ મરણ આદિથી મુક્ત થઇને બ્રહ્માનંદને પામે છે. ૨૦

ત્રણ ગુણોને ઓળંગવાથી જીવ બ્રહ્માનન્દને પામે છે. આ સર્વ સાંભળીને ગુણાતીત જીવનું લક્ષણ, આચાર અને ગુણોને ઉલ્લંઘન કરવાનો ઉપાય સારી રીતે જાણવાની ઇચ્છાથી અર્જુન પૂછે છેઃ—

અર્જુન પૂછે છે—હે પ્રભુ! જીવ પોતાને વિષે કેવાં ચિહ્નો ઉત્પન્ન થવાથી ગુણાતીત થાય છે! તે કેવા આચારવાળો હોય છે? કેમ વર્તે છે? તથા કેવા ઉપાયોથી તે એ ત્રણે ગુણોને ઓળંગી જાય છે? તે કહો. ૨૧

બીજા અધ્યાયમાં અર્જુને स्थितप्रज्ञस्य का भाषा ઇત્યાદિ શ્લોકવડે પૂછ્યું હતું અને શ્રીકૃષ્ણે તેનો ઉત્તર પણ આપ્યો

॥ श्रीभगवानुवाच ॥

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पांडव।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति।२२।
उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते।
गुणा वर्तंत इत्येव योऽवतिष्ठति नेंगते ॥ २३ ॥

હતો, છતાં પણ અધિક જિજ્ઞાસાથી અર્જુન પૂછે છે, એમ જાણીને શ્રીભગવાન્ પ્રકારાંતરે છ શ્લોકવડે તેનાં લક્ષણો કહે છે, તેમાં પ્રથમ એક શ્લોકવડે ગુણાતીતનું લક્ષણ કહે છેઃ–

શ્રીભગવાન્ કહે છે–હે પાંડુના પુત્ર! પ્રકાશ–સત્ત્વગુણનાં કાર્યો, પ્રવૃત્તિ–રજોગુણનાં કાર્યો તથા મોહ–તમોગુણનાં કાર્યો ગમે તે રીતે અથવા તો પોતાની મેળે પ્રાપ્ત થયાં હોય, તોપણ ગુણાતીત તેને દુઃખરૂપ ધારી, તેનો દ્વેષ કરતો નથી, તેમ નિવૃત્ત થયાં હોય તો સુખની બુદ્ધિથી તેની વાંછા કરતો નથી. ૨૨

ઉપર ગુણાતીત પોતાનું સ્વરૂપ જાણી શકે, તેવું ગુણાતીતનું લક્ષણ કહ્યું. હવે બીજાઓ પણ સમજે તેવું ગુણાતીતનું લક્ષણ કહેવા માટે "તેનો આચાર કેવો હોય છે?" આ બીજા પ્રશ્નનો ઉત્તર ત્રણ શ્લોકવડે આપે છેઃ—

જે ઉદાસીનની પેઠે સાક્ષીરૂપે રહ્યો થકો, ગુણનાં કાર્ય જે સુખ,દુઃખ,તેનાવડે સ્વસ્વરૂપથી ચલાયમાન

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः ॥२४॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥२५॥

થતો નથી, પરંતુ "ગુણો જ પોતાનાં કાર્યો સાથે વર્તે છે, મારે તેઓની સાથે કંઇ જ લેવા દેવા નથી," આવાં વિવેકવાળાં જ્ઞાનથી જે છાનોમાનો બેસી રહે છે અર્થાત્ ચલાયમાન થતો નથી. ૨૩

જે સ્વસ્વરૂપમાં રહેવાથી સુખ દુઃખને સમાન ગણે છે, ઢેકું, પથ્થર અને સુવર્ણને સમાન માને છે, મિત્ર તથા શત્રુને સમાન ગણે છે, ધીરજ રાખે છે તથા પોતાની નિંદાને અને પોતાની સ્તુતિને સમાન ગણે છે. ૨૪

જે માન તથા અપમાન થયા છતાં નિર્વિકાર રહે છે, જે મિત્ર અને શત્રુ પક્ષને સમાન ગણે છે, અપરોક્ષ તથા પરોક્ષ ફળવાળા ઉદ્યમોને ત્યાગ કરવા, આવો જેનો સ્વભાવ છે, તે ગુણાતીત કહેવાય છે.૨૫

હવે ત્રણ ગુણોને કેવી રીતે ઉલ્લંઘન કરે છે? તે પ્રશ્નનો ઉત્તર આપે છેઃ—

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।२६।
ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांतिकस्य च ।२७।

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणत्रयविभागयोगो नाम
चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

જે મનુષ્ય મને પરમેશ્વરને જ એકાંત એવા ભક્તિયોગવડે સેવે છે, તે, આ સત્ત્વાદિ ત્રણે ગુણોને ઓળંઘીને બ્રહ્મરૂપ થઈ શકે છે. ૨૬

જેમ એકઠો થયેલો પ્રકાશ એ સૂર્યની મૂર્તિ છે, તેમ જ હું પરબ્રહ્મની મૂર્તિ છું અર્થાત્ ઘનીભૂત બ્રહ્મ છું. શુદ્ધ સત્ત્વગુણી હોવાથી મોક્ષનાં સાધનભૂત શાશ્વત ધર્મની મૂર્તિ છું તથા પરમાનંદ સ્વરૂપ હોવાથી હું અખંડ સુખની પણ મૂર્તિ છું. ૨૭

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'ગુણત્રયવિભાગયોગ'
નામનો અધ્યાય ચૌદમો સંપૂર્ણ

॥ श्रीभगवानुवाच ॥

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥१॥

ચૌદમા અધ્યાયમાં છેવટે मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते જે મનુષ્ય મને પરમેશ્વરને એકાંત ભક્તિયોગવડે સેવે છે. ઇત્યાદિ વચનોવડે એકાંત ભક્તિથી ભગવાનને ભજનારા તેના પ્રસાદથી મળેલાં જ્ઞાનવડે બ્રહ્મસ્વરૂપ થાય છે, આમ કહ્યું છે. પરંતુ એકાંત ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય વિના થતી નથી, માટે વૈરાગ્યપૂર્વક જ્ઞાનોપદેશ કરવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણ આરંભમાં અઢી શ્લોકવડે સંસારનું વૃક્ષસ્વરૂપે રૂપકાલંકારથી વર્ણન કરે છેઃ–

શ્રીભગવાન્ કહે છે–હે અર્જુન! જેનું મૂળ ઉંચું છે [એટલે ક્ષર (ભૂત) તથા અક્ષર (જીવ) કરતાં પુરુષોત્તમ ઉત્તમ છે,] જેની શાખા નીચે છે [એટલે પુરુષોત્તમ પછીનાં કાર્યો ઉપાધિવાળા હિરણ્યગર્ભ વગેરે જીવો છે.] જેનાં પાંદડાં વેદો છે [એટલે કે ધર્મ, અધર્મ પ્રતિપાદનદ્વારા છાયા તરિકે ગણાતા કર્મનાં ફળોને માટે સર્વે જીવો સંસાર વૃક્ષનો આશ્રય કરે છે, માટે વેદોને પાંદડાં કહ્યાં છે.] કાલ સવાર સૂધી પણ રહેશે નહિ, આવા અવિશ્વાસથી સંસાર વૃક્ષને અશ્વત્થ કહે છે, પરંતુ પ્રવાહરૂપે અવિચ્છિન્ન છે, માટે તેને અવ્યય પણ કહે છે. આ સંસારરૂપી વૃક્ષને જે જાણે છે તે, વેદને જાણે છે. ૧

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि
कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २ ॥
न रूपमस्येह तथोपलभ्यते
नांतो न चादिर्न च संप्रतिष्ठा ।

સત્ત્વગુણી, રજોગુણી તથા તમોગુણી ગતિરૂપી પાણીના સિંચનથી ફાલેલી, શબ્દ, સ્પર્શ આદિ વિષયરૂપી કુમળાં પાંદડાંવાળી, સંસારરૂપી વૃક્ષની શાખાઓ અર્થાત્ કાર્યોપાધિવાળા હિરણ્યગર્ભ આદિ જીવો, નીચે તથા ઉપર એટલે પશુ આદિની નીચ યોનિમાં તથા દેવતા આદિની ઉંચ યોનિમાં ફેલાયલા છે અને આ મનુષ્ય લોકમાં, તે સંસાર-વૃક્ષનાં કર્મોવડે બંધાયલાં ભોગ વાસનારૂપી નાનાં નાનાં મૂળો, ઉપર તથા નીચે એટલે ઉંચ નીચ યોનિમાં વિસ્તાર પામેલાં છે. ૨

ભાવાર્થ—ઉપર અને નીચેના લોકમાં જે જે ભોગ ભોગવ્યા હોય, તે તે ભોગવાસના પ્રમાણે કર્મો ક્ષીણ થયા પછી જીવ પાછો મનુષ્ય લોકમાં અવતરે છે

अश्वत्थमेनं सुविरूढमूल-
मसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥
ततः पदं तत्परिमार्गितव्यं
यस्मिन्गता न निवर्तंति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

અને પૂર્વ વાસના પ્રમાણે કર્મમાં પ્રવૃત્તિ કરે છે. કારણ કે કર્મ કરવાને અધિકાર આ મનુષ્ય લોકમાં જ છે, બીજા લોકમાં નથી. માટે અહિ 'મનુષ્ય-લોકમાં' એમ કહ્યું છે.

આ સંસારનાં વાસી પ્રાણીઓ ઉપર વર્ણવેલાં આ સંસારવૃક્ષનાં સ્વરૂપને જાણી શકતાં નથી, તેમ તે છેડા વગરનું હોવાથી તેના પારને, અનાદિ હોવાથી તેના આરંભને તથા તે કેવી રીતે ઉભું છે, તેની સ્થિતિને જાણી શકતાં નથી. આ પ્રમાણે હોવાથી સંસારવૃક્ષ જેમ કાપી શકાતું નથી, તેમ જ તે અનર્થ કરનારું પણ છે. માટે દૃઢ એવા વૈરાગ્યરૂપી શસ્ત્રવડે જેનાં મૂળ અત્યંત બંધાયલાં છે, એવાં સંસારવૃક્ષને કાપી નાખવું જોઇએ. ૩

ત્યાર પછી સંસારવૃક્ષનાં મૂળભૂત વિષ્ણુપદને

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥
न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।

શોધવું, કે જ્યાં આગળ ગયેલા ફરીને સંસારમાં આવતા નથી. પરમાત્માને શોધનારા પુરુષે, જે પરમાત્માથી ચિરકાળવડે આ સંસારની પ્રવૃત્તિ થઈ છે, તે જ આદિ પુરુષને શરણે જાઉં છું, એ પ્રમાણે એકાંત ભક્તિથી પરમ પદને શોધવું. ૪

જેઓ માન તથા મોહરહિત છે, જેઓએ પુત્રાદિના સંગનો દોષ જિત્યો છે, જેઓ આત્મજ્ઞાનમાં નિષ્ઠાવાળા છે, જેઓ વિશેષે કરીને કામના રહિત છે, સુખ દુઃખનાં કારણ હોવાથી સુખ દુઃખને નામે બોલતાં ટાઢ તડકા વગેરે દ્વંદ્વરહિત એવા માયા રહિત જ્ઞાની પુરુષો, વિષ્ણુના અવિનાશી સ્વરૂપને પામે છે. ૫

સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ જે પદને પ્રકાશ કરી શકતા

यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम ॥ ६ ॥
ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनः षष्ठानींद्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥
शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।

નથી અને યોગીઓ પણ જે પદને પામીને, ફરી અવતરતા નથી, તે મારું ધામ–સ્વરૂપ છે. ૬

તમારાં સ્વરૂપને પ્રાપ્ત થયેલા જીવો ફરી સંસારમાં જન્મતા ન હોય, તો તો "सति संपद्य न विदुः सति संपद्यामहे પરબ્રહ્મના સ્વરૂપને પ્રાપ્ત થઈને જાણતા નથી કે અમે પરબ્રહ્મને પ્રાપ્ત થયા છીએ," આ શ્રુતિ પ્રમાણે સુષુપ્તિ વેળા તથા પ્રલય વેળા સર્વેને તમારી પ્રાપ્તિ થાય છે અને તેઓ તમને જાણતા નથી, માટે કોણ સંસારી રહેશે ? આવી અર્જુનને શંકા થઈ તે ઉપરથી શ્રીકૃષ્ણ તેને પાંચ શ્લોકવડે સંસારી જીવનું દર્શન કરાવે છે:–

મારો જ એક અંશ, કે જે અવિદ્યાથી જીવરૂપ થયો છે, તે સર્વદા સંસારમાં સંસારી રૂપે પ્રસિદ્ધ છે. આ જીવ સુષુપ્તિ તથા પ્રલય વેળાએ પ્રકૃતિમાં લય થયેલાં મનને, પાંચ જ્ઞાનેન્દ્રિયને, પાંચ કર્મેન્દ્રિય તથા પ્રાણને સાંસારિક ભોગ ભોગવવા માટે આકર્ષણ કરે છે. ૭

गृहीत्वैतानि संयाति वायुर्गंधानिवाशयात् ॥ ८ ॥
श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

ભાવાર્થ—સર્વે જીવ મારા અંશ છે, માટે સુષુપ્તિ તથા પ્રલય વેળાએ યાવજ્જીવ મારે વિષે લય થવાથી તેઓને મારી પ્રાપ્તિ થાય છે, એ વાત ખરી છે. તથાપિ અવિદ્યામાં વિંટાયલો અને વાસનાવાળો જીવ, મારાં પ્રકૃતિવાળાં સ્વરૂપમાં લય પામે છે, પરંતુ શુદ્ધ સ્વરૂપમાં લય પામતો નથી. માટે સંસારના ભોગ ભોગવવા સારુ ફરીને અવતરેલા અવિવેકી પુરુષ, પ્રકૃતિથી થયલી ઉપાધિરૂપ ઇંદ્રિયોને પોતાના તરફ ખેંચે છે, પરંતુ જ્ઞાની તો મારાં શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થવા પછી ફરીને સંસારમાં જન્મતો જ નથી.

દેહાદિકનો સ્વામી જીવ, કર્મને વશ હોવાથી, જ્યારે પૂર્વના શરીરમાંથી નીકળે છે અને બીજા શરીરમાં પ્રવેશ કરે છે, ત્યારે વાયુ જેમ પોતાના નિવાસભૂત પુષ્પાદિમાંથી સુગંધના સૂક્ષ્મ પરમાણુઓને લઇને જાય છે, તેમ જીવ પણ પ્રથમના શરીરમાંથી કાન, ત્વચા, નેત્ર, જિહ્વા અને નાસિકા

उत्क्रामंतं स्थितं वापि भुंजानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यंति पश्यंति ज्ञानचक्षुषः ॥१०॥
यतंतो योगिनश्चैनं पश्यंत्यात्मन्यवस्थितम् ।
यतंतोऽप्यकृतात्मानो नैनं पश्यंत्यचेतसः ॥११॥

આદિ બાહ્યેંદ્રિયો તથા અંતઃકરણ, આટલી વસ્તુઓનો આશ્રય કરીને શબ્દાદિ વિષયોને ભોગવે છે. ૮–૯

આ રીતે તો કાર્ય અને કારણના સમુદાયરૂપ દેહથી જુદા એવા આત્માને સૌ કોઇ જાણતા નથી, તેનું કારણ શું? તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છેઃ—

એક શરીરમાંથી બીજા શરીરમાં જનારા અથવા તો તેજ શરીરમાં રહીને વિષયોનો ઉપભોગ કરનારા અથવા તો તેજ ઇંદ્રિયોની સાથે જોડાયલા જીવને અજ્ઞાની પુરુષો દેખતા નથી, પરંતુ જ્ઞાન દૃષ્ટિવાળા–વિવેકી પુરુષો જુવે છે. ૧૦

આત્માને જાણવો, એ કામ બહુ જ કઠણ છે. વિવેકીઓમાં પણ કેટલાએક જ આત્માને જાણે છે, તે વાત કહે છે.

ધ્યાનાદિથી આત્માને જાણવા માટે પ્રયત્ન કરનારા યોગીઓમાં કેટલાએક યોગીઓ શરીરમાં રહેલા આત્માને શરીરથી ભિન્ન જાણે છે, પરંતુ શાસ્ત્ર અને અભ્યાસ આદિથી પ્રયત્ન કરતાં છતાં પણ

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥१२॥
गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः
अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।

મલિન મનવાળા અને મંદ બુદ્ધિવાળા લોકો તો આત્માને દેખતા જ નથી. ૧૧

"न तद्भासयते सूर्यः" ઇત્યાદિ વચનોવડે પરમેશ્વરનું ધામ કહ્યું અને તેને પ્રાપ્ત થયેલા ફરીને અવતાર ધરતા નથી, આમ પણ કહ્યું; એટલે અર્જુનને શંકા થઇ કે ત્યારે હવે તો કોઇ પણ સંસારી રહેશે નહિ. તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણે દેહાદિથી ભિન્ન પરમાત્માનું સ્વરૂપ દર્શાવ્યું. હવે તે જ પરમેશ્વરનાં સ્વરૂપનું અનંત શક્તિરૂપે નિરૂપણ કરે છેઃ–

જે તેજ સૂર્યમાં રહેલું છે, જે તેજ ચંદ્રમાં રહેલું છે, જે તેજ અગ્નિમાં રહેલું છે, ને જે તેજ આખા જગતને પ્રકાશિત કરે છે, તે તેજ મારું છે, એમ જાણવું.

હું જ બળવડે પૃથ્વીમાં રહી, સ્થાવર જંગમ ભૂતોને ધારણ કરું છું અને હું જ રસમય ચંદ્ર થઇને યવ આદિ સર્વ ઓષધિઓને પોષું છું. ૧૩

હું વૈશ્વાનર નામનો જઠરાગ્નિ થઇને પ્રાણીઓનાં શરીરમાં રહું છું અને જઠરાગ્નિને ઉદ્દીપન કરનારા

प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥१४॥

सर्वस्य चाहं हृदि संनिविष्टो
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदांतकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

પ્રાણ તથા અપાન વાયુ સાથે રહીને પ્રાણીઓથી ખવાતાં, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય તથા ચોષ્ય એવાં ચાર પ્રકારનાં અન્નને પચાવું છું. ૧૪

ભાવાર્થ—દાંતથી ભાંગીને ખવાય તે ભક્ષ્ય-રોટલી વડાં વિગેરે; જીભથી હલાવીને ખવાય તે ભોજ્ય-દૂધપાક વગેરે; જીભ ઉપર મૂકી ચગળી ચગળીને સ્વાદ લેવાય તે લેહ્ય-સાકર, ગોળ વગેરે; અને ડાઢાવડે ચૂસી ચૂસીને જેનું પાન કરવામાં આવે તે ચોષ્ય-શેરડી વગેરે.

હું સર્વના હૃદયમાં અંતર્યામી રૂપે સારી રીતે પ્રવેશ કરીને રહું છું, માટે પ્રાણી માત્રને પૂર્વે અનુભવેલી બાબતોની સ્મૃતિ, વિષય તથા ઇંદ્રિયોના સંબંધથી થયેલું જ્ઞાન અને તે બન્નેનો વિનાશ, આ

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥१६॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥१७॥

સર્વ મારાથી જ થાય છે. સર્વે વેદોવડે તે તે દેવતા રૂપે હું જાણવા યોગ્ય છું, વેદાંત સંપ્રદાયનો પ્રવર્ત્તક તથા તેનું જ્ઞાન આપનારો પણ હું જ છું તથા વેદના અર્થને જાણનારો પણ હું જ છું. ૧૫

જગતમાં ક્ષર તથા અક્ષર એવા બે પુરુષો પ્રખ્યાત છે. તમાં બ્રહ્માથી માંડીને સ્થાવર પર્યંત સર્વ પ્રાણીઓ ક્ષર પુરુષ કહેવાય છે અને જે, શરીરોનો નાશ થયા છતાં પણ પર્વતની પેઠે નિશ્ચળ રહે છે, તે કૂટસ્થ અક્ષર ભોક્તા કહેવાય છે. ૧૬

ઉપર કહેલા ક્ષર તથા અક્ષર પુરુષ કરતાં વિલક્ષણ, શ્રુતિઓ જેને પરમાત્મા કહે છે, જે વિકારરહિત છે, જે સર્વના નિયંતા છે, જે ત્રણ લોકમાં પ્રવેશ કરીને તેની રક્ષા કરે છે, તે ઉત્તમ પુરુષ છે. ૧૭

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः १८
यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १९ ॥

હું નિત્ય મુક્ત હોવાથી જડ વર્ગને ઓળંગી ગયો છું અને સર્વનો નિયંતા હોવાથી ચેતન (જીવ) વર્ગ કરતાં પણ હું ઉત્તમ છું; માટે હું લોકમાં તથા વેદમાં પુરુષોત્તમનાં નામથી પ્રખ્યાત છું. શ્રુતિ પણ કહે છે કે;

स वा अयमात्मा सर्वस्य वशी सर्वस्येशानः ।
सर्वस्याधिपतिः सर्वमिदं प्रशास्ति ॥

તે આત્મા, સર્વને વશ રાખનાર, સર્વનો સ્વામી તથા સર્વનો અધિપતિ છે અને આ સર્વ જગત્ ઉપર રાજ્ય કરે છે. ૧૮

હે ભરતવંશી અર્જુન! ઉપર કહ્યા પ્રમાણે જે પુરુષ નિશ્ચળ બુદ્ધિ થઈ, મારાં પુરુષોત્તમ રૂપને જાણે છે, તે સર્વ પ્રકારે મને જ ભજે છે, કારણ કે તે સર્વજ્ઞ હોય છે. ૧૯

હે દોષરહિત ભરતવંશી અર્જુન! આ છાનામાં

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान् स्यात्कृतकृत्यश्च भारत ॥२०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे पुरुषोत्तमयोगो नाम
पंचदशोऽध्यायः ॥ १५ ॥

છાનું શાસ્ત્ર મેં તને કહ્યું. આ શાસ્ત્ર જાણીને હર-કોઈ પણ મનુષ્ય બુદ્ધિમાન્ તથા કૃતાર્થ થાય છે. ત્યારે તું તો કૃતકૃત્ય હો, તેમાં આશ્ચર્ય શું? ૨૦

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'પુરુષોત્તમયોગ'
નામનો અધ્યાય પંદરમો સંપૂર્ણ

॥ श्रीभगवानुवाच ॥

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥

પંદરમા અધ્યાયમાં છેવટે "एतद् बुध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत આ ગુહ્ય શાસ્ત્ર જાણીને મનુષ્ય બુદ્ધિમાન્ તથા કૃતાર્થ થાય છે," આમ કહ્યું. તે ઉપરથી અર્જુનને શંકા થઈ કે તે તત્વને કોણ જાણી શકે અને કોણ જાણી શકે નહીં? તેના ઉત્તરમાં ભગવાન્ તત્વજ્ઞાનના અધિકારી તથા અનધિકારીના વિવેક માટે સોળમા અધ્યાયનો આરંભ કરે છેઃ—

કાર્યનું સ્વરૂપ જાણ્યા પછી તેના અધિકારીને જાણવાની ઇચ્છા થાય છે. ભટ્ટમીમાંસક કહે છેઃ—

भारो यो येन वोढव्यः स प्रागांदोलितो यदा ।
तदा कस्तस्य वोढेति शक्यं कर्त्तुं निरूपणम् ॥

જે ભાર ઉપાડવાનો હોય, તે ભાર આગળથી જ તોળી રાખ્યો હોય, તો તેને કોણ ઉપાડશે, એનો નિશ્ચય થઈ શકે છે, માટે જ ભગવાન્ આરંભમાં તત્ત્વજ્ઞાનના અધિકારીમાં રહેલી દૈવી સંપત્તિ વર્ણવે છેઃ—

ભગવાન્ કહે છે—અભયપણું; મનનો ઉલ્લાસ; આત્મજ્ઞાનના ઉપાયમાં વિશેષ નિષ્ઠા; દાન—પોતાના અન્નાદિમાંથી યથોચિત ભાગ કરીને બીજાને ઈશ્વર પ્રીત્યર્થ આપવું તે; દમ-બાહ્યેંદ્રિય સંયમ;યજ્ઞ—અધિ-

अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

કાર પ્રમાણે દર્શ પૂર્ણિમાના યજ્ઞો કરવા તે,સ્વાધ્યાય—બ્રહ્મયજ્ઞ, જપયજ્ઞ; તપ—ચાંદ્રાયણાદિક કરવાં તે. ૧

અહિંસા—કાયિક, વાચિક અને માનસિક હિંસા-ત્યાગ કરવી તે;સત્ય; અક્રોધ—કોઈ પ્રહાર કરે તો પણ મનમાં વિકાર લાવવો નહીં તે; ત્યાગ—ઉદારતા; શાંતિ; કોઇની પાછળ કોઇના અવગુણ ગાવા નહીં, દીન પ્રાણીઓ ઉપર દયા કરવી; અલોભ; કોમળતા; અકાર્ય કરવામાં લોકલજ્જા; અચપળતા; ૨

તેજ—પ્રતાપ; ક્ષમા—અપમાન થતાં પણ ક્રોધ કરવો નહિં; ધૈર્ય—દુ:ખાદિથી ખિન્ન થયેલાં મનને સ્થિર કરવું તે; શૌચ-બાહ્ય તથા આભ્યંતર શુદ્ધિ; અદ્રોહ—હિંસા માટે ઇચ્છા કરવી નહીં તે તથા પોતાને વિષે પૂજ્યપણાનું બહુ અભિમાન રાખવું નહીં. આ છવ્વીસ લક્ષણો, હે ભરતવંશી રાજા! દેવોને યોગ્ય એવી દૈવી સંપત્તિ ભોગવવા

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥ ४ ॥
दैवी संपद्विमोक्षाय निबंधायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव ॥ ५ ॥
द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।

માટે જન્મેલા અર્થાત્ ભવિષ્યમાં કલ્યાણ સુખ ભોગવનારા મનુષ્યોમાં હોય છે. ૩

દૈવી સંપત્તિ કહી, હવે આસુરી સંપત્તિ કહે છે:—

હે પૃથાના પુત્ર! દંભ—ધર્મનો ડોળ; દર્પ—ધન, વિદ્યા આદિને લીધે મનમાં થયેલો મદ; પોતાને વિષે પૂજ્યપણાનું અભિમાન; ક્રોધ; ક્રૂરતા અને અજ્ઞાન, આટલાં લક્ષણો આસુરી સંપત્તિ ભોગવવા માટે જન્મેલા અર્થાત્ ભવિષ્યમાં અકલ્યાણ ભોગવનારા મનુષ્યોમાં હોય છે. ૪

બન્ને સંપત્તિનાં કાર્યો દર્શાવે છે:—

દૈવી સંપત્તિને મોક્ષકારક માની છે અને આસુરી સંપત્તિને બંધનકારક માનેલી છે અર્થાત્ જે દૈવી સંપત્તિવાળો હોય તે મેં કહેલાં તત્ત્વજ્ઞાનનો અધિકારી છે અને આસુરી સંપત્તિવાળો નિત્ય સંસારી છે. હે પાંડુપુત્ર અર્જુન! તું શોક કર મા, કારણ કે તું દૈવી સંપત્તિ ભોગવવા માટે જન્મ્યો છે. ૫

दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥६॥
प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ।७।

આસુરી સમ્પત્તિનો સર્વથા ત્યાગ જ કરવો જોઇએ, એટલા માટે આસુરી સમ્પત્તિનું વિવેચન કરે છે.

આ જગતમાં દૈવી તથા આસુરી, એમ બે પ્રકારની પ્રાણીઓની સૃષ્ટિ છે, તેમાંથી મેં દૈવી સૃષ્ટિ તને વિસ્તારથી કહી. હવે હે પાર્થ! તું મારી પાસેથી આસુરી સૃષ્ટિ સાંભળ. ૬

ભાવાર્થ—અહીં આસુરી સૃષ્ટિમાં જ રાક્ષસી સુષ્ટિ પણ સમજવી. તેથી નવમા અધ્યાયમાં राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ એમાં ત્રણ પ્રકારની પ્રકૃતિ કહી છે, તેની સાથે વિરોધ આવશે નહીં.

આસુરી સમ્પત્તિનું બાર શ્લોકોવડે વિસ્તારથી વર્ણન કરે છે.

આસુરી સ્વભાવવાળા મનુષ્યો, ધર્મમાં પ્રવૃત્ત થવું અને અધર્મમાંથી નિવૃત્ત થવું, આ વાત જાણતા જ નથી. માટે તેઓમાં પવિત્રતા, સદાચાર તથા સત્ય હોતું નથી. ૭

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

તેઓ વેદોક્તધર્માધર્મની પ્રવૃત્તિ નિવૃત્તિને કેમ જાણતા નથી? ધર્મ તથા અધર્મ અંગીકાર કરશું નહિ તો જગતમાં સુખદુ:ખની વ્યવસ્થા કેમ થશે? આસુરી લોકો શૌચ તથા સદાચાર આદિ ઈશ્વરની આજ્ઞાને ઉલ્લંઘન કેમ કરે છે? તેમ તેઓ ઈશ્વરનું અસ્તિત્વ માન્ય કરશે નહીં તો જગતની ઉત્પત્તિ ક્યાંથી માનવી? આવા અર્જુનના પ્રશ્નો ઉપરથી શ્રીકૃષ્ણ કહે છેઃ–

આસુરી સંપત્તિવાળા પુરુષો કહે છે કે, આ જગતમાં વેદ, પુરાણ આદિ કોઈ પણ શાસ્ત્ર પ્રમાણભૂત નથી, પરંતુ ખોટાં છે, કારણ કે, ત્રણે વેદો, ધૂર્ત, ભાંડ અને રાક્ષસના રચેલા છે. વળી ધર્મ તથા અધર્મની વ્યવસ્થાનું કંઈ પ્રયોજન નથી. અર્થાત્ આ જગત્ સુખદુ:ખને લીધે જે વિચિત્ર જોવામાં આવે છે, તેમાં ધર્માધર્મ કારણ નથી, પરંતુ સ્વાભાવિક રીતે જ તે વિચિત્ર છે. વળી જગતના કર્ત્તા પરમેશ્વર નથી, પણ સ્ત્રી પુરુષના પરસ્પર સમાગમથી જગત્ ઉત્પન્ન થાય છે અને જગત્ ઉત્પન્ન થવામાં સ્ત્રી પુરુષનો કામ જ પ્રવાહરૂપે કારણ છે, બીજું કારણ શું હોય? કંઈ પણ નહિ. ૮

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥
काममाश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्ततेऽशुचिव्रताः ॥ १० ॥
चिंतामपरिमेयां च प्रलयांतामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ ११ ॥

આવાં ચાર્વાક દર્શનોનો આશ્રય કરવાથી મલિન મનવાળા, અલ્પબુદ્ધિવાળા—પ્રત્યક્ષનેજ કેવળ માનનારા અને હિંસાવાળાં કર્મ કરનારા મૂઢ લોકો શત્રુઓ થઈ, જગતનો નાશ કરવા માટે જન્મ ધરે છે. ૯

દંભ, માન અને મદવાળા, મદ્ય, માંસાદિ તથા અપવિત્ર વસ્તુનો જેમાં ઉપયોગ કરવામાં આવે છે એવાં અપવિત્ર વ્રત કરનારા પુરુષો, 'અમુક મંત્રવડે અમુક દેવતાને આરાધીને ધનના ભંડારોને સંપાદન કરીશ,' આવા દુરાગ્રહોને મોહથી સ્વીકારી લઇને, કોઇથી પણ પૂરી શકાય નહીં તેવી કામનાનો આશ્રય કરી, ક્ષુદ્ર દેવતાઓનાં આરાધનાદિમાં પ્રવૃત્તિ કરે છે. ૧૦

મરણ પછી જ પાર પડે એવી અપાર ચિંતામાં ડૂબેલા અર્થાત્ નિરન્તર ચિન્તાતુર રહેનારા, કામના

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहंते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥ १२ ॥
इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ।१४।

ભોગમાં જ પરાયણ થયેલા અને કામના ભોગનેજ પરમ પુરુષાર્થ માનનારા અર્થાત્ તેના વિના બીજો પુરુષાર્થ નથી, આવા નિશ્ચય ઉપર આવેલા સેંકડો આશાપાશથી બંધાયલા અને કામ તથા ક્રોધને વશ થયેલા એવા પુરુષો વિષયભોગ માટે ચોરી વગેરે અન્યાય કરીને ધનના ઢગો એકઠા કરવાની ઇચ્છા કરે છે. ૧૧–૧૨

આસુરી જીવના મનોરાજનું ચાર શ્લોકવડે વર્ણન કરે છેઃ–

આજે મેં આ મનગમતી વસ્તુ મેળવી, હવે હું આ મનોરથ પાર પાડીશ. મારી પાસે આટલું ધન છે અને આટલું ધન હવે પછી મને મળશે. ૧૩

મેં આ શત્રુને માર્યો અને વળી બીજા શત્રુઓને હું મારીશ, હું સર્વનો સ્વામી છું, હું ભોગભોક્તા છું, હું કૃતકૃત્ય છું તથા બળવાન્ અને સુખી છું. ૧૪

आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः १५
अनेकचित्तविभ्रांता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतंति नरकेऽशुचौ ॥१६॥
आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ।

હું દ્રવ્યાદિની સંપત્તિવાળો છું. કુલીન છું, મારા જેવો બીજો જગતમાં કોણ છે? હું યજ્ઞયાગાદિ કરીને બીજા દિક્ષિતો કરતાં પણ વિશેષ પ્રતિષ્ઠા મેળવીશ. મારી કીર્તિ ગાનારાઓને દાન આપીશ અને પ્રસન્ન થઈશ. આવા અજ્ઞાનને લીધે મિથ્યા મોહને વશ થયેલા, ૧૫

અનેક પ્રકારના મનોરથોમાં મન પરોવાયાથી ભમી ગયેલા અને મત્સ્ય જેમ જાળની દોરીમાં ફસાઈ જાય તેમ મોહજાળમાં ફસી પડેલા તે પુરુષો કામના ઉપભોગમાં આસક્ત થયા થકા અપવિત્ર એવાં નરકમાં પડે છે. ૧૬

વળી કોઈપણ સારા મનુષ્યના માન વિના પોતાની મેળેજ પૂજ્ય બની બેઠેલા, ઉદ્ધત, ધનનું માન (ગર્વ) ધરાવનારા, અહંકાર, બળ, દર્પ, કામ અને ક્રોધનો

यजंते नामयज्ञैस्ते दंभेनाविधिपूर्वकम् ॥ १७ ॥
अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥ १८ ॥
तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १९ ॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।

આશ્રય કરનારા, પોતાના તથા પરના શરીરમાં ચિદંશરૂપે રહેનાર એવો જે હું તેનો દ્વેષ કરનારા, સન્માર્ગે આચરણ કરનારા ઉપર દોષનો આરોપ કરનારા તે લોકો, શ્રદ્ધાથી નહીં, પરંતુ દંભથી શાસ્ત્રોક્ત વિધિ છાંડી, કેવળ સોમયાજી વગેરે નામ માત્રને ધારણ કરીને, નામ માત્ર યજ્ઞોવડે મારું યજન કરે છે. ૧૭–૧૮

તે મારો દ્વેષ કરનારા અને ક્રૂર સ્વભાવવાળા અધમ પુરુષોને જન્મ મરણના માર્ગરૂપ સંસારમાં પણ આસુરી–મહા ક્રૂર એવા વાઘ વગેરેની નીચ યોનિઓમાં જ હું નિરંતર નાંખું છું. ૧૯

હે કુંતાના પુત્ર! આસુરી યોનિમાં જન્મેલા તે મૂઢ લોકો પ્રત્યેક જન્મે મને પામ્યા વિનાજ, અર્થાત્

मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ॥२०॥
त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथालोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ।२१।
एतैर्विमुक्ताः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् २२
यः शास्त्रविधिमुत्सृज्य वर्त्तते कामकारतः ।

મને તો પામે જ ક્યાંથી! પરંતુ મને પામવાના ઉપાયભૂત માર્ગોને પણ પામ્યા વિના ઉપર વર્ણવેલી ગતિ કરતાં પણ અધમ ગતિને પામે છે. ૨૦

આસુરી દોષોમાં પણ સર્વ દોષના મૂળભૂત ત્રણ દોષો તો અવશ્ય ત્યાગ કરવા, તે કહે છે.

કામ, ક્રોધ તથા લોભ, આ ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે અને તે આત્માને નીચ યોનિમાં નાંખે છે, માટે એ ત્રણનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે. ૨૧

હે કુંતાપુત્ર! નરકનાં દ્વારભૂત કામ, ક્રોધ તથા લોભ એ ત્રણથી મુક્ત થયેલો મનુષ્ય પોતાનાં શ્રેય સાધનરૂપ તપ, યોગ આદિ કરે છે, તો તે પરમ ગતિને—મોક્ષને પામે છે. ૨૨

જે પુરુષ વેદવિહિત ધર્મનો ત્યાગ કરી ઇચ્છાનુ-

न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् २३
तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे दैवासुरसंपद्विभागयोगो नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

સાર વર્તે છે, તે મનુષ્યને તત્ત્વજ્ઞાન મળતું નથી, શાંતિ સુખ મળતું નથી તેમ મોક્ષ પણ મળતો નથી. ૨૩

માટે આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી, એવી વ્યવસ્થા કરવામાં તારે શ્રુતિ, સ્મૃતિ તથા પુરાણાદિને પ્રમાણ ગણવાં અને શાસ્ત્રવિધિએ કહેલું કર્મ જાણીને કર્માધિકારી થયો થકો તું અધિકાર પ્રમાણે કર્મ કરવાને યોગ્ય છે, અર્થાત મનની શુદ્ધિમાં, શુદ્ધ જ્ઞાનમાં તથા મુક્તિમાં પરંપરાએ કર્મ કારણ છે. ૨૪

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા વિષે 'દૈવાસુરસંપદ્વિભાગ-યોગ' નામનો અધ્યાય સોળમો સંપૂર્ણ

——:o:——

॥ अर्जुन उवाच ॥

ये शास्त्रविधिमुत्सृज्य यजंते श्रद्धयाऽन्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण सत्वमाहोरजस्तमः ॥१॥

સોળમા અધ્યાયની છેવટે કહેલા 'यः शास्त्रविधिमुत्सृज्य वर्त्तते कामकारतः' આ વચનવડે શાસ્ત્રોક્ત વિધિનો ત્યાગ કરી ઇચ્છાનુસાર વર્તનારાને જ્ઞાનમાં અધિકાર નથી, આમ કહ્યું છે. માટે જેઓ શાસ્ત્રોક્ત વિધિનો ત્યાગ કરી ઇચ્છાનુસાર વર્તતા ન હોય પરંતુ શ્રદ્ધાથી વર્તતા હોય તેઓને જ્ઞાનનો અધિકાર છે કે નથી? આ જાણવાની ઇચ્છાથી અર્જુન પ્રશ્ન કરે છે.

અર્જુન પૂછે છે–હે કૃષ્ણ ! જેઓ દુઃખને લીધે અથવા તો આળસને લીધે શાસ્ત્ર સમજવા માટે શ્રમ કરતા નથી, પરંતુ શાસ્ત્ર વિધિનો ત્યાગ કરે છે અને કેવળ આચાર પરંપરાથીજ શ્રદ્ધા સંપન્ન થઇને યજન કરે છે, તેની શી ગતિ થાય છે ? અને તેઓની તે પૂજા સત્ત્વગુણી, રજોગુણી કે તમોગુણી કહેવાય તે કહો ? ૧

તાત્પર્ય–ઉપર કહ્યું કે, "જે શાસ્ત્રવિધિનું ઉલ્લંઘન કરીને યજન કરે છે." આ વાક્યના ઉપરથી તો શાસ્ત્રનો અર્થ જાણીને તેને ઉલ્લંઘન કરી વર્ત્તનારો, આમ સિદ્ધ થાય છે, માટે તેઓનો યજ્ઞ, શ્રદ્ધા સંપન્ન હોય, અથવા તો તે શ્રદ્ધાળુ હોય આમ સંભવે નહીં; કારણ

માસ્તિક બુદ્ધિને શ્રદ્ધા કહે છે અને તે શ્રદ્ધા શા-
ાસ્ત્રાને શાસ્ત્રવિરુદ્ધ માર્ગે કદી પણ દોરે નહીં.
ી તેઓને લક્ષમાં લઈને "त्रिविधा भवति श्रद्धा"
ા ત્રણ પ્રકારની છે, यजन्ते सात्विका देवान् સાત્ત્વિકો
ાનું યજન કરે છે, ઇત્યાદિ ઉત્તર વાક્યો પણ
સેદ્ધ થશે. માટે અહીં "यः शास्त्रविधिमुत्सृज्य"
નો શાસ્ત્રનું 'ઉલ્લંઘન કરનાર' આટલો જ અર્થ
ા નહિ પરંતુ "ક્લેશને લીધે અથવા તો આળ-
ા લીધે શાસ્ત્રની બાબત જાણવા માટે પ્રયત્ન ન
ાં કેવળ આચાર પરંપરા પ્રમાણે શ્રદ્ધાથી બીજા
ી પણ દેવતાની આરાધના આદિમાં પ્રવૃત્તિ કર-
" આવો અર્થ લેવો.

પ્રશ્ન તાત્પર્ય-શ્રદ્ધા પોતે જ સત્ત્વગુણી છે, પરંતુ
ાવડે તથા આળસવડે શાસ્ત્ર ઉપર અનાદર થાય
આ અનાદર રજોગુણી તથા તમોગુણી ગણાય છે,
ે ત્યાં આગળ ત્રણ પ્રકારનો સંદેહ થયો તે ઉપરથી
ાયું કે, આ પ્રવૃત્તિ કયા પ્રકારની છે? જો તેઓની
ત્તિ સત્ત્વગુણી હોય તો તેઓ પણ સાત્ત્વિક
ાથી આત્મજ્ઞાનમાં યથાર્થ રીતે અધિકારી છે,
તુ જો તેની શ્રદ્ધા સત્ત્વગુણથી ભિન્ન હોય તો
ધિકારી ગણાય નહિ.

॥ श्रीभगवानुवाच ॥

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।

શ્રીભગવાન્ કહે છે —હે અર્જુન! શાસ્ત્રનું સત્ત્વ સમજીને પરમેશ્વરની પૂજાદિક કર્મ કરનારા પુરુષોની એક જ જાતની સાત્ત્વિક શ્રદ્ધા હોય છે. પરંતુ જે લોકો શાસ્ત્રજ્ઞાન ન હોવાથી કેવળ લોકાચાર પ્રમાણે દેવપૂજાદિ કર્મો કરે છે, તેઓની પૂર્વ જન્મનાં કર્મના સંસ્કારથી થયેલી સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની શ્રદ્ધા હોય છે, તે શ્રદ્ધા તું સાંભળ.

ભાવાર્થ—સ્વભાવ શાસ્ત્રજ્ઞાનથી ફેરવી શકાય છે, પરંતુ જ્યાં શાસ્ત્રોક્ત વિવેક જ હોતો નથી ત્યાં તો કેવળ પૂર્વના સંસ્કાર પ્રમાણે ત્રણ જાતની શ્રદ્ધા હોય છે.

ભગવાનનાં વચન સાંભળીને શંકા ઉત્પન્ન થતાં અર્જુને પૂછ્યું કે, "મહારાજ! તમે ઉદ્ધવને ઉપદેશ કરતી વેળાએ કહ્યું હતું કે, શ્રદ્ધા સત્ત્વગુણનું કાર્ય છે, માટે તે તો સત્ત્વગુણી હોવી જોઇએ, તેમાં વચન પ્રમાણ છે."

"शमो दमस्तितिक्षेज्या तपस्सत्यं दया स्मृतिः । तुष्टिस्त्यागोऽस्पृहा श्रद्धा ह्रीर्दयानिर्वृतिर्धृतिः" આ સર્વ સત્ત્વગુણની વૃત્તિઓ છે, માટે તમે ત્રણ પ્રકારની શ્રદ્ધા કેમ કહો છો? તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે, તે વાત ખરી છે, પરંતુ શ્રદ્ધા રજોગુણી તમોગુણી પુરુષમાં રહેવાથી તથા સત્વ, રજ અને તમના મિશ્રપણાથી શ્રદ્ધા ત્રણ જાતની છે, તે વિષે કહે છેઃ—

सात्त्विकी राजसी चैव तामसी चेति ता शृणु॥२॥
सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः॥३॥

હે ભરતવંશી અર્જુન! વિવેકી તેમ જ અવિવેકી સર્વ મનુષ્યને શ્રદ્ધા હોય છે. પરંતુ તે બુદ્ધિના ઓછા વધતા પ્રમાણુમાં હોય છે. મનુષ્ય ત્રણ પ્રકારની શ્રદ્ધાવાળો હોય છે. માટે જે મનુષ્ય જેવી શ્રદ્ધાવાળો હોય છે, તે તેવી શ્રદ્ધાવાળો ગણાય છે. જેમ કે, જે પ્રથમ સત્ત્વગુણુની વૃદ્ધિથી સાત્ત્વિક શ્રદ્ધાવાળો હોય તે ફરી પણુ તે સંસ્કારવડે સત્ત્વગુણી શ્રદ્ધાવાળો જન્મે છે; જે પ્રથમ રજોગુણુની વૃદ્ધિથી રાજસી શ્રદ્ધાવાળો હોય, તે ફરી પણુ તે સંસ્કારવડે રજોગુણી શ્રદ્ધાવાળો જન્મે છે અને જે પ્રથમ તમોગુણુની વૃદ્ધિથી તામસી શ્રદ્ધાવાળો હોય તે ફરી પણુ તમોગુણુના સંસ્કારથી તામસી શ્રદ્ધાવાળો જ જન્મે છે. ૨

આ રીતે લોકાચાર પરંપરાએ જ વર્તનારાઓ વિષે સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની શ્રદ્ધા રહે છે. પરંતુ શાસ્ત્રજન્ય વિવેક

यजंते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजंते तामसा जनाः ॥४॥
अशास्त्रविहितं घोरं तप्यंते ये तपो जनाः ।

જ્ઞાનવાળા પુરુષોની શ્રદ્ધા તો એક સાત્વિકજ હોય છે, કારણ કે તેઓ સ્વભાવનો વિજય કરી શકે છે. ૩

કાર્યભેદે સાત્વિકાદિ ગુણનો ભેદ દેખાડે છેઃ-

સાત્ત્વિક પુરુષો-સત્વગુણી શ્રદ્ધાવાળા પુરુષો સાત્ત્વિક દેવોને પૂજે છે, રજોગુણી પુરુષો-રાજસી શ્રદ્ધાવાળા પુરુષો રજોગુણી દેવોને પૂજે છે અને તામસી પુરુષો-તમોગુણી શ્રદ્ધાવાળા પુરુષો તામસી એવા યક્ષ પ્રેતાદિ દેવોને પૂજે છે. ૪

ભાવાર્થ-સાત્વિકાદિ દેવોની પૂજામાં પ્રેમ ધરાવનારાઓના પ્રેમપાત્ર તેઓના ગુણાનુસાર સમજી લેવા.

રાજસ, તામસમાં પણ ફરીને વિશેષ ભેદ બે શ્લોકવડે જણાવે છે.

કેટલાએક શાસ્ત્રનો વિધિ જાણતા નથી, છતાં પણ પૂર્વ જન્મના પુણ્યના સંસ્કારથી સાત્વકજ હોય છે, કેટલાએક મધ્યમસરના પુરુષો રાજસ પ્રકૃતિવાળા હોય છે અને કેટલાએક અધમો તામસ પ્રકૃતિવાળા

दंभाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥ ५ ॥
कर्षयंतः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवांतःशरीरस्थं तान्विद्धयासुरनिश्चयान् । ६।

હોય છે; પરંતુ અત્યંત હીન ભાગ્યવાળાઓ ગતાનુગતિક ન્યાયવડે પાખંડીઓના સહવાસથી પાખંડીઓના આચારો પ્રમાણે વર્તે છે અને શાસ્ત્રમાં પણ નહિ કહેલું એવું મહાભયંકર તપ કરે છે કારણ કે તેઓ દંભી, અહંકારી, કામનાવાળા, આસક્તિવાળા તથા આગ્રહવાળા હોય છે; માટે તારે તેઓને અતિ ક્રૂર નિશ્ચયવાળા જાણવા. ૫

આ શરીરમાં રહેલા પૃથ્વી આદિ પાંચ મહાભૂતોના સમૂહને વૃથા ઉપવાસ આદિ કરી ઓછા કરનારા તથા શરીરમાં અંતર્યામી રૂપે હું રહું છું, તેની પણ આજ્ઞા ઉલ્લંઘીને બહુ કષ્ટ આપનારા એવા જે અજ્ઞાની લોકો છે, તેઓને તારે આસુરી નિશ્ચયવાળા જાણવા. ૬

રાજસ, તામસ વગેરે આહાર ત્યાગ કરી સાત્વિકાહારથી તથા યજ્ઞસેવાથી સત્ત્વની વૃદ્ધિ કરવા માટે પ્રયત્ન કરવો, એવું આ નીચેના પ્રકરણમાં સૂચવે છે.

આહારાદિના ભેદથી થતા સાત્વિક આદિના ભેદો તેર શ્લોકવડે કહે છે.

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ ७ ॥
आयुःसत्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या
आहाराः सात्विकप्रियाः ॥ ८ ॥
कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।

આહાર પણ સર્વ મનુષ્યને ત્રણ જાતનો પ્રિય હોય છે. તેમ જ યજ્ઞ, દાન તથા તપશ્ચર્યા પણ ત્રણ પ્રકારની પ્રિય હોય છે. તેઓના ભેદો હવે હું તુંને કહું છું, તે તું સાંભળ. ૭

જીવન, ઉત્સાહ, શક્તિ, આરોગ્ય, મનનો ઉલ્લાસ અને પ્રેમ, આટલી વસ્તુની વિશેષ વૃદ્ધિ કરનારા રસવાળા, કોમળ, શરીરમાં ચિરકાળ સૂધી સાર રૂપે રહેનારા, જોતાં જ મનને હરણ કરનારા, ભક્ષ્ય તથા ભોજ્ય રૂપી આહારો સાત્ત્વિકોને પ્રિય છે. ૮

ઘણા કડવા—લીમડા વગેરે, બહુ ખારા, અતિ ખાટા, અતિ ઉના, બહુ તીક્ષ્ણ—મરી વગેરે, અતિ લુખા—કાંગ, કોદરા વગેરે, અતિ દાહ કરનારા—

आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥
यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥१०॥
अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्विकः ॥११॥

મરચાં, રાઈ વગેરે ભક્ષ્ય ભોજ્યરૂપી આહારો રજોગુણી મનુષ્યને પ્રિય હોય છે અને તે તાત્કાલિક સંતાપાદિ દુઃખને, ભવિષ્યમાં થનારા ખેદાદિ શોકને તથા રોગને આપે છે. ૯

રાંધ્યા પછી જેના ઉપર એક પ્રહર વીતી ગયો હોય તેવું, ઠંડુ પડી ગયેલું, રસ વિનાનું, દુર્ગંધી, વાસી, ઉચ્છિષ્ટ તથા ભક્ષણ માટે અયોગ્ય આદિ ભોજન તમોગુણી મનુષ્યને પ્રિય હોય છે. ૧૦

ત્રણ શ્લોકવડે ત્રણ પ્રકારના યજ્ઞો કહે છે.

"યજ્ઞ જ કરવો, બીજાં ફળની ઈચ્છા રાખવી નહિ" આ રીતે મનને એકાગ્ર કરીને ફળની ઈચ્છાવિનાના જે પુરુષોથી શાસ્ત્રોમાં અવશ્ય કરવા માટે કહેલો યજ્ઞ કરવામાં આવે છે, તે સાત્વિકયજ્ઞ કહેવાય છે. ૧૧

अभिसंधाय तु फलं दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥ १२ ॥
विधिहीनमसृष्टान्नं मंत्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १३ ॥
देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १४ ॥

પરંતુ હે ભરતવંશમાં શ્રેષ્ઠ; ફળને ઉદ્દેશીને અથવા તો જગતમાં પોતાની મહત્તા પ્રસિદ્ધ કરવા માટે જે યજ્ઞ કરવામાં આવે છે, તે યજ્ઞને રાજસ યજ્ઞ જાણવો. ૧૨

શાસ્ત્રોક્ત વિધિથી હીન, જેમાં બ્રાહ્મણોને અન્ન દાન આપવામાં આવતું નથી એવો, જેમાં મંત્રોનો શુદ્ધ રીત ઉચ્ચાર કરવામાં આવતો નથી એવો, દક્ષિણા વિનાનો તથા શ્રદ્ધા વિનાનો જે યજ્ઞ, તે યજ્ઞને તામસ યજ્ઞ કહે છે. ૧૩

તપના સાત્વિકાદિ ભેદો દર્શાવવા માટે પ્રથમ શારીરાદિ ત્રણ પ્રકારનાં તપો કહે છે.

દેવ, બ્રાહ્મણ, ગુરુ, તથા તત્ત્વવેત્તા વગેરેની પૂજા, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા, આ શારીર તપ કહેવાય છે. ૧૪

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ।१५।
मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥
श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः सात्विकं परिचक्षते ॥१७॥

કોઇને ખેદ ઉપજાવે નહીં તેવું સત્ય, શ્રોતાને પ્રિય અને પરિણામે હિતકારી એવું વાક્ય તથા વેદાભ્યાસ, આ વાચિક તપ કહેવાય છે. ૧૫

મનની પ્રસન્નતા, કોમળતા, મૌન, મનોનિગ્રહ અર્થાત્ વિષયો તરફ જતાં મનને અટકાવવું અને વ્યવહારમાં નિષ્કપટ રીતે વર્તન, આ માનસિક તપ કહેવાય છે. ૧૬

તપના શારીરાદિ ત્રણ ભેદો કહ્યા હવે તે તપના સાત્વિકાદિ ત્રણ ભેદો કહે છે.

તપ ત્રણ પ્રકારનું છે, છતાં પણ ઉત્તમ પ્રતિની શ્રદ્ધાવડે ફળની ઇચ્છારહિત, એકાગ્ર મનવાળા મનુષ્યો જે તપશ્ચર્યા કરે છે તેને સાત્વિક તપશ્ચર્યા કહે છે. ૧૭

सत्कारमानपूजार्थं तपो दंभेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥१८॥
मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥१९॥
दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् २०

સત્કાર—આ બહુ સારો છે વગેરે, માન—સામા ઉઠીને આદર સત્કાર આપવો, પૂજા તથા ધનાદિનો લાભ, આ સર્વને માટે જે મનુષ્ય તપશ્ચર્યા કરે છે, તે તપ આ લોકમાં રજોગુણી, ચળ તથા ક્ષણિક કહેવાય છે. ૧૮

અવિવેકથી થયેલા દુરાગ્રહવડે પોતાનાં શરીરને તથા ઇંદ્રિયાદિને પીડા કરીને અથવા તો પરનો નાશ કરવા માટે જે તપ કરવામાં આવે છે, તે તપ તમોગુણી કહેવાય છે. ૧૯

'દાન આપવું જોઇએ' આવો નિશ્ચય કરીને સામો ઉપકાર કરવાને અસમર્થ એવા સુપાત્ર એટલે તપ તથા શાસ્ત્રસંપન્ન બ્રાહ્મણને કુરુક્ષેત્રાદિ પવિત્ર ક્ષેત્રમાં કોઇ પુણ્ય વાળા પર્વને દહાડે જે દાન અપાય છે, તે દાન સત્ત્વગુણી કહેવાય છે. ૨૦

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥२१॥
अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

'હું આને દાન આપીશ તો તે બીજે વખતે મારો ઉપકાર કરશે,' એવી ઈચ્છાથી, અથવા તો 'હું દાન કરીશ તો મને સ્વર્ગ મળશે,' આવાં ફળની આશાથી તથા મનમાં ખિન્ન થઈને જે દાન આપવામાં આવે છે તે દાન રજોગુણી કહેવાય છે. ૨૧

અપવિત્ર સ્થાનમાં અપવિત્ર વખતે વિટ તથા નાટક કરનાર આદિ કુપાત્રને જે દાન આપવામાં આવે છે, અથવા તો પવિત્ર દેશ અને સુપાત્ર બ્રાહ્મણ હોય તોપણ બ્રાહ્મણનો પાદપ્રક્ષાલન આદિક સત્કાર કર્યા વિના તિરસ્કારપૂર્વક જે દાન આપવામાં આવે છે તે દાન તમોગુણી કહેવાય છે. ૨૨

આ રીતે વિચાર કરતાં તો બહુધા યજ્ઞ, દાન, તપ આદિક સર્વ રાજસ, તામસ જ ગણાશે, માટે યજ્ઞયાગાદિક અર્થે શ્રમ કરવો, એ ફોગટ થઇ પડશે. આવી શંકા થતાં ભગવાન્ રાજસ, તામસ યજ્ઞોને પણ સાત્વિક કરવાની રીતિ કહે છે.

શિષ્ટલોકોએ બ્રહ્મનાં ૐ તત્ અને સત્ એવાં ત્રણ પ્રકારનાં નામ કહ્યાં છે; શ્રુતિ કહે છે કે 'ત્રિવૃદ્બ્રહ્મ' જ,

ॐतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा॥२३॥
तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपक्रियाः ।
प्रवर्तंते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥

ઉ, મ, આ ત્રણ અક્ષરથી વિંટાયલો બ્રહ્મ છે. વળી ૐનો અર્થ જગતનું કારણ આવો થાય છે, માટે ૐ બ્રહ્મનો વાચક છે. तत् શબ્દ પરોક્ષ વસ્તુનો વાચક છે. અજ્ઞાનીઓને બ્રહ્મ પરોક્ષ છે. માટે तत् શબ્દ પણ બ્રહ્મનો વાચક છે. सत् શબ્દ સત્યનો વાચક છે. શ્રુતિ પણ કહે છે કે—"सदेव सौम्येदमग्र आसीत् હે સૌમ્ય! સૃષ્ટિના આરંભમાં એક આ સત્ (બ્રહ્મ)જ હતું." માટે सत् શબ્દ પણ બ્રહ્મ-વાચક છે. આવાં બ્રહ્મનાં ત્રણ પ્રકારનાં નામો શાસ્ત્રમાં કહ્યાં છે. તે પરમાત્માએ ત્રણ પ્રકારનાં નામથી સૃષ્ટિના આરંભમાં મહાપવિત્ર બ્રાહ્મણોને, વેદોને તથા યજ્ઞોને રચ્યા છે. ૨૩

અથવા તો આ શ્લોકનો બીજો અર્થ આમ પણ થાય છે. જે બ્રહ્મના ॐ, तत, सत् એવાં ત્રણ નામો શિષ્ટ લોકોએ કહ્યાં છે, તે પરમાત્માએ પૂર્વે મહા પવિત્ર એવા બ્રાહ્મણોને, વેદોને તથા યજ્ઞોને રચ્યા છે. માટે બ્રહ્મનાં આ ત્રણે નામો ઘણાં શ્રેષ્ઠ છે. ૨૪

तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियंते मोक्षकांक्षिभिः२५
सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ।२६।
यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥

હવે પ્રત્યેક ઠેકાણે ૐકાર આદિનું શ્રેષ્ઠપણું દર્શાવતાં કહે છે.

માટે વેદ ભણનારાઓની યજ્ઞ, દાન, તપ આદિ શાસ્ત્રોક્ત ક્રિયાઓ નિરંતર ૐકારનો ઉચ્ચાર કર્યા પછી શરુ થાય છે. ૨૪

શુદ્ધ અંતઃકરણવાળા અને મોક્ષની ઈચ્છાવાળા પુરુષો ફળની ઇચ્છા વિના તત્ શબ્દનો ઉચ્ચાર કરી યજ્ઞ, તપ, આદિ ક્રિયાઓ તથા વિવિધ દાનો કરે છે. ૨૫

હે પૃથાના પુત્ર અર્જુન ! અમુક છે ત્યાં હયાતીમાં તથા અમુક બહુ શ્રેષ્ઠ છે, ત્યાં શ્રેષ્ઠતામાં સત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે તથા વિવાહ આદિક માંગલિક કાર્યમાં સત્ શબ્દનો પ્રયોગ થાય છે. ૨૬

શ્રૌત તથા સ્માર્ત આદિ યજ્ઞોમાં, શારીરાદિ તપશ્ચર્યાઓમાં અને કન્યાદિના દાનમાં જે સ્થિતિ, ત

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह॥२८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

सत् એ રીતે કહેવાય છે તથા જેનાં ૐ, तत्, सत् આવાં ત્રણ ત્રણ નામ છે તે પરમાત્માની પૂજા તથા મંદિરમાં વાળવું, લીમ્પવું આદિ સેવા પણ સત્‌ના નામથી કહેવાય છે. ૨૭

ભાવાર્થ–ઉપર કહેલાં પરમાત્માનાં ત્રણે નામો શ્રેષ્ઠ છે. સર્વ કર્મને ઉત્તમ ગુણવાળાં કરવા માટે કર્મ કરતી વેળા ૐ तत्सत् એમ બોલવું, કારણ કે આ શ્લોક વિધિવચન છે, અર્થવાદ નથી.

હે પૃથાના પુત્ર અર્જુન! શ્રદ્ધા વિના જે કંઇ હોમ્યું હોય, જે કંઈ આપ્યું હોય તથા જે કંઈ તપ કર્યું હોય તે असत् કહેવાય છે અને તે આ લોકમાં ફળ આપતું નથી. તાત્પર્ય કે જે કંઇ કર્મ શ્રદ્ધા વિના કરવું તે નિષ્ફળ છે, માટે સર્વ કર્મ શ્રદ્ધા પૂર્વકજ કરવાં.

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિષે "શ્રદ્ધાત્રયવિભાગ-યોગ" નામનો અધ્યાય સત્તરમો સંપૂર્ણ

॥ अर्जुन उवाच ॥

संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

પૂર્વે ભગવાને પાંચમા અધ્યાયમાં 'सर्वकर्माणि मनसा' ઇત્યાદિ વચનો વડે કર્મો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો અને ચોથા અધ્યાયમાં 'त्यक्त्वा कर्मफलासंगं' ઇત્યાદિ વચનોથી માત્ર ફળોનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો, અને કર્મ કરવાનો ઉપદેશ કર્યો, પરંતુ પરમ કરૂણાશાળી ભગવાન્ પરસ્પર વિરૂદ્ધ ઉપદેશ કરે નહિ; માટે કર્મનો ત્યાગ કરવો તથા કર્મ કરવાં, આ બેનો વિરોધ જાણવાની ઇચ્છાથી અર્જુન પૂછે છે.

અર્જુન કહે છે–હે મહા* બાહુવાળા ! ઇંદ્રિયોને વશ રાખનારા ! હે કેશી દૈત્યનો નાશ કરનારા ! સંન્યાસનું તથા ત્યાગનું જૂદું જૂદું સ્વરૂપ જાણવાની મને ઇચ્છા છે, માટે કહો. ૧

---

* શ્રીકૃષ્ણને છળવા માટે પૂર્વે કેશી દૈત્ય ઘોડાનું રૂપ લઇને આવ્યો હતો. શ્રીકૃષ્ણે તે દૈત્યના મુખમાં પોતાનો હાથ નાંખીને તેને વધારવા માંડ્યો. જ્યારે હાથ ઘણો જાડો થયો ત્યારે તે ઘોડાનું શરીર પાકેલી કાકડીની પેઠે ફાટી ગયું. તે ઉપરથી શ્રીકૃષ્ણને કેશિનિષૂદનનું અને મહાબાહુનું વિશેષણ આપ્યું છે.

॥ श्रीभगवानुवाच ॥
काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥

શ્રીભગવાન્ બોલ્યા—કુશળ પંડિતો "स्वर्गकामो यजेत, पुत्रकामो यजेत, સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો, પુત્રની કામનાવાળાએ યજ્ઞ કરવો." આ પ્રમાણે કહેલા કામ્ય કર્મોનો ત્યાગ કરવો તેને તથા ફળોની સાથે સર્વ કર્મોનો ત્યાગ કરવો તેને, સંન્યાસ કહે છે. અને નિત્ય, નૈમિત્તિક તથા કામ્ય કર્મોનાં માત્ર ફળનો જ ત્યાગ કરવો, તેને ત્યાગ કહે છે. ૨

ભાવાર્થ—શંકા—નિત્ય, નૈમિત્તિક કર્મોનું ફળ શાસ્ત્રમાં કહ્યું નથી. જેનું ફળ નથી તેવાં ફળરહિત કર્મોનાં ફળનો ત્યાગ કેમ કરવો ? વાંઝણીના પુત્રનો ત્યાગ કોઈ દિવસ સંભવે જ નહીં.

ઉત્તર—"स्वर्गकामो यजेत, पशुकामो यजेत, સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો, પશુની કામનાવાળાએ યજ્ઞ કરવો," આમ જેમ શ્રુતિ કહે છે તેમ "अहरहः संध्यामुपासीत, यावज्जीवमग्निहोत्रं जुहुयात् પ્રતિદિવસ સંધ્યાવંદન કરવું, જીવતા સૂધી અગ્નિહોત્ર-

त्याज्यं दोषवदित्येकं कर्म प्राहुर्मनीषिणः ।
માં હોમ આપવો વગેરે નિત્ય કર્મોનું ફળ શ્રુતિ કહેતી નથી અને બુદ્ધિમાન્ પુરુષ નિષ્ફળ કર્મ કરે નહિ, માટે વિશ્વજિત્ યજ્ઞનું ફળ કહ્યા છતાં જેમ સ્વર્ગફળ કલ્પવામાં આવે છે, તેમ જ નિત્ય-નૈમિત્તિક કર્મોનાં ફળની પણ કલ્પના કરવી. શ્રુતિ પણ નિત્ય નૈમિત્તિક કર્મનાં ફળો આ પ્રમાણે કહે છે. "कर्मणा पितृलोकः કર્મથી પિતૃલોક મળે છે." "धर्मेण पापमपनुदति ધર્મવડે મનુષ્ય પાપનો નાશ કરે છે" માટે "નિત્ય આહ્નિક કર્મોનાં ફળનો ત્યાગ કરવો, તેને વિચક્ષણ પુરુષો ત્યાગ કહે છે," આમ જે શ્રીકૃષ્ણે કહ્યું તે ઘટિત કહ્યું છે.

શંકાઃ–કર્મનાં ફળોનો ત્યાગ કરવો અને કર્મ કરવાં આ તો વૃથા પ્રવૃત્તિ જ ગણાશે, માટે કર્મ ન કરવાં તે જ વધારે ઉત્તમ છે.

ઉત્તર–કર્મ માત્રનાં ફળ બંધનકારક છે, માટે તેનો ત્યાગ કરવો અને વિવિદિષા માટે કર્મ કરવાં. "આત્મા નિત્ય છે અને તે વિના બીજું સર્વ નાશવંત છે, આવાં જ્ઞાનથી દેહાભિમાન દૂર થયા પછી બુદ્ધિનું અખંડ બ્રહ્માકાર થવું, તેનું નામ વિવિદિષા."

यज्ञदानतपः कर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥
આવી વિવિદિષા ઉત્પન્ન થાય ત્યાંસૂધી અંતઃકરણની શુદ્ધિ માટે જ્ઞાનને અનુકૂળ એવાં આવશ્યક કર્મો કરવાં અને તેનાં ફળનો ત્યાગ કરવો, તે જ કર્મનો ત્યાગ કહેવાય છે. પરંતુ કર્મનો ત્યાગ કરવો, તે કર્મ-ત્યાગ કહેવાતો નથી. નૈષ્કર્મ્યં સિદ્ધિમાં કહ્યું છે કે—"प्रत्यक्प्रवणता बुद्धेः कर्माण्युत्पाद्य शुद्धितः ॥ कृतार्थान्यस्तमायान्ति प्रावृडंते घना इव ॥ વર્ષાઋતુ વીત્યા પછી વાદળાં જેમ પોતાની મેળે નાશ પામે છે તેમ જ કર્મો પણ અંતઃકરણની શુદ્ધિ કર્યા પછી બુદ્ધિને અખંડ બ્રહ્માકાર કરી પોતે કૃતાર્થ થઇને નાશ પામે છે." ભગવાને પણ 'यस्त्वात्मरतिरेवस्यात्' એ શ્લોકમાં એ પ્રમાણે જ વર્ણવ્યું છે. વસિષ્ઠે પણ કહ્યું છે કે—"न कर्माणि त्यजेद्योगी कर्मभिस्त्याज्यते ह्यसौ । कर्मणो मूलभूतस्य संकल्पस्यैव नाशतः ॥ યોગીએ કર્મોનો ત્યાગ કરવો નહિ, પણ કર્મના મૂળભૂત સંકલ્પના નાશથી કર્મો પોતે જ યોગીનો ત્યાગ કરે છે," આ પ્રમાણે ફળની ઇચ્છા ત્યાગ કરીને કર્મ કરવાં અને તે જ કર્મસંન્યાસ કહેવાય છે.

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।

યજ્ઞ આદિ સર્વ કર્મો હિંસા આદિક દોષવાળાં હોવાથી ત્યાગ કરવાં, આમ કેટલાએક સાંખ્ય શાસ્ત્રીઓ કહે છે. તેઓનો અભિપ્રાય આ પ્રમાણે છે– "न हिंस्यात्सर्वाभूतानि, કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહીં." આ નિષેધવચન હિંસા એ અનર્થનું કારણ છે આમ સૂચવે છે. અને " अग्नीषोमीयं पशुमालभेत, અગ્નિ તથા સોમ જેના દેવતા છે એવા પશુનું આલભન કરવું" આ હિંસા યજ્ઞનું અંગ છે આમ કહે છે. આ બન્ને વચનો ભિન્ન ભિન્ન વિષયોનાં હોવાથી એક બીજાનો બોધ કરતાં નથી, માટે ઔષધિ, પશુ આદિક દ્રવ્યથી સાધ્ય એવાં સર્વ કર્મોમાં હિંસાદિકનો સંભવ હોવાથી સર્વ કર્મો ત્યાગ કરવાં. ત્યારે મીમાંસકો કહે છે કે, યજ્ઞ, દાન, તપ આદિ કર્મો ત્યાગ ન કરવાં, પણ કરવાં. તેઓનો અભિપ્રાય આવો છે કે, યજ્ઞનિમિત્ત પશુનું આલભન કરવામાં આવે છે, માટે તેમાં દોષ નથી. જો તે રાગાદિકના ઉદ્દેશથી કરવામાં આવે તો દોષ લાગે; માટે યજ્ઞાદિ કર્મ કરવામાં દોષ નથી, માટે યજ્ઞાદિ કર્મો નિત્ય કરવાં. ૩

त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः॥४॥
यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥
एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ ६ ॥

હે ભરતવંશશ્રેષ્ઠ! આ પ્રમાણે ત્યાગના વિષય માટે પરસ્પર વિવાદ ચાલે છે, તે વિષે મારો તું નિશ્ચય સાંભળ. હે પુરુષવ્યાઘ્ર! ત્યાગ તો જગતમાં પ્રસિદ્ધ છે, તેમાં સાંભળવાનું શું છે? આમ તારે અનાદર કરવો નહીં, ત્યાગનું સ્વરૂપ જાણવું કઠિન છે. કારણ કે વિદ્વાનોએ સત્ત્વગુણી, રજોગુણી, તમોગુણી ત્યાગ, એમ કર્મનો સારી રીતે ત્રણ પ્રકારનો ત્યાગ કહ્યો છે. ૪

યજ્ઞ, દાન અને તપ આ કર્મ ત્યાગ કરવાં નહીં. પણ તે કરવાં જ. કારણ કે યજ્ઞ, દાન અને તપ વિવેકી પુરુષોનાં મનને શુદ્ધ કરનારાં છે. ૫

પરંતુ જે યજ્ઞાદિક કર્મો મેં પવિત્ર કહ્યાં છે એ કર્મોનો 'હું કર્ત્તા છું' આવું અભિમાન મૂકીને કેવળ

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥७॥
दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत्॥८॥

ઈશ્વરના આરાધન માટે ફળની આશા રાખ્યા વિનાજ કરવાં. આવો હે પૃથાના પુત્ર! મારો નિશ્ચય વિચાર છે, માટે તે ઉત્તમ છે. ૬

હવે ત્રણ પ્રકારનો ત્યાગ ત્રણ શ્લોકવડે કહે છે.

કામ્ય કર્મો બંધનકારક છે, માટે તેનો ત્યાગ કરવો ઉચિત છે. પરંતુ નિત્ય કર્મો તો ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષકારક છે, માટે તેનો ત્યાગ કરવો ઘટિત નથી, પણ સ્વીકાર કરવો યોગ્ય છે; છતાં પણ અજ્ઞાનથી તેનો ત્યાગ કરવો, એ તામસ ત્યાગ કહ્યો છે. ૭

જે પુરુષ આત્મજ્ઞાન વિના નિત્યકર્મ કેવળ દુઃખકારક છે, આમ જાણીને શરીરને મહેનત થવાના ભયથી તે કર્મોનો ત્યાગ કરે છે, તે રજોગુણી પુરુષ રાજસ ત્યાગ કરવાથી તે ત્યાગનાં ફળને-જ્ઞાનને પામતો જ નથી. ૮

હે અર્જુન! જે પુરુષ કર્તાપણાનાં અભિમાનને તથા ફળની આશાને છોડીને મારે કર્મ કરવું જ

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
संगं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः९
न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्वसमाविष्टो मेधावी छिन्नसंशयः॥१०॥

જોઈએ, આવા વિચારથી આવશ્યક કરવા યોગ્ય કર્મો કરે છે, તેને મેં સાત્ત્વિક ત્યાગ માન્યો છે. ૯

સાત્ત્વિકત્યાગ કરનારા પુરુષનું લક્ષણ કહે છે.

જ્યાં બીજાથી આપવામાં આવતાં પરાભવાદિ મહાદુઃખ પણ સહન કરી શકાય છે અને સ્વર્ગાદિ સુખનો ત્યાગ પણ થઈ શકે છે, ત્યાં આ તાત્કાલિક સુખ અને દુઃખ તે કઈ ગણતરીમાં છે, આવી સ્થિર બુદ્ધિવાળો, તથા શરીરસુખને ગ્રહણ કરવાની ઈચ્છારૂપી તથા શારીરિક દુઃખનો ત્યાગ કરવાની ઇચ્છારૂપી જેનું મિથ્યા જ્ઞાન વિનાશ થયું છે, આવો સાત્ત્વિકત્યાગ કરનારો પુરુષ, શિશિર ઋતુમાં પ્રાતઃસ્નાન વગેરે દુઃખકારક કર્મોનો દ્વેષ કરતો નથી અને ઉનાળામાં સુખકારક મધ્યાહ્નસ્નાન આહ્નિકમાં પ્રેમ પણ કરતો નથી. ૧૦

नहि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते॥११॥
अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् १२

આ રીતે કર્મનાં ફળોનો ત્યાગ કરવા કરતાં સર્વ કર્મોનો ત્યાગ કરવો શ્રેષ્ઠ છે, કારણ કે તેમ કરવાથી કર્મનો વિક્ષેપ રહેશે નહીં અને સુખેથી જ્ઞાનનિષ્ઠા થશે આના ઉત્તરમાં કહે છે.

દેહ વિષે આત્માનું અભિમાન રાખનારો પુરુષ સર્વ કર્મનો ત્યાગ કરી શકતો નથી. માટે જે પુરુષ નિરંતર કર્મ કરે છે પરંતુ તેનાં ફળનો ત્યાગ કરે છે તેજ મુખ્ય ત્યાગી કહેવાય છે. ૧૧

ઉપર કહ્યા પ્રમાણે કર્મના ફળના ત્યાગનું ફળ કહે છે.

અનિષ્ટ-નારકીપણું, ઇષ્ટ-દેવતાપણું અને મિશ્ર, મનુષ્યપણું આ રીતે પાપ, પુણ્ય અને ઉભયમિશ્ર કર્મોનું જે ત્રણ પ્રકારનું ફળ પ્રખ્યાત છે, તે સર્વ ફળ મરણ પછી કામનાવાળા પુરુષોને જ લોકાંતરમાં મળે છે; કારણ કે તેઓની ઉત્પત્તિ ત્રણ પ્રકારનાં કર્મોથી થાય છે. પરંતુ જેઓ સંન્યાસી (કર્મફળોનો ત્યાગ કરનારા) છે,તેઓને આ ત્રિવિધ

पंचैतानि महाबाहो कारणानि निबोध मे ।
सांख्ये कृतांते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् १३
अधिष्ठानं तथा कर्त्ता कारणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक् चेष्टा दैवं चैवात्र पंचमम् ॥१४॥

કર્મોનાં ફળો કોઈ વેળા પણ પ્રાપ્ત થતાં નથી, કારણ કે તે સાત્ત્વિકો પાપરહિત હોય છે અને પુણ્યકર્મનાં ફળોની આશા રાખ્યા વિના પરમાત્માને કર્મો અર્પણ કરે છે. ૧૨

કર્મ કરનારાને કર્મનું ફળ કેમ મળે નહિ? આવી અર્જુને શંકા કરી, તે ઉપરથી ફળની ઇચ્છા ન રાખનારા, અહંકાર રહિત એવા સત્પુરુષને કર્મના ફળનો લેપ થતો નથી; એમ સિદ્ધ કરવા માટે શ્રીકૃષ્ણ કહે છે.

હે મહાબાહો! સર્વ કર્મની સિદ્ધિ માટે સાંખ્યશાસ્ત્રમાં તથા વેદાન્તશાસ્ત્રમાં કહેલાં આ પાંચ કારણો તું મારી પાસેથી સારી રીતે સાંભળ. ૧૩

(૧) શરીર, (૨) અહંકાર, (૩) નેત્ર, કાન વગેરે અનેક પ્રકારની ઇંદ્રિયો, (૪) પ્રાણ અપાન આદિકની કાર્ય અને સ્વરૂપવડે અનેક જાતની ચેષ્ટાઓ તથા પાંચમો નેત્રાદિક ઉપર અનુગ્રહ કરનારા સૂર્યાદિક અથવા તો સર્વનો પ્રેરક અંતર્યામી આ પાંચ કર્મને ઉત્પન્ન કરે છે. ૧૪

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः।
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेतवः॥१५॥
तत्रैव सति कर्तारमात्मानं केवलं तु यः।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः॥१६॥

મનુષ્ય શરીર, વાણી અને મનવડે ન્યાયવાળું તથા અન્યાયવાળું જે કર્મ કરે છે તે સર્વ કર્મનાં ઉપર જણાવેલાં પાંચ કારણો છે. ૧૫

સર્વ કાર્યમાં જણાવેલાં પાંચ કારણો છે, આમ છતાં પણ જે ઉપાધિરહિત અને સંગરહિત આત્માને કર્ત્તા જુવે છે–જાણે છે, તે શાસ્ત્ર તથા આચાર્યનો ઉપદેશ ત્યાગ કરવાથી સંસ્કારહીન દુષ્ટબુદ્ધિવાળો મનુષ્ય ઠીક જોતો નથી–યથાર્થ જ્ઞાની નથી. ૧૬

શરીર વગેરે જ કર્મ કરે છે, મને શો સંબંધ છે? આમ જાણવાથી જેને હું કર્ત્તા છું, આવું અભિમાન નથી તથા જે આ વસ્તુ સારી છે અને આ વસ્તુ નઠારી છે, આવી બુદ્ધિથી કર્મમાં ન બંધાનાર દેહાદિકથી ભિન્ન આત્મસ્વરૂપને જાણનારો મનુષ્ય, આ સર્વ પ્રાણીઓનો લોકદૃષ્ટિમાં નાશ કર્યા છતાં

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबद्ध्यते॥१७॥
ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥ १८ ॥

પણ આત્મદૃષ્ટિવડે કોઇને મારતો નથી તથા તે હત્યાનાં પાપફળથી બંધનને પણ પામતો નથી. ૧૭

ભા૦-જ્યારે મહાપાપ પણ આત્મજ્ઞાનીને બંધનકારક નથી ત્યારે અંતઃકરણની શુદ્ધિદ્વારા પ્રત્યક્ષ જ્ઞાનનાં કારણભુત કર્મો તો કેમ જ બંધન કરે? તે વિષે ब्रह्मण्याधाय कर्माणि એ શ્લોકમાં સ્પષ્ટ રીતે કહ્યું છે.

આત્મા માર્યો છતાં મરતો નથી અને હિંસાના ફળથી બંધાતો નથી; આ સિદ્ધ કરવા માટે કર્મવિધિ, કર્મનો આશ્રય અને તેનાં ફળાદિક. ત્રણે ગુણમય છે. માટે તેને નિર્ગુણ આત્માની સાથે સબંધ નથી, આવા અભિપ્રાયથી કર્મની વિધિને તથા કર્મના આશ્રયને કહે છે.

આ કર્મ કરવાથી મારું હિત થશે, આવા બોધને જ્ઞાન કહે છે. ઇષ્ટ વસ્તુના સાધનભૂત કર્મને યજ્ઞ કહે છે અને તેને જાણનારો જ્ઞાતા કહેવાય છે. આ જ્ઞાનાદિક ત્રણ વસ્તુનો આશ્રય કરીને કર્મવિધિ પ્રવર્તે છે. કરણ કહેતાં ક્રિયાની સિદ્ધિમાં અત્યંત

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि १९

સહાયક, કર્મ કહેતાં કર્ત્તાએ પ્રાપ્ત કરવા માટે અત્યંત ઇચ્છેલી વસ્તુ તથા કર્ત્તા એટલે ક્રિયાનો કરનાર, આ કારણાદિક ત્રણ પ્રકારનાં કારક, ક્રિયાને આધીન છે અને બીજાં સંપ્રદાન આદિક ત્રણ કારક ક્રિયા કરનારાં છે; પરંતુ તેઓને ક્રિયાની સાથે સાક્ષાત્ સંબંધ નથી. ૧૮

જેમાં કાર્ય પરત્વે ગુણોનું વિવેચન કરવામાં આવ્યું છે, એવા સાંખ્યશાસ્ત્રમાં જ્ઞાન, કર્મ તથા કર્ત્તા, આ પ્રત્યેક સત્ત્વાદિક ગુણના ભેદે કરી ત્રણ પ્રકારનાં જ કહેવાય છે, તે જ્ઞાનાદિક પણ તું મારી પાસેથી યથાર્થ રીતે સાંભળ. ૧૯

ભાવાર્થ—ચૌદમા અધ્યાયમાં 'तत्र तत्त्वं निर्मलत्वात्' ઇત્યાદિક વચનોવડે ગુણો કેમ બંધન કરે છે, તે રીત દર્શાવી હતી. સત્તરમા અધ્યાયમાં यजन्ते सात्त्विका देवान् ઇત્યાદિક વચનોવડે, ત્રણ ગુણવડે, ત્રણ પ્રકારનો સ્વભાવ થાય છે, આમ નિરૂપણ કરીને રજોગુણી તમોગુણી સ્વભાવ છોડીને સાત્ત્વિ-

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् २०
पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥

કાહાર વગેરેની સેવાથી સાત્ત્વિક સ્વભાવ સંપાદન કરવો, આમ કહ્યું હતું; અને આ અધ્યાયમાં ક્રિયા, કારક અને ફળ વગેરેનો આત્માની સાથે સંબંધ નથી આમ દેખાડવા માટે સર્વ વસ્તુ ત્રિગુણમય કહેવામાં આવે છે, આટલું પ્રથમ કરતાં વિશેષ જાણવું.

ત્રણ પ્રકારનું જ્ઞાન કહે છેઃ—

બ્રહ્માથી લઇને સ્થાવર પર્યંત સર્વ પ્રણીઓ પરસ્પર ભિન્ન ભિન્ન છે, તેમાં એકરૂપે વ્યાપક, એક અને વિકારરહિત એવા પરમાત્માનાસ્વરૂપને પુરુષ જે જ્ઞાનવડે જાણે છે, તે જ્ઞાનને સાત્ત્વિક જાણવું. ૨૦

જે જ્ઞાનવડે સર્વ શરીરોમાં વસતા, વસ્તુતાએ એક ક્ષેત્રજ્ઞને અનેક રૂપી, સુખી અને દુઃખી આદિક જાણે છે તે જ્ઞાનને રાજસ જાણવું. ૨૧

એક કાર્યમાં એટલે દેહમાં અથવા તો પ્રતિમાદિકમાં આટલોજ આત્મા છે અથવા તો આટલાજ

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहेतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥
नियतं संगरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥२३॥
यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥

ઈશ્વર છે, આવું એકમાં જ સંપૂર્ણપણાનું યુક્તિહીન, પરમાર્થરહિત તથા આગ્રહવાળું જ્ઞાન હોય છે, તે જ્ઞાનને તામસ જ્ઞાન કહ્યું છે. ૨૨

ત્રણ પ્રકારનાં કર્મો કહે છેઃ–

જે કર્મ નિત્ય કર્મ હોય, કર્ત્તાપણાનાં અભિમાન રહિત હોય, પુત્રાદિક ઉપર પ્રેમ હોવાથી અથવા તો શત્રુ ઉપર દ્વેષ હોવાથી જે કર્મ કરેલું ન હોય તથા ફળની ઈચ્છા વિનાના પુરુષે જે કર્મ કર્યું હોય તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. ૨૩

ફળ મેળવવાની ઈચ્છાવાળો પુરુષ તથા મારા સરખો બીજો કોઈ વેદવેત્તા નથી, આવા રૂપ અહંકારવાળો પુરુષ જે કર્મ કરે છે તથા જે કર્મ

अनुबंधं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥ २५ ॥
मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्विक उच्यते॥
रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।

બહુ જ ક્લેશવાળું હોય છે તે કર્મને રાજસ કર્મ કહ્યું છે. ૨૪

ભાવી શુભાશુભ માટે વિચાર, ધનનો ખર્ચ, પરને પીડા, પોતાનું સામર્થ્ય આ સર્વનો વિચાર કર્યા વિના કેવળ મોહથી જ જે કર્મનો આરંભ કરવામાં આવે છે તે કર્મ તામસ કહેવાય છે. ૨૫

ત્રણ શ્લોકવડે ત્રણ પ્રકારના કર્ત્તા કહે છેઃ-

'હું કર્ત્તા છું,' આવા અભિમાનથી મુક્ત, ગર્વિષ્ઠ ભાષણ ન કરનાર, ધૈર્ય તથા ઉદ્યમવાળો, આરંભેલાં કર્મની સિદ્ધિ તથા અસિદ્ધિ વિષે નિર્વિકાર– હર્ષ વિષાદ વિનાનો આવો કર્ત્તા સાત્ત્વિક કર્મકર્ત્તા કહેવાય છે. ૨૬

પુત્રાદિક ઉપર પ્રેમ રાખનારો, કર્મનાં ફળની ઇચ્છાવાળો, પરના ધનની આશા રાખનારો, માર-

हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ।२७।
अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते॥२८॥
बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥ २९ ॥
प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।

કણ્યા સ્વભાવવાળો, અપવિત્ર, લાભથી હર્ષ પામનારો તથા હાનિથી શોક કરનારો, આવો કર્મકર્ત્તા રાજસકર્મકર્ત્તા કહેવાય છે. ૨૭

ગાફેલ, વિવેકરહિત, ઉદ્ધત, શઠ, બીજાનું અપમાન કરનારો, આળસુ, શોકશીલ અને દીર્ઘસૂત્રતાથી કર્મકર્ત્તા તામસકર્મકર્ત્તા કહેવાય છે. ૨૮

બુદ્ધિના તથા ધૈર્યના ભેદો કહે છેઃ—

હે ધનંજય! સત્ત્વાદિક ગુણોવડે બુદ્ધિના તથા ધૈર્યના જૂદા જૂદા સંપૂર્ણ ભેદો હું તને કહું છું, તે તું સાંભળ. ૨૯

હે પૃથાના પુત્ર અર્જુન! ધર્મમાં પ્રવૃત્તિ, અધર્મથી નિવૃત્તિ, કયા દેશમાં, કયે વખતે, કયું કામ

बंधं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ३०
यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ३१
अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ३२

કરવા જેવું છે તથા કયું કામ કરવા જેવું નથી તેનો વિચાર, કરવા યોગ્ય કર્મ માટે નિર્ભયતા, અકાર્યનો ભય અને સંસારમાં બંધન કેમ થાય છે તથા સંસારમાંથી છૂટકો કેમ થાય છે? આ સર્વને, જે બુદ્ધિ જાણે છે, તે બુદ્ધિને સાત્ત્વિકી જાણવી. ૩૦

હે પૃથાના પુત્ર અર્જુન! જે બુદ્ધિવડે મનુષ્ય ધર્મને તથા અધર્મને, કાર્યને તથા અકાર્યને, ભય તથા અભયને, બંધ તથા મોક્ષને યથાર્થ રીતે જાણતો નથી, તે બુદ્ધિને રાજસી જાણવી. ૩૧

હે પૃથાના પુત્ર અર્જુન! તમોગુણથી ઢંકાયલી જે બુદ્ધિ અધર્મને ધર્મ માને છે અને સર્વ પદાર્થને વિપરીત જાણે છે, તે વિપરીત બોધ ગ્રહણ કરનારી બુદ્ધિને તામસી બુદ્ધિ જાણવી. ૩૨

धृत्या यया धारयते मनः प्राणेंद्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्विकी ॥
यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ।
प्रसंगेन फलाकांक्षी धृतिः सा पार्थ राजसी ३४
यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुंचाति दुर्मेधा धृतिः सा पार्थ तामसी॥३५॥

હે પૃથાના પુત્ર! ચિત્તના એકાગ્રપણાથી વિષયાંતરમાં ન જનારા મનની, પ્રાણની અને ઇંદ્રિયોની ક્રિયાને ધીરજવડે જે પુરુષ, રોકી રાખે છે, તે ધૈર્યતા સાત્વિકી ગણાય છે. ૩૩

હે પૃથાના પુત્ર અર્જુન! જે ધીરજવડે ધર્મ, અર્થ તથા કામને મુખ્યતાથી ધારણ કરે છે અને ધર્મના પ્રસંગમાં ફળની આશા રાખે છે, તે ધીરજ રાજસી ગણાય છે. ૩૪

હે પૃથાના પુત્ર અર્જુન! બહુ અવિવેકી બુદ્ધિવાળો મનુષ્ય જે ધીરજવડે સ્વપ્ન, ભય, શોક, વિષાદ તથા મદને છોડતો નથી, તે ધીરજ તામસી ગણાય છે. ૩૫

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखांतं च निगच्छति॥३६॥
यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ३७
विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।

હે ભરતવંશશ્રેષ્ઠ અર્જુન! હવે તું મારી પાસેથી ત્રણ પ્રકારનાં સુખ સાંભળ–મનુષ્ય જે સુખમાં વિષય સુખની પેઠે તુરત જ રાચતો નથી. પરંતુ બહુ પરિચય કર્યા પછી તેના ઉપર રાચે છે, જે સુખમાં રમવાથી પુરુષ દુ:ખરહિત થાય છે; જે સુખ મનઃ–સંશયને આધીન હોવાથી આરંભમાં વિષની પેઠે દુ:ખકારક થઈ પડે છે અને પરિણામે અમૃતની પેઠે સુખકારક થઈ પડે છે તથા જે સુખ આત્મરૂપ બુદ્ધિ-ની નિર્મળતાથી ઉત્પન્ન થયેલું છે અર્થાત્ જે રજસ્ તમસના વિકારરહિત શુદ્ધબુદ્ધિથી ઉત્પન્ન થયેલું છે તે સુખને યોગીઓ સાત્વિક સુખ કહે છે. ૩૬–૩૭

વિષયોના તથા ઇંદ્રિયોના સંયોગથી થયેલું સુખ આરંભમાં તો અમૃતના જેવું લાગે છે, પરંતુ તે આ લોકમાં તથા પરલોકમાં દુ:ખકારક હોવાથી

परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥३८॥
यदग्रे चानुबंधे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥३९॥
न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ४०
ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।

પરિણામે વિષવત્ ભયંકર થઈ પડે છે. માટે તે સુખને રાજસ સુખ જાણવું. ૩૮

જે આરંભમાં અને અંતમાં મનને મોહિત કરે છે, નિદ્રા, આળસ તથા ગાફેલપણાથી ઉત્પન્ન થાય છે, તે સુખને તામસ સુખ કહ્યું છે. ૩૯

પૃથિવી ઉપર મનુષ્યાદિકમાં અને સ્વર્ગમાં દેવતાઓમાં પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્ત્વાદિક ત્રણ ગુણોથી મુક્ત કોઇ પણ પ્રાણી અથવા તો બીજું કોઈ ક્યાંઈ પણ નથી. ૪૦

આ સાંભળીને અર્જુને પૂછ્યું કે, હે મહારાજ! તમારા કહેવા પ્રમાણે સર્વ ક્રિયા, કર્તા, ફળ વગેરે પ્રાણી સમૂહ ત્રિગુણાત્મક જ છે ત્યારે તેનો મોક્ષ કેમ થાશે? ભગવાને કહ્યું કે, પોતપોતાના અધિકાર પ્રમાણે કર્મોવડે પરમાત્માનું

कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥४१॥
शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्॥४२॥
शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।

આરાધન કરવું, કે જેની કૃપાથી મળેલાં જ્ઞાનવડે મનુષ્યને મોક્ષ થાય છે અને તે દેખાડવા માટે શ્રીકૃષ્ણ આખી ગીતાના અર્થનો સાર એકત્ર દેખાડવા માટે બીજું પ્રકરણ આરંભે છેઃ—

હે શત્રુઓને તપાવનારા! પૂર્વ જન્મના સંસ્કારોથી ઉત્પન્ન થયેલા સાત્ત્વિકાદિક ગુણોવડે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોનાં કર્મો જૂદાં જૂદાં છે. તેમાં સત્ત્વગુણ પ્રધાન બ્રાહ્મણો હોય છે અને સત્ત્વગુણ ગૌણ અને રજોગુણ પ્રધાન ક્ષત્રિય હોય છે, તમોગુણ ગૌણ અને રજોગુણ પ્રધાન વૈશ્ય હોય છે અને રજોગુણ ગૌણ અને તમોગુણ પ્રધાન શૂદ્રો હોય છે. ૪૧

શમ—મનની શાંતિ, દમ—બાહ્યાદિકની શાંતિ, તપ—શારીરાદિક તપ, શૌચ—બહાર અને અંદરની પવિત્રતા, ક્ષમા, સરળતા, શાસ્ત્રોક્ત જ્ઞાન, અનુભવ તથા આસ્તિકતા, આટલાં બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે. ૪૨

दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥४३॥
कृषिगोरक्षवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥४४॥
स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ॥४५॥
यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः॥४६॥

પરાક્રમ, તેજ, ધૈર્ય, કુશળતા, યુદ્ધમાં પાછી પાની કરવી નહિ, ઉદારતા અને નિયમમાં રાખવાની શક્તિ, આ ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મ છે. ૪૩

ખેતી, ગોરક્ષા અને વ્યાપાર, આ વૈશ્યોનાં સ્વાભાવિક કર્મો છે અને ત્રણ વર્ણની સેવા ચાકરી કરવી, એ શૂદ્રનાં સ્વાભાવિક કર્મ છે. ૪૪

પોતપોતાના અધિકાર વિહિત કર્મમાં પરાયણ રહેનારો મનુષ્ય જ્ઞાનની યોગ્યતાને પામે છે, હવે પોતાના કર્મમાં પરાયણ રહેનાર પુરુષ જે રીતે તત્ત્વજ્ઞાનને મેળવે છે, તે પ્રકાર તું સાંભળ. ૪૫

જે અંતર્યામી પરમેશ્વરવડે પ્રાણીઓ ચેષ્ટા કરે છે અને જે પરમાત્માથી આ સર્વ વિશ્વ વ્યાપ્ત છે,

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।४७।
सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।
सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥

તે પરમાત્માની પોતાનાં કર્મવડે સેવા કરીને મનુષ્ય તત્ત્વજ્ઞાન મેળવે છે. ૪૬

પરાયો ધર્મ સારી રીતે પાળવા કરતાં પોતાનો ધર્મ ગુણરહિત હોય તો પણ તેને ઉત્તમ માનવો. પૂર્વે કહેલા ત્રિગુણાત્મક સ્વભાવવડે નિયત કર્મ કરનારો પુરુષ પાપને પામતો નથી. ૪૭

ભાવાર્થ—જેમાં બંધુઓનો વધ કરવામાં આવે છે, આવું યુદ્ધ એ તારો સ્વધર્મ છે. આ ધર્મ કોઈ અંશે કદાચ હીન હશે તો પણ તારે તેનો ત્યાગ કરીને ભિક્ષાટન વગેરે પરધર્મને શ્રેષ્ઠ માનવો, એ યોગ્ય નથી, પરંતુ સ્વધર્મને જ ઉત્તમ માનવો, એ યોગ્ય છે.

તું જો જ્ઞાનદૃષ્ટિથી સ્વધર્મમાં હિંસારૂપ દોષ માનીને પરધર્મને સ્વીકારીશ તો પરધર્મમાં પણ સરખો જ દોષ આવશે, એવા આશયથી કહે છે:—

હે કુંતીપુત્ર! સ્વાભાવિક કર્મ દોષવાળું હોય તો

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ।४९।
सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।

પણ તેને ત્યાગ કરવું નહિ. કારણ પોતાની સાથે જ ઉત્પન્ન થયેલા ધૂમાડાથી જેમ અગ્નિ ઢંકાઈ રહે છે તેમ દૃષ્ટ તથા અદૃષ્ટ ફળવાળાં સર્વ કર્મો કોઈ કોઈ દોષથી ઢંકાયલાં હોય છે. ૪૮

ભાવાર્થ—માણુસ તાઢ તથા અંધારાને દૂર કરવા માટે ધૂમાડાને છોડીને જેમ અગ્નિને સેવે છે, તેમ અંતઃકરણની શુદ્ધિ માટે દોષનો અંશ ત્યાગ કરીને ગુણનો અંશ સેવવો.

કેવી રીતે કર્મ કરવાથી દોષનો અંશ દૂર થઇ ગુણનો અંશ સિદ્ધ થશે, આવી અર્જુનને જિજ્ઞાસા થતાં શ્રીકૃષ્ણ કહે છે:-

જેની બુદ્ધિ સર્વ કર્મમાં આસક્તિરહિત હોય, જે અહંકારરહિત હોય અને જે ફળની ઈચ્છારહિત હોય તે, જેમાં ઉત્તમ રીતે સર્વ કર્મની નિવૃત્તિ થાય છે, એવી પરમહંસની દશાને પામે છે. ૪૯

જ્ઞાનનિષ્ઠાદ્વારા પરમહંસ કેવી રીતે બ્રહ્મભાવને પામે છે, તે ૭ શ્લોકવડે કહે છે:—

समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा ॥५०॥
बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च५१
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः॥५२॥

હે કુંતીના પુત્ર! પરમહંસની દશાને પામેલો પુરુષ, જે રીતે બ્રહ્મભાવને પામે છે, તે રીતિ તું મારી પાસેથી ટુંકમાં જ સમજી લે, કે જે રીતિ જ્ઞાનની ઉત્તમ સ્થિતિ છે. ૫૦

ઉપર કહેવા પ્રમાણે શુદ્ધ સાત્ત્વિક બુદ્ધિવાળો, સાત્ત્વિક ધીરજવડે મનને નિયમમાં રાખીને, શબ્દ, સ્પર્શ આદિક વિષયોનો ત્યાગ કરીને તથા રાગ દ્વેષને દૂર કરીને એકાંત જગ્યામાં વસનાર, અલ્પાહાર કરનાર, વાણી, મન અને કાયાને નિયમમાં રાખનાર, નિત્ય ધ્યાનવડે પરબ્રહ્મનાં દર્શન કરવા માટે તત્પર રહેનાર અને ધ્યાનમાં ભંગ પડે નહિ ત માટે વારંવાર દૃઢ વૈરાગ્યનો આશ્રય કરી 'હું વિરક્ત છું,' આવા અહંકારનો, દુરાગ્રહનો, આડે માર્ગે લઈ જનારા દર્પનો તથા પ્રારબ્ધ બળથી પ્રાપ્ત થનારા

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शांतो ब्रह्मभूयाय कल्पते॥५३॥
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥५४॥
भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।

વિષયો માટે કામ, ક્રોધ તથા ધન સંગ્રહનો સારી રીતે ત્યાગ કરનાર, બળાત્કારે મળેલી વસ્તુ ઉપર મમતારહિત થયેલો તથા પરમ શાંતિને પામેલો પુરુષ 'अहं ब्रह्मास्मि' આ રીતે બ્રહ્મરૂપ થાય છે. ૫૧–૫૩

બ્રહ્મરૂપ થયેલો–બ્રહ્મ વિષે રહેલો અને એ જ કારણથી પ્રસન્ન મનવાળો મનુષ્ય, દેહાદિકના અભિમાનથી રહિત હોય છે. માટે નાશ થયેલી વસ્તુનો શોક કરતો નથી, તેમ જ અપ્રાપ્ત વસ્તુ માટે પણ ઈચ્છા કરતો નથી. આ રીતે રાગદ્વેષકૃત વિક્ષેપ ન હોવાથી સર્વ પ્રાણીઓ સાથે સમાન દૃષ્ટિવાળો તે પુરુષ મારી પરમ ભક્તિને (સર્વ પ્રાણીઓ ઉપર આત્મદૃષ્ટિને) પામે છે. ૫૪

તે પરમ ભક્તિથી સર્વ વ્યાપક હું જેવો છું તેવો તથા સચ્ચિદાનંદઘન છું તેને યથાર્થ રીતે જાણે છે

ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम्॥५५॥
सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥५६॥
चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ५७॥

અને મને યથાર્થ રીતે જાણ્યા પછી તે જ્ઞાન પણ શાંત પડે છે. ત્યાર પછી તે મારે વિષે પ્રવેશ કરે છે અર્થાત્ પરમાનંદરૂપ થાય છે. ૫૫

પોતાનાં કર્મોવડે પરમેશ્વરની આરાધના કરવાથી મોક્ષ મળે છે, આમ કહ્યું હતું તેનો ઉપસંહાર કરે છેઃ—

આગળ કહ્યા પ્રમાણે નિત્યનૈમિત્તિક સર્વ કર્મોને સદા કરનારા અને સ્વર્ગાદિક ફળનો ત્યાગ કરીને કેવળ મારો જ આશ્રય કરનાર પુરુષ મારા પ્રસાદથી અનાદિ અને નિત્ય એવા સર્વોત્તમ પદને પામે છે. ૫૬

માટે તું નિત્ય નૈમિત્તિક સર્વ કર્મો અંતઃકરણવડે મારે વિષે અર્પણ કરીને, હું જ જેનો પરમ પુરુષાર્થ છું, એવો તું, એક નિશ્ચયાત્મક બુદ્ધિથી યોગનો આશ્રય કરીને, નિત્ય એટલે કર્માનુષ્ઠાન વેળાએ પણ 'ब्रह्मार्पणं ब्रह्म हविः' એ ન્યાય પ્રમાણે મારે વિષે જ મનને અર્પણ કર. ૫૭

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि॥५८॥
यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ५९
स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।

મારે વિષે મન રાખનારો પુરુષ મારી કૃપાથી સર્વ દુસ્તર એવાં સાંસારિક દુઃખોને તરી જશે, પરંતુ તું જો કે "હું વિદ્વાન્ છું" આવા અભિમાનને લીધે મારું કહેવું સાંભળીશ નહીં તો તારો નાશ થશે, એટલે કે તું પુરુષાર્થથી ભ્રષ્ટ થઈશ. ૫૮

મારો નાશ ભલે થાય, પરંતુ હું ભાઇઓ સાથે લઢીશ નહિ, આવા અર્જુનના અભિપ્રાયનો ઉત્તર આપે છેઃ—

મારા કહેવાનો અનાદર કરીને કેવળ અહંકારનો આશ્રય કરીને 'હું લઢીશ નહીં' આમ તું જે માને છે, તે તારો વ્યવસાય મિથ્યા જ છે; કારણ કે તું પરાધીન છે અને પ્રકૃતિ રજોગુણના આકારમાં પરિણામ પામી થકી તને યુદ્ધમાં પ્રવર્ત્તાવશે જ. ૫૯

હે કુંતાના પુત્ર! પૂર્વ જન્મના કર્મના સંસ્કારોથી થયેલા પોતાનાં શૌર્યાદિક કર્મોવડે તું બંધાયલો છે,

कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ६०
ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥६१॥
तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥

માટે તું મોહુથી જે કર્મ કરવાને ઇચ્છતો નથી તે કર્મ પણુ તું પરાધીન થયો થકો, એટલે પ્રકૃતિને આધીન થઇને કરીશ. ૬૦

હે અર્જુન ! જગતમાં સુતાર જેમ લાકડાના થંભ ઉપર રહેલાં બનાવટી પુતળાંઓને દોરી સંચારથી ફેરવે છે તેમજ અંતર્યામી આ શરીરોમાં રહેલા સર્વ શરીરાભિમાની જીવોને પોતાની માયાવડે ભમાવતા થકા, સર્વ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહ્યા છે. ૬૧

હે ભરતવંશી અર્જુન ! આ પ્રમાણે સર્વ જીવો ઈશ્વરને આધીન છે. માટે તું અહંકારનો ત્યાગ કરીને સર્વાત્મભાવે તે જ ઈશ્વરને શરણે જા. કારણ કે તેની જ કૃપાથી ઉત્તમ શાંતિને તથા પરમેશ્વરના નિત્ય સ્થાનને પ્રાપ્ત થઇશ. ૬૨

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ ६३ ॥
सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ६४
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ६५

ગીતા શાસ્ત્ર અતિ ગંભીર છે, તેથી અર્જુન સમ્પૂર્ણ રીતે તેનો વિચાર કરી શકયો નહિ. તે ઉપરથી શ્રીકૃષ્ણ પોતે દયા કરીને અર્જુનને ચાર શ્લોકવડે ગીતાનો સાર કહે છેઃ-

આ રીતે પરમ દયાળુ અને સર્વજ્ઞ એવા મેં તને છાનામાં છાનું જ્ઞાન કહ્યું. તેનો સંપૂર્ણ રીતે વિચાર કરીને ઇચ્છામાં આવે તેમ કર. ૬૩

સર્વ ગુહ્યમાં પણ ગુહ્ય એવું મારું ઉત્તમ વચન જે મેં તુને પ્રસંગે પ્રસંગે કહ્યું છે, છતાં પણ તું ફરીને સાંભળ. તું મને બહુ પ્રિય છે, માટે હું તને તારા હિત માટે કહીશ. ૬૪

તું મારામાં મન રાખ, મારો જ ભક્ત થા, મારું જ યજન કર તથા મને નમસ્કાર કર. આ

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ६६
इदं ते नातपस्काय ना भक्ताय कदाचन ।
न चाशुश्रुषवे वाच्यं न च मां योऽभ्यसूयति ६७

પ્રમાણે વર્તવાથી મારા પ્રસાદવડે જ્ઞાન મેળવીને મને જ પામીશ, તેમાં તારે સંદેહ કરવો નહીં. તું મને પ્રિય છે, માટે હું તારી આગળ આ રહસ્ય માટે ખરેખર પ્રતિજ્ઞા કરું છું. ૬૫

પરમેશ્વરની ભક્તિથી જ સર્વ વસ્તુનો લાભ થશે, આવા દૃઢ વિશ્વાસથી વિધિનું (ધર્મનું) દાસત્વ છોડી દઈને એક મારે જ શરણે આવ. તું શોક કર મા. હું એક મારો જ આશ્રય કરનાર તુંને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. ૬૬

ઉપર પ્રમાણે ગીતાના અર્થનું તત્ત્વ સમજાવ્યું. હવે તેના સંપ્રદાયમાં પ્રવૃત્તિ કરવા માટે નિયમ કહે છેઃ–

સ્વધર્માચરણ કરતો ન હોય, ગુરુ અને ઈશ્વર ઉપર ભક્તિભાવ રહિત હોય, શાસ્ત્ર શ્રવણની જેને ઈચ્છા ન હોય તથા મને મનુષ્ય ગણીને મારા ઉપર દોષારોપ મૂકી મારી નિંદા કરતો હોય, તેને તારે

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः॥६८॥
न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ६९
अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥७०॥

આ ગીતા શાસ્ત્રના અર્થનું જ્ઞાન કોઇ દિવસ કહેવું નહિ. ૬૭

જે પુરુષ આ પરમ ગુપ્ત એવું ગીતાનું તત્ત્વ મારા ભક્તોને સંભળાવશે, તે મારા વિશે પરમ ભક્તિ ધારણ કરીને સંશય રહિત થયો થકો મને જ પામશે. ૬૮

મારા ભક્તોની આગળ ગીતા શાસ્ત્રનું વ્યાખ્યાન કરનારા પુરુષ કરતાં મનુષ્યમાં બીજો કોઈ પણ પુરુષ હમણાં પૃથ્વી ઉપર મારું અત્યંત પ્રિય કરનાર નથી. તેમ હવે પછી બીજા કાળમાં પણ તેના વ્યાખ્યાન કર્તા સિવાય બીજો કોઈ મને વધારે પ્રિય થશે નહિ. ૬૯

જે મનુષ્ય આપણા બંનેનો આ ધર્મવાળો સંવા-

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्
प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥ ७१ ॥
कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥ ७२ ॥
॥ अर्जुन उवाच ॥
नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।

દનો પાઠ કરશે, તે પુરુષે મારું જ્ઞાનયજ્ઞવડે યજન કર્યું છે એમ હું માનું છું. ૭૦

જે મનુષ્ય કેવળ આ ગીતાને શ્રદ્ધાસંપન્ન થઇને સાંભળે છે, અને પાઠ કરનારા ઉપર 'તે તો ઉચ્ચ સ્વરે પાઠ કરે છે અથવા તે ખોટો પાઠ કરે છે,' આવી દોષદૃષ્ટિ કરતો નથી તે પણ, સર્વ પાપથી મુક્ત થઇને અશ્વમેધાદિક પુણ્ય કર્મ કરનારા પુરુષોના શુભ લોકોને પામે છે. ૭૧

હે પૃથાના પુત્ર અર્જુન! તેં એકાગ્ર ચિત્તથી આ ગીતાનું તત્ત્વજ્ઞાન સાંભળ્યું. માટે હવે તુંને અજ્ઞાનથી થયેલો મોહ દૂર થયો કે? ૭૨

स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥७३॥
इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥
व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णा-
त्साक्षात्कथयतः स्वयम् ॥ ७५ ॥

અર્જુન કહે છે–હે અચ્યુત! મારો આત્મસંબંધી મોહ વિનાશ પામ્યો અને મેં તમારા પ્રસાદથી 'अहं ब्रह्मास्मि' આવા સ્વરૂપાનુસંધાનરૂપ સ્મૃતિ પ્રાપ્ત કરી છે, માટે હું લઢવાને તૈયાર થયો છું અને જેનો ધર્મ સંબંધી સંશય દૂર થયો છે, એવો હું હવે તમારી આજ્ઞા પાળીશ. ૭૩

સંજય કહે છે–હે ધૃતરાષ્ટ્ર રાજા! આ પ્રમાણે મહાત્મા શ્રીકૃષ્ણ અને અર્જુનનો રોમાંચજનક આ અદ્ભુત સંવાદ મેં સાંભળ્યો. ૭૪

ભગવાન્ વેદવ્યાસે મને દિવ્ય નેત્ર, કાન વગેરે આપ્યાં હતાં, માટે મેં તે વ્યાસની કૃપાથી સાક્ષાત્ પોતે જ જ્ઞાનનું વ્યાખ્યાન કરતા એવા યોગેશ્વર

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः॥७६॥
तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनः पुनः॥
यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।

કૃષ્ણને મોઢેથી ઉત્તમ તથા ગુહ્ય એવો આ જ્ઞાન-યોગ સાંભળ્યો છે. ૭૫

હે રાજા! હું કૃષ્ણનો તથા અર્જુનનો આશ્ચર્યકારક અને પવિત્ર એવો આ સંવાદ સંભારી સંભારીને વારંવાર પ્રસન્ન થાઉં છું. ૭૬

હે રાજા! તેમ જ હરિનું અતિ આશ્ચર્યકારક સ્વરૂપ સંભારી સંભારીને મને મહા વિસ્મય થાય છે અને હું વારંવાર પ્રસન્ન થાઉં છું. ૭૭

જ્યાં યોગીશ્વર કૃષ્ણ છે, જ્યાં ગાંડીવ ધનુર્ધારી અર્જુન છે, ત્યાં જ અચળ રાજલક્ષ્મી, ત્યાં જ અચળ વિજય, ત્યાં જ અચળ ઉત્તરોત્તર અભ્યુદય ને ત્યાં જ અચળ નીતિનો વાસ છે, આવો મારો નિશ્ચય છે. ૭૮

तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्री-
कृष्णार्जुनसंवादे संन्यासयोगो नामाष्टादशोऽध्यायः ॥१८॥

ભા૦—માટે તમે હજી પણ પુત્રસહિત શ્રીકૃષ્ણને શરણે જઇ પાંડવોને પ્રસન્ન કરો અને તેઓને સર્વસ્વ અર્પણ કરીને તમારા પુત્રોના પ્રાણનું રક્ષણ કરો.

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિષે "સંન્યાસયોગ"
નામનો અધ્યાય અઢારમો સંપૂર્ણ

સમાપ્ત.

अथ विष्णुसहस्त्रनाम

भाषांतर

શ્રી પૂજ્યપાદ શંકરાચાર્યની ટીકા
અનુસાર



श्रीविष्णुसहस्रनामस्तोत्र

भाषांतर

॥ अथ श्रीविष्णुसहस्रनाम प्रारभ्यते ॥

यस्य स्मरणमात्रेण जन्मसंसारबंधनात् ।
विमुच्यते नमस्तस्मै विष्णवे प्रभविष्णवे ॥ १ ॥

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।
युधिष्ठिरः शांतनवं पुनरेवाभ्यभाषत ॥ २ ॥

જે વિષ્ણુનાં નામના સ્મરણ માત્રથી મનુષ્ય, જન્મ અને મરણના બંધનમાંથી છૂટે છે, તે મહા-સમર્થ વિષ્ણુને નમસ્કાર કરું છું. ૧

વૈશંપાયન કહે છે–હે જનમેજય! વેદોક્ત અને કલ્યાણકારક સર્વે ધર્મો તથા મન, વાણી અને કાયાને પવિત્ર કરનારાં પવિત્ર કર્મો સર્વ રીતે સાંભળીને યુધિષ્ઠિર રાજાએ અલ્પ પ્રયાસમાં સર્વ પુરુષાર્થના

॥ युधिष्ठिर उवाच ॥
किमेकं दैवतं लोके किंवाप्येकं परायणम् ।
स्तुवंतः कं कमर्चंतः प्राप्नुयुर्मानवाः शुभम् ॥३॥
को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ।
किं जपन्मुच्यते जंतुर्जन्मसंसारबंधनात् ॥ ४ ॥
॥ भीष्म उवाच ॥
जगत्प्रभुं देवदेवमनंतं पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥ ५ ॥

સાધનભૂત તથા મહાફળ આપનારો પ્રશ્ન શંતનુના પુત્ર ભીષ્મપિતામહને ફરીને પૂછયો. ૨

યુધિષ્ઠિર પૂછે છે—આ જગતમાં એક મહાન્ દેવ કોણ છે? પ્રાપ્ત કરવા યોગ્ય એવું એક સ્થાન કયું છે? તથા મનુષ્યો કયા દેવની સ્તુતિ કરવાથી તથા કયા દેવની પૂજા કરવાથી ઉત્તમ સુખને પામે છે? ૩

તમે સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કયો માનો છો? અને કયા મંત્રનો તથા નામનો જપ કરવાથી પ્રાણી જન્માદિકના તથા અજ્ઞાનના બંધનમાંથી છૂટે છે? ૪

ભીષ્મ કહે છે—હે યુધિષ્ઠિર! પુરુષ નિત્ય સાવધ થઈ, વિષ્ણુનાં સહસ્ર નામવડે જગતના સ્વામી, દેવના દેવ, અંતરહિત અને પુરુષોત્તમ એવા શ્રી-

तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥ ६ ॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ७
ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।
लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥ ८ ॥

વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરે છે તો તે સર્વ દુઃખો-માંથી મુક્ત થાય છે. વળી જે, તે જ અવિનાશી પરમાત્માની ભક્તિથી નિત્ય પૂજા કરે, તેનું ધ્યાન ધરે, તેની સ્તુતિ કરે, તેને નમસ્કાર કરે અને તેનું જ યજન કરે છે તે પણ સર્વ દુઃખોને ઓળંગી જાય છે; તેમ જ વળી આદિ, અંતરહિત, સર્વ લોકમાં વ્યાપક, સર્વ જગતના મોટા નાયક, બ્રહ્માદિક દેવના પણ ઈશ્વર, સર્વ લોકને સાક્ષાત્ જોનારા, નિત્ય બ્રાહ્મણોનું હિત કરનારા, સર્વ ધર્મને જાણનારા, લોકોની કીર્તિમાં વૃદ્ધિ કરનારા, લોકના નાથ, બ્રહ્મ-સ્વરૂપ, સત્ય મૂર્તિ, સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારા એવા પરમાત્માની સ્તુતિ કરવાથી (પણ) મનુષ્ય સર્વ દુઃખમાંથી મુક્ત થાય છે. ૫-૯

एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।
यद्भक्त्या पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥ ९ ॥
परमं यो महत्तेजः परमं यो महत्तपः ।
परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥ १० ॥
पवित्राणां पवित्रं यो मंगलानां च मंगलम् ।
दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ११

હું સર્વ ધર્મોમાં આ ધર્મને વધારે શ્રેષ્ઠ માનું છું. તે ધર્મ એ છે કે, મનુષ્યે ભક્તિથી કમળ જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણની સદા સ્તુતિ કરવી તથા તેમનું પૂજન કરવું. ૯

જે શ્રીકૃષ્ણ તેજના પરમ ને મહાન્ પુંજ છે, જે મોટામાં મોટા તપરૂપ છે, જે મોટામાં મોટા બ્રહ્મરૂપ છે અને જે પ્રાપ્ત કરવા યોગ્ય પરમ ધામ છે. ૧૦

જે પવિત્ર વસ્તુઓમાં પવિત્ર છે, જે મંગળોમાં પણ મંગળરૂપ છે, જે દેવતાઓમાં પરમ દૈવત છે અને જે પ્રાણી માત્રના અવિનાશી પિતા છે, એ જ એક જગતના મોટા દેવ છે. ૧૧

यतः सर्वाणि भूतानि भवंत्यादियुगागमे ।
यस्मिंश्च प्रलयं यांति पुनरेव युगक्षये ॥ १२ ॥
तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।
विष्णोर्नामसहस्रं मे शृणु पापभयापहम् ॥ १३ ॥
यानि नामानि गौणानि विख्यातानि महात्मनः।
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये १४

સત્ય યુગના આરંભમાં જેનાથી સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને પ્રલય વેળા ફરીને સર્વે પ્રાણીઓ જેમને વિષે લય પામે છે. હે રાજા! તે સર્વ લોકનો અધિપતિ અને જગતના સ્વામી એવા શ્રીવિષ્ણુનાં પાપનો તથા ભયનો નાશ કરનારાં સહસ્ર નામો મારી પાસેથી સાંભળ. ૧૨–૧૩

મહાત્મા શ્રીકૃષ્ણનાં જે ગૌણ નામો જગતમાં પ્રખ્યાત છે અને જે નામો ઋષિઓએ ગાયાં છે તે નામો ધર્માદિક ચાર પુરુષાર્થના લાભને માટે હું તને કહીશ. ૧૪

अथ करन्यासः

ॐ अस्य श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रमंत्रस्य भगवान् वेदव्यास ऋषिः ।। श्रीविष्णुः परमात्मादेवता ।। अनुष्टुप् छंदः ।। अमृतांशूद्भवो भानुरिति बीजम् ।। देवकीनंदनः स्रष्टेति शक्तिः त्रिसामा सामगः सामेति हृदयम् ।। शंखभृन्नंदकी चक्रीति कीलकम् ।। शार्ङ्गधन्वा गदाधर इत्यस्त्रम् ।। रथांगपाणिरक्षोभ्य इति कवचम् ।। उद्भवः क्षोभणो देव इति परमो मंत्रः ।। श्रीमहाविष्णुप्रीत्यर्थं जपे विनियोगः ।। विश्वंविष्णुर्वषट्कार इत्यंगुष्ठाभ्यां नमः ।। अमृतांशूद्भवोभानुरिति तर्जनीभ्यां नमः ।। ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मेति मध्यमाभ्यां नमः ।। सुवर्णबिंदुरक्षोभ्य इत्यनामिकाभ्यां नमः ।। निमिषोऽनिमिषः स्रग्वीति कनिष्ठिकाभ्यां नमः ।। रथांगपाणिरक्षोभ्य इति करतलकरपृष्ठाभ्यां नमः ।।

अथ ध्यानम्

शांताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं ।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ॥
लक्ष्मीकांतं कमलनयनं योगिभिर्ध्यानगम्यं ।
वंदे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥ १ ॥

શાંત આકારવાળા, શેષ નાગ ઉપર શયન કરનારા, જેમની નાભિમાં કમળ છે એવા, દેવતાના ઈશ્વર, વિશ્વના આધારભૂત, આકાશની પેઠે નિરાકાર, મેઘના જેવા શ્યામ રંગના, મંગળમય છે અંગ જેનાં એવા લક્ષ્મીના પતિ, કમળ જેવાં છે નેત્ર જેનાં એવા, યોગીઓને ધ્યાનથી જાણવામાં આવનારા, સંસારના ભયનો નાશ કરનારા અને સર્વ લોકના એક અધિપતિ એવા શ્રીવિષ્ણુનું હું ધ્યાન ધરું છું.

ૐ नमो भगवते वासुदेवाय

विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः ।

૧ વિશ્વઃ—ચૌદ લોકરૂપ, શ્રુતિ કહે છે કે, 'सर्वं खल्विदं ब्रह्म' આ સર્વ બ્રહ્મરૂપ છે, ૨ વિષ્ણુઃ—સર્વ વ્યાપક, ૩ વષટ્કારઃ—યજ્ઞમાં બોલાતા વષટ્કારરૂપ,

भूतकृद्भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥ १५ ॥
पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥१६॥

૪ ભૂતભવ્યભવત્પ્રભુઃ—ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના સ્વામી, ૫ ભૂતકૃત્ઃ—બ્રહ્મારૂપે પ્રાણીઓના ઉત્પન્ન કરનારા, ૬ ભૂતભૃત્ઃ—વિષ્ણુરૂપે પ્રાણીઓનું પોષણ કરનારા, ૭ ભાવઃ—જગત્‌રૂપે ઉત્પન્ન થનારા, ૮ ભૂતાત્માઃ—પ્રાણીઓના અંતરાત્મા, ૯ ભૂતભાવનઃ—પ્રાણીઓની વૃદ્ધિ કરનારા, ૧૫

૧૦ પૂતાત્માઃ—પવિત્ર આત્માવાળા, ૧ પરમાત્માઃ—કારણ તથા કાર્યરહિત, નિત્ય શુદ્ધ અને મુક્ત સ્વભાવવાળા, ૨ મુક્તાનાં પરમાગતિઃ-મુક્ત જનોના પરમ આશ્રયરૂપ, ૩ અવ્યયઃ—અવિનાશી અથવા તો વિકારરહિત, ૪ પુરુષઃ—નવદ્વારવાળા દેહનગરમાં શયન કરનારા અથવા તો પ્રલય વેળાએ સર્વ ભુવનનો સંહાર કરનારા, ૫ સાક્ષીઃ—અડચણ વિના સર્વ વસ્તુને જોનારા, ૬ ક્ષેત્રજ્ઞઃ—સર્વનાં શરીરોને જાણનારા, ૭ અક્ષરઃ—અવિનાશી, ૧૬

૮ યોગઃ—જીવ અને ઈશ્વરની ઐક્યભાવના કરાવ-

योगो योगविदां नेता प्रधानपुरुषेश्वरः ।
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः ॥१७॥
सर्वः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभुरीश्वरः ॥१८॥

નાર યોગમૂર્તિ, ૯ યોગવિદાં નેતાઃ–યોગીઓના સ્વામી, ૨૦ પ્રધાનપુરુષેશ્વર :–માયા તથા જીવના ઈશ્વર, ૧ નારસિંહવપુઃ–નરસિંહનું સ્વરૂપ ધારણ કરનારા, ૨ શ્રીમાન્:–વક્ષ:સ્થળમાં લક્ષ્મીને ધારણ કરનારા, ૩ કેશવઃ–સુંદર કેશવાળા અથવા તો કેશી દૈત્યને નાશ કરનારા, ૪ પુરુષોત્તમઃ–પુરુષોમાં ઉત્તમ, ૧૭

૫ સર્વઃ–સત્ અથવા અસત્ વસ્તુના નાશને અને ઉત્પત્તિને જાણુનારા, ૬ શર્વઃ–પ્રલય વેળા સર્વની પ્રજાનો નાશ કરનારા, ૭ શિવઃ–ગુણાદિકથી રહિત અથવા તો કલ્યાણકર્તા, ૮ સ્થાણુઃ–સ્થિર રહેનારા, ૯ ભૂતાદિઃ–પ્રાણીઓના આદિ કારણ, ૩૦ નિધિઃ–પ્રલય વેળાએ સર્વ જગતને પોતાના વિષે લય કરનારા અને અવ્યયઃ–અવિનાશી, ૧ સંભવઃ–દુષ્ટોને દંડ દેવા માટે અને સાધુઓની રક્ષા કરવા માટે યુગે યુગે અવતારધારી, ૨ ભાવનઃ–સર્વ ભોક્તા-

स्वयंभूः शंभुरादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः ॥१९॥

ઓને ફળ આપનારા, ૩ ભર્ત્તાઃ–પોષણ કરનારા, ૪ પ્રભવઃ–પ્રકર્ષવડે મહાભૂતોને ઉત્પન્ન કરનારા અથવા તો ઉત્તમ જન્મધારી, ૫ પ્રભુઃ–સર્વ કર્મ કરવામાં અતિ સામર્થ્યવાળા, ૬ ઈશ્વરઃ–ઉપાધિરહિત ઐશ્વર્યવાળા, ૧૮

૭સ્વયંભૂઃ–પોતાની મેળે ઉત્પન્ન થનારા,૮ શંભુઃ–ભક્ત જનોનું કલ્યાણ કરનારા, ૯ આદિત્યઃ–સૂર્યમંડળમાં રહેનારા હિરણ્યમય પુરુષ, ૪૦ પુષ્કરાક્ષઃ–કમળ જેવાં નેત્રવાળા, ૧ મહાસ્વનઃ–ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના ગાનકરવાથી મહા સ્વરવાળા ૨ અનાદિનિધનઃ–આદિ તથા અંત વિનાના, ૩ ધાતાઃ–શેષાદિકરૂપે જગતને ધારણ કરનારા અથવા તો કર્મોની તથા તેના ફળની વ્યવસ્થા કરનારા, ૪ વિધાતાઃ–વિશેષ કરીને શેષાદિકને પણ ધારણ કરનારા, ૫ ધાતુરુત્તમઃ–બ્રહ્માથી પણ ઉત્તમ અથવા તો પૃથિવી આદિકથી પણ ઉત્તમ, ૧૯

૬ અપ્રમેયઃ–પ્રમાણાદિકથી જણાય નહિ તેવા,

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ।
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः २०
अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।
प्रभूतस्त्रिककुब्धाम पवित्रं मंगलं परम् ॥ २१ ॥

૭ હૃષીકેશઃ–ઇન્દ્રિયોના સ્વામી અર્થાત્ ક્ષેત્રજ્ઞરૂપધારી, ૮ પદ્મનાભઃ–નાભિ ભાગમાં પદ્મ ધારણ કરનારા, ૯ અમરપ્રભુઃ–દેવતાઓના સ્વામી, ૫૦ વિશ્વકર્માઃ–વિશ્વાદિકની રચના કરનારા, ૧ મનુઃ–મનન કરનારા, ૨ ત્વષ્ટાઃ–સંહાર વેળાએ સર્વ પ્રાણીઓને સૂક્ષ્મ કરનારા, ૩ સ્થવિષ્ઠઃ–અત્યંત સ્થૂલમૂર્તિ, ૪ સ્થવિરોધ્રુવઃ–સનાતન એવા અચળ, ૨૦

૫ અગ્રાહ્યઃ–મન તથા વાણીથી જાણી શકાય નહિ તેવા, ૬ શાશ્વતઃ–કાળમાં રહેનારા, ૭ કૃષ્ણઃ–સચ્ચિદાનંદ મૂર્તિ અથવા તો ઘનશ્યામ મૂર્તિ, ૮ લોહિતાક્ષઃ–રાતાં નેત્રવાળા, ૯ પ્રતર્દનઃ–પ્રલય વેળા પ્રાણીઓનો સંહાર કરનારા, ૬૦ પ્રભૂતઃ–જ્ઞાન, ઐશ્વર્ય આદિક ગુણસંપન્ન, ૧ ત્રિકકુબ્ધામઃ–ઉપર, નીચે અને મધ્યભાગ એમ ત્રણે દિશામાં વાસ કરનારા, ૨ પવિત્રઃ–પવિત્ર, ૩ મંગલં પરંઃ–પરમ મંગલકારક, ૨૧

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥२२॥
ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ॥
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥२३॥

૪ ઈશાન:–સર્વ પ્રાણીઓના નિયંતા, ૫ પ્રાણદ:–પ્રાણ આપનારા અથવા તો કાળરૂપે પ્રાણનો નાશ કરનારા, ૬ પ્રાણ:–મુખ્ય પ્રાણરૂપ અથવા તો સર્વને જીવાડનારા, ૭ જ્યેષ્ઠ:–સર્વ કરતાં શ્રેષ્ઠ, ૮ શ્રેષ્ઠ:–સર્વ કરતાં ઉત્તમ, ૯ પ્રજાપતિ:–પ્રજાનું રક્ષણ કરનારા, ૭૦ હિરણ્યગર્ભ:–સુવર્ણના ઇંડામાં રહેનારા, ૧ ભૂગર્ભ:–પૃથિવીની અંદર વસનારા અથવા તો ઉદરમાં છે પૃથિવી જેના એવા, ૨ માધવ:–લક્ષ્મીના પતિ, ૩ મધુસૂદન:–મધુદૈત્યને મારનારા, ૨૨

૪ ઈશ્વર:–સર્વ શક્તિમાન, ૫ વિક્રમી:–પરાક્રમ કરનારા; ૬ ધન્વી:–ધનુર્ધારી, ૭ મેધાવી:–બુદ્ધિશાળી, ૮ વિક્રમ:–ગરુડ વિના સર્વ ઠેકાણે ગમન કરનારા, ૯ ક્રમ:–જગતમાં ફરનારા, ૮૦ અનુત્તમ:–સર્વ કરતાં શ્રેષ્ઠ, ૧ દુરાધર્ષ:–દૈત્યાદિકથી તિરસ્કાર કરી શકાય નહિ તેવા, ૨ કૃતજ્ઞ:–મનુષ્યે કરેલાં પાપ

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः॥२४॥
अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ।
वृषाकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥ २५ ॥

પુણ્યને જાણુનારા, ૩ કૃતિઃ–ક્રિયારૂપ અથવા તો પુરુષના પ્રયત્નરૂપ,૪ આત્મવાન્-આત્મસ્વરૂપ,૨૩

૫ સુરેશઃ–દેવતાના સ્વામી, ૬ શરણું:–આર્ત પ્રાણીઓની પીડાને હરણુ કરનારા એક આશ્રય, ૭ શર્મ:–પરમાનંદમૂર્તિ, કલ્યાણુમૂર્તિ, ૮ વિશ્વરેતાઃ–વિશ્વના કારણુભૂત, ૯ પ્રજાભવઃ–સર્વ પ્રજાને ઉત્પન્ન કરનારા, ૯૦ અહુઃ–દિવસ મૂર્તિ, ૧ સંવત્સરઃ–વર્ષરૂપ, ૨ વ્યાલઃ–સર્પની પેઠે કોઇથી ગ્રહણુ થઈ શકે નહિ તેવા,૩પ્રયત્યઃ–ઉત્તમ બુદ્ધિથી જણુાય તેવા,૪ સર્વદર્શનઃ–સર્વ વસ્તુને જોનારા, ૨૪

૫ અજઃ–અજન્મા,૬ સર્વેશ્વરઃ–સર્વના સ્વામી, ૭ સિદ્ધઃ–સંપૂર્ણુ સ્વરૂપ હોવાથી સિદ્ધ,૮ સિદ્ધિઃ–જ્ઞાની અથવા તો ફળની મૂર્ત્તિ, ૯ સર્વાદિઃ–સર્વ પ્રાણીઓના આદિ કારણુ, ૧૦૦ અચ્યુતઃ–જે સ્વસ્વરૂપના સામર્થ્યવડે સ્વસ્વરૂપમાંથી

वसुर्वसुमनाः सत्यः समात्मा संमितः समः ।
अमोघः पुंडरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥२६॥
रुद्रो बहुशिरा बभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ।

ભ્રષ્ટ ન થનારા, ૧ વૃષાકપિઃ—ધર્મનું રક્ષણ કરનારા, ૨ અમેયાત્મા:—અમાપ સ્વરૂપવાળા, ૩ સર્વયોગવિનિઃસૃતઃ—સર્વ પ્રકારનાં કર્મબંધનમાંથી મુક્ત, ૨૫

વસુઃ—સર્વ પ્રાણીઓમાં વાસ કરતા, ૫ વસુમના:—ઉદાર મનવાળા, ૬ સત્યઃ—સત્યમૂર્તિ, ૭ સમાત્મા:—રાગદ્વેષરહિત, શુદ્ધ આત્માવાળા અથવા તો સર્વ પ્રાણીઓમાં એક આત્મારૂપે વસતા, ૮ અસંમિતઃ—સર્વ પદાર્થોવડે મપાય નાહ તેવા, ૯ સમઃ—સર્વ કાળમાં સર્વ પ્રકારના વિકારરહિત, અથવા તો લક્ષ્મી સાથે રહેનારા, ૧૧૦ અમોઘઃ—સ્તુતિ તથા પૂજા કરનારા ભક્તજનોને ફળ આપનારા, ૧ પુંડરીકાક્ષઃ—કમળ જેવાં ઉત્તમ નેત્રવાળા, ૨ વૃષકર્મા:—ધર્મ કર્મનું આચરણ કરનારા, ૩ વૃષાકૃતિઃ—ધર્મનું સ્થાપન કરવા માટે શરીરને ધારણ કરનારા, ૨૬

રુદ્રઃ—સંહાર વેળા પ્રાણીઓને રોવરાવનારા, ૫ બહુશિરા:—ઘણાં મસ્તકવાળા, ૬ બભ્રુઃ—લોકોનું

अमृतः शाश्वतः स्थाणुर्वरारोहो महातपाः ॥२७॥
सर्वगः सर्वविद्भानुर्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यंगो वेदांगो वेदवित्कविः ॥२८॥
लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ।

પોષણ કરનારા, ૭ વિશ્વયોનિઃ—જગતને ઉત્પન્ન કરનારા, ૮ શુચિશ્રવાઃ—પવિત્ર કીર્તિવાળા, ૯ અમૃતઃ—અમર, ૧૨૦ શાશ્વતસ્થાણુઃ—સનાતન કાળથી અચળ રહેનારા, ૧ વરારોહઃ—સુંદર અંગવાળા, ૨ મહાતપાઃ—મહાતપસ્વી, ૨૭

૩ સર્વગઃ—સર્વ ઠેકાણે ગતિ કરનારા, ૪ સર્વ વિદ્ભાનુઃ—સર્વવેત્તા અને સર્વત્ર પ્રકાશ કરનારા, ૫ વિશ્વક્સેનઃ—દૈત્યોની સેનાને ચોદિશામાં નસાડનારા, ૬ જનાર્દનઃ—પાપી મનુષ્યોને નરકની પીડા આપનારા, ૭ વેદઃ—સર્વ વસ્તુનું જ્ઞાન ધરાવનારા, ૮ વેદવિત્ઃ—ચારે વેદોને જાણનારા, ૯ અવ્યંગઃ—સર્વ પ્રકારનાં જ્ઞાનથી સંપૂર્ણ, ૧૩૦ વેદાદિઃ—વેદાદિ અંગોવાળા, ૧ વેદવિદ્ઃ—વેદોનો વિચાર કરનારા, ૨ કવિઃ—સર્વ વસ્તુને હસ્તામલકવત્ જોનારા, ૨૮

૩ લોકાધ્યક્ષઃ—સર્વ લોકોના અધ્યક્ષ, ૪ સુરા-

चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥ २९ ॥
भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ॥
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः॥३०॥

ધ્યક્ષ:–દેવતાઓમાં અધ્યક્ષ, ૫ ધર્માધ્યક્ષ:-ધર્મોના અધ્યક્ષ, ૬ કૃતાકૃત:–કાર્યરૂપ તથા કારણરૂપ, ૭ ચતુરાત્મા:–ઉત્પત્તિ, સ્થિતિ કરતી વેળાએ બ્રહ્મા, દક્ષક, કાળ તથા સર્વ પ્રાણીઓ, એ ચાર વિભૂતિવાળા, ૮ ચતુર્વ્યૂહ:–વાસુદેવ, સંકર્ષણ,પ્રદ્યુમ્ન,અનિરુદ્ધ, એ ચાર વિભૂતિવાળા,૮ ચતુર્દંષ્ટ્ર:–નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત, એ ચાર ડાઢવાળા, ૧૪૦ ચતુર્ભુજ:–ચાર ભુજાવાળા, ૨૯

૧ ભ્રાજિષ્ણુ:–પ્રકાશમાન, ૨ ભોજન:–માયારૂપ અથવા વૈભવરૂપ, ૩ ભોક્તા:–સુખદુ:ખ ભોગવનાર જીવરૂપ,૪ સહિષ્ણુ:–હિરણ્યકશિપુ વગેરે દાનવોની સાથે ટક્કર લેનારા અથવા ક્ષમાવંત, ૫ જગદાદિ:–જગતનાં આદિ પુરુષ જે બ્રહ્મા, તેને ઉત્પન્ન કરનારા, ૬ અનઘ:–દોષરહિત, ૭ વિજય:–જ્ઞાન, વૈરાગ્ય આદિથી જગતનો વિજય કરનારા,૮ જેતા:–વિજય કરનારા, ૯ વિશ્વયોનિ:–વિશ્વના કારણભુત, ૧૫૦

उपेंद्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ॥
अतींद्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः॥२१॥
वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ॥

પુનર્વસુઃ—શરીરમાં વારંવાર આત્મારૂપે નિવાસ કરનારા, ૩૦

૧ ઉપેન્દ્ર:—ઇન્દ્રના નાનાભાઈ, ૨ વામનઃ—વામનજી, ૩ પ્રાંશુઃ—ત્રણ પગલાં પૃથ્વી ભરતીવેળા ઉંચા થયેલા, ૪ અમોઘ:—સર્વને કર્માનુસાર ફળ આપનારા,૫ શુચિઃ—સ્તુતિ કરનારા મનુષ્યોને પવિત્ર કરનારા, ૬ ઊર્જિત:—મહાબળશાળી,૭ અતીંદ્ર:—સ્વાભાવિક એવાં જ્ઞાન, ઐશ્વર્ય આદિ ગુણોવડે ઇન્દ્રનો પરાજય કરનારા, ૮ સંગ્રહ:—સંહાર કાળે સર્વનો સંહાર કરનારા, ૯ સર્ગઃ—ઉત્પત્તિ સમયે સર્વને ઉત્પન્ન કરનારા, ૧૬૦ ધૃતાત્મા:—સ્વરૂપને ધારણ કરનારા,૧ નિયમ:—પ્રજાને તેઓના અધિકાર ઉપર નીમનારા,૨ યમ:—સર્વ પ્રાણીઓને પોતાને વિષે લય કરનારા અથવા સર્વને નિયમમાં રાખનારા યમરૂપ,

૩ વેદ્યઃ—મુમુક્ષુઓએ જાણવા યોગ્ય, ૪ વૈદ્યઃ—સર્વ વિદ્યા જાણનારા, ૫ સદાયોગી:—નિત્યસ્વરૂપના

अतींद्रियो महामायो महोत्साहो महाबलः ॥३२॥
महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ।
अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ।३३।

પ્રકાશથી યોગી, ૬ વીરહા:—ધર્મની રક્ષા કરવા માટે અસુર યોધાઓનો સંહાર કરનારા, ૭ માધવ:—માયાના સ્વામી, ૮ મધુ:—ભક્ત જનને મધ પેરે મીઠાશ ઉપજાવનારા, ૯ અતીન્દ્રિય:—ઇન્દ્રિયોથી અગોચર, ૧૭૦ મહામાય:—મહામાયાવી અર્થાત્ મોટા માયાવીઓને પણ માયાની જાળમાં ફસાવનારા, ૧ મહોત્સાહ:—જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરવામાં મોટા ઉત્સાહી, ૨ મહાબળ:—બળવાનોના પણ બળરૂપ હોવાથી મહાબળશાળી, ૩૨

૩ મહાબુદ્ધિ:—મોટા બુદ્ધિશાળી, ૪ મહાવીર્ય:—મોટા પરાક્રમી, ૫ મહાશક્તિ:—મોટી શક્તિવાળા, ૬ મહાદ્યુતિ:—મોટી કાંતિવાળા, ૭ અનિર્દેશ્યવપુ:—જેનું શરીર કોઇથી પણ કળ્યું જાય નહિ તેવા, ૮ શ્રીમાન્:—લક્ષ્મીના નિવાસસ્થાન,૯ અમેયાત્મા:—સર્વ પ્રાણીઓથી જેની બુદ્ધિ માપવામાં આવે નહિ તેવા, ૧૮૦ મહાદ્રિધૃક્:—ગોવર્ધન વગેરે મોટા મોટા પર્વતોને ધારણ કરનારા, ૩૩

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतांगतिः ॥
अनिरुद्धः सुरानंदो गोविंदो गोविंदांपतिः ।३४।
मरीचिर्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।
हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ।३५।

૧ મહેષ્વાસઃ—મોટા ધનુર્ધારી, ૨ મહીભર્તા:—પૃથિવીને ધારણ કરનારા, ૩ શ્રીનિવાસઃ—જેના વક્ષ-સ્થલમાં નિત્ય લક્ષ્મી રહે છે તેવા, ૪ સતાં ગતિઃ—સત્પુષોના આશ્રયરૂપ, ૫ અનિરુદ્ધઃ—અનિરુદ્ધ, ૬ સુરાનંદઃ—દેવતાઓને આનંદ આપનારા, ૭ ગોવિ-ન્દઃ—વરાહનું રૂપ લઈ પૃથ્વીનું રક્ષણ કરનારા, ૮ ગોવિદાંપતિઃ—વેદાદિક શાસ્ત્રને જાણનારાઓના નાયક, ૩૪

મરીચિઃ—તેજસ્વીઓના પણ કિરણરૂપ, ૧૯૦ દમનઃ·વૈવસ્વત આદિક મનુરૂપે પ્રજાને પ્રસન્ન કરીને નિયમમાં રાખનારા, ૧ હંસઃ—સંસારનો ભય નાશ કરનારા, ૨ સુપર્ણઃ—ગરુડરૂપ, ૩ ભુજગોત્તમઃ—સર્પોમાં શેષનાગરૂપ, ૪ હિરણ્યનાભઃ—સુવર્ણના જેવી શોભાયમાન નાભિવાળા,

૫ સુતપાઃ—ઉત્તમ તપશ્ચર્યા કરનારા, ૬ પદ્મ-

अमृत्युः सर्वदृक् सिंहः संधाता संधिमान् स्थिरः।
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा २६
गुरुर्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः।
निमिषोऽनिमिषः स्रग्वी वाचस्पतिरुदारधीः २७

નાભઃ—કમળ જેવી ગોળાકાર નાભિવાળા, ૭ પ્રજાપતિઃ—પ્રજાનું પાલન કરનારા—પિતારૂપ, ૩૫

૮ અમૃત્યુઃ—મૃત્યુરહિત,૯ સર્વદૃક્ઃ—પ્રાણીઓનાં સર્વ કાર્યને જોનારા, ૨૦૦ સિંહઃ—દુષ્ટોનો નાશ કરનારા, ૧ સંધાતાઃ—સંધિ કરાવનારા, ૨ સંધિમાન્ઃ—ભક્તજન ઉપર પ્રેમ રાખનારા, ૩ સ્થિરઃ—નિરંતર સ્વરૂપમાં અચળ રહેનારા, ૪ અજઃ—જન્મરહિત, ૫ દુર્મર્ષણઃ—દાનવાદિકથી સહન થઈ શકે નહિ તેવા, ૬ શાસ્તાઃ—સર્વને શિક્ષા કરનારા, ૭ વિશ્રુતાત્માઃ—જેનો આત્મા સત્ય જ્ઞાનરૂપ વિશેષ કરીને સાંભળવામાં આવ્યો છે એવા,૮ સુરારિહાઃ—દૈત્યોનો સંહાર કરનારા, ૩૬

૯ ગુરુઃ—વેદાદિકનો ઉપદેશ કરવાથી અથવા તો ઉત્પન્ન કરવાથી ગુરુ,૨૧૦ ગુરુતમઃ—બ્રહ્માદિક દેવતાઓના પણ ગુરુ, ૧ ધામઃ-સર્વ કામનાઓના

अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ।
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ।३८।
आवर्त्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।

આશ્રય અથવા તો તેજોમૂર્ત્તિ, ૨ સત્યઃ—સત્યમૂર્ત્તિ, ૩ સત્યપરાક્રમઃ—સત્ય પરાક્રમવાળા, ૪ નિમિષઃ—યોગ નિદ્રા કરતી વેળા નેત્રનું મટકું મારનારા, ૫ અનિમિષઃ—નિત્ય પ્રબુદ્ધ સ્વરૂપ હોવાથી મટકું ન મારનારા, ૬ સ્રગ્વીઃ—પુષ્પની માળાને ધારણ કરનારા, ૭ વાચસ્પતિરુદારધીઃ—વાણીના પતિ બૃહસ્પતિ અને ઉદાર બુદ્ધિવાળા, ૩૭

૮ અગ્રણીઃ—સર્વ પ્રાણીઓના નેતા અથવા તો મુમુક્ષુઓને મોક્ષપદ આપનારા, ૯ ગ્રામણીઃ—સર્વ પ્રાણીઓના નાયક, ૨૨૦ શ્રીમાન્ઃ—લક્ષ્મીના પતિ, ૧ ન્યાયઃ—તર્કમૂર્ત્તિ, ૨ નેતાઃ—જગતના વ્યવહારનો નિર્વાહ કરનારા, ૩ સમીરણઃ—શ્વાસરૂપે સર્વ પ્રાણીઓને ચેષ્ટા કરાવનારા, ૪ સહસ્રમૂર્ધાઃ—હજાર મસ્તકવાળા, ૫ વિશ્વાત્માઃ—વિરાટ્રૂપ, ૬ સહસ્રાક્ષઃ-હજાર નેત્રોવાળા, ૭ સહસ્રપાત્ઃ—હજાર ચરણવાળા, ૩૮

૮ આવર્ત્તનઃ—ધર્મ સ્થાપન કરવા માટે અવતાર

अहः संवर्तको वह्निरनिलो धरणीधरः ॥ ३९ ॥
सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः ।
सत्कर्ता सत्कृतः साधुर्जह्नुर्नारायणो नरः ॥४०॥

લેનારા,૯ નિવૃત્તાત્મા:--સંસારના બંધનમાંથીજેમનું સ્વરૂપ મુક્ત છે એવા,૨૩૦ સંવૃત:—માયાવડે વીંટાયલા, ૧ સંપ્રમર્દન:—રુદ્ર, કાળ આદિ વિભૂતિઓવડે જગતનો સંહાર કરનારા, ૨ અહ:સંવર્ત્તક:—દિવસને સારી રીતે ચલાવનારા, ૩ વહ્નિ:—બળિદાનને ગ્રહણ કરનારા, ૪ અનિલ:—પવનમૂર્ત્તિ, ૫ ધરણીધર:—શેષ અને દિશાના હાથીઓ વગેરે રૂપોથી પૃથ્વીને ધારણ કરનારા, ૩૯

૬ સુપ્રસાદ:—શિશુપાલ આદિ અપરાધીઓ ઉપર પણ કૃપા કરનારા, ૭ પ્રસન્નાત્મા:—રજ અને તમ આદિકથી જેનું અંત:કરણ મલિન નથી એવા અર્થાત્ દયાળુ છે આત્મા જેનો એવા, ૮ વિશ્વધૃક્:—જગતને ધારણ કરનારા, ૯ વિશ્વભુક્:—જગતને ભોગવનારા અથવા તો પાલન કરનારા, ૨૪૦ વિભુ:—વિવિધરૂપધારી, ૧ સત્કર્તા:—ભક્ત જનનો સત્કાર કરનારા, ૨ સત્કૃત:—ભક્તોથી માન અપાયલા, ૩ સાધુ:-

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः ।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः ॥
वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ।

ભક્તોનાં કાર્ય સાધનારા, ૪ જન્હુઃ—સંહાર કાળે મનુષ્યોનો પોતાને વિષે લય કરનારા, ૫ નારાયણઃ—જળમાં શયન કરનારા, ૬ નરઃ—મનુષ્યને મોક્ષ આપનારા, સનાતન, પરમાત્મા, ૪૦

૭ અસંખ્યેયઃ—ગણત્રી વિનાના અપાર મૂર્ત્તિ-વાળા, ૮ અપ્રમેયાત્મા:—કોઇ પણ રીતે જાણવામાં આવે નહિ તેવું રૂપ ધારણ કરનારા, ૯ વિશિષ્ટઃ—સર્વ કરતાં શ્રેષ્ઠ, ૨૫૦ શિષ્ટકૃત્ઃ—દુષ્ટોને શિક્ષા કર-નારા, ૧ શુચિઃ—કામ ક્રોધ આદિક મળથી રહિત, ૨ સિદ્ધાર્થઃ—નિવૃત્તિરૂપી અર્થને સિદ્ધ કરનારા, ૩ સિદ્ધસંકલ્પઃ—પોતાના સંકલ્પમાં સિદ્ધ થયેલા એવા, ૪ સિદ્ધિદઃ—સિદ્ધિને આપનારા, ૫ સિદ્ધિ-સાધનઃ—સિદ્ધિના સાધનરૂપ, ૪૧

૬ વૃષાહીઃ—દ્વાદશાહ આદિક ધર્મમૂર્ત્તિ, ૭ વૃ-ષભઃ—ભક્તોની કામના પૂરનારા, ૮ વિષ્ણુઃ—સર્વત્ર વ્યાપક, ૯ વૃષપર્વાઃ—પરલોકમાં જવાની ઈચ્છાવાળા ભક્તજનોને ધર્મરૂપી પગથિયાંરૂપ, ૨૬૦ વૃષોદરઃ—

वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः ॥४२॥
सुभुजो दुर्धरो वाग्मी महेंद्रो वसुदो वसुः
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ॥४३॥
ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।

ઉદરમાં ધર્મને ધારણ કરનારા, ૧ વર્ધનઃ—ભક્તજનની વૃદ્ધિ કરનારા, ૨ વર્દ્ધમાનઃ—સંસારરૂપે વૃદ્ધિ પામનારા, ૩ વિવિક્તઃ—સંસારથી વિરક્ત રહેનારા, ૪ શ્રુતિસાગરઃ—ચારે વેદના સાગરરૂપ, ૪૨

૫ સુભુજઃ—સુંદર હાથવાળા, ૬ દુર્ધરઃ—ધ્યાન વેળાએ મહા કષ્ટથી અંતઃકરણમાં ધારણ કરાય તેવા, ૭ વાગ્મીઃ—વાચાળ, ૮ મહેન્દ્રઃ—મોટા ઈંદ્ર રાજા, ૯ વસુદઃ—ધન આપનારા, ૨૭૦ વસુઃ—ધન, મૂર્ત્તિ અથવા તો આકાશમાં વસનારા વાયુરૂપ, ૧ નૈકરૂપઃ—અનન્ત રૂપધારી, ૨ બૃહદ્રૂપઃ—મોટા વિશ્વરૂપધારી, ૩ શિપિવિષ્ટઃ-યજ્ઞરૂપે પશુઓમાં નિવાસ કરનારા અથવા તો કિરણમાં રહેનારા, ૪ પ્રકાશનઃ—પ્રકાશ કરનારા, ૪૩

૫ ઓજસ્તેજોદ્યુતિધરઃ—પ્રાણબળને, ઐશ્વર્યને અને કાંતિને ધારણ કરનારા, ૬ પ્રકાશાત્માઃ—પ્રકાશ કરનાર છે સ્વરૂપ જેનું એવા, ૭ પ્રતાપનઃ—વિશ્વને

ऋद्धः स्पष्टाक्षरो मंत्रश्चंद्रांशुर्भास्करद्युतिः ॥४४॥
अमृतांशूद्भवो भानुः शशबिंदुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः ॥ ४५ ॥

તપાવનારા, ૮ ઋદ્ધઃ—ધર્મજ્ઞાનથી તથા વૈરાગ્યથી સંપન્ન, ૯ સ્પષ્ટાક્ષરઃ—ૐકારવડે સ્પષ્ટ જણાતા, ૨૮૦ મંત્રઃ—ઋગ્, યજુષ્ અને સામ વેદના મંત્રરૂપ, ૧ ચન્દ્રાંશુઃ—ચંદ્રમાનાં કિરણોની પેઠે ત્રણ તાપથી પીડાયલાને આનંદ આપનારા, ૨ ભાસ્કરદ્યુતિઃ—સૂર્યના જેવા કાંતિવાળા, ૪૪

૩ અમૃતાંશૂદ્ભવઃ—સમુદ્રના મથનવેળા ચંદ્રમાને ઉત્પન્ન કરનારા સાગરરૂપ, ૪ ભાનુઃ—પ્રકાશ કરનારા સૂર્ય, ૫ શશબિંદુઃ—ચંદ્રમા, ૬ સુરેશ્વરઃ—ઇન્દ્ર, ૭ ઔષધઃ—સંસારરૂપી વ્યાધિને દૂર કરવામાં ઔષધરૂપ, ૮ જગતઃસેતુઃ—જગતનું રક્ષણ કરવા માટે સેતુરૂપ, ૯ સત્યધર્મપરાક્રમઃ—સત્ય છે ધર્મ જ્ઞાન આદિ ગુણો તથા પરાક્રમ જેનું એવા, ૨૯૦ ભૂતભવ્યભવન્નાથઃ—ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનાં પ્રાણીઓના સ્વામી, ૧ પવનઃ—પવનરૂપ, ૨ પાવનઃ—જગતને પવિત્ર કરનારા, ૩ અનલઃ-અગ્નિમૂર્ત અથવા

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत्कांतः कामः कामप्रदः प्रभुः ४६
युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ।
अदृश्योऽव्यक्तरूपश्च सहस्रजिदनंतजित् ॥४७॥

તો જીવ મૂર્તિ, ૪ કામહાઃ—ભક્તોની તૃષ્ણાનો નાશ કરનારા, ૫ કામકૃત્ઃ—ભક્તોની કામનાને પૂરનારા અથવા તો કામના પિતા, ૬ કાંતઃ—સુંદર, ૭ કામઃ—ધર્માદિક પુરુષાર્થની કામનાવાળાઓએ ઈચ્છાતા, ૮ કામપ્રદઃ—કામનાવાળાઓની સંપૂર્ણ કામનાઓને પૂરનારા, ૯ પ્રભુઃ—મહાસમર્થ, ૪૪–૪૬

૩૦૦ યુગાદિકૃત્ઃ—સત્યાદિક યુગનો આરંભ કરનારા, ૧ યુગાવર્તઃ—યુગોમાં ફેરફાર કરનારા, ૨ નૈકમાયઃ—અનંત માયા કરનારા, ૩ મહાશનઃ—મોટું ભોજન કરનાર, ૪ અદૃશ્યઃ—સર્વની બુદ્ધિથી તથા ઇન્દ્રિયોથી જોઈ શકાય નહિ તેવા, ૫ અવ્યક્તરૂપઃ—સૂક્ષ્મરૂપધારી, ૬ સહસ્રજિત્ઃ—હજારો દૈત્યોને હરાવનારા, ૭ અનંતજિત્ઃ—લીલાવડે સર્વનો વિજય કરનારા, ૮ ઇષ્ટઃ—યજ્ઞવડે પૂજાતા, ૯ વિશિષ્ટઃ—સર્વ કરતાં શ્રેષ્ઠ, ૩૧૦ શિષ્ટેષ્ટઃ—મોટમોટા વિદ્વાનોને પ્રિય, ૧ શિખંડીઃ-મયૂરપિચ્છવડે ગોવાળીઆનો વેશ ધારણ

इष्टो विशिष्टः शिष्टेष्टः शिखंडी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥४८॥
अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥ ४९ ॥

કરનારા, ૨ નહુષઃ–માયાવડે પ્રાણીઓને બંધનમાં નાંખનારા, ૩ વૃષઃ–કામના પૂરનારા ધર્મરૂપ, ૪ ક્રોધહાઃ–ક્રોધનો નાશ કરનારા, ૫ ક્રોધકૃત્કર્તાઃ–ક્રોધ કરનારા દૈત્યાદિકનો નાશ કરનારા તથા વિશ્વકર્તા અથવા તો અસાધુ ઉપર ક્રોધ કરનારા અને જગત્ રચનારા, ૬ વિશ્વબાહુઃ–ચારે દિશામાં બાહુવાળા, ૭ મહીધરઃ–પૃથિવીને ધારણ કરનારા, ૪૭-૪૮

૮ અચ્યુતઃ–જન્માદિક છ વિકારરહિત, ૯ પ્રથિતઃ–જગતની ઉત્પત્તિ વગેરે કર્મોથી પ્રખ્યાત, ૩૨૦ પ્રાણઃ–સૂત્રાત્મારૂપે જગતને જીવાડનારા, ૧ પ્રાણદઃ–બળને આપનારા, ૨ વાસવાનુજઃ–ઇંદ્રના નાના ભાઈ, ૩ અપાંનિધિઃ–સાગરરૂપ, ૪ અધિષ્ઠાનઃ–પ્રાણીઓના ઉપાદાન કારણ એવા બ્રહ્મ, ૫ અપ્રમત્તઃ–અધિકારીઓને તેમના કર્માનુસાર ફળ આપનારા, ૬ પ્રતિષ્ઠિતઃ–પોતાના મહિમામાં રહેલા, ૪૯

૭ સ્કંદઃ–અમૃતરૂપે ગમન કરનારા, તથા વાયુરૂપે

स्कंदः स्कंदधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरंदरः ॥ ५० ॥
अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥५१॥

સર્વનું શોષણ કરનારા, અથવા કાર્તિક સ્વામીરૂપ, ૮ સ્કંદધરઃ—ધર્મ માર્ગનું રક્ષણ કરનારા, ૯ ધુર્યઃ—મનુષ્યમાત્રની જન્મ, મરણ આદિકની ધૂસરી ધરનારા, ૩૩૦ વરદઃ-વરદાન આપનારા, ૧ વાયુવાહનઃ—વાયુ જેવો વેગવંત ગરુડ છે વાહન જેનું એવા, ૨ વાસુદેવઃ—વાસુદેવના પુત્ર, ૩ બૃહદ્ભાનુઃ—મોટાં કિરણોવડે જગતને પ્રકાશ કરનારા, ૪ આદિદેવઃ—મુખ્ય દેવ, ૫ પુરંદરઃ—શત્રુઓનાં નગરોનો નાશ કરનારા, ૫૦

૬ અશોકઃ—શોકાદિ છ ઊર્મિઓથી રહિત, ૭ તારણઃ—સંસાર સાગરમાંથી ભક્તોનો ઉદ્ધાર કરનારા, ૮ તારઃ—ૐકારમૂર્ત અથવા તો મનુષ્યોને જન્મ, જરા અને મરણના પાશમાંથી મુક્ત કરનારા, ૯ શૂરઃ—શૂરવીર, ૩૪૦ શૌરિઃ—શૂર વંશમાં જન્મેલા, ૧ જનેશ્વરઃ—મનુષ્યોના સ્વામી, ૨ અનુકૂલઃ-સર્વને આત્મારૂપે અનુકૂલ રહેનારા, ૩ શતાવર્તઃ—ધર્મની

पद्मनाभोऽरविंदाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्द्धिऋद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥५२॥
अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिंजयः ५३

રક્ષા કરવા માટે સેંકડો વાર જન્મ લેનારા, ૪ પદ્મી:–કમળને ધારણ કરનારા, ૫ પદ્મનિભેક્ષણ:–કમળ જેવાં નેત્રવાળા, ૫૧

૬ પદ્મનાભ:–નાભિમાં કમળને ધારણ કરનારા, ૭ અરવિંદાક્ષ:–કમળ જેવાં નેત્રવાળા, ૮ પદ્મગર્ભ:–હૃદયકમળમાં ધ્યાન કરવા યોગ્ય, ૯ શરીરભૃત્:–શરીરોનું પોષણ કરનારા, ૩૫૦ મહર્દ્ધિ:–મોટી સમૃદ્ધિવાળા, ૧ ઋદ્ધ:–સંસારમાં સ્વેચ્છાથી રુન્ધાયલા, ૨ વૃદ્ધાત્મા:–પુરાતની આત્માવાળા, ૩ મહાક્ષ:–વિશાળ નેત્રવાળા, ૪ ગરુડધ્વજ:–ગરુડનાં ચિહ્નવાળી ધ્વજાથી અલંકૃત, ૫૨

૫ અતુલ:–ઉપમા વિનાના, ૬ શરભ:–પ્રત્યેક શરીરમાં પ્રકાશ કરનારા, ૭ ભીમ:–ભયંકર, ૮ સમયજ્ઞ:–સમય જાણનારા, ૯ હવિર્હરિ:–યજ્ઞમાં હોમેલાં બળિદાનને હરનારા અથવા બળિરૂપ તથા પાપને હરનારા, ૩૬૦ સર્વલક્ષણલક્ષણ્ય:-સર્વ પ્રકા-

विक्षरो रोहितो मार्गो हेतुर्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवानमिताशनः ॥ ५४ ॥
उद्भवः क्षोभणो देवः श્રીगर्भः परमेश्वरः ।

રનાં લક્ષણોથી જાણવા યોગ્ય, ૧ લક્ષ્મીવાન્:–લક્ષ્મીવાળા,૨ સમિતિંજય:–રણુસંગ્રામનો વિજય કરનારા, ૫૩

૩ વિક્ષર:–અવિનાશી, ૪ રોહિત:–મત્સ્યાવતાર લેનારા, ૫ માર્ગહેતુ:–ધર્મ માર્ગના ચલાવનારા, ૬ દામોદર:–દામડું છે ઉદરમાં જેમનાં,એવા,૭ સહ:–દૈત્યાદિકની સામે ટક્કર ઝીલનારા, ૮ મહીધર:–પૃથ્વીને ધારણુ કરનારા,૯ મહાભાગ:–મોટા ભાગ્યવંત, ૩૭૦ વેગવાન્:–વેગવાળા, ૧ અમિતાશન:–સંહાર વેળા સર્વ જગતનું ભક્ષણુ કરનારા, ૫૪

૨ ઉદ્ભવ:–જગતના ઉપાદાન કારણુ,૩ ક્ષોભણુ:–સૃષ્ટિવેળા પ્રકૃતિ અને પુરુષને ક્ષોભ કરનારા, ૪ દેવ:–અનંત પ્રકારની ક્રીડાઓ કરનારા,૫ શ્રીગર્ભ:–ઉદરમાં વિભૂતિને ધારણુ કરનારા,૬ પરમેશ્વર:–પરમેશ્વર,૭ કરણુ:–ઉત્તમ સાધનરૂપ, ૮ કારણુ:–પૃથ્વીની ઉત્પત્તિના ઉપાદાન કારણુભૂત, ૯ કર્ત્તા:–

करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः । ५५।
व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ।
परर्धिः परमः स्पष्टस्तुष्टः पुष्टः शुभेक्षणः ॥५६॥
रामो विरामो विरजो मार्गो नेयो नयोऽनयः ।

સર્વ રીતે સ્વતંત્ર, ૩૮૦ વિકર્ત્તાઃ—વિચિત્ર પ્રકારની સૃષ્ટિ રચનારા, ૧ ગહનઃ—જાણી શકાય નહિ તેવા, ૨ ગુહઃ—માયાવડે સ્વરૂપને ઢાંકનારા, ૫૫

૩ વ્યવસાયઃ—જ્ઞાનમાત્રસ્વરૂપ હોવાથી વ્યવસાયરૂપ, ૪ વ્યવસ્થાનઃ—વર્ણ અને આશ્રમના વિભાગ પાડનારા, ૫ સંસ્થાનઃ—પ્રલયવેળા પ્રાણીઓને લય થવાના સ્થાનરૂપ, ૬ સ્થાનદઃ—ધ્રુવ આદિ ભક્તોને સ્થાનક આપનારા, ૭ ધ્રુવઃ—અવિનાશી, ૮ પરર્ધિઃ—મોટી સમૃદ્ધિવાળા, ૯ પરમઃ—સર્વ કરતાં ઉત્તમ, ૩૯૦ સ્પષ્ટઃ—સ્પષ્ટ છે સ્વરૂપ જેનું એવા, ૧ તુષ્ટઃ—પ્રસન્ન થનારા, ૨ પુષ્ટઃ—સર્વરૂપે સંપૂર્ણ, ૩ શુભેક્ષણઃ—સુંદર નેત્રવાળા, ૫૬

૪ રામઃ—યોગીઓને રમવાનાં સ્થાનરૂપ, ૫ વિરામઃ—પ્રાણીઓને લય પામવાનું સ્થાન, ૬ વિરજઃ—રજોગુણ અને તમોગુણથી રહિત, ૭ માર્ગઃ—

वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः॥९७॥
वैकुंठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः।
हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायुरधोक्षजः ॥५८॥

મુમુક્ષુ જનોને મોક્ષે જવાના માર્ગરૂપ, ૮ નેયઃ— ઉત્તમ જ્ઞાનવડે ગ્રહણ કરવા યોગ્ય, ૯ નયઃ—સર્વને નિયમમાં રાખનારા, ૪૦૦ અનયઃ—સર્વતંત્ર—સ્વતંત્ર, ૧ વીરઃ—શૂરવીર, ૨ શક્તિમતાં શ્રેષ્ઠઃ—શક્તિવાળાઓમાં ઉત્તમ, ૩ ધર્મઃ—સર્વનો ઉદ્ધાર કરનાર, ૪ ધર્મવિદુત્તમઃ—ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ, ૫૭

૫ વૈકુંઠઃ—જગતના આરંભમાં જૂદાં જૂદાં પંચ મહાભૂતોને એકઠાં કરીને તેઓની સ્થિતિ બાંધનારા, ૬ પુરુષઃ—નવ દ્વારવાળી દેહપુરીમાં વસનારા, ૭ પ્રાણઃ—સર્વ પ્રાણીઓમાં પ્રાણરૂપે ચેષ્ટા કરનારા, ૮ પ્રાણદઃ—પ્રાણ આપનારા અથવા પ્રલયવેળા પ્રાણીઓના પ્રાણનો નાશ કરનારા, ૯ પ્રણવઃ—ૐકાર મૂર્ત્તિ, ૪૧૦ પૃથુઃ—જગતરૂપે વિસ્તારવાળા, ૧ હિરણ્યગર્ભઃ—સુવર્ણનાં ઇંડાંમાંથી જન્મેલા, ૨ શત્રુઘ્નઃ— શત્રુરૂપ દૈત્યોનો નાશ કરનારા, ૩ વ્યાપ્તઃ—કારણ રૂપે સર્વ કાર્યમાં વ્યાપેલા, ૪ વાયુઃ—વાયુરૂપ, ૫ અધોક્ષજઃ—જેની પાસે જ્ઞાનેન્દ્રિયોથી થયેલું જ્ઞાન પણ

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ।
उग्रः संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः ५९

પહોંચી શકતું નથી એવા અથવા તો આકાશ તથા પૃથ્વી જેનાથી ઉત્પન્ન થયાં છે એવા, ૫૮

૬ ઋતુઃ—વસંતાદિક છ ઋતુમૂર્તિ, ૭ સુદર્શનઃ—નિર્વાણ છે ફળ જેનું એવા ઉત્તમ જ્ઞાનવાળા અથવા તો સુંદર નેત્રવાળા, ૮ કાલઃ—સર્વનો સંહાર કરનારા, ૯ પરમેષ્ઠીઃ—પોતાના ઉત્તમ મહિમામાં નિવાસ કરનારા, ૪૨૦ પરિગ્રહઃ—ભક્તોએ અર્પણ કરેલાં પત્ર, પુષ્પ આદિ ગ્રહણ કરનારા, ૧ ઉગ્રઃ—સૂર્ય વગેરે તેજસ્વી પદાર્થોને પણ ભય આપનારા, ૨ સંવત્સરઃ—જેમાં પ્રાણીઓ એક સાથે નિવાસ કરે છે એવા, ૩ દક્ષઃ—કાર્ય કરવામાં કુશળ, ૪ વિશ્રામઃ—સંસારની છ ઉર્મિઓથી તથા મોટા ક્લેશોથી ખિન્ન થયેલા લોકોને મુક્તિરૂપ વિશ્રાંતિ આપનારા, ૫ વિશ્વદક્ષિણઃ—આખાં જગત્ કરતાં વિશેષ કુશળ અથવા વિશ્વ સંબંધી સર્વ કર્મ કરવામાં કુશળ, ૫૯

૬ વિસ્તારઃ—સર્વ જગતના વિસ્તારનું સ્થાનક, ૭ સ્થાવરઃ—સ્થાણુ—સ્થિર રહેનારા તથા સ્થિતિ-

विस्तारः स्थावरः स्थाणुः प्रमाणं बीजमव्ययम् ।
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः॥६०॥
अनिर्विण्णः स्थविष्ठोऽभूर्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥६१ ॥

વાળી પૃથ્વી આદિકને રહેવાનાં સ્થાનભૂત, ૮ પ્રમાણ:—પ્રત્યય આદિ પ્રમાણુરૂપ, ૯ બીજમવ્યય:—કારણરૂપ તથા અવિનાશી, ૪૩૦ અર્થ:—સુખરૂપ હોવાથી સર્વ કોઈથી પ્રાર્થના કરાતા, ૧ અનર્થ:—સર્વ કામનાથી પરિપૂર્ણ હોવાને લીધે બીજાની પ્રાર્થના ન કરનારા, ૨ મહાકોશ:—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ને આનંદમય, એ પાંચ કોશોથી ઢંકાયલા, ૩ મહાભોગ:—સુખરૂપ મહાભોગ ભોગવનારા, ૪ મહાધન:—ભોગનાં સાધનરૂપ પુષ્કળ ધનવાળા, ૬૦

૫ અનિર્વિણ્ણ:—શોકરહિત, ૬ સ્થવિષ્ઠ:—વિરાટ્ રૂપે મહાસ્થૂલ, ૭ અભૂ:—જન્મરહિત, ૮ ધર્મયૂપ:—ધર્મના સ્તંભરૂપ, ૯ મહામખ:—મોટા યજ્ઞમૂર્તિ, ૪૪૦ નક્ષત્રનેમિ:—ગ્રહમાત્રના નેમિરૂપ અર્થાત્ ધ્રુવ નામનાં નક્ષત્રરૂપ, ૧ નક્ષત્રી:—ચંદ્રમારૂપ, ૨ ક્ષમ:—સર્વ કાર્ય કરવામાં શક્તિમાન્, ૩ ક્ષામ:—સર્વ

यज्ञ इज्यो महेज्यश्च क्रतुः सत्रं सतां गतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥६२॥
सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ।

મનુષ્યોમાં સ્વસ્વરૂપે વસનારા,૪ સમીહનઃ—સૃષ્ટિ આદિક રચવા માટે સારી પેઠે ચેષ્ટા કરનારા, ૬૧

૫ યજ્ઞઃ—યજ્ઞમૂર્તિ, ૬ ઇજ્યઃ—પૂજવા યોગ્ય,૭ મહેજ્યઃ—યજન કરવા યોગ્ય સર્વ દેવતાઓવિષે અવશ્ય યજન કરવા યોગ્ય, ૮ ક્રતુઃ—જેમાં સ્તંભ ઉભો કરવામાં આવે છે એવા યજ્ઞમૂર્તિ, ૯ સત્રઃ—સત્પુરુષોની રક્ષા કરનારા, ૪૫૦ સતાં ગતિઃ—સત્પુરુષોની ગતિ અથવા તો તેના આશ્રયરૂપ, ૧ સર્વદર્શીઃ—સર્વ પ્રાણીઓને જોનારા, ૨ વિમુક્તાત્માઃ—સ્વભાવથી મુક્ત, ૩ સર્વજ્ઞઃ—સર્વ વસ્તુને જાણનારા, ૪ ઉત્તમજ્ઞાનઃ—ઉત્તમ જ્ઞાન મૂર્તિ. ૬૨

૫ સુવ્રતઃ—સદાચારવાળા અથવા તો ભક્તજનોને તુરતજ અભયદાન આપવારૂપી વ્રત ધારણ કરનારા, ૬ સુમુખઃ—સુંદર મુખવાળા અથવા તો સર્વ વિદ્યાનો ઉપદેશ દેનારા હોવાથી સુંદર મુખવાળા, ૭ સૂક્ષ્મઃ—શબ્દાદિક સ્થૂલ કારણરહિત હોવાથી સૂક્ષ્મ, ૮

मनोहरो जितक्रोधो वीरबाहुर्विदारणः ॥ ६३ ॥
स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ।
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥६४॥

સુઘોષઃ–વેદાદિકનું ગાયન કરતી વેળાએ સુંદર શબ્દ-વાળા, ૯ સુખદઃ–સુખ આપનારા, ૪૬૦ સુહૃદઃ–સર્વના મિત્રરૂપ, ૧ મનોહરઃ–મનને હરણ કરનારા, ૨ જિતક્રોધઃ–ક્રોધને જિતનારા, ૩ વીરબાહુઃ–પરાક્રમવાળા બાહુવાળા, ૪ વિદારણઃ–અધર્મીઓનો નાશ કરનારા, ૬૩

૫ સ્વાપનઃ–માયાવડે સર્વ પ્રાણીઓને નિદ્રાધીન કરનારા, ૬ સ્વવશઃ–પોતાને આધીન, ૭ વ્યાપીઃ–સર્વત્ર વ્યાપક, ૮ નૈકાત્માઃ–વિભૂતિવડે અનેકરૂપ ધારણ કરનારા, ૯ નૈકકર્મકૃત્–જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારરૂપી અનેક કર્મ કરનારા, ૪૭૦ વત્સરઃ-સર્વનો નિવાસ છે જેને વિષે એવા, ૧ વત્સલઃ–ભક્તો ઉપર પ્રેમ કરનારા, ૨ વત્સીઃ–વાછરડાની વ્રજમાં રક્ષા કરનારા અથવા તો સર્વ પ્રજા ઉપર પુત્રની પેરે પ્રેમ કરનારા, ૩ રત્નગર્ભઃ–રત્નોને ઉદરમાં ધારણ કરનારા, અર્થાત્ સમુદ્રમૂર્તિ, ૪ ધનેશ્વરઃ–ધનના સ્વામી કુબેરરૂપ, ૬૪

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥ ६५॥
गभस्तिनेमिः सत्वस्थः सिंहो भूतमहेश्वरः ।

૫ ધર્મગુપઃ–ધર્મનું રક્ષણ કરનારા, ૬ ધર્મકૃતઃ–ધર્મની મર્યાદા સ્થાપવામાટે ધર્મ કરનારા, ૭ ધર્મીઃ–ધર્મને ધારણ કરનારા, ૮ સતઃ–કારણરૂપે સત્ય, ૯ અસતઃ–પ્રપંચરૂપે અસત્ય, ૪૮૦ ક્ષરઃ–સર્વ પ્રાણીરૂપે નાશવંત, ૧ અક્ષરઃ–કૂટસ્થરૂપ અક્ષર, ૨ અવિજ્ઞાતાઃ–આત્મામાં કર્તૃત્વાદિની વાસનાથી જીવરૂપ, ૩ સહસ્રાંશુઃ–હજાર કિરણવાળા સૂર્યમૂર્તિ, ૪ વિધાતાઃ–શેષ, દિગ્ગજ અને પર્વતોને અથવા તો સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારા, ૫ કૃતલક્ષણઃ–વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરનારા અથવા તો શાસ્ત્રોને રચનારા, ૬૫

૬ ગભસ્તિનેમિઃ–કિરણરૂપી છે હાથ જેને એવા ચંદ્રમા અને સૂર્યરૂપે રહેલા, ૭ સત્વસ્થઃ–પ્રાધાન્યપણાથી સર્વ પ્રાણીઓમાં ગુણરૂપે રહેલા અથવા તો સર્વ પ્રાણીઓમાં નિવાસ કરનારા, ૮ સિંહઃ-સિંહ જેવા પરાક્રમી, ૯ ભૂતમહેશ્વરઃ–

आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरुः ॥ ६६ ॥
उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।
शरीरभूतभृद्भोक्ता कपींद्रो भूरिदक्षिणः ॥ ६७ ॥

સત્યવડે પ્રાણીઓના મહેશ્વર, ૪૯૦ આદિદેવઃ—આદિદેવ, ૧ મહાદેવઃ—સર્વ પદાર્થોનો ત્યાગ કરીને આત્મજ્ઞાનરૂપી યોગૈશ્વર્યમાં મોઝ મારનારા ઈશ્વર, ૨ દેવેશઃ—દેવોના ઈશ્વર, ૩ દેવભૃદ્ગુરુઃ—દેવતાઓનું પ્રાધાન્યપણે પોષણ કરનારા તથા ઈંદ્રના પણ ગુરુ બૃહસ્પતિ, ૬૬

૪ ઉત્તરઃ—જન્મરૂપી સંસારસાગરમાંથી તારનારા અથવા તો સર્વ કરતાં શ્રેષ્ઠ, ૫ ગોપતિઃ—ગાયોની રક્ષા કરનારા અથવા વૃક્ષની રક્ષા કરનારા અથવા તો વાણીના પતિ, ૬ ગોપ્તાઃ—જગતનું રક્ષણ કરનારા, ૭ જ્ઞાનગમ્યઃ—કેવળ જ્ઞાનથી જ જાણવામાં આવે તેવા, ૮ પુરાતનઃ—પુરાણ પુરુષ, ૯ શરીરભૂતભૃતઃ—શરીરને ઉત્પન્ન કરનારાં પંચભૂતોનું પોષણ કરનારા, ૫૦૦ ભોક્તાઃ—પાવન કરનારા અથવા તો નિરતિશય આનંદ ભોગવનારા, ૧ કપીંદ્રઃ—મહા વરાહ અથવા તો રામચન્દ્ર, ૨ ભૂરિદક્ષિણઃ—રામાદિરૂપે યજ્ઞમાં બહુ દક્ષિણા આપનારા, ૬૭

सोमपोऽमृतपः सोमः पुरुजित्पुरुसत्तमः ।
विनयो जयः सत्यसंधो दाशार्हः सात्वतांपतिः ६८
जीवो विनयिता साक्षी मुकुंदोऽमितविक्रमः ।

૩ સોમપઃ—યજમાનરૂપે અથવા તો દેવતારૂપે સોમરસનું પાન કરનારા, ૪ અમૃતપઃ—સમુદ્ર મંથન વેળાએ નિકળેલું અમૃત દેવતાઓને પાનારા તથા પોતે પીનારા, ૫ સોમઃ—ઔષધિઓનું પોષણ કરનારા ચન્દ્રમા, ૬ પુરુજિતઃ—બહુ દૈત્યોનો પરાજય કરનારા, ૭ પુરુસત્તમઃ—વિશ્વરૂપ તથા સર્વ કરતાં શ્રેષ્ઠ, ૮ વિનયઃ—દુષ્ટોને નિયમમાં રાખનારા, ૯ જયઃ—સર્વનો પરાજય કરનારા, ૫૧૦ સત્યસંધઃ—સત્ય પ્રતિજ્ઞાવાળા, ૧ દાશાર્હઃ—દાનયોગ્ય અથવા તો દાશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા, ૨ સાત્વતાંપતિઃ—સાત્વત કુળના પતિ અથવા તો યોગક્ષેમનું વહન કરનારા, ૬૮

૩ જીવઃ—ક્ષેત્રજ્ઞરૂપે રહેલા જીવરૂપ, ૪ વિનયિતાસાક્ષીઃ—પ્રજાના વિનયીપણાને સાક્ષાત્ જોનારા અથવા તો તેની ગતિ કરાવનારા અથવા તો એક આત્માના જ દ્રષ્ટા, ૫ મુકુન્દઃ—મોક્ષ આપનારા, ૬ અમિતવિક્રમઃ—અપાર પરાક્રમવાળા, ૭ અમ્ભો-

अंभोनिधिरनंतात्मा महोदधिशयोंऽतकः ॥६९॥
अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः ।
आनंदो नंदनो नंदः सत्यधर्मा त्रिविक्रमः ७०

નિધિઃ—સાગરરૂપ,૮ અનંતાત્મા:—વસ્તુતાએ અપરિચ્છિન્ન છે મૂર્તિ જેની એવા, ૯ મહોદધિશયઃ—સર્વ પ્રાણીઓનો સંહાર કરીને એકાકાર થયેલા મહાસાગરમાં શયન કરનારા, ૫૨૦ અન્તકઃ—પ્રાણીઓનો સંહાર કરનારા કાળ મૂર્તિ, ૬૯

૧ અજઃ—અજન્મા અથવા તો કાળમૂર્તિ, ૨ મહાર્હઃ—પૂજા કરવા યોગ્ય,૩ સ્વાભાવ્યઃ—સ્વાભાવિક રીતે જ પોતે ઉત્પન્ન થનારા, ૪ જિતામિત્રઃ—રાગ દ્વેષાદિક આંતર અને રાવણાદિક બાહ્ય શત્રુઓનો પરાજય કરનારા, ૫ પ્રમોદનઃ—આત્મજ્ઞાનરૂપી અમૃતનો સ્વાદ લેનારા અને હર્ષ આપનારા, ૬ આનંદઃ—આનંદમૂર્તિ, ૭ નંદનઃ—પ્રસન્ન કરનારા,૮ નંદઃ—યોગ્ય સંપત્તિઓથી સંપન્ન, ૯ સત્ય ધર્મઃ—જ્ઞાનાદિક સત્યધર્મવાળા, ૫૩૦ત્રિવિક્રમઃ—વામનાવતાર ધારણ કરીને ત્રણ પગલામાં ત્રણ લોકને પૂરનારા, ૭૦

૧ મહર્ષિકપિલાચાર્યઃ—મહર્ષિ એવા કપિલાચાર્ય,

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृंगः कृतांतकृत् ॥७१॥
महावराहो गोविंदः सुषेणः कनकांगदी ।
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥ ७२ ॥

૨ કૃતજ્ઞઃ—જગતરૂપ તથા આત્મારૂપ, ૩ મેદિની-પતિઃ—પૃથ્વીના પતિ, ૪ ત્રિપદઃ—ત્રણ ચરણવાળા, ભુર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોક એ ત્રણવાળા, ૫ ત્રિદશાધ્યક્ષઃ—દેવતાઓમાં અધ્યક્ષ, ૬ મહાશૃંગઃ—મત્સ્યાવતારમાં માથે શિંગડાંવાળા, ૭ કૃતાંતકૃતઃ—કાળનો પણ નાશ કરનારા—મહાકાળ, ૭૧

૮ મહાવરાહઃ—મહાવરાહ, ૯ ગોવિન્દઃ—વેદ-વાણીથી જાણી શકાય તેવા, ૫૪૦ સુષેણઃ—સુંદર સેનાવાળા, ૧ કનકાંગદીઃ—સુવર્ણના બાજુબંધવાળા, ૨ ગુહ્યઃ—હૃદયાકાશમાં રહેવાથી ગુહ્ય, ૩ ગંભીરઃ—જ્ઞાન, ઐશ્વર્ય અને બળ આદિવડે ગંભીર, ૪ ગહનઃ—પ્રવેશ કરી શકાય નાહુ તેથી અથવા તો ત્રણ અવ-સ્થાના તથા ભાવાભાવના સાક્ષી હોવાથી ગહન, ૫ ગુપ્તઃ—મન તથા વાણીથી જણાય નહિ તેવા, ૬ ચક્રગદાધરઃ—લોકોની રક્ષાને માટે મનસ્તત્ત્વરૂપી ચક્રને અને બુદ્ધિતત્ત્વરૂપી ગદાને ધારણ કરનારા,૭૨

वेधाः स्वाङ्गोऽजितः कृष्णो दृढः संकर्षणोऽच्युतः।
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥७३॥
भगवान् भगहा नंदी वनमाली हलायुधः ।

૭ વેધાઃ—વિધાતા, ૮ સ્વાંગઃ—કાર્ય કરવામાં પોતે સહકારી, ૯ અજિતઃ—અવતારોમાં કોઇનાથી પણ ન જિતાયલા, ૫૫૦ કૃષ્ણઃ—વેદવ્યાસરૂપ અથવા તો શ્યામ રંગના શ્રીકૃષ્ણ, ૧ દૃઢઃ—દૃઢ શક્તિવાળા, સ્વરૂપ સામર્થ્ય આદિથી ભ્રષ્ટ નહિ થનારા, ૨ સંકર્ષણઃ—સંહાર વેળા પ્રાણીઓનું આકર્ષણ કરનારા, ૩ અચ્યુતઃ—સ્વધર્મમાંથી ભ્રષ્ટ નહિ થનારા, ૪ વરુણઃ—વરુણદેવને અથવાં તો કિરણને ટૂંકા કરનારા સાયંકાળના સૂર્ય, ૫ વારુણઃ—વરુણના પુત્ર વસિષ્ઠ અથવા તો અગસ્ત્ય, ૬ વૃક્ષઃ—વૃક્ષની પેઠે અચળ રહેનારા, ૭ પુષ્કરાક્ષઃ—હૃદયકમળમાં ધ્યાન કરવાથી પોતાનાં સ્વરૂપે પ્રકાશનારા, ૮ મહામનાઃ—ઉદારમનવાળા, ૭૩

૯ ભગવાન્ઃ—ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, વૈરાગ્ય અને મોક્ષ, આ છ સંપત્તિવાળા, ૫૬૦ ભગહાઃ—સંહાર વેળા સર્વનાં ઐશ્વર્યનો નાશકર્તા, ૧ નંદીઃ—સુખરૂપ, ૨ વનમાલીઃ—વૈજયંતી નામની વનમાળાને

आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः ७४
सुधन्वा खंडपरशुर्दारुणो द्रविणप्रदः ।
दिवस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ७५
त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ।

ધારણ કરનારા, ૩ હલાયુધઃ—હળરૂપી આયુધ ધારણ કરનારા, ૪ આદિત્યઃ—અદિતિની ઉદરે કશ્યપથી જન્મેલા, ૫ જ્યોતિરાદિત્યઃ—સૂર્યમંડળમાં જ્યોતિ મંડળરૂપે રહેલા, ૬ સહિષ્ણુઃ—સુખ, દુઃખ સહન કરનારા, ૭ ગતિસત્તમઃ—ઉત્તમ ગતિવાળા, ૭૪

૮ સુધન્વાઃ—શાર્ઙ્ગ નામનાં સુંદર ધનુષને ધારણ કરનારા, ૯ ખણ્ડપરશુઃ—શત્રુનો નાશ કરનારી પરશી ધારણ કરનારા, ૫૭૦ દારુણઃ—મહાભયંકર, ૧ દ્રવિણપ્રદઃ—ધન આપનારા, ૨ દિવસ્પૃક્ઃ—સ્વર્ગનો સ્પર્શ કરનારા, ૩ સર્વદૃગ્વ્યાસઃ—સર્વ વસ્તુને પ્રત્યક્ષ જોનારા અને એક વેદના ચાર વેદ કરનારા, ૪ વાચસ્પતિઃ—વિદ્યાના પતિ, ૫ અયોનિજઃ—સ્વયંભૂ, ૭૫

૬ ત્રિસામાઃ—ત્રણ સામ ગાન કરનારાઓથી સ્તવાતા, ૭ સામગઃ—સામનું ગાન કરનારા, ૮ સામઃ—દેવોમાં સામવેદોની મૂર્તિરૂપ, ૯ નિર્વાણઃ—પરમાનંદ

संन्यासकृच्छमः शांतो निष्ठाशांतिः परायणः ७६
शुभांगः शांतिदः स्रष्टा कुमुदः कुवलेशयः ।
गोहितो गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥७७॥

સ્વરૂપ, ૫૮૦ ભેષજઃ—સંસારરૂપી રોગના ઔષધ-રૂપ, ૧ ભિષક્ઃ—સંસારરૂપી રોગ દૂર કરવા માટે મહાવિદ્યાનો ઉપદેશ આપનારા, ૨ સંન્યાસકૃતઃ—મોક્ષ માટે સંન્યાસાશ્રમ બાંધનારા, ૩ શમઃ—સંન્યાસીઓને મુખ્યપણે શમનો ઉપદેશ કરનારા, ૪ શાંતઃ—વિષય સુખોમાં અસંગ, ૫ નિષ્ઠાશાંતિ-પરાયણઃ—પ્રલય વેળાએ લય થવાના સ્થાનરૂપ, સર્વ અવિદ્યાની નિવૃત્તિરૂપ તથા પુનરાવૃત્તિની શંકા રહિત સ્થાનરૂપ, ૭૬

૬ શુભાંગઃ—સુંદર અંગવાળા, ૭ શાંતિઃ—શાંતિ આપનારા, ૮ સ્રષ્ટાઃ—સર્વ પ્રાણીઓના સરજનારા, ૯ કુમુદઃ—પૃથિવી ઉપર આનંદ આપનારા ચન્દ્રરૂપ, ૫૯૦ કુવલેશયઃ—જળમાં શેષના ઉદર ઉપર શયન કરનારા, ૧ ગોહિતઃ—ગાયોનું હિત કરનારા, ૨ ગો-પતિઃ—પૃથિવી વગેરેના રક્ષક, ૩ ગોપ્તાઃ—માયાવડે પોતાનાં સ્વરૂપને ઢાંકનારા અથવા તો જગતનું રક્ષણ કરનારા, ૪ વૃષભાક્ષઃ—સર્વ કામનાને પૂરનારાં

अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतांवरः ७८
श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः।

છે નેત્રો જેનાં એવા અથવા તો ધર્મ જેની દૃષ્ટિ છે એવા, ૫ વૃષપ્રિયઃ–ધર્મપ્રિય, ૭૭

૬ અનિવર્ત્તીઃ–દેવાસુર સંગ્રામવેળા સામા ચાલીને લડનારા, ૭ નિવૃત્તાત્મા:–વિષયવાસના-રહિત શુદ્ધ મનવાળા, ૮ સંક્ષેપ્તાઃ–સંહાર વેળા જગતને ટૂંકામાં સંકેલનારા, ૯ ક્ષેમકૃતઃ–અંગી-કૃતનું રક્ષણ કરનારા, ૬૦૦ શિવઃ–કલ્યાણમૂર્તિ, ૧ શ્રીવત્સવક્ષા:–સ્મરણ કરવાથી કલ્યાણ કરનારા વા વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરનારા, ૨ શ્રીવાસઃ-નિત્ય લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ, ૩ શ્રીપતિઃ–લક્ષ્મીના પતિ, ૪ શ્રીમતાંવરઃ–ઋગ્, યજુષ્, સામ આદિ લક્ષ્મીવડે લક્ષ્મીવંત એવા બ્રહ્મા આદિકમાં શ્રેષ્ઠ, ૭૮

૫ શ્રીદઃ–ભક્તોને લક્ષ્મી આપનારા, ૬ શ્રીશઃ–લક્ષ્મીના નાથ, ૭ શ્રીનિવાસઃ–લક્ષ્મીના નિવાસ-સ્થાન, ૮ શ્રીનિધિઃ–લક્ષ્મીના ભંડાર અથવા તો

श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः॥७९॥
स्वक्षः स्वंगः शतानंदो नंदिर्ज्योतिर्गणेश्वरः ।
विजितात्मा विधेयात्मा सत्कीर्तिश्छिन्नसंशयः॥८०
उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतः स्थिरः ।

આધારરૂપ, ૯ શ્રીવિભાવનઃ–મનુષ્યોને કર્માનુસાર વિવિધ લક્ષ્મી આપનારા, ૬૧૦ શ્રીધરઃ–લક્ષ્મીને ધારણ કરનારા, ૧ શ્રીકરઃ–સ્તુતિ, સ્મરણ અને પૂજન કરનારા ભક્તોનું કલ્યાણ કરનારા, ૨ શ્રેયઃ–કલ્યાણરૂપ, ૩ શ્રીમાન્ઃ–લક્ષ્મીવાન્, ૪ લોકત્રયાશ્રયઃ–ત્રણ લોકના આશ્રય, ૭૯

૫ સ્વક્ષઃ–સુંદર નેત્રવાળા, ૬ સ્વંગઃ–સુંદર અંગવાળા, ૭ શતાનન્દઃ–એક જ પરમાનંદ ઉપાધિરૂપે શતધા ભેદ પામનારા, ૮ નન્દિઃ–પરમાનન્દસ્વરૂપ, ૯ જ્યોતિર્ગણેશ્વરઃ–ગ્રહ નક્ષત્ર, તારા વિગેરે જ્યોતિર્મંડળના સ્વામી, ૬૨૦ વિજિતાત્માઃ–મનને નિગ્રહ કરનારા, ૧ વિધેયાત્માઃ–કોઈની આજ્ઞામાં ન રહેનારા, સ્વતંત્ર, ૨ સત્કીર્તિઃ–ઉત્તમ કીર્તિવાળા, ૩ છિન્નસંશયઃ–સંશય વિનાના, ૮૦

૪ ઉદીર્ણઃ–સર્વ પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ, ૫ સર્વત-

भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः ।८१।
अर्चिष्मानर्चितः कुंभो विशुद्धात्मा विशोधनः ।
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥८२॥

ચક્ષુઃ—સર્વ વસ્તુને સ્વચૈતન્યવડે જોનારા, ૬ અનીશઃ—જેનો કોઈપણ સ્વામી નથી એવા, ૭ શાશ્વતઃસ્થિરઃ—સદાકાળ વિકાર નહિ પામનારા, ૮ ભૂશયઃ—લંકાની શોધ વેળા સમુદ્રની તટભમિ ઉપર શયન કરનારા, ૯ ભૂષણઃ—ઘણા અવતારોથી પૃથ્વીને શોભા આપનારા, ૬૩૦ ભૂતિઃ—સર્વ વિભૂતિનાં કારણભૂત, ૧ વિશોકઃ—શોકરહિત, ૨ શોકનાશનઃ—ભક્તોના શોકનો નાશ કરનારા, ૮૧

૩ અર્ચિષ્માનઃ—સૂર્ય ચન્દ્ર આદિ તેજસ્વીઓમાં મુખ્ય તેજસ્વી, ૪ અર્ચિઃ—બ્રહ્મા આદિ સર્વથી પૂજાતા, ૫ કુંભઃ—કુંભની પેઠે સર્વ પ્રાણીઓના નિવાસસ્થાન, ૬ વિશુદ્ધાત્માઃ—ત્રણ ગુણથી રહિત શુદ્ધ અંતઃકરણવાળા, ૭ વિશોધનઃ—સ્મરણ માત્રથી પાપનો નાશ કરનારા, ૮ અનિરુદ્ધઃ—ચાર વ્યૂહમાં અનિરુદ્ધ મૂર્તિ, ૯ અપ્રતિરથઃ—જેનો કોઈ શત્રુ નથી એવા, ૬૪૦ પ્રદ્યુમ્નઃ—ચાર વ્યૂહમાં પ્રદ્યુમ્નરૂપ, ૧ અમિતવિક્રમઃ—અપાર પરાક્રમવાળા, ૮૨

कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ८३
कामदेवः कामपालः कामी कांतः कृतागमः ।

૨ કાલનેમિનિહાઃ—કાલનેમિ નામના અસુરનો નાશ કરનારા, ૩ વીરઃ—શૂરવીર, ૪ શૌરિઃ—શૂર કુળમાં જન્મેલા, ૫ શૂરજનેશ્વરઃ—ઇંદ્રાદિક શૂરવીરોના રાજા, ૬ ત્રિલોકાત્માઃ—ત્રણ લોકના અંતરાત્મા, ૭ ત્રિલોકેશઃ—ત્રણ લોકના ઈશ્વર, ૮ કેશવઃ—ચન્દ્ર, સૂર્ય આદિ તેજસ્વી પદાર્થો જેના કેશ છે તે અથવા તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ નામની શક્તિઓ જેના કેશ છે તે, ૯ કેશિહાઃ—કેશિદૈત્યને મારનારા, ૬૫૦ હરિઃ—સંસારનો નાશ કરનારા, ૮૩

૧ કામદેવઃ—ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ઇચ્છાવાળાં મનુષ્યોએ ઇચ્છાતા પરમેશ્વર, ૨ કામપાલઃ—કામનાવાળાં મનુષ્યોની કામનાનું રક્ષણ કરનારા, ૩ કામીઃ—પૂર્ણ કામનાવાળા અથવા તો કામનાવાળા, ૪ કાંતઃ—બે પરાર્દ્ધ થયા પછી બ્રહ્માનો નાશ કરનારા, ૫ કૃતાગમઃ—શ્રુતિ, સ્મૃતિ આદિ રચનારા, ૬ અનિર્દેશ્યવપુઃ—ગુણાદિકથી રહિત હોવાથી

अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनंतो धनंजयः ॥ ८४ ॥
ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ।
ब्रह्मविद्ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ८५
महाक्रमो महाकर्मा महातेजा महोरगः ।

જેનું શરીર આવું છે એમ કહી શકાય નહિ તેવા, ૭ વિષ્ણુઃ—સર્વત્ર વ્યાપક, ૮ વીરઃ—શૂરવીર, ૯ અનન્તઃ—છેડારહિત, ૬૬૦ ધનંજયઃ—અર્જુનરૂપ કે જેણે દિગ્વિજય વેળા ઘણું ધન જિત્યું હતું તે, ૮૪

૧ બ્રહ્મણ્યઃ—બ્રાહ્મણ, વેદ અને ગાયની રક્ષા કરનારા, ૨ બ્રહ્મકૃતઃ—તપશ્ચર્યા આદિક કર્મ માર્ગ બાંધનારા, ૩ બ્રહ્માઃ—સૃષ્ટિકર્ત્તા, ૪ બ્રહ્મઃ—સત્ય જ્ઞાન અને અનંતમૂર્ત્તિ, ૫ બ્રહ્મવિવર્ધનઃ—તપશ્ચર્યા આદિકની વૃદ્ધિ કરનારા, ૬ બ્રહ્મવિતઃ—વેદ અને તેના અર્થને યથાર્થ રીતે જાણનારા, ૭ બ્રાહ્મણઃ—સર્વ વસ્તુને બ્રહ્મરૂપે પ્રત્યક્ષ કરનારા, ૮ બ્રહ્મીઃ—બ્રહ્મ નામધારી, ૯ બ્રહ્મજ્ઞઃ—બ્રહ્મવેત્તા, ૬૭૦ બ્રાહ્મણપ્રિયઃ—બ્રાહ્મણ જેને પ્રિય છે એવા અર્થાત્ બ્રાહ્મણ ઉપર પ્રેમ રાખનારા, ૮૫

૧ મહાક્રમઃ—મોટાં પગલાં ભરનારા, ૨ મહાકર્માઃ—મોટાં કામ કરનારા, ૩ મહાતેજાઃ—મોટા

महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥ ८६ ॥
स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥८७॥

તેજસ્વી, ૪ મહોરગઃ—વાસુકીરૂપ, ૫ મહાક્રતુઃ—મોટા યજ્ઞરૂપ જેમ કે અશ્વમેધ, ૬ મહાયજ્વાઃ—લોકની સ્થિતિ જાળવવામાટે મોટા મોટા યજ્ઞો કરનારા, ૭ મહાયજ્ઞઃ—મોટા યજ્ઞરૂપ, ૮ મહાહવિઃ—સર્વ જગત્‌રૂપી મોટું બળિદાન બ્રહ્માત્મા વિષે હોમાય છે તેથી મહાહવિ, ૮૬

૯ સ્તવ્યઃ—સ્તુતિ કરવા યોગ્ય, ૬૮૦ સ્તવપ્રિયઃ—જેને સ્તુતિ પ્રિય છે તે, ૧ સ્તોત્રઃ—ગુણ કીર્તનરૂપ સ્તોત્ર, ૨ સ્તુતિઃ—સ્તુતિ ક્રિયારૂપ, ૩ સ્તોતાઃ—સ્તુતિ કરનારા પણ તે જ, ૪ રણપ્રિયઃ—રણ ઉપર પ્રેમ રાખનારા, ૫ પૂર્ણઃ—સર્વ કામનાથી પૂર્ણ, ૬ પૂરયિતાઃ-સર્વ કામનાને પૂરનારા, ૭ પુણ્યઃ—પુણ્યમૂર્ત્તિ, ૮ પુણ્યકીર્ત્તિઃ—પવિત્ર કીર્તિવાળા, ૯ અનામયઃ—આરોગ્યવાળા, ૮૭

૬૯૦ મનોજવઃ—મન જેવા વેગવાળા, ૧ તીર્થકરઃ—ચૌદ વિદ્યાનો તથા લૌકિક વિદ્યાનો ઉપદેશ

मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसुर्वसुमना हविः ॥ ८८ ॥
सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।

આપનારા તથા રચનારા, ૨ વસુરેતાઃ—સુવર્ણ જેનું વીર્ય છે એવા, ૩ વસુપ્રદઃ—ધન આપનારા, ૪ વસુપ્રદઃ—ભક્તોને મોક્ષરૂપી ધન આપનારા, ૫ વાસુદેવઃ—વસુદેવના પુત્ર, ૬ વસુઃ—માયાવડે પોતાનાં સ્વરૂપને ઢાંકનારા, ૭ વસુમનાઃ—સર્વ વસ્તુમાં વસવા માટે ઇચ્છાવાળા અર્થાત્ પરબ્રહ્મરૂપ, ૮ હવિઃ—બળિરૂપ, ૮૮

૯ સદ્ગતિઃ—સત્પુરુષોની ગતિ, ૭૦૦ સત્કૃતિઃ—જગતની ઉત્પત્તિ આદિ સત્કાર્ય કરનારા, ૧ સત્તાઃ—સ્વજાતીય વિજાતીય સ્વગતભેદથી રહિત, અનુભવ મૂર્ત્તિ અથવા તો સર્વત્ર વિદ્યમાનપણાથી સત્તારૂપ, ૨ સદ્ભૂતિઃ—ઉત્તમ વિભૂતિરૂપ અથવા તો સર્વના આત્મારૂપ, ૩ સત્પરાયણઃ—સત્પુરુષોનું ઉત્તમ નિવાસસ્થાન, ૪ શૂરસેનઃ—શૂરવીર સેનાવાળા, ૫ યદુશ્રેષ્ઠઃ—યાદવ વંશમાં શ્રેષ્ઠ, ૬ સન્નિવાસઃ—વિદ્વાનોના આશ્રયરૂપ, ૭ સુયામુનઃ—યમુનાના વિષને

शूरसेनो यदुश्रेष्ठः संनिवासः सुयामुनः ॥८९॥
भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥ ९० ॥
विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ।

હરીને તેને નિર્મળ કરનારા અથવા તો ગોપાળનો વેષ ધરનારા યમુનાના કિનારા ઉપર રહેનારા બ્રહ્માદિક દેવો જેને પીરસનારા છે તે, ૮૯

૮ ભૂતાવાસઃ—પ્રાણીઓના મુખ્ય નિવાસસ્થાન, ૯ વાસુદેવઃ—માયાવડે જગતનું આચ્છાદન કરનારા, ૭૧૦ સર્વાસુનિલયઃ—સર્વ પ્રાણોના નિવાસસ્થાન, ૧ અનલઃ—અઢળક બળ સંપત્તિવાળા, ૨ દર્પહાઃ—પાખંડીઓના ગર્વનો નાશ કરનારા, ૩ દર્પદઃ—પાપીઓના ગર્વનો નાશ કરનારા અથવા ધર્મ માર્ગમાં વર્તનારા ભક્ત જનોને ગર્વ આપનારા, ૪ દૃપ્તઃ—નિત્ય હર્ષમાં મગ્ન, ૫ દુર્દ્ધરઃ—મહાકષ્ટવડે હૃદયમાં ધારી શકાય તેવા, ૬ અપરાજિતઃ—ક્યાંઈ પણ ન હારેલા, ૯૦

૭ વિશ્વમૂર્તિઃ—વિશ્વરૂપ વિરાટ્ સ્વરૂપ, ૮ મહામૂર્તિઃ—મોટી મૂર્તિવાળા, ૯ દીપ્તમૂર્તિઃ—જ્ઞાન સ્વરૂપ, ૭૨૦ અમૂર્તમાન્ઃ—નિરાકાર, ૧ અનેકમૂર્તિઃ—

अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥ ९१ ॥
एकोऽनेकः सवः कः किं यत्तत्पदमनुत्तमम् ।
लोकबंधुर्लोकनाथो माधवो भक्तवत्सलः ॥९२॥

અનેકમૂર્તિ, ૨ અવ્યક્તઃ—'આવા છે,' એમ ન જણાતા નિરાકાર, ૩ શતમૂર્તિઃ—અનંત મૂર્તિવાળા, ૪ શતાનનઃ—અનંત મુખવાળા, ૯૧

૫ એકઃ—સજાતીય વિજાતીય ભેદથી રહિત હોવાથી એક સ્વરૂપ, શ્રુતિ કહે છે કે, 'एकमेवाद्वितीयं ब्रह्म,' ૬ અનેકઃ—માયાને લીધે અનંતરૂપ, ૭ સવઃ—જેમાં સોમ નામની ઔષધિનો રસ કાઢવામાં આવે છે તે યજ્ઞરૂપ, ૮ કઃ—સુખસ્વરૂપ, ૯ કિમ્ઃ—સર્વ પુરુષાર્થરૂપ હોવાથી બ્રહ્મસ્વરૂપ, ૭૩૦ યત્ઃ—यतो वा इमानि भूतानि जायन्ते ઇત્યાદિ શ્રુતિઓમાં સ્વતઃ સિદ્ધ વસ્તુને કહેનારા यत् શબ્દ વડે જણાતા, ૧ તત્ઃ—જગતનો વિસ્તાર કરનારા પરબ્રહ્મરૂપ, ૨ અનુત્તમપદઃ—મુમુક્ષુઓએ પામવા યોગ્ય સર્વોત્કૃષ્ટ સ્થાન, ૩ લોકબંધુઃ—જગતના બંધુ, ૪ લોકનાથઃ—લોકના સ્વામી, ૫ માધવઃ—મધુકુળમાં જન્મેલા, ૬ ભક્તવત્સલઃ—ભક્તજનના ઉપર પ્રેમ રાખનારા,૯૨

सुवर्णवर्णो हेमांगो वरांगश्चंदनांगदी ।
वीरहा विषमः शून्यो घृताशीरचलश्चलः ॥ ९३ ॥
अमानी मानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ।
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥९४॥

૭ સુવર્ણવર્ણ:—સુવર્ણ જેવા પીળા રંગવાળા, ૮ હેમાંગઃ—સુવર્ણના જેવાં ચળકતાં અંગવાળા, ૯ વરાંગઃ—સુંદર અંગવાળા, ૭૪૦ ચંદનાંગદી:—ચંદનથી અર્ચેલાં અને બાજુબંધથી શોભતાં અંગવાળા, ૧ વીરહા:—ધર્મના રક્ષણ માટે વીર પુરુષોનો નાશ કરનારા, ૨ વિષમઃ—સર્વથી વિલક્ષણ, ૩ શૂન્યઃ—સર્વ વિશેષથી રહિત હોવાથી શૂન્ય, ૪ ઘૃતાશી:—ભક્તજનોની પ્રાર્થનાને ગ્રહણ કરનારા અને અઘૃતાશી એવાં પદમાં કોઈની પણ પ્રાર્થના ન કરનારા, ૫ અચલ:—સ્થિર, ૬ ચલ:—પવનરૂપે સર્વત્ર ગતિ કરનારા, ૯૩

૭ અમાની:—માનરહિત, ૮ માનદ:—અભિમાનીઓનાં માનનું ખંડન કરનારા, ૯ માન્યઃ—સર્વને માન્ય, ૭૫૦ લોકસ્વામી:—ત્રણ લોકના અધિપતિ, ૧ ત્રિલોકધૃક્:—ત્રણ લોકને ધારણ કરનારા, ૨ સુમેધા:—સારી બુદ્ધિવાળા, ૩ મેધજ:—યજ્ઞમાં

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतांवरः ।
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृंगो गदाग्रजः ॥९५॥
चतुर्मूर्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ।

ઉત્પન્ન થનારા, ૪ ધન્યઃ—ભાગ્યશાળી, ૫ સત્યમેધાઃ—સત્ય બુદ્ધિવાળા, ૬ ધરાધરઃ—શેષઆદિથી પૃથિવીને ધારણ કરનારા, ૯૪

૭ તેજોવૃષઃ—નિત્ય આદિત્યરૂપે વર્ષનારા, ૮ દ્યુતિધરઃ—કાંતિવાળા, ૯ સર્વશસ્ત્રભૃતાંવરઃ—સર્વશસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ, ૭૬૦ પ્રગ્રહઃ—ભક્તોએ અર્પણ કરેલાં પત્ર, પુષ્પ વગેરે ગ્રહણ કરનારા, ૧ નિગ્રહઃ-સર્વને નિગ્રહ કરનારા, ૨ વ્યગ્રઃ—અવિનાશી, ૩ નૈકશૃંગઃ—નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત, એ ચાર શિંગડાંવાળા, ૪ ગદાગ્રજઃ—ગદના મોટા બંધુ, ૯૫

૫ ચતુર્મૂર્ત્તિઃ—વિરાટ્, સૂત્રાત્મા, પ્રાકૃત અને તુરીયાત્મા, એમ ચાર મૂર્ત્તિ, ૬ ચતુર્બાહુઃ—ચતુર્ભુજરૂપ, ૭ ચતુર્વ્યૂહઃ—પુરુષચ્છંદ, પુરુષ, વેદપુરુષ અને મહાપુરુષ એમ ચાર વ્યૂહવાળા, ૮ ચતુર્ગતિઃ—ચાર આશ્રમની અને ચાર વર્ણની ગતિરૂપ એટલે આશ્રય, ૯ ચતુરાત્માઃ—મન, બુદ્ધિ, અહંકાર અને

चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥ ९६ ॥
समावर्त्तो निवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥९७॥

ચિત્ત આ ચારરૂપે પ્રકાશતા,૭૭૦ ચતુર્ભાવઃ–ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપે રહેલા, ૧ ચતુર્વેદવિદઃ–ચાર વેદ જાણનારા, ૨ એક પાદ્ઃ–એક ચરણવાળા, શ્રુતિ કહે છે કે, पादोऽस्य विश्वाभूतानि. ૯૬

૩ સમાવર્ત્તઃ–સંસારચક્રને ચલાવનારા, ૪ અ-નિવૃત્તાત્માઃ–સર્વત્ર હોવાથી નિવૃત્તિવાળો નથી આત્મા જેનો એવા,૫ દુર્જયઃ–કોઇથી જિતી શકાય નહિં તેવા, ૬ દુરતિક્રમઃ–ઉલ્લંઘન કરી શકાય નહિ તેવી આજ્ઞાવાળા, ૭ દુર્લભઃ–દુર્લભ એવી ભક્તિવડે મળી શકે તેવા, ૮ દુર્ગમઃ–કષ્ટવડે જાણી શકાય તેવા, ૯ દુર્ગઃ–દુઃખે કરીને મળી શકે તેવા, ૭૮૦ દુરાવાસઃ–સમાધિવડે યોગીઓથી જાણી શકાય તેવા, ૧ દુરારિહાઃ–દુષ્ટ દૈત્યોનો નાશ કરનારા,૯૭

૨ શુભાંગઃ–સુંદર અંગવાળા,૩ લોકસારંગઃ–લોક-ના સારને ગ્રહણ કરનારા, ૪ સુતંતુઃ–સંસારનો સારી રીતે વિસ્તાર કરનારા, ૫ તંતુવર્ધનઃ–સંસારને

શુભાંગો લોકસારંગઃ સુતંતુસ્તંતુવર્ધનઃ ।
ઇંદ્રકર્મા મહાકર્મા કૃતકર્મા કૃતાગમઃ ॥ ૯૮ ॥
ઉદ્ભવઃ સુંદરઃ સુંદો રત્નનાભઃ સુલોચનઃ ।
અર્કો વાજસનઃ શૃંગી જયંતઃ સર્વવિજ્જયી ॥૯૯॥

વધારનારા, ૬ ઈંદ્રકર્માઃ—ઈંદ્રના જેવું કર્મ કરનારા, ૭ મહાકર્માઃ—પંચ મહાભૂતોને તથા મહાકર્મોને કરનારા, ૮ કૃતકર્માઃ—કામ કરનારા, ૯ કૃતાગમઃ—વેદશાસ્ત્રને રચનારા, ૯૮

૭૯૦ ઉદ્ભવઃ—જન્મરહિત અથવા તો ઉત્કૃષ્ટ જન્મવાળા, ૧ સુન્દરઃ—વિશ્વ કરતાં પણ વિશેષ શોભાવાળા, ૨ સુંદઃ—કરુણાશાળી, ૩ રત્નનાભઃ—રત્ન જેવી સુંદર નાભિવાળા, ૪ સુલોચનઃ—સુંદર નેત્રવાળા, ૫ અર્કઃ—બ્રહ્માદિક પૂજ્ય પુરુષોએ પૂજવા યોગ્ય અથવા સૂર્ય મૂર્તિ, ૬ વાજસનઃ—યાચકોને અન્ન આપનારા, ૭ શૃંગીઃ—મત્સ્યાવતારમાં શૃંગવાળા, ૮ જયંતઃ—શત્રુઓનો પરાજય કરનારા, ૯ સર્વવિજ્જયીઃ—સર્વ વેત્તા તથા વિજયકર્તા, ૯૯

૮૦૦ સુવર્ણબિન્દુઃ—સુંદર વર્ણવાળા અને અનુસ્વારવાળા મંત્રરૂપ, ૧ અક્ષોભ્યઃ—દૈત્યોથી તિરસ્કારી શકાય નહિ તેવા, ૨ સર્વવાગીશ્વરેશ્વરઃ—સર્વ બ્રહ્માદિ

सुवर्णबिंदुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥१००॥
कुमुदः कुंदरः कुंदः पर्जन्यः पावनोऽनिलः ।
अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥ १ ॥

દેવતાઓના પણ ઈશ્વર, ૩ મહાહ્રદઃ—આનંદરૂપી મોટા ધરામાં લીન રહેનારા, ૪ મહાગર્તઃ—મોટા ખાડાના જેવી દુસ્તર માયાવાળા, ૫ મહાભૂતઃ—ત્રણ કાળે પણ જેનું સ્વરૂપ જણાય નહિ એવા, ૬ મહાનિધિઃ—સર્વ પ્રાણીઓનો જેમાં લય થાય છે એવા એક મોટા નિધિરૂપ, ૧૦૦

૭ કુમુદઃ—પૃથ્વીના ભારને ઉતારીને તેને રંજન કરનારા, ૮ કુન્દરઃ—કુંદ પુષ્પના સમાન શુદ્ધ ફળો આપનારા, ૯ કુન્દઃ—સ્ફટિક મણિના જેવા નિર્મળ અથવા તો કશ્યપને પૃથ્વી દેનારા, ૮૧૦ પર્જન્યઃ—મેઘની પેઠે અધ્યાત્મ, અધિભૂત અને આધિદૈવ નામના ત્રણ તાપ ટાળનારા, ૧ પવનઃ—સ્મરણ માત્રમાં પવિત્ર કરનારા, ૨ અનિલઃ—નિત્ય જાગ્રત રહેનારા, ૩ અમૃતાંશઃ—જ્ઞાનરૂપી અમૃતનું ભોજન કરનારા, ૪ અમૃતવપુઃ—અવિનાશી શરીરવાળા, ૫ સર્વજ્ઞઃ—સર્વને જાણનારા, ૬ સર્વતોમુખઃ—સર્વત્ર મુખવાળા, ૧૦૧

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोदुंबरोऽश्वत्थश्चाणूरांध्रनिषूदनः ॥ २ ॥
सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्त्तिरनघोऽचिंत्यो भयकृद्भयनाशनः ॥ ३ ॥

૭ સુલભઃ—સુખથી મળી શકે તેવા, ૮ સુવ્રતઃ—સુંદર વ્રતધારી, ૯ સિદ્ધઃ—સિદ્ધિઓને સંપાદન કરનારા, ૮૨૦ શત્રુજિતઃ—શત્રુનો પરાજય કરનારા, ૧ શત્રુતાપનઃ—શત્રુને તપાવનારા, ૨ ન્યગ્રોધઃ—વટમૂર્ત્તિ, ૩ ઉદુંબરઃ—ઊમરાનાં સ્વરૂપ, ૪ અશ્વત્થઃ—પિંપળ રૂપ, ૫ ચાણુરાંધ્રનિષૂદનઃ—ચાણુર નામના આંધ્ર દેશવાસી દૈત્યનો નાશ કરનારા, ૧૦૨

૬ સહસ્રાર્ચિઃ—હજારો જ્વાળાવાળા, ૭ સપ્તજિહ્વઃ—કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, ધુમ્રવર્ણા, સ્ફુલિંગિનિ અને વિશ્વરુચિ એવાં નામની સાત જીભવાળા, ૮ સપ્તૈધાઃ—સાતજિહ્વાવડે સર્વનું ભક્ષણ કરનારા, ૯ સપ્તવાહનઃ—સાત ઘોડાવાળા, ૮૩૦ અમૂર્ત્તિઃ—નિરાકાર, ૧ અનઘઃ—દોષરહિત, ૨ અચિંત્યઃ—વિચારમાં આવી શકે નહિ તેવા, ૩ ભયકૃતઃ—દુષ્ટોને ભય કરનારા, ૪ ભયનાશનઃ—ભક્તોના ભયનો નાશ કરનારા, ૧૦૩

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥४॥
भारभृत्कथितो योगी योगीशः सर्वकामदः ।

૫ અણુઃ—સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મમૂર્ત્તિ, ૬ બૃહતઃ—મહામૂર્ત્તિ, ૭ કૃશઃ—સૂક્ષ્મ, ૮ સ્થૂલઃ—સર્વ બ્રહ્માંડ-મૂર્ત્તિ, ૯ ગુણભૃતઃ—ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે સત્વ, રજ અને તમોગુણને ધારણ કરનારા, ૮૪૦ નિર્ગુણઃ—ગુણ રહિત, ૧ મહાનઃ—નિર્ગુણ, નિરતિશય તથા સૂક્ષ્મ હોવાથી મહત્તાવાળા, ૨ અધૃતઃ—આધારભૂત પૃથિવી આદિકને ધારણ કર-નારા, ૩ સ્વધૃતઃ—પોતાના આત્માવડે પોતાને ધારણ કરનારા, ૪સ્વાસ્યઃ—સુંદર મુખવાળા અથવા તો પુરુષાર્થનો ઉપદેશ કરવા માટે મુખમાંથી વેદ-રાશિને ઉત્પન્ન કરનારા, ૫ પ્રાગ્વંશઃ—યજ્ઞ કરના-રાઓની પૂર્વ તરફ મુખવાળી વિશ્રામશાળા તે રૂપ, ૬ વંશવર્ધનઃ—વંશોને વધારનારા, ૧૦૪

૭ ભારભૃતઃ—પૃથિવીના ભારને ધારણ કરનારા, ૮ કથિતઃ—વેદોમાં ગવાયલા, ૯ યોગીઃ—યોગધારી, ૮૫૦ યોગીશઃ—યોગીઓના પતિ, ૧ સર્વકામદઃ—સર્વ કામનાને પૂરનારા અથવા તો સર્વ કામના—

આશ્રમઃ શ્રમણઃ ક્ષામઃ સુપર્ણો વાયુવાહનઃ ॥૫॥
ધનુર્ધરો ધનુર્વેદો દંડો દમયિતા દમઃ ।
અપરાજિતઃ સર્વસહો નિયંતા નિયમો યમઃ ॥૬॥

વાસનાનો નાશ કરનારા, ૨ આશ્રમઃ—સંસારરૂપી અરણ્યમાં ભટકતાં પ્રાણીઓના વિશ્રામરૂપ, ૩ શ્રમણઃ—અવિવેકીઓને સંતાપનારા, ૪ ક્ષામઃ—સર્વ પાપીઓનો ક્ષય કરનારા, ૫ સુવર્ણઃ—સુંદર પાંખવાળા અથવા તો વેદરૂપી પાંખવાળા, ૫ વાયુવાહનઃ—વાયુને પણ ગતિમાન્ કરનારા, ૧૦૫

૭ ધનુર્ધરઃ—ધનુર્ધારી, ૮ ધનુર્વેદઃ—ધનુર્વિદ્યા જાણનારા, ૯ દંડઃ—શિક્ષામૂર્તિ, ૮૯૦ દમયિતાઃ—વૈવસ્વત આદિ રાજાઓરૂપે શિક્ષા કરનારા, ૧ દમઃ—શિક્ષા કરવા યોગ્ય દમનારા, ૨ અપરાજિતઃ—શત્રુઓથી પરાજય પામે નહિ એવા અર્થાત્ સમર્થ, ૩ સર્વસહઃ—સર્વને સહન કરનારા, ૪ નિયંતાઃ—નિયમમાં રાખનારા, ૫ નિયમઃ—યોગના અંગરૂપ અથવા તો અનિયમ કહેતાં સર્વતંત્ર,સ્વતંત્ર, ૬ યમઃ—યોગના અંગરૂપ અથવા તો સર્વને નિયમમાં રાખનારા,૧૦૬

सत्ववान् सात्विकः सत्यः सत्यधर्मपरायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥७॥
विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ।
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥८॥

૭ સત્વવાન્ઃ—શૌર્ય વગેરે સત્વવાળા, ૮ સાત્વિકઃ—સત્વગુણુમાં વસનારા, ૯ સત્યઃ—સાધુ પુરુષોના ઉપર કૃપા કરનારા, ૮૭૦ સત્યધર્મપરાયણુઃ—સત્યધર્મપરાયણુ, ૧ અભિપ્રાયઃ—પુરુષના અભિપ્રાયરૂપ અથવા પુરુષોએ ઇચ્છાતા, ૨ પ્રિયાર્હઃ—પ્રિય વસ્તુને યોગ્ય, ૩ અર્હઃ—પૂજાને યોગ્ય, ૪ પ્રિયકૃતઃ—ભક્તોનું ભલું કરનારા, ૫ પ્રીતિવર્દ્ધનઃ—પ્રેમને વધારનારા, ૧૦૭

૬ વિહાયસગતિઃ—આકાશચારી, ૭ જ્યોતિઃ—સ્વયંપ્રકાશ, ૮ સુરુચિઃ—સુંદર કાંતિવાળા, ૯ હુતભુક્ઃ—યજ્ઞોમાં દેવોને ઉદ્દેશીને નાંખેલાં બળિને અગ્નિરૂપે ખાનારા, ૮૮૦ વિભુઃ—વ્યાપક, ૧ રવિઃ—સૂર્ય, ૨ વિરોચનઃ—વિવિધ પ્રકારે પ્રકાશ કરનારા, ૩ સૂર્યઃ—લક્ષ્મીને—શોભાદેવીને ઉત્પન્ન કરનારા, ૪ સવિતાઃ—સર્વ જગતના ઉત્પન્ન કરનારા, ૫ રવિલોચનઃ—સૂર્ય છે નેત્ર જેનાં એવા, ૧૦૮

अनंतो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः ।
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥९॥
सनात्सनातनतमः कपिलः कपिरव्ययः ।
स्वस्तिदः स्वस्तिकृत्स्वस्ति स्वस्तिभुक् स्वस्ति
दक्षिणः ॥ १० ॥

૬ અનંતઃ—છેડા રહિત, ૭ હુતભુક્ઃ—હુતદ્રવ્યને ખાનારા, ૮ ભોક્તાઃ—માયાના ભોક્તા, ૯ સુખદઃ—ભક્તોને સુખ આપનારા, ૮૯૦ નૈકજઃ—ધર્મ રક્ષા માટે અનંત વાર જન્મ લેનારા, ૧ અગ્રજઃ—હિરણ્યગર્ભરૂપાદિ મૂર્ત્તિ, શ્રુતિ કહે છે કે, हिरण्यगर्भः समवर्त्तताग्रे, ૨ અનિર્વિણ્ણઃ—પૂર્ણ કામનાવાળા હોવાથી ખેદ વિનાના, ૩ સદામર્ષીઃ—સત્પુરુષોના ઉપર ક્ષમા કરનારા, ૪ લોકાધિષ્ઠાનઃ—લોકોના આધારભૂત બ્રહ્મમૂર્ત્તિ, ૫ અદ્ભુતઃ—સર્વથી વિલક્ષણ, ગીતામાં પોતે જ કહે છે કે, 'आश्चर्यवत्पश्यति कश्चिदेनम,' આ વચન પ્રમાણે છે, ૧૦૯

૬ સનાત્ઃ—નિત્ય પુરાણ પુરુષ, ૭ સનાતનતમઃ—બ્રહ્મા આદિક પુરાણ દેવો કરતાં પણ વધારે પુરાણ અને નિત્ય પુરુષ, ૮ કપિલઃ—સાંખ્યશાસ્ત્ર રચનારા કપિલમૂર્ત્તિ, ૯ કપિઃ—વરાહનું રૂપ ધારણ કરનારા,

अरौद्रः कुंडली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥ ११ ॥

૯૦૦ અવ્યયઃ—અવિનાશી, ૧ સ્વસ્તિદઃ—ભક્તોનું કલ્યાણ કરનારા, ૨ સ્વસ્તિકૃતઃ—સર્વનું કલ્યાણકર્તા, ૩ સ્વસ્તિઃ—કલ્યાણમૂર્ત્તિ, ૪ સ્વસ્તિભુક્ઃ—કલ્યાણના ભોક્તા, ૫ સ્વસ્તિદક્ષિણઃ—કલ્યાણ કરનારા સમર્થ અથવા તો શીઘ્રતાથી કલ્યાણ કરનારા,

૬ અરૌદ્રઃ—રાગ દ્વેષથી રહિત હોવાને લીધે શાંત મૂર્ત્તિ, ૭ કુંડલીઃ—કુંડલ ધારણ કરનારા, ૮ ચક્રીઃ—ચક્ર ધારણ કરનારા, ૯ વિક્રમીઃ—મહાપરાક્રમવાળા, ૧૧૦ ઉર્જિતશાસનઃ—શ્રેષ્ઠ આજ્ઞાવાળા, ૧ શબ્દાતિગઃ—શબ્દોથી બોલી શકાય નહિ તેવા, અર્થાત્ જેનું નામ કે મહિમા કહેવાને શબ્દ સમર્થ નથી તેવા, ૨ શબ્દસહઃ—સર્વે વેદો જેનો મહિમા ગાય છે તેવા, ૩ શિશિરઃ—ત્રણ તાપની શાંતિ કરનારા, ૪ શર્વરીકરઃ—સંસારીઓને આત્મજ્ઞાન રાત્રિ છે અને યોગીઓને સંસાર રાત્રિ છે, આ બન્નેની રાત્રિને કરનારા, ૧૧૧

૫ અક્રૂરઃ—ક્રૂરતા રહિત—કોમળ, ૬ પેશલઃ—મન, વાણી તથા કર્મવડે શોભાયમાન, ૭ દક્ષઃ—કાર્ય-

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ।
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥ १२ ॥
उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।
वीरहा रक्षणः संतो जीवनः पर्यवस्थितः ॥१३॥

કુશળ, ૮ દક્ષિણઃ–કાર્યકુશળ અથવા તો શત્રુનો સંહાર કરનારા, ૯ ક્ષમિણાંવરઃ–ક્ષમાવંતોમાં ઉત્તમ, ૯૨૦ વિદ્વત્તમઃ–મહાવિદ્યાવાળા, ૧ વીતભયઃ–ભયથી રહિત, ૨ પુણ્યશ્રવણકીર્ત્તનઃ–જેમનાં નામનું શ્રવણ, કીર્ત્તન પવિત્ર છે એવા, ૧૧૨

૩ ઉત્તારણઃ–સંસારસાગરમાંથી તારનારા, ૪ દુષ્કૃતિહાઃ–પાપનો નાશ કરનારા, ૫ પુણ્યઃ–શ્રુતિ, સ્મૃતિ આદિથી પુણ્યનો ઉપદેશ કરનારા, ૬ દુઃસ્વપ્નનાશનઃ–દુષ્ટ સ્વપ્નનો નાશ કરનારા, ૭ વીરહાઃ–શૂરવીર એવા દૈત્યનો નાશ કરનારા, ૮ રક્ષણઃ–રક્ષા કરનારા, ૯ સંતઃ–લોકોને શિક્ષા આપવા માટે સન્માર્ગે વર્તીને તેનો ધડો બેસાડનારા, ૯૩૦ જીવનઃ–પ્રાણરૂપે સર્વને જીવાડનારા, ૧ પર્યવસ્થિતઃ–વિશ્વમાં ચોતરફથી વ્યાપી રહેલા, ૧૧૩

अनंतरूपोऽनंतश्रीर्जितमन्युर्भयापहः ।
चतुरस्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः॥१४
अनादिर्भूर्भुवोलक्ष्मीः सुवीरो रुचिरांगदः ।
जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥१५॥

૨ અનંતરૂપઃ--અસંખ્ય રૂપ ધારણ કરનારા,૩ અનંતશ્રીઃ—અપાર શોભાવાળા, ૪ જિતમન્યુઃ—ક્રોધનો વિજય કરનારા, ૫ ભયાપહઃ—ભક્તના ભયનો નાશ કરનારા, ૬ ચતુરસ્રઃ--ચાર વેદો જેના ચાર ખૂણા છે એવા અથવા તો મંગળમૂર્તિ, ૭ ગભીરાત્મા—ગંભીર સ્વરૂપવાળા, માપવામાં આવે નહિ તેવા, ૮ વિદિશઃ—અધિકારીઓને વિશેષે કરીને જૂદાં જૂદાં ફળો આપનારા, ૯ વ્યાદિશઃ—ઇંદ્રાદિક દેવોને વિવિધ આજ્ઞા કરનારા, ૯૪૦ દિશઃ—દિશામૂર્ત્તિ, ૧૧૪

૧ અનાદિઃ—જેનો કોઈ પણ આદિ નથી તેવા, ૨ ભૂઃ—આધારભૂત પૃથ્વીરૂપ, ૩ ભુવોલક્ષ્મીઃ—પૃથ્વીની શોભારૂપ, ૪ સુવીરઃ—સારા સુભટ અથવા તો વિવિધ પ્રકારની ગતિવાળા, ૫ રુચિરાંગદઃ—સુંદર બાજુબંધવાળા, ૬ જનનઃ—પ્રાણી માત્રને ઉત્પન્ન કરનારા, ૭ જન્માદિઃ–મનુષ્યોની ઉત્પત્તિના કારણરૂપ, ૮ ભીમઃ—ભયંકર, ૯ ભીમપરાક્રમઃ—ભયંકર પરાક્રમવાળા, ૧૧૫

आधारनिलयो धाता पुष्पहासः प्रजागरः ।
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः १६
प्रमाणं प्राणनिलयः प्राणभृत्प्राणजीवनः ।
तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥१७॥

૯૫૦ આધારનિલયઃ--પૃથિવી આદિ પંચમહાભૂતોના આધારસ્થાન, ૧ ધાતાઃ—સંહાર વેળા સર્વનું પાલન કરનારા અથવા તો ધારણ કરનારા, ૨ પુષ્પહાસઃ—પુષ્પના જેવું શ્વેત હાસ્ય કરનારા અથવા તો મુકુલરૂપે રહેલાં પુષ્પોના હાસ્યની પેઠે પ્રપંચરૂપે સૌને હસાવનારા, ૩ પ્રજાગરઃ—નિરંતર જાગૃત રહેનારા, ૪ ઊર્ધ્વગઃ—સર્વનીઉપર રહેનારા,૫ સત્પથાચારઃ—સન્માર્ગ ઉપર આચરણ કરનારા, ૬ પ્રાણદઃ—પ્રાણ આપનારા અર્થાત્ જીવાડનારા, ૭ પ્રણવઃ—ૐકારરૂપ, ૮ પણઃ—વ્યવહાર કરનારા, ૧૧૬

૯ પ્રમાણઃ—પ્રમાણમૂર્તિ, ૯૬૦ પ્રાણનિલયઃ—પ્રાણાદિકના આધારભૂત, ૧ પ્રાણભૃત્ઃ—દશ પ્રાણોનું પોષણ કરનારા, ૨ પ્રાણજીવનઃ—પ્રાણીઓને દશ પ્રાણોવડે જીવાડનારા, ૩ તત્ત્વઃ—તત્ત્વમૂર્તિ, ૪ તત્ત્વવત્ઃ—તત્ત્વવેત્તા, ૫ એકાત્માઃ—એક આત્મારૂપ, ૬

भूर्भुवः स्वस्तरुस्तारः सपिता प्रपितामहः ।
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञांगो यज्ञवाहनः॥ १८ ॥
यज्ञभृद्यज्ञकृद्यज्ञी यज्ञभुग्यज्ञसाधनः ।

જન્મમૃત્યુજરાતિગઃ—જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થાનું ઉલ્લંઘન કરનારા, ૧૧૭

૭ ભૂર્ભુવઃસ્વસ્તરુઃ—"ભૂર્ભુવઃસ્વઃ" આ ત્રણ વ્યાહૃતિવડે હોમાદિકથી ત્રણ જગતનો ઉદ્ધાર કરનારા અથવા ભૂર્ભુવર અને સ્વર્ગ લોકમાં વૃક્ષની પેઠે વ્યાપેલા, ૮ તારઃ—સંસારસાગરમાંથી તારનારા, અથવા તો ૐકારમૂર્તિ, ૯ સપિતાઃ—સર્વ લોકના પિતા, ૯૭૦ પ્રપિતમહઃ—બ્રહ્માના પણ પિતામહ, ૧ યજ્ઞઃ—યજ્ઞમૂર્તિ, ૨ યજ્ઞપતિઃ—યજ્ઞના અધિપતિ, ૩ યજ્વાઃ—યજમાન, ૪ યજ્ઞાંગઃ—યજ્ઞો જેના અંગો છે તે, ૫ યજ્ઞવાહનઃ—ફળ આપનારા યજ્ઞોને ગ્રહણ કરનારા, ૧૧૮

૬ યજ્ઞભૃતઃ-યજ્ઞનું પોષણ કરનારા અથવા તો યજ્ઞનું રક્ષણ કરનારા,૭ યજ્ઞકૃતઃ—દક્ષના યજ્ઞનો નાશ કરનારા અથવા તો યુગના આરંભમાં યજ્ઞ કરનારા, ૮ યજ્ઞમૂર્ત્તિઃ—યજ્ઞરૂપ, ૯ યજ્ઞભુક્ઃ—યજ્ઞના ભોક્તા,

यज्ञांतकृद्यज्ञगुह्यमन्नमन्नाद एव च ॥ ११९ ॥
आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ॥
देवकीनंदनः स्रष्टा क्षितीशः पापनाशनः १२०
शंखभृन्नंदकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।

૯૮૦યજ્ઞસાધનઃ—યજ્ઞના સાધનરૂપ,૧ યજ્ઞાંતકૃતઃ—યજ્ઞને અંતે ફળ આપનારા અથવા તો પૂર્ણાહુતિવડે યજ્ઞને સંપૂર્ણ કરનારા, ૨ યજ્ઞગુહ્યઃ—યજ્ઞમાં ગુપ્ત રહેનારા—બ્રહ્મસ્વરૂપ, ૩ અન્નઃ—અન્નમૂર્તિ, ૪ અન્નાદઃ—અન્નનું ભક્ષણ કરનારા, ૧૧૯

૫ આત્મયોનિઃ—આત્માના ઉપાદાન કારણરૂપ, ૬ સ્વયંજાતઃ—સ્વયંભૂ, ૬ વૈખાનઃ—પાતાલવાસી હિરણ્યાક્ષનો નાશ કરવા માટે પૃથ્વીને ખોતરનારા, ૭ સામગાયનઃ—સામવેદનું ગાયન કરનારા, ૯ દેવકીનંદનઃ—દેવકીના પુત્ર, ૯૯૦ સ્રષ્ટાઃ—જગતને સરજનારા, ૧ ક્ષિતીશઃ—પૃથ્વીના પતિ, ૨ પાપનાશનઃ—પાપનો નાશ કરનારા, ૧૨૦

૩ શંખભૃતઃ—શંખ ધારણ કરનારા, ૪ નંદકીઃ—નંદક નામની તરવાર ધારણ કરનારા, ૫ ચક્રીઃ—ચક્ર ધારણ કરનારા, ૬ શાર્ઙ્ગધન્વાઃ—શાર્ઙ્ગ નામનું ધનુષ

रथांगपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥ २१ ॥
इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ।
नाम्नां सहस्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् २२
य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ।
नाशुभं प्राप्नुयात्किंचित्सोऽमुत्रेह च मानवः २३

ધરનારા, ૭ ગદાધરઃ—ગદાને ધારણ કરનારા, ૮ રથાંગપાણિઃ—હાથમાં ચક્ર ધારણ કરનારા, ૯ અક્ષોભ્યઃ—નીડર—કોઇથી ક્ષુબ્ધ કરી શકાય નહી તેવા, ૧૦૦૦ સર્વ પ્રહરણાયુધઃ—સર્વ પ્રકારનાં શસ્ત્રો જેમનાં આયુધો છે એવા અર્થાત્ પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ, સર્વ પ્રકારનાં આયુધો ધારણ કરનારા, ૧૨૧

ઉપર પ્રમાણે કીર્ત્તન કરવા યોગ્ય મહાત્મા શ્રીવિષ્ણુનાં દિવ્ય એવાં સહસ્ર નામ તમને સંપૂર્ણ રીતે કહ્યાં. ૧૨૨

જે મનુષ્ય નિત્ય આ વિષ્ણુનાં સહસ્રનામ સાંભળે અથવા તો ગાય, તે આ લોકમાં તથા પરલોકમાં અશુભ ગતિને પામતો નથી. તાત્પર્ય કે આ લોકમાં તથા પરલોકમાં સુખ ભોગવે છે. ૧૨૩

वेदांतगो ब्राह्मणः स्यात्क्षत्रियो विजयी भवेत् ।
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् २४
धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ।
कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् २५
भक्तिमान्यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ।
सहस्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत् ॥ २६ ॥
यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ।
अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् २७

આ વિષ્ણુસહસ્રનામ સાંભળવાથી અથવા તો તેનો પાઠ કરવાથી બ્રાહ્મણ, વેદાંતના પારને પામે છે, ક્ષત્રિય યુદ્ધમાં વિજય મેળવે છે, વૈશ્ય વ્યાપારમાં ધન મેળવે છે અને શુદ્ર સુખ પામે છે. ૧૨૪

ધર્મની ઇચ્છાવાળો ધર્મને મેળવે છે, ધનની ઇચ્છાવાળો ધનને મેળવે છે, કામનાવાળો કામનાને પામે છે અને પ્રજાની ઇચ્છાવાળો પ્રજાને પામે છે. ૧૨૫

જે ભક્તિવાળો મનુષ્ય નિત્ય પ્રભાતમાં ઉઠી, સ્નાન કરી, પવિત્ર થઈ, મનમાં શ્રીવિષ્ણુનું ધ્યાન કરીને આ વિષ્ણુના સહસ્રનામનો પાઠ કરે છે, તે

न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विंदति ।
भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥ १२८ ॥
रोगार्तो मुच्यते रोगाद्बद्धो मुच्येत बंधनात् ।
भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्न आपदः १२९
दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः ॥१३०॥

મોટો યશ મેળવે છે, જ્ઞાતિમાં મહત્તા પામે છે, અચળ સંપત્તિ મેળવે છે અને ઉત્તમ પ્રકારનું સુખ મેળવે છે, તેમ જ તેને કોઈપણ ઠેકાણે ભય રહેતો નથી. તે વીર્ય અને તેજને પામે છે તથા આરોગ્ય-વાળો, કાંતિવાળો, બળવાળો, રૂપવાળો તથા ગુણવાળો થાય છે. ૧૨૬–૧૨૮

રોગાતુર રોગમાંથી મુક્ત થાય છે, કેદી કેદ-માંથી છૂટે છે, ભયભીત ભયમાંથી છૂટે છે અને દુઃખી આપત્તિમાંથી મૂકાય છે. ૧૨૯

જે પુરુષ ભક્તિસંપન્ન થઈને નિરંતર આ સહસ્ર નામવડે શ્રીવિષ્ણુની સ્તુતિ કરે છે, તે તુરત દુઃખો-માંથી મુક્ત થાય છે. ૧૩૦

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ।१३१।
न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ।
जन्ममृत्युजराव्याधिभयं नैवोपजायते ॥ १३२ ॥
इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ।
युज्येतात्मा सुखक्षांतिश्रीधृतिस्मृतिकीर्तिभिः १३३

જે મનુષ્ય વાસુદેવનો આશ્રય કરે છે તથા તેમનું ધ્યાન કરવામાં પરાયણ રહે છે, તે સર્વ પાપથી છૂટો થઈ શુદ્ધ અંતઃકરણવાળો થઈને સનાતન એવા પરબ્રહ્મને પામે છે. ૧૩૧

શ્રીવાસુદેવના (વિષ્ણુના) ભક્તોનું કોઈ ઠેકાણે અશુભ થતું નથી, તેમ જ તેઓને જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિનો ભય પણ રહેતો જ નથી. ૧૩૨

જે મનુષ્ય શ્રદ્ધાથી તથા ભક્તિથી આ વિષ્ણુ સહસ્ર નામના સ્તોત્રનો પાઠ કરે છે તે મનુષ્ય આત્મસુખ, ક્ષમા, લક્ષ્મી, ધૈર્ય, સ્મૃતિ અને કીર્તિ સંપાદન કરે છે. ૧૩૩

न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ।
भवंति कृतपुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥३४॥
द्यौः सचंद्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः ।
वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥३५॥
ससुरासुरगंधर्वं सयक्षोरगराक्षसम् ।
जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥ ३६ ॥
इंद्रियाणि मनो बुद्धिः सत्वं तेजो बलं धृतिः ।

શ્રીપુરુષોત્તમ એવા વિષ્ણુના ભકતો પુણ્યવાન્ હોય છે, તેઓને કોઇ દિવસ ક્રોધ થતો નથી, ઇર્ષ્યા આવતી નથી, લોભ થતો નથી તથા તેઓની દુષ્ટ બુદ્ધિ પણ થતી નથી. ૧૩૪

સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર તથા નક્ષત્રસહિત આકાશ, દશ દિશાઓ, પૃથ્વી અને મહાસાગર, આ સર્વેને મહાત્મા વિષ્ણુના પરાક્રમે ટકાવી રાખ્યાં છે. ૧૩૫

દેવતા, દૈત્ય, ગંધર્વ, યક્ષ, સર્પ અને રાક્ષસ સહિત આ સ્થાવર તથા જંગમરૂપ જગત, શ્રીકૃષ્ણને આધીન રહીને પોતાની ક્રિયા કર્યા કરે છે. ૧૩૬

ઇંદ્રિયો, મન, બુદ્ધિ, સત્વ, તેજ, બળ, ધીરજ,

वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च ॥३७॥
सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥३८॥
ऋषयः पितरो देवा महाभूतानि धातवः ।
जंगमाजंगमं चेदं जगन्नारायणोद्भवम् ॥ ३९ ॥
योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादिकर्म च ।
वेदाः शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात् ।४०।

શરીર અને આત્મા આ સર્વ વિષ્ણુરૂપ છે એમ વેદો કહે છે. ૧૩૭

સર્વ શાસ્ત્રોમાં આચારને પ્રથમ ગણેલો છે, આચારથી ધર્મની ઉત્પત્તિ થાય છે અને ધર્મના સ્વામી પરમાત્મા છે. ૧૩૮

ઋષિઓ, પિતરો, દેવતાઓ, પંચમહાભૂતો અને ધાતુઓ, એવી રીતે સ્થાવર તથા જંગમરૂપ આ સર્વ જગત્ નારાયણથી ઉત્પન્ન થયું છે. ૧૩૯

યોગ, જ્ઞાન, સાંખ્ય, વિદ્યાઓ, શિલ્પ વિગેરે કર્મો, વેદો, શાસ્ત્રો અને વિજ્ઞાન એ સર્વે વિષ્ણુથી ઉત્પન્ન થયાં છે. ૧૪૦

एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः ।
त्रींल्लोकान्व्याप्यभूतात्मा भुंक्ते विश्वभुगव्ययः ४१
इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम् ।
पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्तुं सुखानि च ४२
विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम् ।
भजंति ये पुष्कराक्षं न ते यांति पराभवम् ४३

વિષ્ણુ એક મૂર્તિ છે, પ્રાણીઓના આત્મા છે, વિશ્વના ભોક્તા છે અને અવિનાશી છે. વિષ્ણુ, અહંકાર, પંચમહાભૂતો તથા ભિન્ન ભિન્ન અનેક પદાર્થોમાં પ્રવેશ કરીને તથા ત્રણે લોકમાં વ્યાપીને તેનો ઉપભોગ કરે છે. ૧૪૧

જે પુરુષ કલ્યાણ અને સુખો મેળવવાની ઇચ્છા કરતો હોય તેણે, ભગવાન્ શ્રીવ્યાસે કરેલા આ વિષ્ણુસહસ્ર નામના સ્તોત્રનો પાઠ કરવો. ૧૪૨

જેઓ વિશ્વના ઈશ્વર, અજન્મા, દેવ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિનાશ કરનારા અને કમળ જેવાં નેત્રવાળા શ્રીવિષ્ણુનું ભજન કરે છે, તેઓ, કોઇનાથી પરાજય પામતા નથી. ૧૪૩

॥ अर्जुन उवाच ॥

पद्मपत्रविशालाक्ष पद्मनाभ सुरोत्तम ।
भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥४४॥

॥ श्रीभगवानुवाच ॥

यो मां नामसहस्रेण स्तोतुमिच्छति पांडव ।
सोऽहमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥४५॥

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये
सहस्रपादाक्षिशिरोरुबाहवे ।

અર્જુન કહે છે—હે કમળનાં પત્ર જેવાં વિશાળ નેત્રવાળા ! હે કમળાકાર નાભિવાળા ! હે દેવતાઓમાં ઉત્તમ ! હે જનાર્દન ! તમે પ્રીતિપાત્ર ભક્તોનું રક્ષણ કરો. ૧૪૪

શ્રીભગવાન્ બોલ્યા—હે પાંડવ ! જે મનુષ્ય મારાં સહસ્ર નામથી મારી સ્તુતિ કરવાની ઇચ્છા કરે છે, તે મનુષ્ય એક શ્લોકથી મારી સ્તુતિ કરે છે; તોપણ હું તેના ઉપર પ્રસન્ન થાઉં છું, તેમાં સન્દેહ નથી. ૧૪૫

પાર વિનાના અને હજારો રૂપ ધારણ કરનારા તથા હજાર ચરણ, નેત્ર, મસ્તક, સાથળ અને

सहस्रनाम्ने पुरुषाय शाश्वते
सहस्रकोटीयुगधारिणे नमः ॥ ४६ ॥
नमः कमलनाभाय नमस्ते जलशायिने ।
नमस्ते केशवानंत वासुदेव नमोऽस्तु ते ॥४७॥
वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोस्तु ते ॥४८॥
नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।

બાહુવાળા પરમાત્માને નમસ્કાર હો. હજાર નામ-વાળા અને હજાર કોટી યુગને ધારણ કરનારા એવા સનાતન પરમાત્માને નમસ્કાર હો. ૧૪૬

જેની નાભિમાં કમળ છે એવા તમને નમસ્કાર કરું છું. હે કેશવ! હે અનંત! તમને નમસ્કાર કરું છું. હે વાસુદેવ! તમને નમસ્કાર કરું છું. ૧૪૭

વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણની વાસનાથી ત્રણે લોક વાસનાવાળા છે. હે વાસુદેવ! તમારામાં સર્વ પ્રાણીઓનો નિવાસ છે. હે વાસુદેવ! તમને નમ-સ્કાર કરું છું. ૧૪૮

બ્રાહ્મણનું હિત કરનાર દેવને નમસ્કાર કરું છું,

जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः ।४९।
आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥ ५० ॥
एष निष्कंटकः पंथा यत्र संपूज्यते हरिः ।
कुपथं तं विजानीयाद्गोविंदरहितागमम् ॥ ५१ ॥
सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ।

ગાય અને બ્રાહ્મણનું હિત કરનારા દેવને નમસ્કાર કરું છું. જગતનું હિત કરનારા કૃષ્ણને નમસ્કાર કરું છું અને ગાયોનું રક્ષણ કરનારા દેવને નમસ્કાર કરું છું. ૧૪૯

આકાશમાંથી સર્વ ઠેકાણે પડેલું પાણી જેમ સમુદ્રમાં જાય છે, તેમ જ સર્વ દેવને કરેલા નમસ્કાર શ્રીકૃષ્ણના પ્રત્યે જાય છે. ૧૫૦

જે માર્ગમાં શ્રીહરિનું ભજન, કીર્તન તથા પૂજન થાય છે એવા આ માર્ગને કાંટા વિનાનો જાણવો; તથા જે માર્ગમાં શ્રીહરિનાં કીર્તન પૂજનનો આદર હોતો નથી, તે માર્ગને દુષ્ટ માર્ગ જાણવો. ૧૫૧

ચારે વેદો ભણવાથી જે પુણ્ય મળે છે, સર્વ

तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ५२
यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ।
द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥ ५३॥
दह्यंते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहाः ।
विलीयंते च पापानि स्तवे ह्यस्मिन्प्रकीर्तिते ५४
येन ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ।

તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ મળે છે, તે ફળ દુષ્ટને દમનારા શ્રીહરિની સ્તુતિ કરવાથી પણ મનુષ્ય પામે છે. ૧૫૨

જે મનુષ્ય પ્રતિદિન શ્રીહરિના મંદિરમાં ત્રણ વખત (પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળ) બે વખત અથવા તો એક વખત શ્રીવિષ્ણુસહસ્રનામના સ્તોત્રનો પાઠ કરે છે તે પોતાનાં સર્વ પાપી કર્મોનો નાશ કરે છે. ૧૫૩

જે આ સ્તોત્રનો પાઠ કરે છે, તેના શત્રુઓ બ-ળીને ભસ્મ થાય છે. સર્વ ગ્રહો તેના ઉપર સદા શાંત રહે છે અને તેનાં પાપો વિનાશ પામે છે. ૧૫૪

જે મનુષ્ય આ સ્તોત્રનું ધ્યાન કરે છે, જે મનુષ્ય આ સ્તોત્રને સાંભળે છે, જે મનુષ્ય આ સ્તોત્રને ભણે

दत्तानि सर्वदानानि सुराः सर्वे समर्चिताः ५५
इह लोके परे वापि न भयं विद्यते क्वचित् ।
नाम्नां सहस्रं योऽधीते द्वादश्यां मम सन्निधौ ५६
शनैर्दहति पापानि कल्पकोटिशतानि च ।
अश्वत्थसन्निधौ पार्थ तुलसीसन्निधौ तथा॥५७॥
पठेन्नामसहस्रं तु गवां कोटिफलं लभेत् ।
शिवालये पठेन्नित्यं तुलसीवनसंस्थितः ॥५८॥

છે, તેણે સર્વ દાનો આપ્યાં છે અને સર્વ દેવોની પૂજા કરી છે, એમ જાણવું. ૧૫૫

જે મનુષ્ય દ્વાદશીને દિવસે મારી આગળ શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે, તેને આ લોકમાં અથવા તો પરલોકમાં કોઈ પણ ઠેકાણે ભય રહેતો નથી. ૧૫૬

તેમ જ તે કરોડો કલ્પનાં પાતકોને બાળી નાંખે છે. હે પૃથાપુત્ર અર્જુન! જે મનુષ્ય પીપળાની પાસે અથવા તો તુળસીની પાસે બેસીને શ્રીવિષ્ણુ-સહસ્ર નામનો પાઠ કરે છે, તેને એક કરોડ ગાય આપવાનું ફળ મળે છે. ૧૫૭

જે મનુષ્ય નિરંતર શિવાલયમાં બેસીને અથવા

नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा।
ब्रह्महत्यादिकं घोरं सर्वं पापं विनश्यति १५९

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यामा-
नुशासनिके पर्वणि दानधर्मे भीष्मयुधिष्ठिरसंवादे
श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रं संपूर्णम् ॥
॥ श्रीकृष्णार्पणमस्तु ॥

તો તુળસીના વનમાં બેસીને જો શ્રીવિષ્ણુસહસ્ર-નામનો પાઠ કરે છે તો તે મોક્ષને પામે છે. આને માટે ચક્રને હાથમાં ધારણ કરનારા શ્રીહરિનું વચન સત્ય જાણવું. વળી પાઠ કરનારાનાં બ્રહ્મહત્યા વગેરે સર્વ ઘોર પાપ પણ વિનાશ પામે છે. ૧૫૮-૧૫૯

ઇતિ શ્રીવિષ્ણુસહસ્રનામ સંપૂર્ણ.

अथ भीष्मस्तवराज

भाषांतर



अथ भीष्मस्तवराज

भाषांतर

॥ जनमेजय उवाच ॥

शरतल्पे शयानस्तु भरतानां पितामहः ॥
कथमुत्सृष्टवान्देहं कं च योगमधारयत् ॥ १ ॥

॥ वैशंपायन उवाच ॥

शृणुष्वावहितो राजञ्छुचिर्भूत्वा समाहितः ॥
भीष्मस्य कुरुशार्दूल देहोत्सर्गं महात्मनः ॥ २ ॥

જનમેજય પૂછે છે–હે મહારાજ! બાણશય્યામાં સુતેલા કૌરવો તથા પાંડવોના દાદા ભીષ્મપિતામહે પોતાના શરીરને કેવી રીતે ત્યાગ કર્યું હતું અને તે વેળાએ કયો યોગ ધારણ કર્યો હતો? ૧

વૈશંપાયન કહે છે–હે કુરુવંશમાં સિંહ સરખા રાજા! મહાત્મા ભીષ્મે દેહનો ત્યાગ કર્યો તે કથા તું પવિત્ર અને સાવધાન થઇને સ્થિરતાથી સાંભળ.૨

निवृत्तमात्रे त्वयन उत्तरे वै दिवाकरे ॥
समावेशयदात्मानमात्मन्येव समाहितः ॥ ३ ॥
शुक्लपक्षस्य चाष्टम्यां माघमासस्य पार्थिव ॥
प्राजापत्ये च नक्षत्रे मध्यं प्राप्ते दिवाकरे ॥ ४ ॥
विकीर्णांशुरिवादित्यो भीष्मः शरशतैश्चितः ॥
शुशुभे परया लक्ष्म्या वृतो ब्राह्मणसत्तमैः॥५॥
व्यासेन वेदविदुषा नारदेन सुरर्षिणा ॥
देवरातेन वात्स्येन तथा तेन सुमंतुना ॥ ६ ॥

હે રાજા! જ્યારે સૂર્યનારાયણ ઉત્તરાયણના થયા હતા અને મહા મહિનાની અજવાળી આઠેમ હતી તે દિવસે મધ્યાહ્ન સમયે રોહિણી નક્ષત્રમાં ભીષ્મ પિતામહે સાવધ થઈને પોતાનો આત્મા પરમાત્માને વિશે એકત્ર કર્યો હતો. ૩-૪

કિરણોને જગતમાં ફેલાવનારા સૂર્ય જેમ પરમ શોભાથી શોભે છે તેમ હજારો બાણોથી વિંધાયલા ભીષ્મ પિતામહ પણ શ્રેષ્ઠ બ્રાહ્મણોથી વિંટાયલા થકા ઉત્તમ શોભાવડે શોભતા હતા. ૫

ચંદ્રમા જેમ ગ્રહોથી વિંટાયલા હોય તેમ વેદવેત્તા

तथा जैमिनिना चैव पैलेन च महात्मना ॥
शांडिल्यदेवलाभ्यां च मैत्रेयेण च धीमता ॥७॥
असितेन वसिष्ठेन कौशिकेन महात्मना ॥
हारीतरोमशाभ्यां च तथात्रेयेन धीमता ॥ ८ ॥
बृहस्पतिश्च शुक्रश्च च्यवनश्च महामुनिः ॥
सनत्कुमारकपिलौ वाल्मीकिस्तुंबुरुः कुरुः ॥९॥
मौद्गल्यो भार्गवो रामस्तृणबिंदुर्महामुनिः ॥
पिप्पलादश्च वायुश्च संवर्त्तः पुलहः कचः ॥१०॥
कश्यपश्च पुलस्त्यश्च क्रतुर्दक्षः पराशरः ॥
मरीचिरंगिराःकण्वो गौतमो गालवो मुनिः॥११॥
धौम्योविभांडोमांडव्योधौम्रः कृष्णोऽनुभातिकः॥
उलूकः परमो विप्रो मार्कंडेयो महामुनिः ॥१२॥

વ્યાસ, દેવર્ષિ નારદ, દેવરાત, વાત્સ્ય, સુમંતુ, જૈમિનિ, મહાત્મા પૈલ, શાંડિલ્ય, દેવલ, બુદ્ધિશાળી મૈત્રેય, અસિત, વસિષ્ઠ, મહાત્મા કૌશિક, હારીત, રોમશ, બુદ્ધિશાળી આત્રેય, બૃહસ્પતિ, શુક્ર, મહા- મુનિ ચ્યવન, સનત્કુમાર, કપિલ, વાલ્મીકિ, તુંબરુ, કુરુ, મૌદ્ગલ્ય, ભાર્ગવ, રામ, મહામુનિ તૃણબિંદુ,

भास्करःपूरणः कृष्णः सूतः परमधार्मिकः ॥
शैब्येन याज्ञवल्क्येन शंखेन लिखितेन च॥१३॥
एतैश्चान्यैर्मुनिगणैर्महाभागैर्महात्मभिः ॥
श्रद्धादमपुरस्कारैर्वृतश्चंद्र इव ग्रहैः ॥ १४ ॥
भीष्मस्तु पुरुषव्याघ्र कर्मणा मनसा गिरा ॥
शरतल्पगतः कृष्णं प्रदध्यौ प्रांजलिः शुचिः १५

પિપ્પલાદ, વાયુ, સંવર્ત, પુલહ, કચ, કશ્યપ, પુલસ્ત્ય, ક્રતુ, દક્ષ, પરાશર, મરીચિ, અંગિરા, કણ્વ, ગૌતમ, મુનિ ગાલવ, ધૌમ્ય, વિભાંડક, માંડવ્ય, ધૌમ્ર, કૃષ્ણ, આનુભૌતિક, પરમ વિપ્ર ઉલૂક, મહામુનિ માર્કંડેય, ભાસ્કર, પૂરણ, કૃષ્ણ, પરમધાર્મિક સૂત, શૈબ્ય, યાજ્ઞવલ્ક્ય, શંખ, લિખિત આ સર્વે મુનિઓ તથા બીજા શ્રદ્ધા અને શમ દમવાળા મહાત્મા તથા મહાભાગ્યશાળી મુનિઓથી વિંટાયલા પિતામહ ભીષ્મ પણ શોભતા હતા. ૬–૧૪

હે પુરુષમાં વ્યાઘ્રના જેવા રાજા! બાણુશય્યામાં સુતેલા પવિત્ર અંતઃકરણવાળા ભીષ્મે બે હાથ જોડીને કર્મ, મન તથા વાણીવડે શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું. ૧૫

ત્યાર પછી શાસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ, સમર્થ, પરમ

स्वरेण हृष्टपुष्टेन तुष्टाव मधुसूदनम् ॥
योगेश्वरं पद्मनाभं विष्णुं जिष्णुं जगत्प्रभुम् १६
कृतांजलिः शुचिर्भूत्वा वाग्विदां प्रवरः प्रभुः ॥
भीष्मः परमधर्मात्मा वासुदेवमथास्तुवत् ॥१७॥
॥ भीष्म उवाच ॥
आरिराधयिषुः कृष्णं वाचं जिगदिषाम्यहम् ।
तया व्याससमासिन्या प्रीयतां पुरुषोत्तमः॥१८॥
शुचिं शुचिपदं हंसं तत्पदं परमेष्ठिनम् ॥

ધર્માત્મા એવા ભીષ્મ, પવિત્ર થઈને બે હાથ જોડીને હૃષ્ટપુષ્ટ સ્વરવડે, મધુ દૈત્યનો નાશ કરનારા, યોગના ઈશ્વર, કમળાકાર જેની નાભિ છે એવા, વ્યાપક, વિજયી, જગતના સ્વામી અને વાસુદેવ એવા શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા માંડ્યા. ૧૬–૧૭

ભીષ્મ સ્તુતિ કરે છે–હું શ્રીકૃષ્ણની આરાધના કરવાની ઈચ્છાથી વાણીવડે તેમની સ્તુતિ કરવાની ઈચ્છા રાખું છું, માટે મારી વિસ્તારવાળી અને સંક્ષેપવાળી વાણીથી પુરુષોત્તમ-એવા શ્રીકૃષ્ણ મારા ઉપર પ્રસન્ન થાઓ! ૧૮

દેહનો ભય ત્યાગ કરીને દોષરહિત, પવિત્ર છે

मुक्त्वा सर्वात्मनात्मानं तं प्रपद्ये प्रजापतिम् १९
अनाद्यं तत्परं ब्रह्म न देवा नर्षयो विदुः ॥
एकोऽयं भगवान्देवो धाता नारायणो हरिः २०
नारायणादृषिगणास्तथा सिद्धमहोरगाः ।
देवा देवर्षयश्चैव तं विदुः परमव्ययम् ॥ २१ ॥
देवदानवगंधर्वा यक्षराक्षसपन्नगाः ॥
यं न जानंति को ह्येषः कुतो वा भगवानिति २२

ધામ જેનું એવા, સર્વ કરતાં શ્રેષ્ઠ, तत्त्वमसि એ પદમાં तत् પદના અર્થરૂપ, હિરણ્યગર્ભ એવા આત્મારૂપ પ્રજાપતિ પરમેશ્વરને હું સર્વાત્મભાવથી શરણે જાઉં છું. ૧૯

તે આદિઅંતથી રહિત પરમાત્મા પરબ્રહ્મને દેવતાઓ તથા ઋષિઓ જાણી શકતા નથી. તે ધાતા, નારાયણ અને હરિ એવા પરમેશ્વર એક છે. ૨૦

તે નારાયણથી ઋષિગણો, સિદ્ધો, મોટા સર્પો, દેવતાઓ અને દેવર્ષિઓ ઉત્પન્ન થાય છે અને તેઓ તેને પરમ અવિનાશીરૂપ જાણે છે. ૨૧

દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો અને

यस्मिन्विश्वानि भूतानि तिष्ठंति च विशंति च ।
गुणभूतानि भूतेशे सूत्रे मणिगणा इव ॥ २३ ॥
यस्मिन्नित्ये तते तंतौ दृढे स्रगिव तिष्ठति ॥
सदसद्ग्रथितं विश्वं विश्वांगे विश्वकर्मणि ॥२४॥
हरिं सहस्रशिरसं सहस्रचरणेक्षणम् ॥
सहस्रबाहुमुकुटं सहस्रवदनोज्ज्वलम् ॥ २५ ॥

સર્પો પણ આ ભગવાન્ કોણ છે, અને તે ક્યાંથી અવતર્યા છે, એમ જેમને જાણતા નથી. ૨૨

સૂત્રમાં જેમ મણિઓ પરોવાઈને રહેલા છે તેમ સર્વ પ્રાણીઓના ઈશ્વર એવા જે પરમાત્માને વિશે ગુણવાળાં જગતો તથા પ્રાણીઓ પરોવાઈને રહેલાં છે અને અંતે તેમાં જ લય પામે છે. ૨૩

વિસ્તારવાળા મજબૂત એવા તંતુમાં જેમ પુષ્પની માળા રહે છે તેમ નિત્ય, સર્વ વ્યાપક, દૃઢ, વિશ્વના અંગભૂત, એવા વિશ્વકર્મા (જગત્કર્તા)પરમાત્મામાં સદ્ અને અસત્ વસ્તુથી ગુંથાયલું અર્થાત્ સૂત્રાત્મા અને અંતર્યામીરૂપે આ વિશ્વ ગુંથાયલું છે. ૨૪

હજાર મસ્તકવાળા, હજાર ચરણવાળા, હજાર નેત્રવાળા, હજાર બાહુવાળા, હજાર મુકુટવાળા અને

प्राहुर्नारायणं देवं यं विश्वस्य परायणम् ॥
अणीयसामणीयांसं स्थविष्ठं च स्थवीयसाम् २६॥
गरीयसां गरिष्ठं च श्रेष्ठं च श्रेयसामपि ॥
यं वाकेष्वनुवाकेषु निषत्सूपनिषत्सु च ॥२७॥
गृणंति सर्वकर्माणं सत्यं सत्येषु सामसु ॥

હજાર ઉજ્જ્વળ મુખવાળા શ્રીહરિને નારાયણદેવ કહે છે. જે આખા વિશ્વનું પરમ સ્થાનક છે, અણુ કરતાં પણ અણુ છે, સ્થૂલ પદાર્થો કરતાં સ્થૂલ છે, મોટા કરતાં મોટા છે, ઉત્તમ વસ્તુઓ કરતાં પણ અધિક ઉત્તમ છે,વળી કર્મને પ્રકાશ કરનારા મંત્રોમાં મંત્રોનાઅર્થ-વિવરણભૂત બ્રાહ્મણ ગ્રંથોના વાક્યોમાં, કર્માંગ દેવતાઓની ઓળખાણ કરાવનારાં વાક્યોમાં ઉપનિષદોમાં, સત્ય વિષયોમાં તથા જ્યેષ્ઠ સામવિગેરેમાં જેમને સર્વ કર્મ કરનારા તથા સત્ય કર્મ કરનારા કહે છે, જે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એમ ચારરૂપે રહેલા છે. અર્થાત્ બ્રહ્મ, જીવ, મન અને અહંકારરૂપે રહેલા છે. બુદ્ધિમાં વ્યક્તારૂપે રહેલા છે, સાત્વતોના પતિ છે અને દિવ્ય

चतुर्भिश्चतुरात्मानं सत्वस्थं सात्वतां पतिम् २८
यं दिव्यैर्देवमर्चंति गुह्यैः परमनामभिः ॥
यस्मिन्नित्यं तपस्तप्तं यदंगेष्वनुतिष्ठति ॥
सर्वात्मा सर्ववित्सर्वः सर्वगः सर्वभावनः॥ २९ ॥
यं देवं देवकी देवी वसुदेवादजीजनत् ॥
भूमेश्च ब्रह्मणो गुप्त्यै दीप्तमग्निमिवारणिः ॥३०॥

તથા ગુહ્ય એવા ઉત્તમ નામોવડે દેવતાઓ જે દેવની પૂજા કરે છે તથા સ્તવે છે. ૨૫–૨૮

જેને પ્રસન્ન કરવા માટે નિત્ય તપશ્ચર્યા કરવામાં આવે છે અને કરેલું તપ જે પરમાત્માઓના સર્વ અંગોને પ્રસન્ન કરે છે, જે સર્વના આત્મા છે, સર્વ વસ્તુના જાણનારા છે, સર્વસ્વરૂપ છે, સર્વત્ર ગતિ કરનારા છે તથા જે સર્વને ઉત્પન્ન કરનારા છે તે પરમાત્માને હું શરણે જાઉં છું. ૨૯

અરણી જેમ પ્રકાશિત અગ્નિને ઉત્પન્ન કરે છે, તેમ દેવી દેવકીએ પણ પૃથ્વી, બ્રાહ્મણ, વેદ અને યજ્ઞોની રક્ષા કરવા માટે વસુદેવથી શ્રીકૃષ્ણને ઉત્પન્ન કર્યા છે. ૩૦

यमनन्यो व्यपेताशीरात्मानं वीतकल्मषम् ।
दृष्ट्वाऽनंत्याय गोविंदं पश्यत्यात्मानमात्मनि। ३१।
अतिवाय्विंद्रकर्माणमतिसूर्याग्नितेजसम् ॥
अतिबुद्धींद्रियात्मानं तं प्रपद्ये प्रजापतिम् ॥३२॥
पुराणे पुरुषं प्रोक्तं ब्रह्म प्रोक्तं युगादिषु ॥
क्षये संकर्षणं प्रोक्तं तमुपास्यमुपास्महे ॥ ३३ ॥

ભેદરહિત તથા આશારહિત મનુષ્ય પ્રત્યેક શરીરમાં પ્રકાશતા, સર્વના ઈશ્વર, દોષરહિત એવા જે પરમાત્માનાં યોગ સમાધિવડે પોતાના હૃદય-કમળમાં દર્શન કરે છે અને ગોવિંદ પરમાત્માનાં દર્શન કરીને મોક્ષને પામે છે. ૩૧

વાયુ તથા ઇંદ્રના કરતાં અધિક કાર્ય કરનારા, સૂર્ય કરતાં અધિક તેજસ્વી, બુદ્ધ તથા ઇંદ્રિયોથી પણ જેનું સ્વરૂપ જાણવામાં આવતું નથી એવા, પ્રજાપતિને શરણે હું જાઉં છું. ૩૨

ભૂત કાળના કલ્પોમાં જે પુરાણ પુરુષ કહેવાતા હતા, યુગોના આરંભમાં જે બ્રહ્મ કહેવાતા હતા તથા સંહાર વેળા જે સંકર્ષણ કહેવાતા હતા, તે ઉપાસના કરવા યોગ્ય પરમાત્માની હું ઉપાસના કરું છું. ૩૩

यमेकं बहुधात्मानं प्रादुर्भूतमधोक्षजम् ॥
नान्यं भक्ताः क्रियावंतो यजंते सर्वकामदम् ३४
यं प्राहुर्जगतः कोशं यस्मिन्सन्निहिताःप्रजाः ॥
यस्मिन्लोकाः स्फुरंतीमे जले शकुनयो यथा ३५
ऋतमेकाक्षरं ब्रह्म यत्तत्सदसतः परम् ॥
अनादिमध्यपर्यंतं न देवा नर्षयो विदुः॥ ३६ ॥

જે એક છતાં ઇંદ્ર આદિ દેવતાઓરૂપે અનેક જણાતા, જગતના કલ્યાણ માટે પ્રગટ થયેલા, અધોક્ષજ (અતીંદ્રિય) એવા સર્વ કામના પૂરનારા પરમાત્માનું યજ્ઞાદિક કર્મ કરનારા એકાંત ભક્તો યજન કરે છે, બીજાનું યજન કરતા નથી. ૩૪

જેમને જગતના ભંડાર કહે છે, જેમને વિષે સર્વ પ્રજા સારી રીતે રહેલી છે, અને હંસ, કારંડવ વગેરે પક્ષીઓ જેમ જલાશયમાં રહે છે, તેમ જેમને વિષે લોકો રહેલા છે. ૩૫

સત્ય, એકાક્ષરમૂર્તિ અર્થાત્ ૐકાર મૂર્તિ, બ્રહ્મમૂર્તિ, કાર્ય તથા કારણથકી પર, આદિ, મધ્ય અને અંતરહિત એવા દેવને, દેવતાઓ તથા ઋષિઓ જાણતા નથી. ૩૬

यं सुरासुरगंधर्वाःससिद्धर्षिमहोरगाः ॥
प्रयता नित्यमर्चंति परमं दुःखभेषजम् ॥
अनादिनिधनं देवमात्मयोनिं सनातनम् ॥३७॥
अवितर्क्यमविज्ञेयं हरिं नारायणं प्रभुम् ॥
यं वै विश्वस्य कर्तारं जगतस्तस्थुषां पतिम् ॥
वदंति जगतोऽध्यक्षमक्षरं परमं पदम् ॥ ३८ ॥
हिरण्यवर्णो यो गर्भो दितेर्दैत्यनिषूदनः ॥

દેવતાઓ, દૈત્યો, ગંધર્વો, સિદ્ધો, ઋષિઓ અને મહાસર્પો સાવધાન થઇને નિરંતર દુઃખનો નાશ કરનારા, આદિ અંતથી રહિત, સ્વયંભૂ અને સનાતન એવા પરમાત્માને નિત્ય પૂજે છે. ૩૭

દેવતાઓ, જેમને વિચારમાં આવી શકે નહિ એવા, જાણી શકાય નહિ એવા, હરિ, નારાયણ, સમર્થ, વિશ્વના કર્તા તથા જંગમ અને સ્થાવરના કર્તા, જગતના અધ્યક્ષ, અવિનાશી અને પરમ પદ કહે છે. ૩૮

જેમને, હિરણ્યવર્ણ, અદિતિના પુત્ર અને દૈત્યનો નાશ કરનારા કહે છે. જે એક છતાં બાર

एको द्वादशधा जज्ञे तस्मै सूर्यात्मने नमः॥३९॥
शुक्ले देवान्पितृन्कृष्णे तर्पयत्यमृतेन यः ॥
यश्च राजा द्विजातीनां तस्मै सोमात्मने नमः४०
महतस्तमसः पारे पुरुषं ह्यतितेजसम् ॥
यं ज्ञात्वा मृत्युमत्येति तस्मै ज्ञेयात्मने नमः ४१
ऋग्यजुःसामाथर्वाणं दशार्धं हविरात्मकम् ॥

આદિત્યરૂપે જન્મ્યા છે, તે સૂર્યરૂપી પરમાત્માને નમસ્કાર કરું છું. ૩૯

જે, અમૃતવડે શુક્લ પક્ષમાં દેવતાઓને અને કૃષ્ણ પક્ષમાં પિતૃઓને તૃપ્ત કરે છે અને જે બ્રાહ્મણ જાતિના રાજા છે, તે સોમસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરું છું. ૪૦

મહામાયાથકી પણ પર,પુરુષ સ્વરૂપ, મહાતેજસ્વી, જેમને જાણીને મનુષ્ય મૃત્યુને તરી જાય છે, તે જાણવા યોગ્ય પરમાત્માને નમસ્કાર કરું છું. ૪૧

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદસ્વરૂપ, ધાના, કરંભ, પરિવાપ, પુરોડાશ અને દૂધ, આ પાંચ હવિષરૂપ, સાત તંતુની પેઠે જેમાં ગાય-

यं सप्ततंतुं तन्वंति तस्मै यज्ञात्मने नमः ॥ ४२ ॥
यं बृहंतं बृहत्युक्थ्ये यमाग्नेयं महाध्वरे ॥
यं विप्रसंघा गायंति तस्मै वेदात्मने नमः॥४३॥
चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पंचभिरेव च ॥
हूयते च पुनर्द्वाभ्यां तस्मै होमात्मने नमः। ४४।

ત્રીની યોજના કરવામાં આવે છે તેવા સપ્તતંતુરૂપ જે યજ્ઞને યજ્ઞવેત્તાઓ કરે છે, તે યજ્ઞસ્વરૂપ શ્રીહરિને નમસ્કાર કરું છું. ૪૨

મોટા ઉકથ્ય નામના યજ્ઞમાં ઋગ્વેદ ભણનારા બ્રાહ્મણો, જે બ્રહ્મરૂપ પરમાત્માની પવિત્ર કીર્તિ ગાય છે, અગ્નિચયન નામના યજ્ઞમાં અધ્વર્યુ બ્રાહ્મણો જેમની પવિત્ર કીર્તિ ગાય છે, મહાયજ્ઞમાં બ્રાહ્મણ મંડળ જેમની પવિત્ર કીર્તિ ગાય છે, તે વેદાત્માને હું નમસ્કાર કરું છું ૪૩

आश्रावय, अस्तु श्रौषट् એમ બે વાર ચાર અક્ષરો વડે, यज એમ બે અક્ષરો વડે, ये यजामहे એવા પાંચ અક્ષરો વડે અને ફરીને वषट् એવા બે અક્ષરો વડે એટલે સત્તર અક્ષરો વડે જેમને બલિદાન આપવામાં આવે છે, તે હોમમૂર્ત પરમાત્માને નમસ્કાર કરું છું. ૪૪

यः सुपर्णो यजुर्नाम छंदोगात्रस्त्रिवृच्छिराः ॥
रथंतरं बृहत्साम तस्मै स्तोत्रात्मने नमः ॥ ४५ ॥
यः सहस्रसमे सत्रे यज्ञे विश्वसृजामृषिः ॥
हिरण्यपक्षः शकुनिस्तस्मै तार्क्ष्यात्मने नमः॥४६॥
पदांगसंधिपर्वाणं स्वरव्यंजनभूषणम् ॥
यमाहुश्चाक्षरं नित्यं तस्मै वागात्मने नमः ॥४७॥

જે વેદપુરુષનું નામ યજુર્વેદ છે, જેનાં શરીરો ગાયત્રી આદિ છંદથી બનેલાં છે, યજ્ઞ જેમનું મસ્તક છે, રથંતર નામનું બૃહત્સામ જેમનું પ્રીતિવાક્ય છે, તે સ્તોત્રાત્માને હું નમસ્કાર કરું છું. ૪૫

જે ઋષિપ્રજાપતિઓના હજાર વર્ષના મહાયજ્ઞમાં પ્રગટ થયા છે, જે સુવર્ણની પાંખવાળા પક્ષીરૂપ છે, તે ગરુડરૂપ પરમાત્માને હું નમસ્કાર કરું છું. ૪૬

પદસમૂહો, જેમનાં હાથ, પગ વગેરે અંગો છે, સંધિ જેમની આંગળીઓનાં પર્વ છે, સ્વર તથા વ્યંજન જેમનાં આભૂષણો છે અને જેમને નિત્ય અક્ષર કહેવામાં આવે છે, તે વાણીરૂપ દેવને હું નમસ્કાર કરું છું. ૪૭

यज्ञांगो यो वराहो वै भूत्वा गामुज्जहार ह ॥
लोकत्रयहितार्थाय तस्मै वीर्यात्मने नमः ॥४८॥
यः शेते योगमास्थाय पर्यंके नागभूषिते ॥
फणासहस्ररचिते तस्मै निद्रात्मने नमः ॥४९॥
यश्चिनोति सतां सेतुमृतेनामृतयोनिना ॥
धर्मार्थं व्यवहारार्थं तस्मै सत्यात्मने नमः ॥५०॥

જે પરમાત્માએ, ત્રણ લોકના હિતમાટે યજ્ઞ જેમનાં અંગ છે એવો વરાહાવતાર ધારણ કરીને પાણીમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે, તે વીર્યમૂર્તિ પરમાત્માને નમસ્કાર કરું છું. ૪૮

જે પરમાત્મા યોગનિદ્રા ધારણ કરીને હજાર ફણાઓવડે કરેલી સુંદર એવી શેષશય્યામાં પોઢે છે, તે નિદ્રાત્મા પરમાત્માને નમસ્કાર કરું છું. ૪૯

જે ધર્મ માટે તથા વ્યવહારમાટે વેદમાં કહેલા અને મોક્ષ આપનારા ઉપાયોવડે સત્પુરુષોનો ઉદ્ધાર કરનાર યોગધર્મનું સ્થાપન કરે છે, તે સત્યમૂર્તિને નમસ્કાર કરું છું. ૫૦

જૂદા જૂદા ધર્મનું આચરણ કરનારા પુરુષો જૂદા

यं पुनर्धर्मचरणाः पृथग्धर्मफलैषिणः ॥
पृथग्धर्मैः समर्चंति तस्मै धर्मात्मने नमः ॥५१॥
यतः सर्वे प्रसूयंते ह्यनंगाच्चैव देहिनः ॥
उन्मादः सर्वभूतानां तस्मै कामात्मने नमः५२
यत्तद्व्यक्तस्थमव्यक्तं विचिन्वंति महर्षयः ॥
क्षेत्रे क्षेत्रज्ञमासीनं तस्मै क्षेत्रात्मने नमः ॥५३॥
यं त्रिधात्मानमात्मस्थं वृतं षोडशभिर्गुणैः ॥

જૂદા ફલની ઇચ્છાથી જૂદા જૂદા ધર્મોવડે જેમની પૂજા કરે છે, તે ધર્માત્માને નસ્કાર કરું છું. ૫૧

જે કામદેવરૂપ પરમાત્માથી મનુષ્યો ઉત્પન્ન થાય છે તથા જે સર્વ પ્રાણીઓના ઉન્માદરૂપ છે, તે કામાત્માને નમસ્કાર કરું છું. ૫૨

મહર્ષિઓ આ પાંચભૌતિકશરીરમાં રહેલા અને જે ઇંદ્રિયોથી જાણવામાં આવે નહિ એવા પરમાત્માને શોધે છે તથા શરીરમાં રહેલા ક્ષેત્રજ્ઞ આત્માને શોધે છે, તે ક્ષેત્રાત્માને નમસ્કાર કરું છું. ૫૩

સાંખ્ય શાસ્ત્રવેત્તાઓ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણ રૂપે રહેલા, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અગ્યારમું મન તથા પાંચ ભૂતો, એમ સોળ

प्राहुः सप्तदशं सांख्यास्तस्मै सांख्यात्मने नमः
यं विनिद्रा जितश्वासाः शांता दांता जितेंद्रियाः
ज्योतिः पश्यंति युंजानास्तस्मै योगात्मने नमः
अपुण्यपुण्योपरमे यं पुनर्भवनिर्भयाः ॥
शांताः संन्यासिनो यांति तस्मै मोक्षात्मने नमः
योऽसौ युगसहस्रांते प्रदीप्तार्चिर्विभावसुः ॥

વિકારોથી વિંટાયલા જે પરમાત્માને સત્તરમા કહે છે તે સાંખ્યમૂર્તિ ઈશ્વરને નમસ્કાર કરું છું. ૫૪

નિદ્રારહિત, પ્રાણ વાયુનો વિજય કરનારા, શાંત, દાંત, જિતેન્દ્રિય તથા યોગમાર્ગવડે પરમાત્મામાં મનની યોજના કરનારા, મહર્ષિઓ જે પરમાત્માનાં પરમ તેજને જુવે છે, તે યોગાત્માને નમસ્કાર કરું છું. ૫૫

શાંત મનના સંન્યાસીઓ પાપ અને પુણ્ય, બન્ને દૂર થયા પછી પુનર્જન્મના ભયથી રાહત થઈને જે પરમાત્માને પામે છે. તે મોક્ષાત્માને નમસ્કાર કરું છું. ૫૬

જે પરમાત્મા હજારો યુગ વીત્યા પછી પ્રલય સમયે પ્રકાશમાન ઝાળવાળા અગ્નિરૂપે સર્વ

संक्षोभयति भूतानि तस्मै घोरात्मने नमः ५७
संभक्ष्य सर्वभूतानि कृत्वा चैकार्णवं जगत् ॥
बालः स्वपिति यश्चैकस्तस्मै मायात्मने नमः ५८
अजस्य नाभ्यां संभूतं यस्मिन्विश्वं प्रतिष्ठितम् ॥
पुष्करं पुष्कराक्षस्य तस्मै पद्मात्मने नमः॥५९॥
सहस्रशिरसे चैव पुरुषायामितात्मने ॥
चतुःसमुद्रपर्यंके योगनिद्रात्मने नमः ॥ ६० ॥

પ્રાણીઓને ખળભળાવે છે, તે ઘોરમૂર્તિને નમસ્કાર કરું છું. ૫૭

જે સર્વ પ્રાણીઓનું ભક્ષણ કરી જગતને એક સમુદ્રમય—જલમય કરી નાંખી, બાળ સ્વરૂપ ધારણ કરીને તેમાં શયન કરે છે, તે માયાત્મા પરમાત્માને નમસ્કાર કરું છું. ૫૮

જે કમળ અજન્મા પરમાત્માની નાભિમાંથી ઉત્પન્ન થયું છે અને જે કમળના કોશમાં આ જગત્ રહેલું છે, તે કમળના પણ બીજભૂત પદ્માત્માને નમસ્કાર કરું છું. ૫૯

હજાર મસ્તકવાળા, ઉદાર મનવાળા, પુરુષરૂપ અને ચાર સમુદ્રરૂપી શય્યામાં પોઢીને યોગનિદ્રા કરનારા પરમાત્માને નમસ્કાર કરું છું. ૬૦

यस्य केशेषु जीमूता नद्यः सर्वांगसंधिषु ॥
कुक्षौ समुद्राश्चत्वारस्तस्मै तोयात्मने नमः॥६१॥
यस्मात्सर्वाः प्रसूयंते सर्वप्रलयविक्रियाः ॥
यस्मिंश्चैव प्रलीयंते तस्मै हेत्वात्मने नमः॥६२॥
यो निषण्णो भवेद्रात्रौ दिवा भवति धिष्ठितः ॥
इष्टानिष्टस्य च द्रष्टा तस्मै द्रष्टात्मने नमः ॥६३॥

જેમના કેશોમાં મેઘ નિવાસ કરે છે, જેમનાં શરીરની સર્વ સન્ધિઓમાં નદીઓ રહે છે, જેમના ઉદરમાં ચાર સમુદ્રો રહે છે, તે જલમય દેવને નમસ્કાર કરું છું. ૬૧

જેનાથી જગતની ઉત્પત્તિ, વિનાશ વગેરે સર્વ વિકારો ઉત્પન્ન થાય છે અને જેનામાં સર્વે વિકારો લય પામે છે, તે સર્વના કારણભૂત ઈશ્વરને નમસ્કાર હો. ૬૨

જે રાત્રિએ સર્વના સાક્ષીરૂપે જાગ્રત્ રહે છે, જે દિવસે પણ સર્વના સાક્ષીરૂપે પાસે રહે છે તથા જે સારી ને નરતી વસ્તુને જુવે છે તે સર્વના સાક્ષી દ્દષ્ટાત્મા ભગવાનને નમસ્કાર કરું છું. ૬૩

अकुंठं सर्वकार्येषु धर्मकार्यार्थमुद्यतम् ॥
वैकुंठस्य हि तद्रूपं तस्मै कार्यात्मने नमः॥६४॥
विभज्य पंचधात्मानं वायुभूतः शरीरगः ॥
यश्चेष्टयति भूतानि तस्मै वाय्वात्मने नमः॥६५॥
ब्रह्म वक्त्रं भुजो क्षत्रं कृत्स्नमूरूदरं विशः ॥
पादौ यस्याश्रिताः शूद्रास्तस्मै वर्णात्मने नमः

જે સર્વ કાર્યોમાં અટક્યા વિના પ્રવેશ કરે છે, જે ધર્મ કાર્ય કરવા માટે તત્પર રહેલા છે અને જે વૈકુંઠનું સ્વરૂપ છે, તે કાર્યમૂર્તિ પરમાત્માને નમસ્કાર હો. ૬૪

જે પાંચ પ્રાણરૂપે પોતાના પાંચ વિભાગ કરી વાયુ થઇને સર્વના શરીરમાં રહે છે તથા જે પ્રાણીઓને ચેતન કરે છે, તે વાયુરૂપ પરમાત્માને નમસ્કાર હો. ૬૫

જેમના મુખમાં બ્રાહ્મણો વસે છે, જેમની ભુજાઓમાં ક્ષત્રિયો વસે છે, જેમના સર્વ સાથળ તથા ઉદરના ભાગમાં વૈશ્યો વસે છે અને જેમના ચરણમાં શૂદ્રો વસે છે, તે વર્ણાત્મા પરમેશ્વરને નમસ્કાર કરું છું. ૬૬

युगेष्वावर्तमानेषु मासर्त्वयनहायनैः ॥
सर्वप्रलययोः कर्ता तस्मै कालात्मने नमः ॥६७॥
यस्याग्निरास्यं द्यौर्मूर्धा खं नाभिश्चरणौ क्षितिः॥
सूर्यश्चक्षुर्दिशः श्रोत्रे तस्मै लोकात्मने नमः ६८
परः कालात्परो यज्ञात्परात्परतरो हि यः ॥
अनादिरादिर्विश्वस्य तस्मै विश्वात्मने नमः ६९
विषये वर्तमानो यस्तं वैशेषिकनिर्गुणैः ॥
प्राहुर्विषयगोप्तारं तस्मै गोप्त्रात्मने नमः ॥७०॥

અનુક્રમે બદલાતા સત્ય આદિ યુગોમાં માસ, ઋતુ, અયન અને વર્ષો, એવા વિભાગવડે જે જગતની ઉત્પત્તિ તથા વિનાશ કરે છે, તે કાલાત્માને નમસ્કાર કરું છું. ૬૭

અગ્નિ જેમનું મુખ છે, સ્વર્ગ જેમનું મસ્તક છે, આકાશ જેમની નાભિ છે, પૃથ્વી જેમનાં ચરણ છે, સૂર્ય જેમની દૃષ્ટિ છે, દિશાઓ જેમના બે કાન છે, તે સર્વ લોકમય પરમાત્માને નમસ્કાર કરું છું. ૬૮

જે કાળથી પર, યજ્ઞથી પર, હિરણ્યગર્ભથી પણ પર, આદિરહિત અને વિશ્વના આદિ છે, તે વિશ્વાત્માને નમસ્કાર કરું છું. ૬૯

જે શબ્દ આદિ વિષયોમાં વાસ કરે છે અને રાગ-

अन्नपानेंधनमयो रसप्राणविवर्धनः ॥
यो धारयति भूतानि तस्मै प्राणात्मने नमः ७१
पिंगेक्षणसटं यस्य रूपं दंष्ट्रानखायुधम् ॥
दानवेंद्रांतकरणं तस्मै दृप्तात्मने नमः ॥ ७२ ॥
रसातलगतः श्रीमाननंतो भगवान् विभुः ॥
जगद्धारयते कृत्स्नं तस्मै वीर्यात्मने नमः ।७३।

દ્વેષ આદિ વિશેષ ગુણોવડે જેમને વિષયના રક્ષક કહે છે, તે રક્ષકાત્મા પરમેશ્વરને નમસ્કાર કરું છું. ૭૦

જે અન્ન, પાન અને કાષ્ઠમય છે, રસ તથા પ્રાણની વૃદ્ધિ કરનારા છે અને પ્રાણીઓને ધારણ કરનારા છે, તે પ્રાણાત્માને નમસ્કાર કરું છું. ૭૧

જેમનું સ્વરૂપ પીંગળી આંખોવાળું, કેસવાળી-વાળું, ડાઢ અને નખરૂપી આયુધવાળું તથા દાન-વના રાજા હિરણ્યકશિપુનો નાશ કરનારું છે, તે ગર્વ મૂર્તિ શ્રીનરસિંહ ભગવાનને નમસ્કાર હો. ૭૨

જે રસાતળમાં રહેલા, દિશા તથા કાળથી માપમાં આવે નહિ તેવા ઐશ્વર્યવાળા અને વ્યાપક એવા શ્રીમાન્ શેષ ભગવાન્ સર્વ જગતને ધારણ કરે છે, તે વીર્યમૂર્તિને નમસ્કાર હો. ૭૩

यो मोहयति भूतानि स्नेहपाशानुबंधनैः ॥
सर्गस्य रक्षणार्थाय तस्मै मोहात्मने नमः॥७४॥
भूतलातलमध्यस्थो हत्वा तु मधुकैटभौ ॥
उद्धृता येन वै वेदास्तस्मै मत्स्यात्मने नमः ७५
ससागरवनां बिभ्रत्सप्तद्वीपां वसुंधराम् ॥
यो धारयति पृष्ठेन तस्मै क्रोडात्मने नमः॥७६॥
एकार्णवे हि मग्नां तां वाराहं रूपमास्थितः ॥

જે સૃષ્ટિની રક્ષા કરવા માટે સ્નેહપાશના બંધનોથી પ્રાણીઓને મોહિત કરે છે, તે મહાત્માને નમસ્કાર હો. ૭૪

જે પરમાત્માએ પૃથ્વી ઉપર અને અતળ ઉપર રહી, મધુ અને કૈટભ નામના દૈત્યનો નાશ કરી વેદોનો ઉદ્ધાર કર્યો હતો; તે મત્સ્યાત્માને નમસ્કાર હો. ૭૫

જે પીઠ ઉપર સમુદ્ર અને વન સાથે સાત દ્વીપવાળી પૃથ્વીને ધારણ કરે છે, તે કૂર્માત્માને નમસ્કાર હો. ૭૬

જેણે વરાહનું સ્વરૂપ ધારણ કરીને એકાકાર

उद्दधार महीं योऽसौ तस्मै क्रोडात्मने नमः ७७
नारसिंहं वपुः कृत्वा यस्त्रैलोक्यभयंकरम् ॥
हिरण्यकशिपुं जघ्ने तस्मै सिंहात्मने नमः ॥ ७८ ॥
वामनं रूपमास्थाय बलिं संयम्य मायया ॥
इमे क्रांतास्त्रयो लोकास्तस्मै क्रांतात्मने नमः ७९
जमदग्निसुतो भूत्वा रामः परशुधृग्विभुः ॥
सहंस्त्रार्जुनहंतैव तस्मै उग्रात्मने नमः ॥ ८० ॥

થયેલા મહાસાગરમાં ડૂબી ગયેલી પૃથ્વીને બહાર કાઢી હતી, તે વરાહમૂર્તિને નમસ્કાર કરું છું. ૭૭

જેણે નરસિંહનું સ્વરૂપ ધારણ કરી, ત્રણ લોકને ભય આપનારા હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો, તે નરસિંહ સ્વરૂપને નમસ્કાર કરું છું. ૭૮

જેમણે વામનનું રૂપ ધારણ કરી, કપટવડે બલિ રાજાને કેદ કર્યો હતો અને આ ત્રણ લોકને ત્રણ પગલાંવડે ભરી લીધા હતા, તે ત્રણ ચરણથી ત્રણ લોકને ભરનારા વામનને નમસ્કાર હો. ૭૯

જે રામ નામે જમદગ્નિના પુત્ર થયા હતા અને સમર્થ તથા પરશુધારી જે રામે સહસ્રાર્જુનનો નાશ કર્યો હતો, તે ઉગ્રમૂર્તિ પરશુરામને નમસ્કાર હો. ૮૦

रामो दाशरथिर्भूत्वा पौलस्त्यकुलनंदनम् ॥
जघान रावणं संख्ये तस्मै क्षत्रात्मने नमः ८१
वसुदेवसुतः श्रीमान्वासुदेवो जगत्पतिः ॥
जहार वसुधाभारं तस्मै कृष्णात्मने नमः ॥८२॥
बुद्धरूपं समास्थाय सर्वरूपपरायणः ॥
मोहयन्सर्वभूतानि तस्मै मोहात्मने नमः ॥८३॥
हनिष्यति कलेरंते म्लेच्छांस्तुरगवाहनः ॥

જેણે, દશરથના પુત્ર રામ થઈને યુદ્ધમાં પૌલસ્ત્ય કુળના પુત્ર રાવણનો નાશ કર્યો હતો, તે ક્ષત્રાત્માને નમસ્કાર હો. ૮૧

જગતના પતિ એવા શ્રીમાન્ વાસુદેવે વસુદેવને ત્યાં પુત્ર થઇ પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો, તે શ્રીકૃષ્ણ પરમાત્માને નમસ્કાર હો. ૮૨

સર્વ પ્રકારનાં રૂપનાં પરમ ધામરૂપ જે પરમાત્માએ, બુદ્ધનું રૂપ લઈ, સર્વ પ્રાણીઓને મોહિત કર્યાં હતાં, તે મોહાત્મા બુદ્ધ ભગવાનને નમસ્કાર હો. ૮૩

જે ધર્મની સ્થાપના કરવા માટે કળિને અંતે

धर्मसंस्थापनार्थाय तस्मै कल्क्यात्मने नमः ॥८४॥
आत्मज्ञानमिदं ज्ञानं ज्ञात्वा पंचस्ववीस्थतम् ॥
यं ज्ञानेनाधिगच्छंति तस्मै ज्ञानात्मने नमः ८५
अप्रमेयशरीराय सर्वतो बुद्धिचक्षुषे ॥
अपारपरिमेयाय तस्मै दिव्यात्मने नमः ॥८६॥
जटिने दंडिने नित्यं लंबोदरशरीरिणे ॥
कमंडलुनिषंगाय तस्मै ब्रह्मात्मने नमः ॥ ८७॥

ઘોડા ઉપર ચઢીને મ્લેચ્છોનો નાશ કરશે, તે કલ્કિરૂપ ભગવાનને નમસ્કાર હો. ૮૪

પંચ મહાભૂતમય આ શરીરમાં રહેલો જીવ આત્મજ્ઞાનરૂપ આ જ્ઞાનને જાણીને જ્ઞાનવાળાં વાક્યોથી જેને જાણે છે, તે જ્ઞાનાત્માને નમસ્કાર હો. ૮૫

જેનું શરીર પ્રમાણરહિત છે, જેની બુદ્ધિ તથા નેત્ર સર્વ વ્યાપક છે, જે અનંત અને અપરિમેય છે, તે દિવ્ય સ્વરૂપને નમસ્કાર કરું છું. ૮૬

જટાધારી, દંડધારી, નિરંતર ગણપતિનું શરીર ધારણ કરનારા, કમંડલુ જેમનો ભાથો છે અર્થાત્ કમંડલનાં પાણીથી અસુરોનો નાશ કરનારા છે, તે બ્રહ્મ મૂર્તિને નમસ્કાર કરું છું. ૮૭

शूलिने त्रिदशेशाय त्र्यंबकाय महात्मने ॥
भस्मादिग्धोर्ध्वलिंगाय तस्मै रुद्रात्मने नमः ८८
चंद्रार्धकृतशीर्षाय व्यालयज्ञोपवीतिने ॥
पिनाकशूलहस्ताय तस्मा उग्रात्मने नमः ॥८९॥
सर्वभूतात्मभूताय भूतादिनिधनाय च ॥
अक्रोधद्रोहमोहाय तस्मै शांतात्मने नमः ॥९०॥
यस्मिन्सर्वं यतः सर्वं यः सर्वं सर्वतश्च यः ॥

ત્રિશૂલ ધારણ કરનારા, દેવતાઓના ઈશ્વર, ત્રણ નેત્રવાળા, ભસ્મવાળું છે ઉપરનું શરીર જેમનું એવા મહાત્મા રુદ્રરૂપ પરમાત્માને નમસ્કાર કરું છું. ૮૮

લલાટમાં અર્ધચન્દ્રને ધારણ કરનારા, સર્પનાં જનોઈને ધારણ કરનારા, પિનાક નામનાં ધનુષને અને ત્રિશૂલને હાથમાં ધારણ કરનારા ઉગ્રાત્મા શિવને નમસ્કાર કરું છું. ૮૯

સર્વ પ્રાણીઓના આત્મારૂપ, અહંકારનો નાશ કરનારા, ક્રોધ, દ્રોહ અને મોહથી રહિત શાંતાત્માને નમસ્કાર હો. ૯૦

જેને વિષે આ સર્વ જગત્ છે, જેનાથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે, જે સર્વરૂપ છે, જે સર્વત્ર

यश्च सर्वमयो देवस्तस्मै सर्वात्मने नमः ॥९१॥
विश्वकर्मन्नमस्तेऽस्तु विश्वात्मा विश्वसंभवः ॥
अपवर्गस्थभूतानां पंचानां परतः स्थितः ॥९२॥
नमस्ते त्रिषु लोकेषु नमस्ते परतस्त्रिषु ॥
नमस्ते त्रिषु सर्वेषु त्वं हि सर्वमयो निधिः ९३
नमस्ते भगवन्विष्णो लोकानां प्रभवाप्ययः ॥
त्वं हि कर्ता हृषीकेश संहर्ता चापराजितः ॥९४॥

વ્યાપક છે અને જે સર્વ જગન્મય દેવ તે સર્વાત્માને નમસ્કાર કરું છું. ૯૧

હે વિશ્વકર્મા! તમને નમસ્કાર હો. તમે વિશ્વના આત્મા છો. વિશ્વના કારણ છો તથા હે નિત્ય મુક્ત! તમે પંચ મહાભૂતોથી જૂદા રહો છો. ૯૨

તમને ત્રણે લોકમાં નમસ્કાર હો. ત્રણે લોકથી ભિન્ન એવા તમને નમસ્કાર હો. ત્રણે કાળમાં રહેલા તમને નમસ્કાર હો. સર્વ કાળમાં રહેલા તમને નમસ્કાર હો. કારણ કે, તમે સર્વ વસ્તુના ભંડારરૂપ છો. ૯૩

હે ભગવન્! હે વિષ્ણો! હે લોકની ઉત્પત્તિ તથા વિનાશ કરનાર! તમને નમસ્કાર હો. હે હૃષિકેશ! તમે જગતનો સંહાર કરનારા તથા વિજય કરનારા છો. ૯૪

तेन पश्यामि भगवन्दिव्येषु त्रिषु वर्त्मसु ॥
तच्च पश्यामि तत्त्वेन यत्ते रूपं सनातनम् ॥ ९५॥
दिवं ते शिरसा व्याप्तं पद्भ्यां देवी वसुंधरा ॥
विक्रमेण त्रयो लोकाः पुरुषोऽसि सनातनः ९६
दिशो भुजा रविश्चक्षुर्वीर्यं शुक्रः प्रजापतिः ॥
सप्त मार्गा निरुद्धास्ते वायोरमिततेजसः ॥९७॥
अतसीपुष्पसंकाशं पीतकौशेयवाससम् ॥

હે ભગવન્! હું ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ, એ ત્રણ દિવ્ય માર્ગોમાં જ્ઞાનવડે તમારામાં તત્ત્વસ્વરૂપને જોઉં છું તથા તમારું જે સનાતન રૂપ છે, તેને પણ હું જોઉં છું. ૯૫

તમારાં મસ્તકવડે આકાશ છવાયું છે, ચરણવડે પૃથ્વી દેવી વ્યાપેલી છે, ચાલવાવડે ત્રણે લોકો વ્યાપેલા છે એવા તમે સનાતન પુરુષ છો. ૯૬

અપાર બળવાળા અને વાયુરૂપ એવા જે તમે, તેની દિશાઓ ભુજ છે, સૂર્ય નેત્ર છે, શુક્ર અને પ્રજાપતિ વીર્ય છે અને ઉપરનાં સાત છિદ્રો તમારાથી વ્યાપ્ત છે. ૯૭

જેઓ, અતસીના પુષ્પ જેવા ઘનશ્યામ અને

नमस्यंति च गोविंदं न तेषां विद्यते भयम्॥९८॥
नमो नरकसंत्रासरक्षामंडलकारिणे ॥
संसारनिम्नगावर्ततारिकाष्ठाय विष्णवे ॥ ९९ ॥
नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ॥
जगद्धिताय कृष्णाय गोविंदाय नमोनमः॥१००॥
प्राणकांतारपाथेयं संसारोच्छेदभेषजम् ॥
दुःखशोकपरित्राणं हरिरित्यक्षरद्वयम् ॥ १ ॥

રેશમી પીતાંબર ધારણ કરનારા એવા ગોવિન્દને નમસ્કાર કરે છે, તેઓને ભય રહેતો નથી. ૯૮

નરકના ત્રાસની રક્ષા કરનારા ભગવાનને નમસ્કાર હો તથા સંસારરૂપી નદીની ઘુમરીઓમાં હોડીનાં કાષ્ઠરૂપે રહેલા વિષ્ણુને નમસ્કાર હો. ૯૯

બ્રાહ્મણનું હિત કરનારાના દેવ, ગાય અને બ્રાહ્મણનું હિત કરનારા, જગતનું હિત કરનારા અને પૃથ્વીના રક્ષક એવા શ્રીકૃષ્ણને નમો નમઃ ૧૦૦

હરિ એવા બે અક્ષર, પ્રાણીને સંસારરૂપી મહા વનમાં એક ભાથા રૂપ છે, સંસારનો નાશ કરવામાં ઔષધરૂપ છે અને દુઃખમાંથી તથા શોકમાંથી રક્ષા કરનારા છે. ૧૦૧

तथा विष्णुमयं सत्यं यथा विष्णुमयं जगत् ॥
यथा विष्णुमयं सर्वं पापं नाशयते तथा ॥ २॥
त्वां प्रपन्नाय भक्ताय गतिमिष्टां जिगीषवे ॥
यच्छ्रेयः पुंडरीकाक्ष तद्ध्यायस्व सुरेश्वर ॥ ३ ॥
इति विद्यातपोयोनिरयोनिर्विष्णुरीडितः ॥
वाग्यज्ञेनार्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥४॥
नारायणपरं ब्रह्म नारायणपरं तपः ॥

જેમ વિષ્ણુમય સર્વ વસ્તુ સત્ય છે અને જેમ વિષ્ણુમય જગત્ છે અને જેમ વિષ્ણુમય સર્વ વસ્તુ છે, તેમ વિષ્ણુ પાતકનો પણ નાશ કરનારા છે. ૧૦૨

હે કમલનયન! હે દેવેશ્વર! તમારે શરણે આવેલા અને ઇષ્ટ ગતિએ જવાની ઇચ્છાવાળા ભક્તનું જેમ કલ્યાણ થાય તેમ તમે મનમાં વિચાર કરજો. ૧૦૩

ઉપર પ્રમાણે વિદ્યા તથા તપના કારણભૂત, સ્વયંભૂ અને વ્યાપક એવા જે દેવની મેં સ્તુતિ કરી તથા વાણીરૂપી યજ્ઞથી પૂજા કરી છે, તે પાપીઓને પીડનારા શ્રીકૃષ્ણ ભગવાન્ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧૦૪

પરબ્રહ્મ નારાયણરૂપ છે, તપ નારાયણરૂપ છે,

नारायणपरं चेदं सर्वं नारायणात्मकम् ॥ ५ ॥
॥ वैशंपायन उवाच ॥
एतावदुक्त्वा वचनं भीष्मस्त्वादृतमानसः ॥
नम इत्येव कृष्णाय प्रणाममकरोत्तदा ॥ ६ ॥
अभिगम्य तु योगेन भक्तिं भीष्मस्य माधवः ॥
त्रैलोक्यदर्शने ज्ञानं दिव्यं दत्त्वा ययौ हरिः । ७ ।
तस्मिन्नुपरते शब्दे ततस्ते ब्रह्मवादिनः ॥
भीष्मं वाग्भिर्बाष्पकंठास्तमानर्चुर्महामतिम् ॥८॥

આ જગત્ નારાયણપરાયણ છે અને સર્વ વસ્તુ પણ નારાયણરૂપ છે. ૧૦૫

વૈશંપાયન કહે છે—આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરીને આદરવાળું જેમનું મન છે એવા ભીષ્મે તે વખતે શ્રીકૃષ્ણાય: નમઃ, આમ કહીને શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા. ૧૦૬

લક્ષ્મીપતિ શ્રીહરિ યોગદ્વારા ભીષ્મની ભક્તિ જાણીને ત્યાં આવ્યા અને તેને ત્રણ લોકનું દર્શન કરાવનારું દિવ્ય જ્ઞાન આપીને પાછા પોતાની યોગશય્યા પ્રત્યે પધાર્યા. ૧૦૭

ભીષ્મપિતામહ બોલતા બંધ થયા કે, બ્રહ્મ-

ते स्तुवन्तश्च विप्राग्र्याः केशवं पुरुषोत्तमम् ॥
भीष्मं च शनकैः सर्वे प्रशशंसुः पुनः पुनः ॥
यं योगिनः प्राणवियोगकाले
यत्नेन चित्ते विनिवेशयंति ॥
साक्षात्पुरस्ताद्धरिमीक्षमाणः
प्राणाञ्जहौ प्राप्तकालो हि भीष्मः ॥ ११० ॥
शुक्लपक्षे दिवा भूमौ गंगायां चोत्तरायणे ॥
धन्यास्तात मरिष्यंति हृदयस्थे जनार्दने । १११ ।

વાદીઓ ગળગળા કંઠથી મહા બુદ્ધિશાળી ભીષ્મની, વાણીથી સ્તુતિ કરવા માંડ્યા. ૧૦૮

તથા કેશવ એવા શ્રીપુરુષોત્તમની સ્તુતિ કરનારા તે સર્વે બ્રાહ્મણો ધીરે ધીરે ભીષ્મની વારંવાર પ્રશંસા કરવા માંડ્યા. ૧૦૯

યોગીઓ પ્રાણનો નાશ થતી વેળાએ–મરણ વેળાએ મહા મહેનતે જે પરમાત્માને મનમાં ધારણ કરે છે, તે પરમાત્માનાં ભીષ્મપિતામહે મરણ–વેળાએ સાક્ષાત્ સન્મુખમાં દર્શન કરતાં કરતાં પોતાના પ્રાણો ત્યાગ કર્યા હતા. ૧૧૦

હે તાત ! ભાગ્યશાળી પુરુષો ઉત્તરાયણના સમ-

विदित्वा भक्तियोगं तु भीष्मस्य पुरुषोत्तमः ॥
सहसोत्थाय संतुष्टो यानमेवाभ्यपद्यत॥ ११२ ॥
केशवः सात्यकिश्चैव रथेनैकेन जग्मतुः ॥
अपरेण महात्मानौ युधिष्ठिरधनंजयौ ॥ ११३ ॥
भीमसेनो यमौ चोभौ रथमेकं समास्थिताः ॥
कृपो युयुत्सुः सुतश्च संजयश्चापरं रथम् ॥११४॥

યમાં શુક્લ પક્ષમાં દિવસે ગંગાના પવિત્ર તટ ઉપર હૃદયમાં પરમાત્માને ધારણ કરીને મરણ પામે છે. ૧૧૧

પુરુષમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ યોગબળે કરીને ભીષ્મનો ભક્તિયોગ જાણી, એકાએક ઉભા થયા અને પ્રસન્ન થઈને રથમાં જ બેઠા. ૧૧૨

શ્રીકૃષ્ણ તથા સાત્યકી એક રથમાં બેઠા અને મહાત્મા યુધિષ્ઠિર તથા અર્જુન બીજા રથમાં બેઠા અને પછી તેઓ ત્યાંથી નગર પ્રત્યે ગયા. ૧૧૩

ભીમસેન, સહદેવ અને નકુલ, એક રથમાં બેઠા. કૃપાચાર્ય, યુયુત્સુ, કર્ણ અને સંજય બીજા રથમાં બેઠા. ૧૧૪

આ રીતે તે મહાપુરુષો નગરના જેવડા મોટા

ते रथैर्नगराकारैः प्रयाताः पुरुषर्षभाः ॥
नेमिघोषेण महता कंपयंतो वसुंधराम् ॥११५॥
ततो गिरः पुरुषवरस्तवान्विता
द्विजेरिताः पथि सुमनाः स शुश्रुवे ॥
कृतांजलिं प्रणतमथापरं जनं
स केशिहा मुदितमनाभ्यनंदत ॥ ११६ ॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ॥
धर्माध्यक्षं स्तुवन्नित्यं सर्वपापैः प्रमुच्यते ।११७।

રથમાં બેસીને પૈડાના મોટા ધડધડાટથી પૃથ્વીને કંપાવતા ત્યાંથી ચાલ્યા. ૧૧૫

તે પછી પ્રસન્ન મનના ને કેશી દૈત્યોનો નાશ કરનારા શ્રીકૃષ્ણે રસ્તામાં બ્રાહ્મણોએ ગાયેલી મહા-પુરુષની સ્તુતિ સાંભળીને તથા બીજાં મનુષ્યો બે હાથ જોડી, પોતાને નમસ્કાર કરતા હતા, તે જોઇને મનમાં પ્રસન્ન થયા અને તેઓને માન આપ્યું. ૧૧૬

આદિ અંતથી રહિત, સર્વ લોકમાં વ્યાપક, સર્વ લોકના મહેશ્વર અને ધર્મના અધ્યક્ષ એવા શ્રી વિષ્ણુની જે મનુષ્ય નિત્ય સ્તુતિ કરે છે, તે સર્વ પાપથી મૂકાય છે. ૧૧૭

इमं स्तवं यः पठति शार्ङ्गधन्वनः
शृणोति वा भक्तिसमन्वितो जनः ॥
स चक्रभृक् प्रतिहतसर्वकल्मषो
जनार्दनं प्रविशति देहसंक्षये ॥ ११८ ॥
अशनिशितसुधारं यस्य चक्रं सुचारु
मणिकनकविचित्रे कुंडले यस्य कर्णे ॥
भ्रमरशतसहस्रैः सेविता यस्य माला
असुरकुलनिहंता प्रीयतां वासुदेवः ॥ ११९ ॥

જે મનુષ્ય ભક્તિભાવ સાથે શાર્ઙ્ગ-ધનુષ ધારણ કરનારા શ્રીકૃષ્ણનું આ સ્તોત્ર ભણે છે અથવા સાંભળે છે, તેનાં સર્વ પાતકોનો ચક્રધારી પરમેશ્વર નાશ કરે છે અને દેહનો નાશ થયા પછી તે શ્રીકૃષ્ણમાં પ્રવેશ કરે છે. ૧૧૮

જેમનું ચક્ર વજ્રના જેવી સજેલી ધારવાળું અને સુંદર છે, જેમના કાનમાં મણિ અને સુવર્ણનાં વિચિત્ર કુણ્ડલો છે, જેમની પુષ્પમાળા ઉપર હજારો ભમરાઓ ઉડયા કરે છે એવા અસુર કુળનો નાશ કરનારા શ્રીવાસુદેવ પ્રસન્ન થાઓ. ૧૧૯

स्तवराजः समाप्तोऽयं विष्णोरद्भुतकर्मणः ॥
गांगेयेन पुरा गीतो महापातकनाशनः ॥१२०॥
॥ श्रीभगवानुवाच ॥
यः संपठेदिदं स्तोत्रं मम जन्मानुकीर्तनम् ॥
देवलोकमतिक्रम्य तस्य लोको यथा मम १२१

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यां शांतिपर्वणि भीष्मयुधिष्ठिरसंवादे भीष्मस्तवराजः समाप्तः ॥

ગંગાના પુત્ર ભીષ્મે પૂર્વે ગાયેલો તથા મહા પાતકનો નાશ કરનારો એવો અદ્ભુત કર્મ કરનારા શ્રીવિષ્ણુનો આ સ્તવરાજ સંપૂર્ણ થયો છે. ૧૨૦

શ્રીભગવાન્ બોલ્યા—જે મનુષ્ય મારા જન્મનું જેમાં ચરિત્ર છે એવાં આ સ્તોત્રનો પાઠ કરે છે, તે દેવલોકને ઓળંગીને ઉપરના લોકમાં જાય છે અને મારો જેમ વૈકુંઠમાં વાસ થાય છે તેમ તેનો પણ વૈકુંઠમાં વાસ થાય છે. ૧૨૧

ઇતિ શ્રીભીષ્મસ્તવરાજ સંપૂર્ણ

अथानुस्मृति

भाषांतर



अथानुस्मृति भाषान्तर

॥ अथानुस्मृतिः प्रारभ्यते ॥

॥ शतानीक उवाच ॥

महामते महाप्राज्ञ सर्वशास्त्रविशारद ॥
अक्षीणकर्मबंधस्तु पुरुषो द्विजसत्तम ॥ १ ॥
सततं किं जपेज्जाप्यं विबुधः किमनुस्मरन् ॥
मरणे ज्जयपेज्जाप्यं यं च भावमनुस्मरन् ॥ २ ॥
यं च ध्यात्वा द्विजश्रेष्ठ पुरुषो मृत्युमागतः ॥
परं पदमवाप्नोति तन्मे वद महामुने ॥ ३ ॥

શતાનીક પૂછે છે—હે મહાબુદ્ધિવાળા! હે મહાજ્ઞાની! હે સર્વ શાસ્ત્રમાં પ્રવીણ! હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! જેનાં કર્મબંધનો તૂટ્યાં નથી એવા પુરુષે નિત્ય કયા મંત્રનો જપ કરવો? વિદ્વાન્ મનુષ્યે કોનું સ્મરણ કરવું? વળી હે બ્રાહ્મણ શ્રેષ્ઠ! મરણના કાંઠા ઉપર આવેલો મનુષ્ય મરણ સમયે કયા મંત્રનો જપ કરવાથી, કઈ ભાવના કરવાથી તથા

॥ शौनक उवाच ॥

इदमेव महाप्राज्ञ पृष्टवांश्च पितामहम् ॥

भीष्मं धर्मभृतां श्रेष्ठं धर्मपुत्रो युधिष्ठिरः ॥ ४ ॥

॥ युधिष्ठिर उवाच ॥

पितामह महाप्राज्ञ सर्वशास्त्रविशारद ॥

प्रयाणकाले किं चिंत्यं मुमुक्षोस्तत्त्वचिन्तकैः ।५।

किं नु स्मरन्कुरुश्रेष्ठ मरणे पर्युपस्थिते ॥

प्राप्नुयां परमां सिद्धिं श्रोतुमिच्छामि तत्त्वतः ६

કોનું ધ્યાન કરવાથી પરમ પદને પામે છે? તે હે મહામુનિ! મને કહો. ૧–૩

શૌનક બોલ્યા—હે મહાબુદ્ધિશાળી શતાનીક! ધર્મના પુત્ર યુધિષ્ઠિરે ધર્મવંતોમાં શ્રેષ્ઠ એવા ભીષ્મ-પિતાને આ જ પ્રશ્ન પૂછ્યો હતો. ૪

યુધિષ્ઠિર પૂછે છે—હે મહાબુદ્ધિશાળી પિતામહ! હે સર્વશાસ્ત્રકુશલ! તત્ત્વનો વિચાર કરનારા મુમુક્ષુ જનોએ મરણની વેળાએ કયા મંત્રનું સ્મરણ કરવું? ૫

હે કુરુવંશ શ્રેષ્ઠ! મરણનો સમય થાય ત્યારે

॥ भीष्म उवाच ॥

तद्युक्तं स्वहितं सूक्ष्मं प्रश्नमुक्तं त्वयाऽनघ ॥

शृणुष्वावहितो राजन्नारदेन पुरा श्रुतम् ॥ ७ ॥

श्रीवत्सांकं जगद्बीजमनंतं लोकसाक्षिणम् ॥

पुरा नारायणं देवं नारदः परिपृष्टवान् ॥ ८ ॥

॥ नारद उवाच ॥

त्वमक्षरं परं ब्रह्म निर्गुणं तमसः परम् ॥

કોનું સ્મરણ કરવાથી હું પરમ સિદ્ધિને પામું! તે હું, યથાર્થ રીતે સાંભળવાની ઇચ્છા રાખું છું. ૬

ભીષ્મ બોલ્યા—હે નિર્દોષ પુત્ર! તેં જે પ્રશ્ન પૂછ્યો છે તે યોગ્ય પૂછ્યો છે ને તે તારું પોતાનું હિત કરનારો તથા સૂક્ષ્મ છે. હે રાજા! પૂર્વે નારદે પણ જે કથા સાંભળી હતી, તે તું સાવધાન થઈને સાંભળ. ૭

પૂર્વે નારદે શ્રીવત્સનું જેને ચિહ્ન છે એવા જગતને ઉત્પન્ન કરનારા અનંત અને લોકના સાક્ષી એવા નારાયણ ભગવાનને આ રીતે પ્રશ્ન પૂછ્યો હતો. ૮

નારદ પૂછે છે—હે ભગવન્! તમે અવિનાશી છો, ગુણથી રહિત છો, માયાથકી પર છો, તમે જાણવા

आहुर्वेद्यं परं धाम ब्रह्माणं कमलोद्भवम् ॥९॥
भगवन् भूतभव्येश श्रद्दधानैर्जितेंद्रियैः ॥
कथं भक्तैर्विचिंत्योऽसि योगिभिर्मोक्षकांक्षिभिः॥
किं नु जाप्य जपेन्नित्यं कल्यमुत्थाय मानवः॥
कथं जपेत्सदा ध्यायेद्ब्रूहि तत्त्वं सनातनम् ११
॥ भीष्म उवाच ॥
श्रुत्वा च तस्य देवर्षेर्वाक्यं वाक्यविशारदः

યોગ્ય પરમ બ્રહ્મ છો, પરમ ધામ છો અને કમળ-માંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા છો, આમ ઋષિઓ કહે છે. ૯

હે ભગવન્! હે ભૂત કાળ તથા ભવિષ્ય કાળના સ્વામી! શ્રદ્ધાળુ તથા જિતેંદ્રિય એવા ભક્તોએ તથા મોક્ષની ઇચ્છાવાળા યોગીઓએ તમારું ધ્યાન કેવી રીતે કરવું? તે કહો. ૧૦

વળી મનુષ્યે પ્રભાતમાં ઉઠીને નિત્ય કયા મંત્રનો જપ કરવો? તે જપ કેવી રીતે કરવો? તથા સદાય કેમ ધ્યાન કરવું? તે વિષે તમે મને સનાતન કાળની જે રીત હોય, તે કહો. ૧૧

ભીષ્મ કહે છે—વાક્ય બોલવામાં નિપુણ એવા

प्रोवाच भगवान्विष्णुर्नारदाय च धीमते ॥१२॥
॥ श्रीभगवानुवाच ॥
हंत ते कथयिष्यामि इमां दिव्यामनुस्मृतिम् ॥
मरणे मामनुस्मृत्य प्राप्नोति परमां गतिम् ॥१३॥
यामधीत्य प्रयाणे तु मद्भावायोपपद्यते ॥
ॐकारमग्रतः कृत्वा मां नमस्कृत्य नारद॥१४॥
एकाग्रः प्रयतो भूत्वा इमं मंत्रमुदीरयेत् ॥
ॐनमो भगवते वासुदेवाय इत्ययम् ॥ १५ ॥

ભગવાન્ વિષ્ણુએ દેવર્ષિ એવા નારદનું વચન સાંભળીને બુદ્ધિશાળી એવા નારદને કહ્યું. ૧૨

શ્રીભગવાન્ બોલ્યા—હે નારદ! આ બહુ જ હર્ષની વાત છે. હું તમને દિવ્ય એવી અનુસ્મૃતિ કહીશ. જેનાવડે મનુષ્ય મરણ વેળાએ મારું સ્મરણ કરીને પરમ ગતિને પામે છે. ૧૩

હે નારદ! મરણ વેળા જે મનુષ્ય આ અનુસ્મૃતિનો પાઠ કરે છે, તે મારાં સ્વરૂપને પામે છે. ૐકારપૂર્વક ઉચ્ચાર કરીને મારા સ્વરૂપને નમસ્કાર કરવા અને પછી એકાગ્ર મન કરી સાવધાન થઇને "ૐનમો ભગવતે વાસુદેવાય" આ મંત્રનો ઉચ્ચાર કરવો. ૧૪–૧૫

अवशेनापि यन्नाम्नि कीर्तिते सर्वपातकैः ॥
पुमान् विमुच्यते सद्यः सिंहत्रस्तैर्मृगैरिव ॥१६॥
क्षराक्षरविसृष्टस्तु प्रोच्यते पुरुषोत्तम ।
अव्यक्तं शाश्वतं देवं प्रभवं पुरुषोत्तमम् ॥ १७ ॥
प्रपद्ये पुंडरीकाक्षं देवं नारायणं हरिम् ॥
लोकनाथं सहस्राक्षमक्षरं परमं पदम् ॥ १८ ॥
भगवंतं प्रपन्नोऽस्मि भूतभव्यभवत्प्रभुम् ॥
स्रष्टारं सर्वलोकानामनंतं विश्वतोमुखम् ॥ १९ ॥

પરાધીન મનુષ્ય પણ જો પરમાત્માનું નામ લે તો, મૃગો જેમ સિંહોથી ડરીને વનમાંથી નાશી જાય છે,તેમ તે મનુષ્ય સર્વ પાપમાંથી તુરત મૂકાય છે. ૧૬

ક્ષર તથા અક્ષર વસ્તુથી જે ભિન્ન છે, તે પરમાત્મા પુરુષોત્તમ કહેવાય છે; તે ઇંદ્રિયાદિકથી અગોચર, શાશ્વત, પ્રકાશનારા, સર્વ જગતના કારણભૂત, કમળ જેવાં છે નેત્ર જેનાં એવા, પુરુષોમાં ઉત્તમ પ્રકાશમાન શ્રીનારાયણ એવા વિષ્ણુને શરણે જાઉં છું. લોકના સ્વામી, હજાર નેત્રવાળા, અક્ષર, પરમપદરૂપ, ભૂત ભવિષ્ય તથા વર્તમાન કાળના

पद्मनाभं हृषीकेशं प्रपद्ये सत्यमच्युतम् ॥
हिरण्यगर्भममृतं भूगर्भं तमसः परम् ॥ २० ॥
प्रभोः प्रभुमनाद्यं च प्रपद्ये तं रविप्रभम् ॥
सहस्रशीर्षकं देवं महर्षेः सत्त्वभावनम् ॥ २१ ॥
प्रपद्ये सूक्ष्ममचलं वरेण्यमनघं शुचिम् ॥
नारायणं पुराणेशं योगावासं सनातनम् ॥२२॥

સ્વામી એવા ભગવાનને શરણે જાઉં છું. સર્વ લોકના સૃજનારા, પાપરહિત, સર્વત્ર મુખવાળા, જેનું નાભિનું મંડળ પદ્માકાર છે એવા, ઇંદ્રિયોના અધિપતિ, સત્ય અને સ્વસ્વરૂપમાં રહેલા પરમાત્માને શરણે જાઉં છું. હિરણ્યગર્ભરૂપ, અમૃતરૂપ, પૃથ્વીને ગર્ભમાં ધારણ કરનારા, માયાથી પર, પ્રભુના પણ પ્રભુ અને સૂર્યસમાન કાંતિવાળા એવા અનાદિ પરમાત્માને શરણે જાઉં છું. હજાર મસ્તકવાળા, દેવ, મહાઋષિઓના સત્વનું પાલન કરનારા, સૂક્ષ્મ, અચળ, તેજસ્વી, પાપરહિત તથા પવિત્ર એવા પરમાત્માને શરણે જાઉં છું. નારાયણ, પુરાતન, ઈશ્વર, યોગના નિવાસસ્થાન, સનાતન, સર્વ પ્રાણીઓનો સંયોગ કરાવનારા, અવિનાશી એવા ઈશ્વરને શરણે જાઉં છું. ૧૭–૨૨.

संयोगं सर्वभूतानां प्रपद्ये ध्रुवमीश्वरम् ॥
यः पुरा प्रलयं प्राप्ते नष्टे स्थावरजंगमे ॥ २३ ॥
ब्रह्मादिषु प्रलीनेषु नष्टे लोके चराचरे ॥
एकस्तिष्ठति विश्वात्मा स मे विष्णुः प्रसीदतु २४
यः प्रभुः सर्वलोकानां येन सर्वमिदं ततम् ॥
चराचरगुरुर्देवः स मे विष्णुः प्रसीदतु ॥२५॥
आभूतसंप्लवे चैव प्रलीने प्रकृतौ महान् ॥

પૂર્વે જ્યારે મહાપ્રલય થાય છે, સ્થાવર જંગ-માત્મક જગતનો નાશ થાય છે, બ્રહ્માદિક દેવતાઓ વિનાશ પામે છે અને સ્થાવર તથા જંગમ પ્રાણીઓ નાશ પામે છે ત્યારે જે વિશ્વના આત્મારૂપ એક વિષ્ણુ અવશેષ રહે છે, તે વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૩–૨૪

જે સર્વ લોકના સ્વામી છે, જેનાવડે આ સર્વ જગત્ વ્યાપ્ત છે,–તે સ્થાવર જંગમાત્મક જગતના ગુરુ વિષ્ણુદેવ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૫

જ્યારે સર્વ પદાર્થનો પ્રલય થાય છે અને મહ-ત્તત્ત્વ પ્રકૃતિમાં લય પામે છે, ત્યારે વિશ્વના આત્મા-

योऽत्रतिष्ठति विश्वात्मा स मे विष्णुः प्रसीदतु ॥
येनाक्रांतास्त्रयो लोका दानवाश्च वशीकृताः ॥
शरण्यः सर्वलोकानां स मे विष्णुः प्रसीदतु २७
यस्य हस्ते गदा चक्रं गरुडो यस्य वाहनम् ॥
शंखः करतले यस्य स मे विष्णुः प्रसीदतु २८
कार्यं क्रिया च करणं कर्ता हेतुः प्रयोजनम् ॥
अक्रियाकरणे कार्ये स मे विष्णुः प्रसीदतु २९

રૂપ અને મહાસમર્થ એવા એક દેવ રહે છે, તે વિષ્ણુ, મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૬

જેણે ત્રણે લોકને સ્વાધીન કર્યાં છે, જેણે દાનવોને વશ કર્યાં છે, અને જે સર્વ લોકોને શરણે જવા યોગ્ય છે, તે વિષ્ણુ, મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૭

જેના હાથમાં ગદા તથા ચક્ર છે, જેનું વાહન ગરુડ છે, જેના હાથમાં શંખ છે, તે વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૮

જે કાર્યરૂપ છે, જે ચલનાદિક ક્રિયારૂપ છે, જે કરણરૂપ છે, કર્ત્તારૂપ છે, હેતુરૂપ છે, ફલરૂપ છે તથા ક્રિયા અને સાધનરહિત કાર્યમાં રહેલા છે, તે વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૯

चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पंचभिरेव च ॥
हूयते च पुनर्द्वाभ्यां स मे विष्णुः प्रसीदतु ३०
शमीगर्भस्य यो गर्भस्तस्य गर्भस्य यो रिपुः ॥
रिपुगर्भस्य यो गर्भः स मे विष्णुः प्रसीदतु ३१
अग्निसोमार्कताराणां ब्रह्मरुद्रेंद्रयोगिनाम् ॥
यस्तेजयति तेजांसि स मे विष्णुः प्रसीदतु ३२

आश्रावय એ ચાર અક્ષરવડે, अस्तु श्रौषट् એ ચાર અક્ષરવડે, यज्ञ એ બે અક્ષરવડે, ये यजामहे એ પાંચ અક્ષરવડે તથા वौषट् એ બે અક્ષરવડે જેને ઉદ્દેશીને હોમ કરવામાં આવે છે, તે પણ વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૦

શમીગર્ભનો કહેતાં પીપલાનો, જે ગર્ભ કહેતાં અગ્નિ અને તે અગ્નિરૂપી ગર્ભનો શત્રુ કહેતાં પાણી અને તે પાણીનો ગર્ભ કહેતાં સમુદ્ર તે સમુદ્રમાં રહેલા જે વિષ્ણુદેવ તે વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૧

જે પોતાના તેજવડે અગ્નિ, ચંદ્ર, સૂર્ય, તારા, બ્રહ્મ, શિવ, ઇન્દ્ર અને યોગીઓના તેજોને દીપાવે છે, તે વિષ્ણુ, મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૨

पर्जन्यः पृथिवी सस्यं कालो धर्मः क्रियाफलम्॥
गुणाकरः स मे बभ्रुर्वासुदेवः प्रसीदतु ॥ ३३॥
योगावास नमस्तुभ्यं सर्वावास वरप्रद ॥
हिरण्यगर्भ यज्ञांग पंचगर्भ नमोऽस्तु ते ॥ ३४ ॥
चतुर्भूत परं धाम लक्ष्म्यावास सदाच्युत ॥
शब्दादिवास नान्योऽसि वासुदेव प्रधानकृत् ॥

જે મેઘ, પૃથ્વી, ધાન્ય, કાળ, ધર્મ, ક્રિયાનાં ફળ તથા ગુણોના આધારભૂત છે, તે વાસુદેવ નામના વિષ્ણુદેવ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૩

હે યોગના નિવાસરૂપ! હે સર્વના આશ્રય અને સર્વને વરદાન આપનારા! તમને નમસ્કાર હો, હે હિરણ્યગર્ભ! હે યજ્ઞાંગ! હે પંચ મહાભૂતને ધારણ કરનારા! તમને નમસ્કાર હો. ૩૪

હે ચાર ભૂતવાળા! હે પરમ ધામ! હે લક્ષ્મીના નિવાસભૂત! હે નિત્ય અચળ સ્વભાવવાળા! હે શબ્દ આદિકના નિવાસસ્થાન! તમે એક જ છો બીજા નથી. હે વાસુદેવ! તમે પ્રકૃતિને ઉત્પન્ન કરનારા છો. ૩૫

अजः संगमनः पार्थो ह्यमूर्तिर्विश्वमूर्तिधृक् ॥
श्रीः कीर्तिः पंचकालज्ञो नमस्ते ज्ञानसागर।।३६।
अव्यक्ताद्व्यक्तमुत्पन्नमव्यक्ताद्यः परात्परः ॥
यस्मात्परतरं नास्ति तमस्मि शरणं गतः॥३७॥
चिंतयंतो ह्यजं नित्यं ब्रह्मेशानादयः सुराः
निश्चयं नाधिगच्छंति तमस्मि शरणं गतः।३८।

તમે જન્મમરણથી રહિત છો, સુંદરગતિવાળા છો, નરમૂર્ત્તિ છો, મૂર્ત્તિરહિત છો, વિશ્વરૂપ છો, લક્ષ્મીરૂપ છો, કીર્ત્તિરૂપ છો, પાંચ પ્રકારના કાળને જાણનારા છો. હે જ્ઞાનસમુદ્ર! તમને નમસ્કાર કરું છું. ૩૬

જે અવ્યક્તથકી આ વ્યક્ત કહેતાં જગત્ ઉત્પન્ન થયું છે, તે અવ્યક્તના આદિ, પરથકી પણ પર અને જેનાથી કોઇ પણ શ્રેષ્ઠ નથી, તેવા પરમાત્માને શરણે જાઉં છું. ૩૭

અજન્મા અને નિત્ય એવા જે પરમાત્માના સ્વરૂપનું મનન કરનારા બ્રહ્મા, શંકર વગેરે દેવતાઓ પણ જેમના સત્ય સ્વરૂપને જાણતા નથી, તે પરમાત્માને શરણે જાઉં છું. ૩૮

जितेंद्रिया जितात्मानो ज्ञानध्यानपरायणाः ॥
यं प्राप्य न निवर्तंते तमस्मि शरणं गतः॥३९॥
एकांशेन जगत्कृत्स्नमवष्टभ्य स्थितः प्रभुः ॥
अग्राह्यो निर्गुणो नित्यस्तमस्मि शरणं गतः ४०
सोमार्काग्निमयं तेजो या च तारामयी द्युतिः ॥
दिवि संजायते तेजः स महात्मा प्रसीदतु॥४१॥

ઇંદ્રિયોનો વિજય કરનારા, મનને વશ રાખનારા, જ્ઞાન તથા ધ્યાનમાં પરાયણ રહેનારા એવા મનુષ્યો જેને પામ્યા પછી જન્મ મરણના ફેરામાંથી છૂટે છે, તે પરમાત્માને શરણે જાઉં છું. ૩૯

જે સમર્થ પરમાત્મા પોતાના એક જ અંશવડે આખા જગતને ટેકાવીને ઉભા રહ્યા છે, જે ઇંદ્રિયોથી જાણવામાં આવે નહિ તેવા છે, જે ગુણરહિત અને નિત્ય છે, તે પરમાત્માને શરણે જાઉં છું. ૪૦

ચંદ્ર, સૂર્ય અને અગ્નિ, આ જેમનું તેજ છે, જેમની કાંતિ તારારૂપ છે, જેમનાથી સ્વર્ગને પણ પ્રકાશ કરનારું તેજ ઉત્પન્ન થાય છે, તે મહાત્મા દેવ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૧

गुणात्मा निर्गुणश्चान्यो रश्मिवांश्चेतनो ह्यजः ॥
सूक्ष्मः सर्वगतोऽदेहः स महात्मा प्रसीदतु ।४२।
अव्यक्तं सदधिष्ठानमचिंत्यं तमसः परम् ॥
प्रकृतिः प्रकृतिं भुंक्ते स महात्मा प्रसीदतु ।४३।
क्षेत्रज्ञः पञ्चधा भुंक्ते प्रकृतिं पञ्चभिर्मुखैः
महागुणांश्च यो भुंक्ते स महात्मा प्रसीदतु ।४४।

જે ગુણરૂપ છતાં નિર્ગુણ છે, માયાથી જૂદા છે, હજારો કિરણધારી સૂર્ય છે, સર્વને ચેતન કરનારા છે, અજન્મા છે, સૂક્ષ્મ છે, સર્વમાં વ્યાપક છે, શરીરરહિત એટલે નિરાકાર છે, તે મહાત્મા મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૨

ઇન્દ્રિયાદિકથી જાણવામાં આવે નહિ તેવા, સત્ય, આધારભૂત, વિચારમાં આવે નહિ તેવા, માયાથી પર, પ્રકૃતિરૂપ, માયાનો ઉપયોગ કરનારા, મહાત્મા પ્રભુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૩

જે ક્ષેત્રજ્ઞ (આત્મા) એવા પરમાત્મા પાંચ જ્ઞાનેન્દ્રિયવડે માયાનો ઉપભોગ કરે છે તથા જે પંચ મહાભૂતોના ગુણનો ઉપભોગ કરે છે, તે મહાત્મા મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૪

सांख्ययोगाश्च ये चान्ये सिद्धाश्च परमर्षयः ॥
यं विदित्वा विमुच्यंते स महात्मा प्रसीदतु ४५
अतींद्रिय नमस्तुभ्यं लिङ्गैर्व्यक्तैर्न मीयते ॥
ये च त्वां नाभिजानंति तमस्मि शरणं गतः ४६
कामक्रोधविनिर्मुक्ता रागद्वेषविवर्जिताः ॥
अन्यभक्ता न जानंति न पुनर्नारकी जनः ४७

મહાજ્ઞાનીઓ, યોગીઓ તથા સિદ્ધો અને મહર્ષિઓ જે પરમાત્માને જાણીને સંસારમાંથી મુક્ત થાય છે, તે મહાત્મા મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૫

હે ઇંદ્રિયાદિકથી જાણવામાં ન આવો એવા પરમાત્મા ! તમને નમસ્કાર કરું છું, તમે સ્પષ્ટ એવા અનુમાનોથી માપમાં આવતા નથી અને પુરુષો તમારાં સ્વરૂપને જાણતા નથી, એવા આપને શરણે હું આવ્યો છું. ૪૬

કામ તથા ક્રોધથી રહિત,રાગ અને દ્વેષ વિનાના, બીજા દેવની ઉપાસના કરનારા અર્થાત્ ચલિત ચિત્તવાળા પુરુષો તમને જાણતા નથી, તો પછી નારકી જીવ તો તમને ક્યાંથી જ જાણે ? ૪૭

एकांतिनो हि निर्द्वंद्वा निराशाः कर्मकारिणः ॥
ज्ञानाग्निदग्धकर्माणस्त्वां विशंति मनस्विनः ४८
अशरीरं शरीरस्थं समं सर्वेषु देहिषु ॥
पापपुण्यविनिर्मुक्ता भक्तास्त्वां पर्युपासते ।४९।
अव्यक्तबुद्ध्यहंकारमनोभूतेंद्रियाणि च ॥
त्वयि तानि न तेषु त्वं तेषु तानि न ते त्वयि ५०

પરંતુ એકાંતિક ભક્તિ કરનારા, સુખ તથા દુઃખ વિનાના, આશારહિત થઈને કર્મ કરનારા અને જ્ઞાનરૂપી અગ્નિથી જેઓનાં કર્મો બળી ગયાં છે એવા આત્મજ્ઞાની પુરુષો તમારે વિષે પ્રવેશ કરે છે. ૪૮

તમે નિરાકાર છો, છતાં સર્વ દેહધારીઓના દેહને વિષે સરખી રીતે રહ્યા છો, પાપ તથા પુણ્યથી રહિત એવા ભક્તો તમારી નિત્ય ઉપાસના કરે છે. ૪૯

માયા, બુદ્ધિ, અહંકાર, મન, પંચ મહાભૂતો અને દશ ઇન્દ્રિયો, તે સર્વ તમારે વિષે નથી, પરંતુ તમે તેને વિષે છો, તેમ તે તેઓને વિષે છે, પરંતુ તમારા વિષે તે નથી. ૫૦

एकत्वाय च नानन्यं ये विदुर्यांति ते परम् ॥
समत्वमिह कांक्षेय भक्त्या वै नान्यचेतसा ५१
चराचरमिदं सर्वं भूतग्रामं चतुर्विधम् ॥
त्वयि तंतौ च तत्प्रोतं सूत्रे मणिगणा इव ५२
स्रष्टा भोक्तासि कूटस्थो ह्यचिंत्यः सर्वसंज्ञितः ॥

જે ભક્તજનો તમારા સ્વરૂપમાં લીન થવા માટે તમારા સિવાય બીજાને જાણતા જ નથી, પરંતુ એક તમારી જ ભક્તિ કરે છે, તેઓ તમારા પરમ પદને પામે છે. હું પણ આ જગતમાં ભક્તિવડે તમારું જ એક મનન કરીને તમારાં સારૂપ્યને ઈચ્છું છું. ૫૧

સૂત્રમાં જેમ મણિઓ પરોવાઈને રહે છે, તેમ આ સ્થાવર તથા જંગમરૂપ ચાર પ્રકારના (સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ) પ્રાણીઓનો સમૂહ તંતુરૂપ તમારે વિષે પરોવાઈને રહેલો છે. ૫૨

તમે જગતના સ્રષ્ટા છો, અંતર્યામીરૂપે તેઓમાં પ્રવેશ કરીને તેના ભોક્તા છો, છતાં તમે અવિકારી છો, મન, વાણી આદિકથી વિચારમાં આવો નહિ તેવા છો, સર્વના નામવાળા છો, કર્તાથી ભિન્ન છો,

अकर्ता हेतुरहितः पृथगात्मा व्यवस्थितः ।५३।
न मे भूतेषु संयोगः पुनर्भवतु जन्मनि ॥
अहंकारेण बुद्ध्या वा न मे योगस्त्रिभिर्गुणैः ५४
न मे धर्मो ह्यधर्मो वा नारंभो जन्म वा पुनः ॥
जरामरणमोक्षार्थं त्वां प्रपन्नोऽस्मि सर्वगम् ५५
विषयैरिंद्रियैश्चापि न मे भूयः समागमः ॥

હેતુરહિત છો, માયાથી ભિન્ન છો અને પ્રત્યેકમાં આત્મારૂપે રહ્યા છો. ૫૩

અહંકારવડે તથા મલિન એવી બુદ્ધિવડે ફરીને આવતા જન્મોમાં મારો સ્થાવર તથા જંગમ કોઈ પણ ભૂતોમાં ફરીને જન્મ થાશો મા. તેમ સત્વ આદિક ત્રણ ગુણોની સાથે પણ ફરીને મારો સંબંધ થાશો મા. ૫૪

મારે ધર્મનું, અધર્મનું, અનેક કાર્યોના આરંભનું તથા જન્મનું ફરીને કામ નથી. હું તો વૃદ્ધાવસ્થાથી તથા મરણમાંથી છૂટવા માટે સર્વવ્યાપક એવા આપને શરણે આવ્યો છું. ૫૫

તેમ હું ઇચ્છું છું કે, હવે પછી વિષયોની સાથે તથા ઇંદ્રિયોની સાથે પણ મારો ફરીને સમાગમ

ईश्वरोऽसि जगन्नाथ किमतः परमुच्यते ॥५६॥
भक्तानां यद्धितं देव तत्ते हि त्रिदशेश्वर ॥
पृथिवीं यातु मे घ्राणं यातु मे रसनं जलम् ५७
रूपं हुताशने यातु स्पर्शो मे यातु मारुते ॥
श्रोत्रमाकाशमभ्येतु मनो वैकारिकं पुनः ॥५८॥
इंद्रियाणि गुणान्यांतु स्वेषु स्वेषु च योनिषु ॥
पृथिवी यातु सलिलमापोऽग्निमनलोऽनिलम् ॥

થશો મા. હે જગન્નાથ ! તમે જગતના સ્વામી છો, આથી બીજું હું તમને શું કહું ? ૫૬

હે દેવના ઈશ્વર ! ભક્તોનું જે હિત છે તે તમારું હિત છે. મારી ઘ્રાણેન્દ્રિય—નાસિકા પૃથ્વીમાં લય થાઓ, મારી રસનેન્દ્રિય જળમાં લય થાઓ. ૫૭

મારું રૂપ અગ્નિમાં લય થાઓ, મારો સ્પર્શ પવનમાં લય થાઓ, મારી કર્ણેન્દ્રિય આકાશમાં લય થાઓ અને વિકારવાળું મન ઇન્દ્રિયોમાં લય થાઓ. ૫૮

ઇંદ્રિયો ગુણોમાં લય પામો અને ગુણો પોત-પોતાના કારણમાં લય પામો, પૃથ્વી પાણીમાં લય પામો, પાણી અગ્નિમાં લય પામો, અગ્નિ

वायुराकाशमभ्येतु मनश्चाकाशमेव च ॥
अहंकारं मनो यातु मोहनं सर्वदेहिनाम् ॥६०॥
अहंकारस्तथा बुद्धिं बुद्धिरव्यक्तमेव च ॥
प्रधानं प्रकृतिं यातु गुणसाम्ये व्यवस्थिते ।६१।
विसर्गः सर्वकरणैर्गुणैर्भूतश्च मे भवेत् ॥
सत्वं रजस्तमश्चैव प्रकृतिं प्रविशंतु मे ॥ ६२ ॥
नैष्कैवल्यपदं देव कांक्षेऽहं ते परंतप ॥

પવનમાં લય પામો, પવન આકાશમાં લય પામો, મન આકાશમાં લય પામો અને સર્વ પ્રાણીઓને મોહિત કરનારું મન અહંકારમાં લય પામો. ૫૯–૬૦

અહંકારનો બુદ્ધિમાં લય થાઓ, બુદ્ધિનો મહત્તત્ત્વમાં લય થાઓ અને મહત્તત્ત્વનો ત્રણે ગુણોની સામ્યાવસ્થા થવાથી બનેલી એક પ્રકૃતિમાં લય થાઓ. ૬૧

ગુણરૂપ સર્વ ઇંદ્રિયોની સાથે જ મારો નાશ થાઓ અને મારાં સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણોનો માયામાં લય થાઓ. ૬૨

હે શત્રુને તપાવનાર દેવ! હું તમારા ધામરૂપ

एकीभावस्त्वया मेऽस्तु न मे जन्म भवेत्पुनः६३
नमो भगवते तस्मै विष्णवे प्रभाविष्णवे ॥
त्वद्बुद्धिस्त्वद्गतप्राणस्त्वद्भक्तस्त्वपरायणः ॥६४॥
त्वामेवाहं स्मरिष्यामि मरणे पर्यवस्थिते ॥
पूर्वदेहं कृता ये मे व्याधयः प्रविशंतु माम् ६५
अर्दयंतु च मां दुःखान्यृणं मे प्रतिमुच्यताम् ॥
अनुध्येयोऽसि मे देव न मे जन्म भवेत्पुनः ६६

મોક્ષપદની વાઞ્છા કરું છું. તમારી સાથે મારું ઐક્ય થાઓ, કે જેથી ફરીને મારે જન્મ ન થાય. ૬૩

સર્વત્ર વ્યાપક અને મહાસમર્થ એવા ભગવાન્ વિષ્ણુને નમસ્કાર હો. તમારે વિષે જેની બુદ્ધિ છે, તમારે વિષે જેના પ્રાણો છે, તમારો જે ભક્ત છે તથા તમારી સેવામાં જે પરાયણ છે,એવો હું મરણનો સમય આવશે ત્યારે તમને જ સંભારીશ. હે મહારાજ ! મેં પૂર્વે જન્મમાં જે વ્યાધિકારક પાપો કર્યાં હોય તેપાપો મારા શરીરમાં પ્રવેશ કરો. ૬૪-૬૫

દુઃખો મને ભલે પીડા ને કર્મરૂપી કરજમાંથી મારો છૂટકારો થાઓ. હે દેવ ! હું તમારું નિત્ય ધ્યાન કરું છું, કે જેથી ફરીને આ સંસારમાં મારો જન્મ થાય નહિ. ૬૬

अस्माद्ब्रवीमि कर्माणि ऋणं मे न भवेदिति ॥
उपतिष्ठंतु मां सर्वे व्याधयः पूर्वसंचिताः ॥६७॥
अनृणो गंतुमिच्छामि तद्विष्णोः परमं पदम् ॥
अहं भगवतस्तस्य मम वासः सनातनः ॥६८॥
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥
कर्मेंद्रियाणि संयम्य पञ्चभूतेंद्रियाणि च ॥६९॥

અને એટલા માટે હું સર્વે કર્મોને કહું છું કે, મારા ઉપર કોઈ જાતનું ઋણુ રહે નહિ તેમ પૂર્વ જન્મમાં જે જે દુ:ખકારક પાપો કર્યાં હોય, તે સર્વે વ્યાધિકારક પાપોને પણુ કહું છું કે, તે મારી પાસે આવો અને મને એક વખતે જ પીડા કરો. ૬૭

હું ઋણુરહિત થઇને ભગવાન્ એવા વિષ્ણુના પરમ પદમાં જવાને ઈચ્છું છું. મારો વાસ તમારે વિષે હમ્મેશાં થાઓ. ૬૮

હું પરમાત્માનો છું, તે કોઈ દિવસ મટવાનો નથી, તેમ પરમાત્મા મારા છે, તે પણુ કોઈ દિવસ મટવાના નથી. પાંચ જ્ઞાનેંદ્રિયોને તથા પાંચ કર્મેંદ્રિયોને નિયમમાં રાખીને તે દશે ઇંદ્રિયોને મનમાં

दशेन्द्रियाणि मनसि अहंकारं तथा मनः ॥
अहंकारं तथा बुद्धौ बुद्धिमात्मनि योजयेत् ७०
आत्मबुद्धींद्रियं पश्येद्बुद्ध्या बुद्धेः परात्परम् ॥
एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ७१
यतो बुद्धेः परं बुद्धा लभते न पुनर्भवम् ॥
ममायमिति तस्याहं येन सर्वमिदं ततम् ॥ ७२ ॥

જોડવી, મનને અહંકારમાં જોડવું, અહંકારને બુદ્ધિમાં જોડવો, બુદ્ધિને આત્મામાં જોડવી. ૬૯-૭૦

બુદ્ધિવડે જેના ઉપર આત્મબુદ્ધિ છે એવી ઇન્દ્રિયોને જાણવી, એટલે તે નાશવંત છે એમ જાણવું અને તે પછી બુદ્ધિથી પણ પર એવા પરમાત્માને જાણવા. આ રીતે પરમાત્મા, બુદ્ધિથી પણ પર છે આમ જાણી પોતાના મનને સ્થિર કરીને તેને પરમાત્મામાં લગાડવું. આ રીતે જે મનુષ્ય પરમાત્માને બુદ્ધિતત્ત્વથી પણ પર જાણે છે, તે સંસારમાં ફરીને જન્મ, મરણ પામતો નથી. હું તેનો છું અને તે મારો છે, ને જે પરમાત્માથી આ સર્વ જગત્ વ્યાપ્ત છે. આ રીતે આત્મારૂપ પરમાત્માને વિષે ભાવના કરીને તે પરમાત્માનું સ્મરણ કરવું

आत्मन्यात्मनि संयोज्य परात्मानमनुस्मरेत् ॥
नमो भगवते तस्मै देहिनां परमात्मने ॥ ७३ ॥
नारायणाय भक्ताय एकनिष्ठाय शाश्वते ॥
हृदिस्थाय च भूतानां सर्वेषां च महात्मने ॥७४॥
इमामनुस्मृतिं दिव्यां वैष्णवीं पापनाशिनीम् ॥
स्वपन्विबुद्धश्च पठेद्यत्नेन च समभ्यसेत् ॥७५॥
मरणे समनुप्राप्ते यदेकं मामनुस्मरेत् ॥
अपि पापसमाचारः स याति परमां गतिम् ७६

અને નીચે કહ્યા પ્રમાણે પરમાત્માને નમસ્કાર કરવા. દેહધારીઓના પરમ આત્મારૂપ, ભક્ત સ્વરૂપ, એકનિષ્ઠ, સનાતનમૂર્તિ, સર્વ પ્રાણીઓના હૃદયમાં નિવાસ કરનારા, મહાત્મા ભગવાન્ નારાયણને હું નમસ્કાર કરું છું. ૭૧–૭૪

મનુષ્યે પાપનો નાશ કરનારી એવી આ વિષ્ણુની દિવ્ય અનુસ્મૃતિનો સૂતી વેળાએ તથા જાગતી વેળાએ પ્રયત્નથી પાઠ કરવો તથા તેનો અભ્યાસ કરવો. ૭૫

જે મનુષ્ય મરણ આવે ત્યારે એક મારું સ્મરણ કરે છે, તે પાપી કર્મ કરનારો હોય તો પણ સદ્ગતિને પામે છે. ૭૬

यद्यहंकारमाश्रित्य यज्ञदानतपःक्रियाः ॥
कुर्वन्फलमवाप्नोति पुनरावर्तनं च तत् ॥ ७७॥
अभ्यर्चयन्पितॄन्देवान्पठञ्जुह्वन्बलिं ददत् ॥
ज्वलदग्नौ स्मरेद्यो मां लभते परमां गतिम्॥७८॥
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥
यज्ञदानतपस्तस्मात्कुर्याद्रागविवर्जितः ॥ ७९ ॥
पौर्णमास्याममावास्यां द्वादश्यां च तथैव च ॥

મનુષ્ય જો અહંકારનો આશ્રય કરી, યજ્ઞ, દાન અને તપશ્ચર્યા આદિક ક્રિયાઓ કરે છે, તો તેને ફળ મળે છે; પરંતુ તેવાં કર્મોથી તેને પુનઃ જન્મ લેવો પડે છે. ૭૭

જે મનુષ્ય દેવતાઓ અને પિતૃઓનું પૂજન કરે છે, વેદનો સ્વાધ્યાય કરે છે, બળિદાન આપે છે તથા પ્રકાશિત અગ્નિમાં હોમ કરે છે ને મારું સ્મરણ કરે છે, તે પરમ ગતિને પામે છે. ૭૮

યજ્ઞ, દાન અને તપ, આ કર્મો વિદ્વાન્ મનુષ્યોને પવિત્ર કરનારાં છે, માટે ડાહ્યા માણસે કામના રહિત થઈને યજ્ઞ, દાન તથા તપ કરવાં. ૭૯

મારા ભક્તે વિશેષે કરીને પૂનેમે, અમાસે તથા

श्रावयेच्छ्रद्दधानश्च मद्भक्तश्च विशेषतः ॥ ८० ॥
नम इत्येव यो ब्रूयान्मद्भक्तः श्रद्धयान्वितः ॥
तस्याक्षयो भवेल्लोकः श्वपाकस्यापि नारद ।८१।
किं पुनर्ये भजंते मां साधका विधिपूर्वकम् ॥
श्रद्धावंतो यतात्मानस्ते यांति परमां गतिम् ८२
कर्माण्याद्यंतवंतीह मद्भक्तोऽनंतमश्नुते ॥
मामेव तस्माद्देवर्षे ध्याहि नित्यमतंद्रितः ॥८३॥

બારસે શ્રદ્ધાથી આ અનુસ્મૃતિ સાંભળવી અને બીજાને સંભળાવવી. ૮૦

હે નારદ ! મારો જે ભક્ત શ્રદ્ધાસંપન્ન થઈને મને નમઃ આટલું જ કહે છે, તો પછી તે ચંડાળ હોય તો પણ તેને અવિનાશી એવા લોકનો લાભ થાય છે. ૮૧

ત્યારે શ્રદ્ધાવાળા અને મનને નિયમમાં રાખનારા મારા જે ભક્તો વિધિપૂર્વક મારી સેવા કરે છે, તે પરમ ગતિને પામે, તેમાં આશ્ચર્ય શું ? ૮૨

આ જગતમાં કર્મોનાં ફળ આદિ તથા અંતવાળાં છે અર્થાત્ નાશવંત છે અને મારો ભક્ત અનંત એવા પરમાત્માનાં પદને પામે છે. માટે હે દેવર્ષિ ! તમે નિત્ય આળસરહિત થઈને મારું જ ધ્યાન કરો. ૮૩

अज्ञानां चैव यो ज्ञानं दद्याद्धर्मोपदेशतः ॥
कृत्स्नां वा पृथिवीं दद्यात्तेन तुल्यं न तत्फलम् ८४
तस्मात्प्रदेयं साधुभ्यो जपं बंधभयापहम् ॥
अवाप्स्यति ततः सिद्धिं प्राप्स्यते च पदं मम ८५
अश्वमेधसहस्रैश्च वाजपेयशतैरपि ॥
नासौ पदमवाप्नोति मद्भक्तैर्यदवाप्यते ॥ ८६ ॥

જે મનુષ્ય ધર્મોપદેશથી અજ્ઞાનીઓને જ્ઞાન આપે છે અથવા તો સમગ્ર પૃથ્વીનું દાન કરે છે; પરંતુ જ્ઞાનના દાન સમાન પૃથ્વીના દાનનું ફળ નથી. ૮૪

માટે સારા મનુષ્યોને જન્મ મરણરૂપી સંસારના બંધનો ભય ટાળનાર શ્રીહરિના નામનો જપ આપવો, કે જે જપ કરવાથી મનુષ્ય સિદ્ધિ મેળવે છે અને મારા ધામને પામે છે. ૮૫

મારા ભક્તો જે પદને મેળવે છે, તે પદ હજારો અશ્વમેધ યજ્ઞો કરવાથી અને સેંકડો વાજપેય યજ્ઞો કરવાથી પણ મનુષ્ય મેળવતો નથી. ૮૬

॥ भीष्म उवाच ॥

हरेः पृष्टं पुरा तेन नारदेन सुरर्षिणा ॥
यदुवाच ततः शंभुस्तदुक्तं समनुव्रतः ॥ ८७ ॥
त्वमप्येकमना भूत्वा ध्याहि ध्येयं गुणाधिकम् ।
भजस्व सर्वभावेन परमात्मानमव्ययम् ॥ ८८ ॥
श्रुत्वैनं नारदो वाक्यं दिव्यं नारायणोदितम् ॥
अत्यंतं भक्तिमान्देव एकांतित्वमुपेयिवान् ॥८९॥

ભીષ્મ કહે છે—પૂર્વે દેવર્ષિ નારદે વિષ્ણુને પૂછ્યું હતું અને તેને સારી રીતે અનુસરનારા એવા કલ્યાણકારી વિષ્ણુએ તેને જે કહ્યું હતું, તે મેં તને કહ્યું. ૮૭

તું પણ એક મતનો થઇને ધ્યાન કરવાયોગ્ય તથા ગુણવડે અધિક એવા પરમાત્માનું ધ્યાન કર અને સર્વભાવવડે અવિનાશી એવા પરમાત્માની સેવા કર. ૮૮

પરમાત્માના અત્યંત ભક્ત નારદ, નારાયણે કહેલું દિવ્ય જ્ઞાન સાંભળીને પરમાત્માને વિષે એકાંત ભક્તિભાવને પ્રાપ્ત થયા. ૮૯

नारायणमृषिं देवं दशवर्षाण्यनन्यभाक् ॥
इमं जपित्वा चाप्नोतितद्विष्णोः परमं पदम्॥९०॥
किं तस्य बहुभिर्मंत्रैः किं तस्य बहुभिर्व्रतैः ॥
नमो नारायणायेति मंत्रः सर्वार्थसाधकः ॥९१॥
किं तस्य दानैः किं तीर्थैः किं तपोभिः किमध्वरैः
यो नित्यं ध्यायते देवं नारायणमनन्यधीः॥९२॥

જે દશ વર્ષ સૂધી એક નારાયણ ભગવાનનું જ સેવન કરે છે પણ અન્ય દેવની સેવા કરતો નથી, અને આ અનુસ્મૃતિનો જપ કરે છે તે વિષ્ણુના પરમ પદને પામે છે. ૯૦

ઘણા મંત્રોથી મનુષ્યને શું ફળ છે? તેમજ મનુષ્યને ઘણાં વ્રતો કરવાથી પણ શું ફળ છે? ૐ नारायणाय नमः આ મંત્ર સર્વ અર્થ સિદ્ધ કરનારો છે. ૯૧

જે મનુષ્ય એકાંત બુદ્ધિથી નિરંતર નારાયણ પરમાત્માનું ધ્યાન કરે છે, તેને દાનોનું શું પ્રયોજન છે? તીર્થોનું શું પ્રયોજન છે? તપશ્ચર્યાનું શું પ્રયોજન છે? અને યજ્ઞોનું પણ શું પ્રયોજન છે? ૯૨

ये नृशंसा दुरात्मानः पापाचाररतास्तथा ॥
तेऽपि यांति परं स्थानं नारायणपरायणाः॥९३॥
अनन्यया मंदबुद्धया प्रतिभाति दुरात्मनाम्॥
कुतर्काज्ञानदृष्टीनां विभ्रांतेंद्रियवर्त्मनाम् ॥९४॥
नमो नारायणायेति ये विदुर्ब्रह्म शाश्वतम् ॥
अंतकाले जपाद्यांति तद्विष्णोः परमं पदम्॥९५॥
आचारहीनोपि मुनिप्रवीर
भक्त्या विहीनोऽपि विनिंदितोऽपि ॥

જે મનુષ્યો ક્રૂર કર્મ કરનારા, દુષ્ટબુદ્ધિવાળા તથા પાપ કર્મ કરનારા છે, તે પણ નારાયણમાં પરાયણ રહેવાથી પરમ પદને પામે છે. ૯૩

દુષ્ટબુદ્ધિવાળા, કુતર્ક કરવાથી અજ્ઞાન દૃષ્ટિવાળા, ભમી ગયેલા છે ઇંદ્રિયોના માર્ગ જેના એવા પાપી મનુષ્યો, વિલક્ષણ એવી મંદબુદ્ધિવડે પરમાત્માને જૂદા જ રૂપમાં જુવે છે. ૯૪

જેઓ સનાતન બ્રહ્મને જાણે છે, તેઓ અંતકાળે ॐ नारायणाय नमः એવો જપ કરવાથી વિષ્ણુના પરમ પદને પામે છે. ૯૫

किं तस्य नारायणशब्दमात्रतो
विमुक्तपापो विशतेऽच्युतां गतिम् ॥ ९६ ॥
कांतारवनदुर्गेषु कृच्छ्रेष्वापत्सु संयुगे ॥
दस्युभिः सन्निरुद्धश्च नामाभिर्मां प्रकीर्तयेत् ९७
जन्मांतरसहस्रेषु तपोध्यानसमाधिभिः ॥
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ९८
नाम्नोऽपि यावती शक्तिः पापनिर्हरणे हरेः ॥

હે મહામુનિ! મનુષ્ય આચારહીન હોય, ભક્તિરહિત હોય, નિંદાપાત્ર થયો હોય, તોપણ વિશેષ તો શું પણ તે માત્ર નારાયણ એવા શબ્દનો ઉચ્ચાર કરવાથી પાપરહિત થઇને પરમાત્માના અક્ષર ધામમાં જાય છે. ૯૬

ભયંકર અરણ્યમાં, વનમાં, કષ્ટકારક પ્રદેશમાં, દુઃખ વેળા, આપત્તિ વેળા, રણસંગ્રામ ઉપર તથા કોઇ વેળા ચોરોએ ઘેરી લીધા હોય ત્યારે મારાં નામ લેવા માંડવાં, કે જેથી દુઃખનો વિનાશ થાય. ૯૭

હજારો જન્મોમાં તપશ્ચર્યા, ધ્યાન અને સમાધિ કરવાથી મનુષ્યોનાં પાતકો ક્ષય થાય છે ત્યારે તેઓની શ્રીકૃષ્ણના ઉપર ભક્તિ થાય છે. ૯૮

श्वपचोऽपि नरः कर्तुं क्षमस्तावन्न किल्बिषम्।९९।
न तावत्पापमस्तीह यावन्नामाहृतं हरेः ॥
अतिरेकभयादाहुः प्रायश्चित्तांतरं वृथा ॥१००॥
गत्वा गत्वा निवर्तंते चंद्रसूर्यादयो ग्रहाः ॥
अद्यापि न निवर्तंते द्वादशाक्षरचिंतकाः॥१०१॥
न वासुदेवात्परमस्ति मङ्गलं
न वासुदेवात्परमस्ति पावनम् ॥

શ્રીહરિના નામમાં પાપ હરણુ કરવાની જેટલી શક્તિ રહી છે, તેટલું પાપ ચંડાળ પણ કરી શકતા નથી. ૯૯

જ્યાંસૂધી શ્રીનારાયણનું નામ લેવામાં આવે છે, ત્યાંસૂધી આ જગતમાં પાપ નથી, છતાં પણ કેટલાએક અધિક પાપના ભયથી બીજાં વૃથા પ્રાયશ્ચિત્ત કરવાનું વિદ્વાનો કહે છે. ૧૦૦

ચંદ્ર, સૂર્ય વગેરે ગ્રહો સ્વર્ગમાં જઈને પાછા આ લોકમાં આવે છે, પરંતુ ॐ नमो भगवते वासुदेवाय આ બાર અક્ષરના મંત્રનું મનન કરનારા મનુષ્યો અદ્યાપિ પર્યંત પાછા વળ્યા નથી. ૧૦૧

વાસુદેવ ભગવાન્ કરતાં કોઇ મોટી મંગળ વસ્તુ નથી, વાસુદેવના કરતાં બીજી કોઇ પવિત્ર વસ્તુ નથી,

न वासुदेवात्परमस्ति दैवतं
तं वासुदेवं प्रणमन्न सीदति ॥ १०२ ॥
इमां रहस्यां परमामनुस्मृतिं
योऽधीत्य बुद्धिं लभते च नैष्ठिकीम् ॥
विहाय पापं विनिमुच्य सङ्कटात्
स वीतरागो विचरेन्महीमिमाम् ॥ १०३ ॥

इति श्रीमन्महाभारते शतसाहस्त्र्यां संहितायां वैयासि-
क्यामानुशासनिके पर्वणि दानधर्मे श्रीविष्णो-
र्दिव्यमनुस्मृतिस्तोत्रं संपूर्णम् ॥

વાસુદેવ કરતાં બીજું કોઈ મોટું દૈવત નથી, આવા વાસુદેવ પરમાત્માને પ્રણામ કરનારો મનુષ્ય દુઃખી થતો નથી. ૧૦૨

જે મનુષ્ય આ શુભ એવી વિષ્ણુની ઉત્તમ અનુસ્મૃતિનો પાઠ કરે છે તેની બુદ્ધિ નિષ્ઠાવાળી થાય છે અને તે પાપવિનાનો થઈને સંકટમાંથી મૂકાય છે અને રાગદ્વેષરહિત થઈને આ પૃથ્વી ઉપર આનંદમાં વિહાર કરે છે. ૧૦૩

ઇતિ શ્રીઅનુસ્મૃતિ સંપૂર્ણ

સમાપ્ત

अथ गजेंद्रमोक्षनुं

भाषान्तर



गजेन्द्रमोक्षनुं भाषान्तर

॥ अथ गजेन्द्रमोक्षः प्रारभ्यते ॥

॥ शतानीक उवाच ॥

मया हि देवदेवस्य विष्णोरमिततेजसः ॥
श्रुताः संभूतयः सर्वा गदतस्तव सुव्रत ॥ १ ॥
यदि प्रसन्नो भगवाननुग्राह्योऽस्मि वा यदि ॥
तदहं श्रोतुमिच्छामि नृणां दुःस्वप्ननाशनम् ॥ २ ॥
स्वप्नादिषु महाभाग दृश्यंते ये शुभाशुभाः ॥

શતાનીક પૂછે છે—હે સદ્દાચારી! મેં તમારા કહેવાથી દેવના દેવ અને અપાર તેજવાળા વિષ્ણુના સર્વે જન્મો તથા પરાક્રમો સાંભળ્યાં છે. ૧

હે મહારાજ! હવે જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો અથવા તો હું તમારો અનુગ્રહપાત્ર હોઉં તો મનુષ્યોને આવતાં દુષ્ટ સ્વપ્નોનો નાશ કરે તેવી કોઈ કથા તમારી પાસેથી હું સાંભળવાની ઈચ્છા રાખું છું. ૨

હે મહાભાગ્યવાળા ભાર્ગવ! સ્વપ્ન વિગેરેમાં

फलानि च प्रयच्छंति तद्गुणान्येव भार्गव ॥३॥
तादृक् पुण्यं पवित्रं च नृणामतिशुभप्रदम् ॥
दुष्टस्वप्नोपशमनं तन्मे विस्तरतो वद ॥ ४ ॥
॥ शौनक उवाच ॥
इदमेव महाभाग पृष्टवान्स्वपितामहम् ॥
भीष्मं धर्मभृतां श्रेष्ठं धर्मपुत्रो युधिष्ठिरः ॥ ५ ॥
॥ भीष्म उवाच ॥
आद्यं पुरुषमासीनं पुरुहूतं पुरातनम् ॥

સારા નરતા જે પદાર્થો જોવામાં આવે છે, તે પદાર્થો પોતપોતાના ગુણ પ્રમાણે જ શુભાશુભ ફળો આપે છે. ૩

માટે મનુષ્યોને અતિ શુભ ફળ આપનારી તથા દુષ્ટ સ્વપ્નનો નાશ કરનારી કોઈ પુણ્યવાળી પવિત્ર કથા હોય, તે મને વિસ્તારથી કહો. ૪

શૌનક કહે છે—હે મહાભાગ્યશાળી! પૂર્વે ધર્મના પુત્ર યુધિષ્ઠિરે પણ ધર્મવંતોમાં શ્રેષ્ઠ અને પોતાના પિતામહ એવા ભીષ્મને આ જ પ્રશ્ન પૂછયો હતો. ૫

ભીષ્મ કહે છે—આદિપુરુષ, ઈશ્વર, બહુ યજ્ઞોથી યજાયલા, પુરાતન દેવ, સત્યમૂર્ત, ૐકારમૂર્ત,

ऋतमेकाक्षरं ब्रह्म व्यक्ताव्यक्तं सनातनम् ॥६॥
असच्च सच्च यद्विश्वं नित्यं सदसतः परम् ॥
परं पराणां स्रष्टारं पुराणं परमव्ययम् ॥ ७ ॥
मांगल्यं मंगलं विष्णुं वरेण्यमनघं शुचिम् ॥
नमस्कृत्य हृषीकेशं चराचरगुरुं हरिम् ॥ ८ ॥
प्रवक्ष्यामि महापुण्यं कृष्णद्वैपायनस्य च ॥
येनोक्तेन श्रुतेनापि नश्यते सर्वपातकम् ॥ ९ ॥
नारायणसमो देवो न भूतो न भविष्यति ॥

બ્રહ્મરૂપ, સાકાર, નિરાકાર, સનાતન પુરુષ, કાર્યરૂપ, કારણરૂપ, વિશ્વમૂર્તિ, નિત્ય, કાર્ય તથા કારણથી પર, માયા કરતાં પણ પર, સર્વના ઉત્પન્ન કરનારા પુરાણ પુરુષ, પરમાત્મા, અવિનાશી, મંગલમૂર્તિ, મંગળ, વિષ્ણુ, વરેણ્ય, દોષરહિત, પવિત્ર, સ્થાવર તથા જંગમના ગુરુ ને ઈન્દ્રિયના સ્વામી એવા શ્રીહરિને નમસ્કાર કરીને વેદવ્યાસે કહેલી મહા-પવિત્ર કથા તમને કહીશ, કે જે કથા કહેવાથી તથા સાંભળવાથી મનુષ્યનાં સર્વ પાપ નાશ થાય છે. ૬—૯

નારાયણના સમાન દેવતા થયા પણ નથી અને

एतेन सत्यवाक्येन सर्वार्थान्साधयाम्यहम्॥१०॥
किं तस्य बहुभिर्मंत्रैः किं तस्य बहुभिर्व्रतैः ॥
नमो नारायणायेति मंत्रः सर्वार्थसाधकः ॥११॥
जज्ञे बहुज्ञं परमत्युदारं यं द्वीपमध्ये सुतमात्मवंतम्॥
पराशराद्गंधवती महर्षेस्तस्मै नमोऽज्ञानतमोनुदाय
नमो भगवते तस्मै व्यासायामिततेजसे ॥
यस्य प्रसादाद्वक्ष्यामि नारायणकथामिमाम्।१३।

થશે પણુ નહિ. આ સત્ય વાક્યવડે હું મારાં સર્વ કાર્યો સાધું છું. ૧૦

જે મનુષ્યે સર્વ અર્થને આપનારા નમો નારાયણાય એવા મંત્રને સિદ્ધ કર્યો છે, તેને ઘણા મન્ત્રો જપવાનું શું પ્રયોજન છે? તેમ તેને ઘણાં વ્રતો કરવાથી પણુ શું ફળ છે? ૧૧

ગંધવતી નામનાં સ્ત્રીએ મહર્ષિ પરાશરથી બહુ જ્ઞાનવાળા, ઘણી ઉદારબુદ્ધિવાળા તથા આત્મજ્ઞાની એવા પુત્રને દ્વીપમાં ઉત્પન્ન કર્યા હતા. તે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા શ્રીવેદવ્યાસને હું નમસ્કાર કરું છું. ૧૨

અપાર તેજવાળા ભગવાન્ વેદવ્યાસને નમસ્કાર

वैशंपायनमासीनं पुराणोक्तिविचक्षणम् ॥
इममर्थं स राजर्षिः पृष्टवान् जनमेजयः ॥१४॥
जनमेजय उवाच ॥
किं जपन्मुच्यते पापात्किं जपन्सुखमश्नुते ॥
दुःस्वप्ननाशनं पुण्यं श्रोतुमिच्छामि मानद ।१५।
॥ वैशंपायन उवाच ॥
एवमेव पुरा प्रश्नं पृष्टवांस्ते पितामहः ॥

કરીને તેમના પ્રસાદથી હું આ નારાયણની પવિત્ર કથા તમને કહું છું. ૧૩

એક સમયે પુરાણની કથા કહેવામાં મહાનિપુણ વૈશંપાયન મુનિ બેઠા હતા, તેને રાજર્ષિ જનમેજયે આ જ પ્રશ્ન પૂછ્યો હતો. ૧૪

જનમેજય પૂછે છે—હે માન આપનારા મુનિરાજ! મનુષ્ય ક્યા મંત્રનો જપ કરવાથી પાપમાંથી છૂટે છે? ક્યા મંત્રનો જપ કરવાથી સુખ ભોગવે છે? અને ક્યા મંત્રનો જપ કરવાથી દુષ્ટ સ્વપ્નોનાશ પામે છે? તે કહો. કારણ કે, હું દુષ્ટ સ્વપ્નનો નાશ કરનારી પુણ્યકારી કથા સાંભળવાની ઇચ્છા રાખું છું. ૧૫

વૈશંપાયન કહે છે—હે જનમેજય! તારા પિતામહ

भीष्मं वै व्रतिनां श्रेष्ठं तं चाहं कथयामि ते १६
देवव्रतं महाप्राज्ञं सर्वशास्त्रविशारदम् ॥
विनयेनोपसंगम्य पर्यपृच्छद्युधिष्ठिरः ॥ १७ ॥
॥ युधिष्ठिर उवाच ॥
दुःस्वप्नदर्शनं घोरमवेक्ष्य भरतर्षभ ॥
भयतः किं जपेज्जाप्यं विबुद्धः किमनुस्मरेत् १८
कस्य कुर्यान्नमस्कारं प्रातरुत्थाय मानवः ॥

યુધિષ્ઠિરે પણ પૂર્વે આ પ્રમાણે જ વ્રત કરનારાઓમાં શ્રેષ્ઠ એવા ભીષ્મપિતામહને પ્રશ્ન પૂછ્યો હતો, તે પ્રશ્નનો ઉત્તર હું તને કહું છું. ૧૬

પૂર્વે યુધિષ્ઠિર રાજાએ મહાબુદ્ધિશાળી અને સર્વ શાસ્ત્રમાં કુશળ એવા ભીષ્મપિતામહની પાસે જઇને વિનયપૂર્વક તેને પ્રશ્ન પૂછ્યો હતો. ૧૭

યુધિષ્ઠિર પૂછે છે—હે ભરતવંશના શ્રેષ્ઠ રાજા! દુઃખ દેખાડનારું ભયંકર એવું દુષ્ટ સ્વપ્ન જોઈને જાગ્રત થયા પછી મનુષ્યે સાવધ થઈને કયા મંત્રનો જપ કરવો? અને કયા દેવનું મનમાં સ્મરણ કરવું? તે કહો. ૧૮

વળી મનુષ્યે નિત્ય સવારમાં ઉઠીને કયા દેવને

किं च ध्यायेत सततं किं पूज्यं वा भवेत्सदा१९
पितामह प्रसादेन बुद्धिभेदो भवेन्न मे ॥
तदहं श्रोतुमिच्छामि ब्रूहि नो वदतां वर॥२०॥
॥ भीष्म उवाच ॥
शृणु राजन्महाबाहो कथयिष्ये ह शांतिकम् ॥
दुःस्वप्नदर्शने जाप्यं यद्वा नित्यं समाहितैः २१
अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ॥
गजेंद्रमोक्षणं पुण्यं कृष्णस्याद्भुतकर्मणः ॥२२॥

નમસ્કાર કરવા, નિત્ય કોનું ધ્યાન કરવું અને કોની પૂજા કરવી? ૧૯

હે પિતામહ! જેની કૃપાથી મારી બુદ્ધિમાં ફેરફાર થાય નહિ તેવા પરમાત્માની કથા, હે મહા-વક્તા! હું તમારી પાસેથી સાંભળવાની ઈચ્છા રાખું છું માટે મને મારા પ્રશ્નોના ઉત્તર આપો. ૨૦

ભીષ્મ કહે છે—હે મહાબાહુવાળા રાજા! જ્યારે દુષ્ટ સ્વપ્ન આવે ત્યારે મનુષ્યોએ સાવધાન થઈને નિત્ય કરવા યોગ્ય શાંતિકારક જપ અથવા બીજાં કર્મો કરવાં. તે જપ તથા કર્મો હું તને કહું છું તે તું સાંભળ. ૨૧

આ વિષયમાં અદ્ભુત પરાક્રમવાળા શ્રીકૃષ્ણે

सर्वरत्नमयः श्रीमांस्त्रिकूटो नाम पर्वतः ॥
सुतः पर्वतराजस्य सुमेरोर्भास्करद्युतेः ॥ २३ ॥
क्षीरोदजलवीच्युग्रैर्धौतामलशिलातलः ॥
उत्थितः सागरं भित्त्वा देवर्षिगणसेवितः॥२४॥
अप्सरोभिः परिवृतः श्रीमान्प्रस्रवणाकुलः ॥
गंधर्वैः किन्नरैर्यक्षैः सिद्धचारणपन्नगैः ॥ २५ ॥

ગજેન્દ્રનો મોક્ષ કર્યો હતો, તે પુરાતની પવિત્ર ઇતિહાસ એક દૃષ્ટાંતરૂપે કહેવામાં આવે છે. ૨૨

સૂર્યના જેવી કાંતિવાળા પર્વતોના રાજા સુમેરુનો પુત્ર અને રત્નોથી ભરેલો શ્રીમાન્ ત્રિકૂટ નામનો એક પર્વત છે. ૨૩

ક્ષીરસાગરના પાણીના સદા મોટા તરંગોવડે તે પર્વતનાં શિલાતલો ધોવાઇને નિર્મળ રહે છે અને તે ક્ષીરસમુદ્રના સીમાડા ઉપર ઉભો છે, તે જાણે સમુદ્રને ભેદીને બહાર નિકળ્યો હોય તેવો દેખાય છે. તે પર્વતની ઉપર તથા આસપાસ દેવર્ષિઓનાં મણ્ડળો વસતાં હતાં. ૨૪

અપ્સરાઓથી ચોતરફ વિંટાયલો, શોભાયમાન, ઝરતાં ઝરણાંઓથી ભરપૂર, ગંધર્વો, કિન્નરો,

मृगैः सिंहैर्गजेंद्रैश्च वृतगात्रो विराजते ॥
पुन्नागैः कर्णिकारैश्च सुबिल्वैर्दिव्यपाटलैः॥२६॥
चूतनिंबकदंबैश्च चंदनागुरुचंपकैः ॥
शालैस्तालैस्तमालैश्च तरुभिश्चार्जुनैस्तथा ॥२७॥
बकुलैः कुंदपुष्पैश्च सरलैर्देवदारुभिः ॥
मंदारकुसुमैश्चान्यैः पारिजातैश्च सर्वशः ॥२८॥
एवं बहुविधैर्वृक्षैः सर्वतः समलंकृतः ॥
नानाधात्वंकितैः शृंगैः प्रस्रवद्भिः समंततः॥२९॥

યક્ષો, સિદ્ધો, ચારણો, સર્પો, મૃગો, સિંહો અને મોટા હાથીઓથી ભરપૂર શિખરવાળો એવો તે પર્વત શોભે છે. વળી પુન્નાગ, કર્ણિકાર, સુંદર બીલીનાં ઝાડ, દિવ્ય પાટલાનાં વૃક્ષો, આંબાઓ, લિંબડાઓ, કદંબો, ચંદન, અગર, ચંપાઓ, શાલ, તાલ, તમાલ, આંજણીઆનાં વૃક્ષો, પુષ્પવાળાં બપોરીઆનાં અને કુંદનાં વૃક્ષો, સરલનાં વૃક્ષો, દેવદારુનાં વૃક્ષો, પુષ્પિત મંદારનાં તથા બીજાં પુષ્પવાળાં પારિજાતકનાં વૃક્ષો, આ પ્રમાણે અનેક પ્રકારનાં પુષ્પિત વૃક્ષોથી તથા અનેક જાતની ધાતુઓથી

शोभितो रुचिरप्रख्यैस्त्रिभिर्विस्तीर्णसानुभिः ॥
मृगैः शाखामृगैः सिंहैर्मातंगैश्च सदा मदैः ॥३०॥
जीवजीवकसंघुष्टं चकोरशिखिनादितम् ॥
तस्यैकं कांचनं शृंगं सेवते यद्दिवाकरः ॥ ३१ ॥
नानापुष्पसमाकीर्णं नानाशृंगैः समाकुलम् ॥
द्वितीयं राजतं शृंगं सेवते यन्निशाकरः ॥ ३२॥
पांडुरांबुदसंकाशं तुषारचयसन्निभम् ॥

રંગાયલા તથા ચોતરફથી પાણીને ઝરતાં શિખરોથી ત્રિકૂટ પર્વત શોભી રહ્યો છે. ૨૫–૨૯

વળી સુંદર કાંતિવાળાં ત્રણ વિશાલ શિખરોવડે, મૃગોવડે, વાનરોવડે, સિંહોવડે અને નિરંતર મદ ઝરનારા હાથીવડે શોભાયમાન છે. ૩૦

ચકોર, ચક્રવાક અને મયૂરોના મધુર શબ્દોથી ગાજી રહેલું તે પર્વતનું એક શિખર સુવર્ણનું છે, જેના ઉપર ભગવાન્ સૂર્યનારાયણ નિવાસ કરે છે. ૩૧

અનેક જાતનાં સુગંધી પુષ્પોથી ભરપૂર અને અનેક શિખરોથી વિંટાયલું તેનું બીજું શિખર રૂપાનું છે, જેના ઉપર ચંદ્ર નિવાસ કરે છે. ૩૨

वज्रेंद्रनीलवैडूर्यतेजोभिर्भासयन्नभः ॥ ३३ ॥
तृतीयं ब्रह्मसदनं प्रकृष्टं शृंगमुत्तमम् ॥
पद्मरागसमप्रख्यं तारागणसमान्वितम् ॥ ३४ ॥
नैतत्कृतघ्नाः पश्यंति न नृशंसा न नास्तिकाः ॥
नातप्ततपसो लोके ये च पापकृतो जनाः॥३५॥
नानाराधितगोविंदाः शैलं पश्यंति मानवाः ॥

તે શિખર શ્વેત મેઘના જેવું અને હિમના ઢગ જેવું દેખાય છે; અને હીરા, ઇંદ્રનીલ તથા વૈડૂર્યની કાંતિથી આકાશને પ્રકાશમાન કરે છે. ૩૩

ત્રીજું મહાઉત્તમ શિખર પદ્મરાગના જેવું કાંતિવાળું તથા તારાગણોથી ભરપૂર છે અને તેનું નામ બ્રહ્મસદન છે. ૩૪

કૃતઘ્ની પુરુષો, ક્રૂર પુરુષો, નાસ્તિકો, તપશ્ચર્યા નહિ કરનારા તથા જગતમાં પાપ કરનારાં મનુષ્યો, એ પર્વતને જોવા પામતાં નથી. ૩૫

પરંતુ જેઓએ નાના પ્રકારની પૂજાઓથી શ્રી-કૃષ્ણની આરાધના કરેલી છે, તે મનુષ્યો, તે પર્વતને

तस्य सानुमतः पृष्ठे सरः कांचनपंकजम् ॥३६॥
कारंडवसमाकीर्णं राजहंसोपशोभितम् ॥
मत्तभ्रमरसंघुष्टं चकोरशिखिनादितम् ॥ ३७ ॥
कमलोत्पलकह्लारपुंडरीकोपशोभितम् ॥
कांचनैः कुमुदैः शतपत्रैश्च समलंकृतम् ॥ ३८ ॥
पद्मैर्मरकतप्रख्यैः पुष्पैः कांचनसन्निभैः ॥
गुल्मैः कीचकवेणूनां समंतात्परिवारितम् ॥३९॥

જુવે છે. તે પર્વતની પાછળ એક ઉત્તમ સરોવર છે તેમાં સુવર્ણનાં કમળો ઉગે છે. ૩૬

તે સરોવર કારંડવોથી ભરપૂર રહે છે, રાજહંસોથી શોભાયમાન રહે છે અને મદમત્ત ભ્રમરોના ગુંજારવથી તથા ચકોરોના તથા મયૂરોના ટૌકાઓથી ગાજી રહે છે. ૩૭

વળી કમળ, ઉત્પલ, કહ્લાર, પુંડરીક, કુમુદ અને સુવર્ણનાં કમળોથી તે સરોવર શોભાયમાન લાગે છે. ૩૮

મરકતમણિના જેવાં કાંતિવાળાં કમળોવડે, સુવર્ણનાં જેવાં સુંદર પુષ્પોવડે તથા પોલા વાંસના ગુલ્મોવડે તે સરોવર ચોતરફથી વિંટાયલું રહે છે. ૩૯

अत्यद्भुतं महास्थानं विचित्रशिखराकुलम् ॥
शतयोजनविस्तीर्णं शतयोजनमायतम् ॥ ४० ॥
पंचयोजनमूर्धानं सर एतत्प्रमाणत ।
हिमखंडोदकं राजन्सुस्वादममृतोपमम् ॥ ४१ ॥
त्रैलोक्येऽदृष्टपूर्वं च यत्तत्सरमनुत्तमम् ॥
सुप्रसन्नं सरो दिव्यं देवानामपि दुर्लभम् ॥ ४२ ॥
खातेन द्विगुणं प्रोक्तं शरद्द्यौरिव निर्मलम्॥

તે મહાસ્થાન અત્યંત અદ્ભુત દેખાવવાળું છે, વિચિત્ર શિખરોથી ભરપૂર છે તથા સો યોજનમાં પહોળું અને સો યોજનમાં લાંબું છે. ૪૦

અને પાંચ યોજન ઉંડું છે ને તેમાં હિમના કટકા જેવું ઘણું સ્વાદિષ્ટ અને અમૃતના જેવું મીઠું જલ ભર્યું રહે છે. ૪૧

આ સરોવર ત્રણ લોકમાં પૂર્વે જોવામાં આવેલું નહિ તેવું, સર્વ કરતાં ઉત્તમ, નિર્મળ જળથી ભરેલું, દિવ્ય તથા દેવતાઓને પણ દુર્લભ છે અર્થાત્ સર્વોત્કૃષ્ટ અને દિવ્ય વિભૂતિથી અલંકૃત રહે છે. ૪૨

તે સરોવરને ઊંડાઈમાં બમણું કહ્યું છે, શરદ્ ઋતુના આકાશ જેવું નિર્મળ છે અને સિદ્ધ

उपहाराय देवानां सिद्धाद्यर्चितपंकजम् ॥ ४३ ॥
तस्मिन्सरसि दुष्टात्मा विरूपोऽतर्जलाशयः ॥
आसीद्ग्राहो गजेंद्राणां दुराधर्षो महाबलः ।४४।
अथ दंतोज्ज्वलमुखः कदाचिद्गजयूथपः ॥
आजगाम तृषाक्रांतः करेणुपरिवारितः ॥४५ ॥
मदास्रावी जलाकांक्षी पादचारीव पर्वतः ॥
वासयन्मदगंधेन महानैरावतोपमः ॥ ४६ ॥

પુરુષો સરોવરનાં સુંદર કમળો દેવોને ઉપહાર આપવા માટે ચુંટ્યા કરે છે. ૪૩

દુષ્ટ મનનો, ભયંકર આકારવાળો, મહાબળવંત અને મોટા હાથીઓથી પણ મહાકષ્ટે જેનો પરાજય કરી શકાય એવો એક ગૂડ તે સરોવરના પાણીમાં અંદર રહેતો હતો. ૪૪

એક સમયે ધોળા દંતોશળથી ઉજ્જ્વળ મુખવાળો હાથીનાં ટોળાંનો અધિપતિ એક ગજેંદ્ર તરસ લાગવાથી હાથણીઓ વડે વિંટાઇને તે સરોવર ઉપર પાણી પીવા માટે આવ્યો. ૪૫

તેના ગંડસ્થળમાંથી મદ ઝરતો હતો, તેને પાણી

गजो ह्यंजनसंकाशो मदाच्चलितलोचनः ॥
तृषितः पानकामोऽयमवतीर्णश्च तत्सरः ॥ ४७॥
पिबतस्तस्य तत्तोयं ग्राहश्च समपद्यत ॥
सुलीनः पंकजवने यूथमध्यगतः करी ॥ ४८ ॥
गृहीतस्तेन रौद्रेण ग्राहेणातिबलीयसा ॥
पश्यंतीनां करेणूनां क्रोशंतीनां सुदारुणम्॥४९॥

પીવાની ઇચ્છા થઈ હુતી, પગથી ચાલતા પર્વતના જેવો તે દેખાતો હતો, મદની સુગંધથી ચોતરફ સુવાસ ફેલાવતો હતો અને એક મોટા ઐરાવત હાથીના સમાન દેખાતો હતો. ૪૬

આંજણુના પર્વત જેવો તે શ્યામ રંગનો હતો ને મદને લીધે તેની આંખો ફરી ગઈ હતી. તે હાથી તૃષાતુર હોવાથી પાણી પીવા માટે તે સરો-વરમાં ઉતર્યો. ૪૭

અને હાથણીઓનાં ટોળાંની વચ્ચે રહેલો તે હાથી, કમળના વનમાં રહીને સરોવરનું પાણી પીવા માંડ્યો, એવામાં તેની પાસે એક ઝૂડ આવ્યો. ૪૮

તે ઝૂડને જોઇને હાથણીઓ અતિ દારુણ સ્વરે રુદન કરવા માંડી ને તે હાથણીઓના દેખતાં જ

नीयते पंकजवने ग्राहेणाव्यक्तमूर्तिना ॥
गजो ह्याकर्षते तीरं ग्राहश्चाकर्षते जलम् ॥५०॥
तयोर्युद्धं महाघोरं दिव्यवर्षसहस्रकम् ॥
वारुणैः संयुतः पाशैर्निष्प्रयत्नगतिः कृतः॥५१॥
वेष्ट्यमानः स घोरैस्तु पाशैर्नागो दृढैस्तथा ॥
विस्फूर्जितमहाशक्तिर्विक्रोशंश्च महारवान्॥५२॥

તે મહાભયંકર અને અતિબળવાન્ ઝૂડે તે ગજપતિને, પગે વળગીને તેને પકડી પાડ્યો. ૪૯

ગ્રાહ–ઝૂડ, હાથીને કમળનાં વન તરફ ઘસડી જવા લાગ્યો. તે વેળા હાથી અને ઝૂડ વચ્ચે ખેંચાખેંચ થવા માંડી. હાથી ઝૂડને કિનારા તરફ ખેંચવા લાગ્યો અને ઝૂડ હાથીને પાણી તરફ ખેંચવા માંડ્યો. ૫૦

તે બન્ને વચ્ચે દેવતાનાં એક હજાર વર્ષ સુધી મહાભયંકર યુદ્ધ ચાલ્યું. ઝૂડે વરુણની પાશોથી તે હાથીને, કેદ કરીને બલરહિત કરી નાંખ્યો. ૫૧

તે હાથી, ભયંકર અને દૃઢ એવી વરુણની પાશોવડે વિંટાઈ ગયો, ત્યારે તેણે પોતાની મહાશક્તિ પ્રકાશ કરીને મોટા બરાડા પાડવા માંડ્યા. ૫૨

व्यथितः स निरुत्साहो गृहीतो घोरकर्मणा ॥
परमापदमापन्नो मनसाऽचिंतयद्धरिम् ॥ ५३ ॥
स तु नागवरः श्रीमान्नारायणपरायणः ॥
तमेव शरणं देवं गतः सर्वात्मना तदा ॥५४॥
एकाग्रो निगृहीतात्मा विशुद्धेनांतरात्मना ॥
नैकजन्मांतरभ्यासाद्भक्तिमान्गरुडध्वजे ॥ ५५ ॥

ભયંકર કર્મ કરનારા ઝૂડે તે હાથીને પકડ્યો હતો, તેથી તે પીડાવા માંડ્યો, ઉત્સાહરહિત થઈ ગયો, પરમ આપત્તિમાં આવી પડ્યો અને પછી મનમાં શ્રીહરિનું સ્મરણ કરવા માંડ્યો. ૫૩

જે સમયે ઝૂડ હાથીને ગળવા માંડ્યો, તે સમયે નારાયણ ઉપર જ એક આશ્રય રાખનાર શ્રીમાન્ ગજેંદ્ર, સર્વ ભાવવડે શ્રીનારાયણ દેવને જ શરણે ગયો. ૫૪

તેણે એકાગ્ર થઈને મનને વશ કર્યું અને અનેક પૂર્વ જન્મોના અભ્યાસથી શ્રીગરુડધ્વજ—કૃષ્ણ ઉપર ભક્તિ રાખનારો તે ગજેન્દ્ર શ્રીકૃષ્ણનું શુદ્ધ અંતઃકરણથી સ્મરણ કરવા લાગ્યો. ૫૫

नान्यं देवं महादेवात्पूजयामास केशवात् ॥
दिग्बाहुं स्वर्गमूर्धानं भूःपादं गगनोदरम् ॥५६॥
आदित्यचंद्रनयनमनंतं विश्वतोमुखम् ॥
भूतात्मानं च मेघाभं शंखचक्रगदाधरम् ॥५७॥
सहस्रशुभनामानमादिदेवमजं विभुम् ॥
संगृह्य पुष्कराग्रेण कांचनं कमलोत्तमम् ॥५८॥
निवेद्य मनसा ध्यात्वा पूजां कृत्वा जनार्दने ॥
आपद्विमोक्षमन्विच्छन्गजः स्तोत्रमुदीरयत् ।५९।

આ ગજેન્દ્ર, મહાદેવ એવા શ્રીહરિ વિના બીજા કોઈ દેવની પૂજા કરતો ન હતો; તેથી તેણે દિશા જેના બાહુ છે, સ્વર્ગ જેનું મસ્તક છે, પૃથ્વી જેનાં ચરણ છે, આકાશ જેનું ઉદર છે, સૂર્ય અને ચન્દ્ર જેનાં નેત્રો છે એવા, અપાર, સર્વ ઠેકાણે વ્યાપક, પ્રાણીઓના આત્મા, મેઘના જેવા શ્યામ વર્ણના, શંખ, ચક્ર, ગદા અને કમળને ધારણ કરનારા તથા હજાર ઉત્તમ નામવાળા, આદિદેવ અજન્મા અને વ્યાપક એવા પરમાત્મા શ્રીકૃષ્ણનું મનમાં ધ્યાન કર્યું અને પછી શુંઢના અગ્ર ભાગમાં સુવર્ણનું ઉત્તમ કમળ ગ્રહણ કરીને શ્રીકૃષ્ણને અર્પણ કર્યું અને

॥ गजेंद्र उवाच ॥
ॐनमो मूलप्रकृतये अजिताय महात्मने ॥
अनाश्रयाय देवाय निःस्पृहाय नमो नमः ।६०।
नम आद्याय बीजाय आर्षेयाय महात्मने ॥
अनंताय च नैकाय अव्यक्ताय नमो नमः ६१।
नमो गुह्याय गूढाय गुणाय गुणधर्मिणे॥

જનાર્દન એવા શ્રીહરિની પૂજા કરી અને પછી આપત્તિમાંથી છૂટવાની ઇચ્છાથી એ હાથી નીચે પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. ૫૬–૫૯

ગજેંદ્ર સ્તુતિ કરે છે–મૂળ પ્રકૃતિરૂપ, અજિત અને મહાત્મા એવા પરમાત્માને નમસ્કાર કરું છું. બીજાના આશ્રયરહિત અને ઇચ્છારહિત એવા દેવને વારંવાર નમસ્કાર કરું છું. ૬૦

જગતના આદિ કારણભૂત, ઋષિઓએ ગાયેલા અને સંસારની પ્રવૃત્તિ કરનારા મહાત્માને નમસ્કાર કરું છું. પાર વિનાના, અનેક મૂર્તિરૂપ અને ઇંદ્રિયોથી જોવામાં આવે નહિ એવા પરમાત્માને નમસ્કાર કરું છું. ૬૧

ઘણા છૂપા, ગૂઢ, ગુણસ્વરૂપ અને ગુણના ધર્મો

अतर्क्यायाप्रमेयाय अतुलाय नमो नमः ॥६२॥
नमः शिवाय शांताय निश्चयाय यशस्विने ॥
सनातनाय पूर्वाय पुराणाय नमो नमः ॥६३॥
नमो जगत्प्रतिष्ठाय गोविंदाय नमो नमः ॥
नमो देवाधिदेवाय स्वभावाय नमो नमः ।६४।
नमोऽस्तु पद्मनाभाय सांख्ययोगोद्भवाय च ॥

જેમનામાં છે એવા દેવને નમસ્કાર કરું છું. તર્કમાં આવે નહિ તેવા, પ્રમાણમાં આવે નહિ તેવા અને ઉપમારહિત એવા દેવને વારંવાર નમસ્કાર કરું છું. ૬૨

કલ્યાણરૂપ, શાંતમૂર્તિ, નિશ્ચયની મૂર્તિ અને યશસ્વી એવા દેવને નમસ્કાર કરું છું. સનાતન, પૂર્વ પુરુષ અને પુરાણરૂપ એવા દેવને નમસ્કાર કરું છું. ૬૩

જગતનું સ્થાપન કરનારાને નમસ્કાર કરું છું, ગોવિંદ ભગવાનને નમસ્કાર કરું છું, દેવના પણ મહાદેવને નમસ્કાર કરું છું તથા સ્વભાવસ્વરૂપ દેવને વારંવાર નમસ્કાર કરું છું. ૬૪

જેમની નાભિમાં કમળ છે તથા યોગમાર્ગની જેમણે પ્રવૃત્તિ કરી છે એવા દેવને નમસ્કાર

विश्वेश्वराय देवाय शिवाय हरये नमः॥ ६५ ॥
नमोऽस्तु तस्मै देवाय निर्गुणाय गुणात्मने ॥
नारायणाय देवाय देवानां पतये नमः ॥ ६६ ॥
नमो नमः कारणवामनाय
नारायणायामितविक्रमाय
श्रीशार्ङ्गचक्रासिगदाधराय
नमोऽस्तु तस्मै पुरुषोत्तमाय ॥ ६७ ॥
गुह्याय देवनिलयाय महोदराय
सिंहाय दैत्यनिधनाय चतुर्भुजाय

કરું છું. વિશ્વના ઈશ્વર, દેવ અને શિવસ્વરૂપ એવા શ્રીહરિને નમસ્કાર કરું છું. ૬૫

નિર્ગુણ છતાં પણ ગુણસ્વરૂપ એવા પરમ દેવને નમસ્કાર કરું છું. ૬૬

કારણ માટે વામનાવતાર લેનારા, અપાર પરાક્રમવાળા એવા નારાયણને નમસ્કાર હો. લક્ષ્મીના પતિ, શંખ, ચક્ર, તરવાર અને ગદાને ધારણ કરનારા પુરુષોત્તમને નમસ્કાર હો. ૬૭

કોઇથી જાણવામાં ન આવે તેવા, વેદમાં વર્ણ-

ब्रह्मेन्द्ररुद्रमुनिचारणसंस्तुताय
देवोत्तमाय वरदाय नमोऽच्युताय ॥ ६८ ॥
नागेंद्रभोगशयनासनसुप्रियाय
गोक्षीरहेमशुकनीलघनोपमाय ॥
पीतांबराय मधुकैटभनाशनाय
विश्वाय चारुमुकुटाय नमोऽक्षराय ॥ ६९ ॥

વાયલા, આખા જગતને પેટમાં ધારણ કરનારા, નૃસિંહનું સ્વરૂપ ધારણ કરનારા અને નૃસિંહાવતારથી લઈને દૈત્યનો નાશ કરનારા, ચાર ભુજાવાળા, બ્રહ્મા, ઇંદ્ર, મુનિ અને ચારણ ગણોએ સ્તવાતા, દેવોમાં ઉત્તમ અને વરદાન આપનારા એવા અચ્યુત પ્રભુને નમસ્કાર કરું છું. ૬૮

શેષનાગનાં શરીરરૂપી શય્યા ઉપર સૂવું જેમને પ્રિય લાગે છે એવા, ગાયનું દૂધ, સુવર્ણ, પોપટ અને કાળા મેઘની ઘટા જેવો જેમના શરીરનો વર્ણ છે એવા, પીળાં વસ્ત્ર પહેરનારા, મધુ કૈટભનો નાશ કરનારા, વિશ્વમૂર્તિ અને સુંદર મુકુટને ધારણ કરનારા એવા અક્ષર પરમાત્માને નમસ્કાર કરું છું. ૬૯

नाभिप्रजातकमलासनसंस्तुताय
क्षीरोदकार्णवनिकेतयशोधराय ॥
नानाविचित्रमुकुटांगदभूषणाय
योगेश्वराय विरजाय नमो वराय ॥ ७० ॥
भक्तिप्रियाय वरदीप्तिसुदर्शनाय
फुल्लारविंदविपुलायतलोचनाय ॥
देवेंद्रविघ्नशमनोद्यतपौरुषाय
नारायणाय वरदाय नमोऽच्युताय ॥ ७१ ॥

નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા, કમળના આસન ઉપર બિરાજેલા, બ્રહ્મા જેમની સ્તુતિ કરે છે એવા, ક્ષીરસાગરમાં નિવાસ કરનારા, યશને ધારણ કરનારા, અનેક જાતનાં વિચિત્ર રત્નોથી જડેલા, મુકુટ તથા બાજુબંધ વગેરે આભૂષણવાળા, યોગના ઈશ્વર એવા રજોગુણરહિત શ્રેષ્ઠ પરમાત્માને નમસ્કાર કરું છું. ૭૦

ભક્તિ જેમને પ્રિય છે એવા તથા સુંદર પ્રકાશવાળું સુદર્શન ચક્ર જેને પ્રિય છે એવા, ઉઘડેલાં કમળ જેવાં વિશાળ અને પહોળાં નેત્રવાળા, દેવતાના રાજા ઇંદ્રના વિઘ્નોનો નાશ કરવા માટે

नारायणाय परलोकपरायणाय
कालाय कालकमलायतलोचनाय ॥
रामाय रावणविनाशकृतोद्यमाय
धीराय धीरतिलकाय नमो वराय ॥ ७२ ॥
पद्मासनाय मणिकुंडलभूषणाय
कंसांतकाय शिशुपालविनाशनाय ॥
गोवर्धनाय सुरशत्रुनिकृंतनाय
दामोदराय विरजाय नमो वराय ॥ ७३ ॥

પુરુષાર્થ દર્શાવનારા અને વરદાન આપનારા, અચ્યુત એવા શ્રીનારાયણને નમસ્કાર હો. ૭૧

નારાયણ, દેવલોકના આશ્રયરૂપ, કાળમૂર્તિ, શ્યામ કમળનાં જેવા વિશાળ નેત્રવાળા, રામમૂર્તિ, રાવણનો વિનાશ કરવા માટે ઉદ્યમ કરનારા, ધીર, ધીર પુરુષોમાં તિલકરૂપ અને ઉત્તમ એવા દેવને નમસ્કાર કરું છું. ૭૨

કમળના આસનવાળા, મણિનાં કુંડળરૂપી આભૂષણવાળા, કંસનો નાશ કરનારા, શિશુપાળનો વિનાશ કરનારા, ગોવર્ધન સ્વરૂપ, દૈત્યોનો સંહાર

ब्रह्मायनाय त्रिदशायनाय
लोकैकनाथाय हितात्मकाय ॥
नारायणायार्तिविनाशनाय
महावराहायनमस्करोमि ॥ ७४ ॥
कूटस्थमव्यक्तमचिंत्यरूपं
नारायणं कारणमादिदेवम् ॥
युगांतशेषं पुरुषं पुराणं तं वासुदेवं शरणं प्रपद्ये

કરનારા, રજોગુણરહિત, ઉત્તમદેવ શ્રીદામોદરને નમસ્કાર કરું છું. ૭૩

બ્રહ્માના આશ્રયરૂપ, દેવતાઓના આશ્રયરૂપ, ત્રણ લોકના એક અધિપતિ, હિત કરનારા, પીડાને ટાળનારા અને મહાવરાહરૂપ એવા શ્રીનારાયણ દેવને નમસ્કાર કરું છું. ૭૪

અવિકારી, સૂક્ષ્મ રૂપધારી, જેનું સ્વરૂપ વિચારમાં આવે નહિ તેવા, નારાયણમૂર્તિ, કારણ સ્વરૂપ, આદિદેવ, યુગને અંતે શેષ રહેનારા, પુરાણ પુરુષ એવા શ્રીવાસુદેવને હું શરણે જાઉં છું. ૭૫

મોટા ઋષિઓ, જે પરમાત્માને અદૃશ્ય, એટલે દીઠામાં આવે નહિ તેવા, ભેદાય નહિ તેવા, પાર

अदृश्यमच्छेद्यमनंतमव्ययं
महर्षयो ब्रह्ममयं सनातनम् ॥
विंदंति यं वै पुरुषं पुरातनम्
तं वासुदेवं शरणं प्रपद्ये ॥ ७६ ॥
उत्तिष्ठतस्तस्य जलोरुकुक्षे-
र्महावराहस्य महीं विदार्य ॥
विधुन्वतो वेदमयं शरीरं
लोकांतरस्थं मुनयो गृणंति ॥ ७७ ॥
योगेश्वरं चारुविचित्रमौलिं
ज्ञेयं समस्तं प्रकृतेः परस्तात् ॥

રહિત, અવિનાશી, બ્રહ્મસ્વરૂપ, સનાતન અને પુરાણ પુરુષ જાણે છે, તે વાસુદેવને હું શરણે જાઉં છું. ૭૬

આદિ વરાહ પૃથ્વીને ફાડી નાંખીને સમુદ્રમાંથી બહાર નિકળ્યા અને પૃથ્વીને પાણીની બહાર લાવીને પોતાના વેદમય શરીરને ધુણાવવા લાગ્યા. આવા લોકોના અંતઃકરણમાં વાસ કરનારા ભગવાનની મુનિઓ સ્તુતિ કરે છે. ૭૭

યોગના ઈશ્વર, સુંદર રંગબેરંગી મુકુટ ધારણ કરનારા, જાણવા યોગ્ય સર્વવ્યાપક, માયાથી પર,

क्षेत्रज्ञमात्मप्रभवं वरेण्यं तं वासुदेवं शरणं प्रपद्ये
कार्यक्रियाकारणमप्रमेयं हिरण्यबाहुं वरपद्मनाभम्
महाबलं वेदनिधिं सुरोत्तमं तं वासुदेवंशरणं प्रपद्ये
किरीटकेयूरमहार्हनिष्कैर्मण्युत्तमालंकृतसर्वगात्रम्।
पीतांबरं कांचनचित्रनद्धमालाधरं केशवमभ्युपैमि

આત્મસ્વરૂપ, જીવને ઉત્પન્ન કરનારા, પ્રાર્થના કરવા યોગ્ય વાસુદેવને હું શરણે જાઉં છું. ૭૮

કાર્ય તથા ક્રિયાના કારણભૂત, માપમાં આવે નહિ તેવા, સોનેરી રંગના બાહુવાળા, સુંદર કમળાકાર નાભિમંડળવાળા, મહાબળવાળા, વેદના ભંડારરૂપ અને દેવતાઓમાં ઉત્તમ એવા શ્રીવાસુદેવને હું શરણે જાઉં છું. ૭૯

મુકુટ, બાજુબંધ, મોટી કિમતનાં નિષ્કો તથા ઉત્તમ પ્રકારનાં મણિનાં આભૂષણોથી જેમનું સર્વ શરીર શોભાયમાન છે એવા અને પીળાં વસ્રો પહેરનારા, સુવર્ણથી જડેલી વિચિત્ર માળાને ધારણ કરનારા એવા શ્રીકેશવ ભગવાનને શરણે હું જાઉં છું. ૮૦

भवोद्भवं वेदविदां वरिष्ठं
योगात्मकं सांख्यविदां वरिष्ठम् ॥
आदित्यचंद्राग्निवसुप्रभावंप्रभुंप्रपद्येऽच्युतमात्मवंतं
यदक्षरं ब्रह्म वदंति सर्वगं
निशम्य यन्मृत्युमुखात्प्रमुच्यते ॥
तमीश्वरंयुक्तमनुत्तमैर्गुणैः सनातनं लोकगुरुं नमामि
नमस्तस्मै वराहाय लीलयोद्धरते महीम् ॥
खुरमध्यगतो यस्य मेरुः खुरखुरायते ॥ ८३ ॥

જગતને ઉત્પન્ન કરનારા, વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ, યોગમૂર્તિ, સાંખ્યવેત્તાઓમાં શ્રેષ્ઠ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને વસુના સમાન પ્રભાવવાળા અને આત્મજ્ઞાની અચ્યુત એવા શ્રીપ્રભુને શરણે જાઉં છું. ૮૧

મુનિઓ જેમને સર્વત્ર વ્યાપેલા અક્ષર બ્રહ્મ કહે છે અને જેમના માહાત્મ્યને સાંભળીને મનુષ્ય મૃત્યુના મુખમાંથી મૂકાય છે, તે ઉત્તમોત્તમ ગુણવાળા, સનાતન અને લોકના ગુરુ એવા ઈશ્વરને હું નમસ્કાર કરું છું. ૮૨

વરાહનું રૂપ લઈને રમત માત્રમાં પૃથ્વીનો ઉદ્ધાર કરનારા એવા પરમાત્માને નમસ્કાર કરું છું કે જેમની ખરી વચ્ચે રહેલા મેરુપર્વત ખડખડ શબ્દ કરે છે. ૮૩

श्रीवत्सांकं महादेवं वंदे गुह्यमनुत्तमं ॥
प्रपद्ये सूक्ष्ममचलं वरेण्यमभयप्रदम् ॥ ८४ ॥
प्रभवं सर्वभूतानां निर्गुणं परमेश्वरम् ॥
प्रपद्ये मुक्तसंगानां यतीनां परमां गतिम् । ८५ ।
भगवन्तं गुणाध्यक्षमक्षरं परमं पदम् ॥
शरणं शरणार्तानां प्रपद्ये भक्तवत्सलम् । ८६ ।
त्रिविक्रमं त्रिलोकेशं सर्वेषां प्रपितामहम् ॥

શ્રીવત્સના લાંછનવાળા, દેવતાઓમાં ગુહ્ય, ઉપમાથી રહિત, સૂક્ષ્મ, અચળ, પ્રાર્થના કરવા યોગ્ય અને અભય દાન આપનારા એવા મહાદેવ વિષ્ણુને નમસ્કાર હો. ૮૪

સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારા, ગુણરહિત, પરમેશ્વરનો અને સંસારનો સંગ ત્યાગ કરનારા, સંન્યાસીઓના પરમગતિરૂપ એવા પરમાત્માને શરણે હું જાઉં છું. ૮૫

ગુણોના અધ્યક્ષ, અવિનાશી, પરમપદ સ્વરૂપ, શરણાતુર મનુષ્યોને શરણે રાખનારા એવા ભક્ત-વત્સલ ભગવાનને હું શરણે જાઉં છું. ૮૬

ત્રણ પગલાંથી પૃથ્વીને ભરનારા, ત્રણ લોકના

योगात्मानं महात्मानं प्रपद्येऽहं जनार्दनम्॥८७॥
आदिदेवमजं विष्णुं व्यक्ताव्यक्तं सनातनम् ॥
नारायणमणीयांसं प्रपद्ये ब्राह्मणप्रियम् ॥८८॥
अकूपाराय देवाय नमः सर्वमहात्मने ॥
प्रपद्ये देवदेवेशमणीयांसमणोः सदा ॥ ८९ ॥
एकाय लोकनाथाय परतः परमात्मने ॥
नमःसहस्रशिरसे अनंताय नमोनमः ॥ ९० ॥

સ્વામી, સર્વના પિતામહ અને યોગમૂર્ત્તિ એવા મહાત્મા જનાર્દનને શરણે હું જાઉં છું. ૮૭

આદિદેવ, અજન્મા, વિષ્ણુ, સ્થૂલ અને સૂક્ષ્મ મૂર્ત્તિ, સનાતન, અણુ કરતાં પણ અણુ, બ્રાહ્મણ જેમને પ્રિય છે એવા શ્રીનારાયણને હું શરણે જાઉં છું. ૮૮

સર્વના કરતાં મોટી કાંતિવાળા સૂર્યમૂર્ત્તિ દેવને નમસ્કાર કરું છું તથા નિરંતર અણુથી પણ અણુ અને દેવના પણ મહાદેવ શ્રીહરિને નમસ્કાર કરું છું. ૮૯

એક મૂર્ત્તિ, લોકના નાથ, માયાથી પણ પર, પરમાત્મા અને હજાર મસ્તકવાળા એવા શ્રી અનંત પરમાત્માને નમસ્કાર કરું છું. ૯૦

तमेव परमं देवमृषयो वेदपारगाः ॥
कीर्त्तयंति च यं सर्वे ब्रह्मादीनां परायणम् ।९१।
नमस्ते पुंडरीकाक्ष भक्तानामभयंकर ॥
सुब्रह्मण्य नमस्तेऽस्तु त्राहि मां शरणागतम् ९२
तावद्भवति मे दुःखं चिंतासंसारसागरे ॥
यावत्कमलपत्राक्षं न स्मरामि जनार्दनम् ॥९३॥
॥ भीष्म उवाच ॥.
भक्तिं तस्य तु संचिंत्य नागस्यामोघसंस्तवात् ॥

વેદપારંગત એવા સર્વે ઋષિઓ બ્રહ્માદિકના પરમ સ્થાનરૂપ એવા તે જ પરમ દેવની સ્તુતિ કરે છે. ૯૧

હે કમલનાં જેવાં નેત્રવાળા! હે ભક્તોને અભય કરનારા! તમને નમસ્કાર કરું છું. હે સારી રીતે બ્રાહ્મણનું હિત કરનારા! તમને નમસ્કાર કરું છું. હું તમારે શરણે આવ્યો છું. મારી રક્ષા કરો. ૯૨

હું જ્યાંસૂધી કમળના પત્ર જેવા નેત્રવાળા શ્રી કૃષ્ણનું સ્મરણ કરતો નથી, ત્યાંસૂધી મને ચિંતાથી ભરપૂર એવા સંસારસાગરમાં દુઃખ થયા કરે છે.૯૩

ભીષ્મ કહે છે–હે યુધિષ્ઠિર રાજા! ચક્ર તથા ગદાને ધારણ કરનારા શ્રીહરિ, તે ગજેન્દ્રની

प्रीतिमानभवद्राजञ्छ्रुत्वा चक्रगदाधरः ॥ ९४ ॥
आरुह्य गरुडं विष्णुराजगाम सुरोत्तमः ॥
सान्निध्यं कल्पयामास तस्मिन्सरसि लोकधृक् ॥
ग्राहग्रस्तं गजेंद्रं च तं ग्राहं च जलाशयात् ॥
उज्जहाराप्रमेयात्मा तरसा मधुसूदनः ॥ ९६ ॥
जलस्थं दारयामास ग्राहं चक्रेण माधवः ॥
मोचयामास नागेंद्रं पाशेभ्यः शरणागतम् ॥९७॥

અમોઘ એવી સ્તુતિ સાંભળીને તથા તેની ભક્તિનો વિચાર કરીને પ્રસન્ન થયા. ૯૪

અને દેવતાઓમાં શ્રેષ્ઠ તથા સર્વ લોકને ધારણ કરનારા એવા વિષ્ણુ ગરુડ ઉપર ચઢીને તે સરોવરમાં રહેલા હાથીની પાસે પધાર્યા. ૯૫

અને પ્રમાણમાં આવે નહિ એવા સ્વરૂપવાળા અને મધુ દૈત્યને મારનારા ભગવાને, ઝૂડે ગળેલા ગજેન્દ્રનો તથા તે ઝૂડનો, તે જલાશયમાંથી તુરત ઉદ્ધાર કર્યો. ૯૬

મધુવંશોત્પન્ન શ્રીહરિએ, ચક્ર મારીને પાણીમાં રહેલા ઝૂડને કાપી નાંખ્યો અને શરણાગત એવા ગજેન્દ્રને ઝૂડની પાશમાંથી છૂટો કર્યો. ૯૭

स हि देवलशापेन हूहूर्गंधर्वसत्तमः ॥
ग्राहत्वमगमत्कृष्णाद्वधं प्राप्य दिवं गतः ·
इदमप्यपरं गुह्यं राजन्पुण्यतमं शृणु ॥ ९८ ॥
॥ युधिष्ठिर उवाच ॥
कथं शापोऽभवत्तावद्गंधर्वस्य महात्मनः ॥
एतदिच्छाम्यहं श्रोतुं विस्तरेण पितामह ॥९९॥
॥ भीष्म उवाच ॥
यथा तौ शापितौ तेन देवलेन महात्मना ॥

તે ઝૂડ હુહુ નામનો મોટો ગંધર્વ હતો અને દેવલ ઋષિના શાપથી ઝૂડપણાંને પામ્યો હતો. તે શ્રીકૃષ્ણના હાથથી મરણ પામીને સ્વર્ગમાં ગયો. હે રાજા! આ પણ બીજું એક ગુહ્ય તથા મહાપુણ્ય આપનારું ચરિત્ર તું સાંભળ, કે જેથી તુંને પુણ્યફળ મળે. ૯૮

યુધિષ્ઠિર પૂછે છે—હે પિતામહ! તે મહાત્મા ગંધર્વને શા માટે શાપ થયો હતો? એ હું વિસ્તારથી સાંભળવાની ઇચ્છા રાખું છું. ૯૯

ભીષ્મ કહે છે-મહાત્મા દેવલ મુનિએ ગીત તથા વાદિત્રમાં ઘણા કુશળ એવા હાહા અને હુહુ

हाहाहूहूरितिख्यातौ गीतवाद्यविशारदौ॥१००॥
उर्वशी मेनका रंभा तथान्ये चाप्सरोगणाः ॥
शक्रस्य पुरतो राजन्नृत्यंते ताः सुमध्यमाः ॥१॥
ततस्तु तौ गायमानौ गंधर्वौ राजसद्मनि ॥
अन्योन्यं कुरुतः स्पर्धां शक्रस्य पुरतस्तदा ॥२॥
आवयोरुभयोर्मध्ये कः श्रेष्ठो गीतवाद्ययोः ॥
तं वदस्व सुरश्रेष्ठ ज्ञात्वा गीतस्य लक्षणम् ॥३॥

નામના પ્રખ્યાત બે ગંધર્વોને જે કારણુ માટે શાપ આપ્યો હતો, તે હું તને કહું છું. ૧૦૦

હે રાજા! એક વખતે સુંદર કટિવાળી ઉર્વશી, રંભા તથા બીજી અપ્સરાઓનાં ટોળાં ઈન્દ્રની આગળ નૃત્ય કરતાં હતાં. ૧૦૧

તે વેળા તે બન્ને ગંધર્વો રાજમહેલમાં ઇંદ્રની આગળ ઉભા રહીને ગાવા લાગ્યા અને તે પ્રસંગે બન્ને પરસ્પર સ્પર્દ્ધા કરવા લાગ્યા. ૧૦૨

હે દેવતાઓમાં શ્રેષ્ઠ ઇંદ્રિ! તમે ગીતનાં લક્ષણો જાણીને અમારા બેની વચ્ચે ગીત ગાવામાં તથા વાદિત્ર વગાડવામાં જે કુશળ હોય તેનું નામ અમને કહો. ૧૦૩

गंधर्वयोर्वचः श्रुत्वा प्रत्युवाच शतक्रतुः ॥
युवयोर्गीतवाद्येषु विशेषो नोपलभ्यते ॥ ४ ॥
एक एव मुनिश्रेष्ठो देवलो नाम नामतः ॥
युवयोः संशयच्छेत्ता भविष्यति न संशयः॥५॥
ततस्तु तौ शक्रवचो निशम्य
प्रणम्य राजञ्छिरसा सुरोत्तमम् ॥
गतौ सुहृष्टौ जयकांक्षिणौ तौ
यत्राश्रमे तिष्ठति स द्विजाग्र्यः ॥ ६ ॥

તે બન્ને ગંધર્વોનાં વચન સાંભળીને ઇંદ્રે પ્રત્યુત્તર આપ્યો કે, ગીત ગાવામાં અને વાદિત્ર વગાડવામાં તમારા બન્નેમાં મને કોઇ અધિક જોવામાં આવતો નથી. ૧૦૪

દેવલ નામના એક મહામુનિ જ તમારા બંનેનો સંશય અવશ્ય દૂર કરશે. ૧૦૫

હે રાજા! તે પછી તે બન્ને ગંધર્વોએ ઇંદ્રનું કહેવું સાંભળીને મસ્તકવડે ઇંદ્રને પ્રણામ કર્યાં અને વિજયની ઇચ્છાવાળા તથા ઘણા પ્રસન્ન થયેલા તે બન્ને જે આશ્રમમાં બ્રાહ્મણોને આશ્રય આપનારા અને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા દેવલ મુનિ વસતા હતા, ત્યાં ગયા. ૧૦૬

ततो दृष्ट्वा मुनिश्रेष्ठं देवलं शंसितव्रतम् ॥
अभिवाद्य महात्मानमूचतुः पार्श्वसंस्थितौ ॥७॥
शक्रेण प्रेषितौ देव त्वत्समीपे द्विजोत्तम ॥
एकस्य नौ जयं देहि यत्ते मनसि रोचते ॥८॥
पृथक्चरंतौ गायंतौ रुचिरं मधुराक्षरम् ॥
न किंचिद्वदते वाक्यं मुनिर्मौनस्य धारणात्॥९॥
शृण्वन्नपि पदं तेषां न किंचिद्वदते मुनिः ॥

અને ત્યાં ઉત્તમ આચરણવાળા મુનિશ્રેષ્ઠ દેવલ મુનિનાં દર્શન કરી, તેની પાસે ઉભા રહી તે મહાત્મા મુનિને પ્રણામ કરીને બોલ્યા. ૧૦૭

હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હે દેવ! અમને ઇંદ્ર રાજાએ તમારી પાસે મોકલ્યા છે. માટે તમે અમારા બેયનું ગાયન તથા વાદિત્ર સાંભળીને તમારા મનમાં જે ઉત્તમ જણાય તેવા એકને અમારા બેમાંથી વિજય આપો. ૧૦૮

આ પ્રમાણે કહીને છૂટા છૂટા ફરનારા તે બંને, મધુર અક્ષરોવાળું મધુર ગાયન ગાવા લાગ્યા. પરંતુ દેવલ મુનિએ, મૌન ધારણ કર્યું હતું, તેથી તે કંઈ પણ વાકય બોલ્યા નહિ. ૧૦૯

દેવલ મુનિ, તેઓના ગીતનાં પદો સાંભળતા હતા

तदा तौ कुपितौ तस्य देवलस्य महात्मनः १०
ऊचतुश्च रुषा वाक्यं गंधर्वौ कालचोदितौ ॥
मूढोऽयं नाभिजानाति निश्चयं गीतवाद्ययोः ११
निशम्य तद्वचस्तेषां गंधर्वाणां मदान्वितम् ॥
क्रोधादुत्थाय विप्रेंद्र इदं वचनमब्रवीत् ॥ १२ ॥
एष हूहूर्दुरात्मा तु ग्राहत्वं यातु मूढधीः ॥
त्वमेव गजराजस्तु भवस्व गिरिगह्वरे ॥ १३ ॥

છતાં પણ કંઈ બોલ્યા નહિ ત્યારે તે બન્ને મહાત્મા દેવલ મુનિ ઉપર કોપાયમાન થયા. ૧૧૦

અને તે બન્ને ગંધર્વો, કાલથી પ્રેરાઇને રોષથી બોલી ઉઠ્યા કે, આ મૂર્ખ છે. ગીત અને વાદિત્રના સિદ્ધાંતને જાણતો નથી. ૧૧૧

આ પ્રમાણે તે ગંધર્વોનું મદ ભરેલું વચન સાંભળીને બ્રાહ્મણમાં શ્રેષ્ઠ એવા દેવલ, ક્રોધથી ઉભા થઈને આ પ્રમાણે બોલ્યા; ૧૧૨

આ દુરાત્મા અને મૂઢબુદ્ધિવાળો, હૂહૂ ગ્રાહની યોનિમાં અવતરો અને હે હાહા! તું પણ પર્વતની ગુફામાં ગજેન્દ્ર (હાથીપતિ)નો અવતાર ધારણ કર. ૧૧૩

एवं शापं ददौ क्रुद्धो देवलः सुमहातपाः ॥
ततस्तौ शापितौ तेन देवलेन महात्मना ॥१४॥
प्रणम्य शिरसा विप्रं गंधर्वाविदमूचतुः ॥
भूमंडलगतौ ह्यावां प्रसादं कुरु सुव्रत ॥ १५ ॥
निश्चयं वद विप्रेंद्र येन शापाद्विमुच्यते ॥
ततस्तौ पुरुषौ दृष्ट्वा उभौ शापभयार्दितौ ॥१६॥
प्रत्युवाच मुनिश्रेष्ठो गंधर्वौ तौ भयान्वितौ ॥
मेरुपृष्ठे सरो रम्यं बहुवृक्षसमाकुलम् ॥ १७ ॥

આ પ્રમાણે મહાત્મા અને મહાતપસ્વી એવા દેવલે ક્રોધ કરીને તે બન્નેને શાપ આપ્યો કે, તે બન્ને ગંધર્વો પૃથિવી ઉપર પડી, મસ્તકવડે મુનિને પ્રણામ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, હે સુંદર વ્રત કરનારા દેવલ મુનિ! અમારા બન્ને ઉપર કૃપા કરો. ૧૧૪–૧૧૫

હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! અમે બન્ને શાપમાંથી મુક્ત થઇએ તેવું સાધન અમને નિશ્ચયપૂર્વક કહો. ત્યાર પછી તે બન્ને ગંધર્વોને શાપના ભયથી આતુર થયેલા જોઇને મુનિમાં શ્રેષ્ઠ એવા દેવલે

नानापक्षिगणाऽऽढ्यं च द्वितीय इव सागरः ॥
तस्मिन्सरोवरे रम्ये ग्राहो नित्यं भविष्यसि १८
तृषार्तस्तत्र मातंगो गमिष्यति नगोत्तमात् ॥
तयोर्मध्ये महद्युद्धं भविष्यति सुदारुणम् ॥१९॥
ग्राहेणाकृष्यमाणस्तु गजः स्तोत्रं करिष्यति ॥
तदैव देवदेवेशस्तुष्यते नात्र संशयः ॥ २० ॥

તેઓને કહ્યું; હે હૂહૂ! મેરુ પર્વત ઉપર ઘણાં વૃક્ષોથી ભરપૂર એક રમણીય સરોવર છે. ત્યાં અનેક જાતનાં પક્ષીઓ રહે છે અને તે સરોવર બીજા સમુદ્ર જેવું છે. તે મનોહર સરોવરમાં તું નિત્ય ગ્રુડ થઈને રહીશ. ૧૧૬–૧૧૮

તે પછી એક તૃષાથી પીડાતો મોટો હાથી પાણી પીવા માટે તે મહાપર્વત ઉપરથી ઉતરીને તે સરોવર ઉપર આવશે. તે પછી તમારા બન્નેની વચ્ચે જળાશયમાં અત્યંત દારુણ એવું ઘણું મોટું યુદ્ધ થશે. ૧૧૯

અને ગ્રુડ તે ગજેન્દ્રને વળગીને તેને પાણી તરફ ખેંચવા માંડશે. તે વેળા હાથી વિષ્ણુની સ્તુતિ કરવા માંડશે ને તે જ વખતે દેવના પણ દેવેશ એવા શ્રીવિષ્ણુ તેના ઉપર અવશ્ય પ્રસન્ન થશે. ૧૨૦

ततो नारायणः प्रीतः शापात्त्वां मोचयिष्यति ॥
इत्युक्त्वा ऋषिणा तेन वरेणैतौ प्रमोदितौ॥२१॥
ग्राहत्वमगमत्सोऽथ वधं प्राप्य दिवं गतः ॥
आपद्विमुक्तौ युगपद्गजो गंधर्व एव च ॥ २२ ॥
गजोऽपि मुक्ततां यातः श्रीकृष्णेन विमोक्षितः ॥
तस्माच्छापाद्विनिर्मुक्तो गजो गंधर्व एव च॥२३॥
तौ च स्वं स्वं वपुः प्राप्य प्रणिपत्य जनार्दनम्॥

તે પછી પ્રસન્ન થયેલા નારાયણ શાપમાંથી તને છૂટો કરશે. આ પ્રમાણે કહીને તે ઋષિએ વરદાનથી તે બન્નેને પ્રસન્ન કર્યા. ૧૨૧

ઉપર પ્રમાણે શાપથી હૂહૂ ગ્રુડ થયો હતો. તે શ્રીકૃષ્ણના હાથથી મરણ પામીને સ્વર્ગમાં ગયો. આ રીતે હાથી અને ગ્રુડ એક જ વખતે આપત્તિમાંથી છૂટા થયા. ૧૨૨

શ્રીકૃષ્ણે ગ્રુડના મુખમાંથી છૂટો કરેલો હાથીના સ્વરૂપને પામેલો ગંધર્વ પણ શાપમાંથી મુક્ત થયો. ૧૨૩

આ રીતે બન્ને ગંધર્વો પોતપોતાના શરીરને

गजो गंधर्वराजश्च परां निर्वृत्तिमागतौ ॥ २४ ॥
प्रीतिमान्पुंडरीकाक्षः शरणागतवत्सलः ॥
अभवद्देवदेवेशस्ताभ्यां चैव प्रपूजितः ॥ २५ ॥
भजंतं गजराजानमवदन्मधुसूदनः ॥
॥ श्रीभगवानुवाच ॥
ये मां त्वां च सरश्चैव ग्राहस्य च विदारणम् २६
गुल्मकीचकवेणूनां तं च शैलवरं तथा ॥

ધારણ કરી શ્રીકૃષ્ણને પ્રણામ કરીને પાછા પરમ સુખને પામ્યા. ૧૨૪

અને શરણાગતવત્સલ, દેવના પણ મહાદેવ અને કમળના જેવાં જેનાં નેત્ર છે એવા શ્રીહરિ, તે બન્નેની પૂજાથી તેઓના ઉપર પ્રસન્ન થયા. ૧૨૫

અને મધુદૈત્યને મારનારા તે વિષ્ણુએ પોતાની સ્તુતિ કરતા ગજેન્દ્રને કહ્યું:–

શ્રીભગવાન્ બોલ્યા–જે મનુષ્ય સાવધાન થઈ બુદ્ધિને સ્થિર કરી મને, તુંને, આ સરોવરને, ઝુડના વિનાશને, સરોવર અને પર્વત ઉપર રહેલી લતાઓ તથા વાંસોને, ત્રિકૂટ પર્વતને, પ્રભાસને, સૂર્યને, ગંગાને, નૈમિષારણ્યને, પુષ્કરને, પ્રયાગને, બ્રહ્મ-

प्रभासं भास्करं गंगां नैमिषारण्यपुष्करम् २७॥
प्रयागं ब्रह्मतीर्थं च दंडकारण्यमेव च ॥
यं स्मरिष्यंति मनुजाः प्रयताः स्थिरबुद्धयः २८
दुःस्वप्नो नश्यते तेषां सुस्वप्नश्च भविष्यति ॥
अनिरुद्धं गजं ग्राहं वासुदेवं महाद्युतिम् ॥२९॥
संकर्षणं महात्मानं प्रद्युम्नं च तथैव च ॥

તીર્થને તથા દંડકારણ્યને સંભારશે, તેઓનાં દુષ્ટ સ્વપ્ન નાશ પામશે અને તેઓને સારાં સ્વપ્ન આવશે. ૧૨૬–૧૨૮

તેમ જ અનિરુદ્ધ, ગજેંદ્ર, ગ્રુડ, મહાકાંતિવાળા વાસુદેવ, મહાત્મા સંકર્ષણ, તેમજ મહાત્મા પ્રદ્યુમ્ન, મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, ગરુડ, નારસિંહ, શેષ-નાગ, સૃષ્ટિનો પ્રલય કરનારા કાળ મૂર્તિ વિશ્વરૂપ, ઇંદ્રિયોના અધિપતિ એવા ગોવિંદ, મધુસૂદન, હજાર નેત્રવાળા, ચાર બાહુવાળા અને જેની ધ્વજામાં ગરુડનું ચિહ્ન છે એવા મુરારિ, દેવ, અદિતિપુત્ર દૃઢભક્તિવાળા, જેના કરતાં કોઈ ઉત્તમ નથી એવા, દુષ્ટોને શિક્ષા કરનારા, ભક્તોને મુક્તિ આપનારા

मत्स्यं कूर्मं वराहं च वामनं तार्क्ष्यमेव च । ३० ।
नारसिंहं च नागेंद्रं सृष्टिप्रलयकारकम् ॥
विश्वरूपं हृषीकेशं गोविंदं मधुसूदनम् ॥ ३१ ॥
सहस्राक्षं चतुर्बाहुं मुरारिं गरुडध्वजम् ॥
त्रिदशं त्वादितिं देवं दृढभक्तिमनुत्तमम् ॥ ३२ ॥
वैकुंठं दुष्टदमनं मुक्तिदं मधुसूदनम् ॥
एतानि प्रातरुत्थाय संस्मरिष्यंति ये नराः ३३
सर्वपापैः प्रमुच्यंते विष्णुलोकमवाप्नुयुः ॥
॥ भीष्म उवाच ॥
एवमुक्त्वा महाराज गजेंद्रं मधुसूदनः ॥ ३४ ॥

અને મધુદૈત્યનો નાશ કરનારા વૈકુંઠ ભગવાન્ આટલાં નામોનું જે મનુષ્યો પ્રભાતમાં ઉઠીને સ્મરણ તથા કીર્તન કરશે, તે સર્વ પાતકમાંથી મુક્ત થઈને વિષ્ણુલોકમાં જશે. ૧૨૯–૧૩૩

ભીષ્મ કહે છે–હે મહારાજ ! આ પ્રમાણે મધુ દૈત્યને મારનારા વિષ્ણુએ ગજેંદ્રને કહ્યું અને પોતાના શીતળ હાથવડે ગજેંદ્રના રૂપમાં રહેલા તે ગંધર્વને અને ગ્રુડને સ્પર્શ કર્યો, કે તેના હાથથી

स्पर्शयामास हस्तेन गजं गंधर्वमेव च ॥
तौ च स्पृष्टौ ततः सद्यो दिव्यमाल्यांबरान्नुभौ १८
तमेव मनसा प्राप्य जग्मतुस्त्रिदशालयम् ॥
ततो दिव्यवपुर्भूत्वा हस्तिराट् परमं पदम् ।१६।
गच्छति स्म महाबाहो नारायणपरायणः ॥
ततो नारायणः श्रीमान्मोचयित्वा गजोत्तमम् १७
ऋषिभिः स्तूयमानोऽग्र्यैर्वेदगुह्यपराक्षरैः ॥

સ્પર્શ કરાયલા બન્ને જણા દિવ્ય પુષ્પમાળાધારી તથા વસ્ત્રધારી, ગંધર્વ થઈ ગયા. ૧૩૪–૧૩૫

અને મનવડે તે જ નારાયણને શરણે જઇને સ્વર્ગમાં ગયા. હે મહાબાહુવાળા યુધિષ્ઠિર! ઉપર પ્રમાણે દિવ્ય શરીર ધારણ કરીને નારાયણ વિષે પરાયણ એવો તે ગજેંદ્ર પરમ પદને પામ્યો હતો. ઉપર પ્રમાણે શ્રીમાન્ નારાયણે ગજેંદ્રને ઝુડના પાશમાંથી મુક્ત કર્યો અને શ્રેષ્ઠ એવા મુનિઓએ વેદથી પણ ગુપ્ત એવા ઉત્તમ અક્ષરોથી સ્તુતિ કરાતા, જેની ગતિ બીજાથી જાણવામાં આવતી નથી એવા, શંખ, ચક્ર,

ततः स भगवान्विष्णुर्दुर्विज्ञेयगतिः प्रभुः ॥३८॥
शंखचक्रगदापाणिरंतर्धानं समाविशत् ॥

॥ वैशंपायन उवाच ॥

एतच्छ्रुत्वा महाबाहो भारतानां पितामहात् ॥
गजेंद्रमोक्षणं श्रुत्वा कुंतीपुत्रो युधिष्ठिरः ॥३९॥
भ्रातृभिः सहितः सम्यक् ब्राह्मणैर्वेदपारगैः ॥
पूजयामास देवेशं पार्श्वस्थं मधुसूदनम् ॥ ४० ॥
विस्मयोत्फुल्लनयनः श्रुत्वा नागस्य मोक्षणम् ॥

ગદા અને પદ્મને હાથમાં ધારણ કરનારા સમર્થ ભગવાન્ શ્રીહરિ અંતર્ધાન થયા. ૧૩૬–૧૩૮

વૈશંપાયન કહે છેઃ—કુંતીપુત્ર યુધિષ્ઠિરે ભરતવંશીઓના પિતામહ ભીષ્મની પાસેથી એ રીતે ગજેંદ્રનો મોક્ષ સાંભળીને ભાઈઓ તથા વેદપારંગત બ્રાહ્મણોની સાથે રહીને સમીપમાં રહેલા દેવના પણ દેવ એવા મધુસૂદન શ્રીકૃષ્ણની પૂજા કરી. ૧૩૯–૪૦

અને ગજેંદ્રનો મોક્ષ સાંભળીને આશ્ચર્યથી જેનાં નેત્ર પ્રફુલ્લિત થયાં છે એવા યુધિષ્ઠિર તથા સર્વે

ऋषयश्च महाभागाः सर्वे प्रांजलयः स्थिताः ४१
अजं वरेण्यंवरपद्मनाभंमहाबलं वेदनिधिं सुरोत्तमम्
तं वेदगुह्यं पुरुषंपुराणंववंदिरेवेदविदां वरिष्ठम्४२
एतत्पुण्यं महाबाहो जनानां पुण्यकर्मणाम् ॥
दुःस्वप्नदर्शने घोरे श्रुत्वा पापात्प्रमुच्यते ॥४३॥
तस्मात्त्वं हि महाराज प्रपद्य शरणं हरिम् ॥

મહાભાગ્યશાળી ઋષિઓ બે હાથ જોડીને શ્રીકૃષ્ણની સન્મુખ ઉભા રહ્યા. ૧૪૧

અને તેઓએ અજન્મા, પ્રકાશમાન, સુંદર કમળાકાર નાભિવાળા, મહાબળવંત, વેદના ભંડાર, દેવતાઓમાં ઉત્તમ, વેદથી પણ ગુહ્ય અને વેદના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ એવા પુરાણ પુરુષને પ્રણામ કર્યા. ૧૪૨

હે મહાબાહુવાળા ! ભયંકર એવાં દુષ્ટ સ્વપ્નનાં દર્શન થાય ત્યારે પવિત્ર કર્મવાળા મનુષ્યોનું આ પવિત્ર ચરિત્ર સાંભળીને મનુષ્ય પાપોમાંથી મૂકાય છે. ૧૪૩

માટે હે મહારાજ ! તું પણ શ્રીહરિને શરણે

विमुक्तः सर्वपापेभ्यः प्राप्स्यसे परमं पदम् ॥४४॥
यदा महाग्राहगृहीतकातरं
सुपुष्पिते पद्मवने महाद्विपम् ॥
विमोक्षयामास गजं जनार्दनो
दुःस्वप्ननाशं च सुखोदयं सदा ॥ ४५ ॥
परं पराणां परमं पवित्रं परेशमीशं सुरलोकनाथम्॥
सुरासुरैरर्चितपादपद्मं सनातनं लोकगुरुं स्मरामि

જવાથી સર્વે પાપમાંથી છૂટો થઈશ અને પરમ પદને પામીશ. ૧૪૪

શ્રીકૃષ્ણે ઉઘડેલા પુષ્પવાળા કમળના વનમાં મહા ગ્રાહે–મોટા ઝુડે ગળવાથી ભયભીત થયેલા મોટા ગજેંદ્રને જ્યારે ઝુડના મુખમાંથી છોડાવ્યો ત્યારે તેનું ચરિત્ર, દુષ્ટ સ્વપ્નનો નાશ કરનારું અને પરિણામે શુભ ફળ આપનારું જગતમાં પ્રખ્યાત થઈ પડ્યું. ૧૪૫

પરથી પણ પર, પરમ પવિત્ર પરમેશ્વર, સમર્થ દેવ, લોકના નાથ, સુર તથા અસુરો જેનાં ચરણ-કમળનું સેવન કરે છે એવા સનાતન અને લોકના ગુરુ પરમાત્માને હું નમસ્કાર કરું છું. ૧૪૬

वरगजशरणाद्विमुक्तिहेतुं
पुरुषवरं स्तुतिदिव्यदेहगीतम्
सततमपि पठंति ये तु तेषा-
मभिहितमरणांतकिल्बिषापहं स्यात् ॥ ४७ ॥
दृढबद्धधर्ममूलो वेदस्कंधः पुराणशाखाढ्यः ॥
क्रतुकुसुमो मोक्षफलो मधुसूदनपादपो जयति४८

મોટા હસ્તિરાજના શરણે જવાથી મોક્ષ આપનારા, મહાપુરુષ, સ્તુતિવડે જેનાં દિવ્ય શરીરનું ગાન કરવામાં આવે છે એવા, પરમાત્માના સ્તુતિ કરવાથી ગજેંદ્રને મળેલાં દિવ્ય દેહ સંબંધી સ્તોત્રનો જે મનુષ્યો નિત્ય પાઠ કરે છે તેઓની ઇચ્છાઓ માગણી પ્રમાણે પૂર્ણ થાય છે, મરણ સમયનાં દુઃખો દૂર થાય છે અને પાપ નાશ પામે છે. ૧૪૭

જેમનું ધર્મરૂપી મૂળ ઘણું મજબૂત રીતે ચોંટેલું છે, વેદો જેમની મોટી શાખાઓ છે, જે પુરાણોરૂપી ડાળીઓથી સંપૂર્ણ ભરપૂર છે, જેમાં યજ્ઞરૂપી પુષ્પો આવેલાં છે અને જે મોક્ષરૂપી ફળવાળું છે એવું શ્રી મધુસૂદનરૂપી વૃક્ષ આ જગતમાં વિજયવંત છે. ૧૪૮

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ॥
जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः॥४९॥
आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ॥
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥५०॥
वेदे रामायणे चैव पुराणे भारते तथा ॥
आदौ मध्ये तथा चांते हरिः सर्वत्र गीयते ५१

બ્રાહ્મણનું રક્ષણ કરનારા, દેવ, ગાય તથા બ્રાહ્મણનું હિત ચાહનારા શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું તથા જગતનું હિત કરનારા અને ગાયોનું તથા ગોપોનું રક્ષણ કરનારા એવા શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું. ૧૪૯

આકાશમાંથી પડેલું પાણી જેમ ચારે તરફથી વહીને સમુદ્રમાં જાય છે તેમ સર્વ દેવને કરેલા નમસ્કાર શ્રીકૃષ્ણપ્રતિ પહોંચે છે. ૧૫૦

વેદોમાં, રામાયણમાં, પુરાણમાં તથા ભારતમાં, આદિમાં, મધ્યમાં અને અંતમાં સર્વત્ર શ્રીહરિ ગવાય છે. ૧૫૧

सर्वरत्नमयो मेरुः सर्वाश्चर्यमयं नभः ॥
सर्वतीर्थमयी गंगा सर्वदेवमयो हरिः ॥ ५२ ॥
गीता सहस्रनामैव स्तवराजो ह्यनुस्मृतिः ॥
गजेंद्रमोक्षणं चैव पंच रत्नानि भारते ॥१५३॥

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां शांतिपर्वणि
भीष्मयुधिष्ठिरसंवादे गजेंद्रमोक्षः समाप्तः ॥

મેરુ જેમ સર્વ જાતનાં રત્નોથી ભરેલો છે, આકાશ જેમ સર્વ આશ્ચર્યથી ભરેલું છે અને ગંગા જેમ સર્વ તીર્થોથી ભરેલી છે તેમ શ્રીહરિ સર્વ દેવતાઓથી ભરપૂર છે. ૧૫૨

૧ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, ૨ શ્રીવિષ્ણુસહસ્રનામ, ૩ શ્રી ભીષ્મસ્તવરાજ, ૪ શ્રી અનુસ્મૃતિ અને ૫ શ્રી ગજેંદ્રમોક્ષ આ પાંચ રત્નો મહાભારતમાં છે. ૧૫૩

ઇતિ શ્રી ગજેંદ્રમોક્ષ સંપૂર્ણ